बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર
# અભિનવ ટીકા

અધ્યાય : ૯

અભિનવટીકાકર્તા
પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મહારાજ સાહેબના શિષ્ય
## મુનિ દીપરત્ન સાગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

नमो नमो निम्मल दंसणस्स

શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગરગુરૂભ્યો નમઃ

---

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

# અભિનવ ટીકા

અધ્યાયઃ ૯

-: પ્રેરક:-

## પૂજ્યમુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ૰ સા૰

:અભિનવટીકા-કર્તા:-

અભિનવ સાહિત્ય સર્જક **મુનિદીપરત્નસાગર**

---

તા.૧૬/૫/૯૪ સોમવાર ૨૦૫૦ માસઃ વૈશાખ સુદઃ૫

---

અભિનવ શ્રુત પ્રકાશન— ૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિષય - અનુક્રમ


| ક્રમ | વિષય | સૂત્ર | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | સંવરની વ્યાખ્યા | ૧ | ૫ |
| ૨ | સંવરના ઉપાયો | ૨ | ૧૨ |
| ૩ | તપ-નિર્જરા તથા સંવરનો ઉપાય | ૩ | ૧૬ |
| ૪ | ગુપ્તિ નું સ્વરૂપ તથા ભેદ | ૪ | ૧૯ |
| ૫ | સમિતિનું સ્વરૂપ તથા પાંચ ભેદ | ૫ | ૨૪ |
| ૬ | ધર્મનું સ્વરૂપ તથા દશ ભેદ | ૬ | ૨૯ |
| ૭ | અનુપ્રેક્ષા-સ્વરૂપ તથા બાર ભેદ | ૭ | ૩૯ |
| ૮ | પરીષહ નું સ્વરૂપ,ભેદ,સત્ય વિશેષતા | ૮ થી ૧૭ | ૫૦ |
| ૯ | ચારિત્ર-સ્વરૂપ તથા પાંચ ભેદ | ૧૮ | ૮૦ |
| ૧૦ | તપના ભેદ બાહ્ય-અભ્યંતર | ૧૯,૨૦,૨૧ | ૮૭ |
| ૧૧ | પ્રાયશ્ચિત ના નવભેદ | ૨૨ | ૯૯ |
| ૧૨ | વિનયના ચારભેદ | ૨૩ | ૧૦૫ |
| ૧૩ | વૈયાવચ્ચના દશભેદ | ૨૪ | ૧૦૯ |
| ૧૪ | સ્વાધ્યાયના પાંચભેદ | ૨૫ | ૧૧૬ |
| ૧૫ | વ્યુત્સર્ગના બે ભેદ | ૨૬ | ૧૧૭ |
| ૧૬ | ધ્યાનનું સ્વરૂપ તથા ચાર ભેદો | ૨૭ થી ૪૬ | ૧૨૦ |
| ૧૭ | નિર્જરા ને આશ્રીને આત્મવિકાસ ક્રમ | ૪૭ | ૧૭૦ |
| ૧૮ | નિર્ગ્રન્થના ભેદ તથા.વિશેષ વિચારણા | ૪૮,૪૯ | ૧૭૬ |
| | **પરિશિષ્ટ** | | |
| ૧ | સૂત્રાનુક્રમ | | ૧૮૪ |
| ૨ | અકારાદિ સૂત્રક્રમ | | ૧૮૬ |
| ૩ | શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ | | ૧૮૮ |
| ૪ | આગમ સંદર્ભ | | ૧૯૦ |
| ૫ | સંદર્ભ સૂચિ | | ૧૯૧ |



**ટાઈપસેટીંગઃ-** **રે કોમ્પ્યુટર્સ,** ૩-દિગ્વીજય પ્લોટ,જામનગર,ફોનઃ ૬૨૬૩૯

**પ્રિન્ટીંગઃ-** **નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,** ઘી-કાટા રોડ, અમદાવાદ.

**પ્રકાશકઃ-** **અભિનવશ્રુત પ્રકાશન,** પ્ર.જે. મહેતા,
પ્રધાન ડાકઘર પાછળ ,જામનગર-૩૬૧ ૦૦૧.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

नमो नमो निम्मल दंसणस्स

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

**તત્ત્વ :** (૧) યથાવસ્થિત જીવાદિ પદાર્થોનો સ્વ-ભાવ તે તત્ત્વ.

(૨) જે પદાર્થ જે રૂપથી હોય તેનું તે જ રૂપ હોવું તે તત્ત્વ-જેમકે જીવ જીવરૂપે જ રહે અને અજીવ – અજીવ રૂપે રહે છે.

**અર્થ :** (૧) જે જણાય તે અર્થ.

(૨) જે નિશ્ચય કરાય કે નિશ્ચયનો વિષય હોય તે અર્થ.

**તત્ત્વાર્થ :** (૧) તત્ત્વ વડે જે અર્થનો નિર્ણય કરવો તે તત્ત્વાર્થ.

(૨) જે પદાર્થ જે રૂપે હોય તે પદાર્થને તે રૂપે જ જાણવો કે ગ્રહણ કરવો તે તત્ત્વાર્થ.

**અધિગમ :** (૧) જ્ઞાન અથવા વિશેષ જ્ઞાન.

(૨) જ્ઞાન થવું તે.

**સૂત્ર :** અલ્પ શબ્દોમાં ગંભીર અને વિસ્તૃત ભાવ દર્શાવનાર શાસ્ત્ર-વાક્ય તે સૂત્ર.

પ્રસ્તુત ગ્રન્થમાં જીવ-અજીવ-આશ્રવ-બન્ધ-સંવર-નિર્જરા-મોક્ષ એ સાત **તત્ત્વો** છે. આ સાતે તત્ત્વોને તે સ્વરૂપે જ ગ્રહણ કરવા રૂપ નિશ્ચયાત્મક બોધની પ્રાપ્તિ તે તત્ત્વાર્થાધિગમ.

સૂત્રકાર મહર્ષિ પૂ. ઉમાસ્વાતિજીએ સમગ્ર ગ્રન્થમાં તત્ત્વાર્થ ની સૂત્ર સ્વરૂપે જ ગુંથણી કરી છે માટે તેને **તત્ત્વાર્થાધિગમ સૂત્ર** કહયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નવમા અધ્યાયના આરંભેઃ-

આ અધ્યાયમાં કુલ ૪૯ સૂત્રો છે. અને અધ્યાયનો પ્રતિપાદ્ય વિષય છે ''સંવર તત્વ'' અલબત્ત નિર્જરાતત્વ વિશે પણ સુંદરતમ વ્યાખ્યાને આવરીજ લેવાઇ છે.

આ પૂર્વે સૂત્રકાર મહર્ષિએ પ્રથમ ચાર અધ્યાય તકી જીવ તત્ત્વ વિશે, પાંચમાં અધ્યાયમાં અજીવ તત્ત્વ સંબંધે, છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં आस्रवतत्त्व ની અને આઠમા અધ્યાયનમાં તત્ત્વ અંગેના વિવરણો કરેલા છે.

બાકી રહેતા संवर,निर्जरा અને मोक्ष તત્ત્વમાંથી આ અધ્યાયમાં संवर તત્વનું વર્ણન છે. निर्जरा સંબંધે એક સૂત્ર આઠમા અધ્યાયમાં જણાવ્યા પછી, આ અધ્યાયમાં તત્સંબંધે વિશેષ ખુલાસો પણ પ્રસ્તુત જ છે અને मोक्ष હવે પછીના છેલ્લા અને દશમા અધ્યાયની સાથે ગુંથાયેલું છે.

પ્રથમ અધ્યાય-પ્રથમ સૂત્રથી मोक्षमार्ग નું નિરૂપણ કરે છે. તે માર્ગે ચાલી મોક્ષની પ્રાપ્તિમાં संवर અને निर्जरा એ બે મુખ્ય તત્ત્વોની ઉપાસના થકી जीव મોક્ષને પામનારો બને છે આ સંવરતત્વ થકી આત્મા આવતા કર્મોને અટકાવીશકે છે. અને નિર્જરા તત્ત્વ તેને સંચિતકર્મોના ક્ષયમાટેનું મુખ્ય પરિબળ છે.

શુભ અને અશુભ કર્મને રોકવારૂપ દ્રવ્યસંવર તથા શુભાશુભકર્મને રોકવામાં કારણરૂપ જીવનો જે અધ્યવસાય તે भावसंवर આવા બંને પ્રકારના સંવરને કઇ રીતે આદરવો, તેનું વિશેષ સ્વરૂપ શું છે? તેના ભેદ-પ્રભેદો આદિ સર્વે ચર્ચા અહીં આવરી લેવાઇ છે. નવતત્વમાંના ઉપાદેય એવા આ સંવર તત્ત્વ ને આદરી કર્મોના આશ્રવ થકી બંધ થતો અટકાવી મોક્ષની ઉપાસના માટે સંચિત કર્મોની નિર્જરા માટેના પથ પ્રદર્શક એવા અધ્યાયની ભીતરમાં હવે ડોકીયું કરીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાયઃ૯-સૂત્રઃ૧

❒ [1]સૂત્રહેતુઃ-આ સૂત્ર થકી સૂત્રકાર મહર્ષિ સંવરના સ્વરૂપ ને જણાવી રહ્યા છે.

❒ [2]સૂત્રઃમૂળઃ-**आस्रवनिरोधःसंवर**

❒ [3]સૂત્રઃપૃથક્ઃ-आस्रव -निरोधः संवरः

❒ [4]સૂત્રસારઃ-**આસ્રવ નો નિરોધ એ સંવર છે.**

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**आस्रव** -આસ્રવ,કર્મનું આવવું તે, **निरोध**-પ્રતિષેધ

**संवर**-સંવર,અટકવું તે,

❒ [6]અનુવૃત્તિઃ- અધ્યાયનું પ્રથમ સૂત્ર હોવાથી કોઇ અનુવૃત્તિ નથી

❒ [7]અભિનવટીકાઃ- સંવરતત્ત્વનો બોધ કરાવવા માટે રચાયેલા આ અધ્યાયમાં સર્વ પ્રથમ સૂત્રમાં સંક્ષેપમાં જ સમગ્ર અધ્યાયના અર્ક રૂપ વાત મૂકી દીધી છે. કેમ કે આસ્રવ એટલે કર્મોનું આવવું અને તેને આવતા રોકવા એ જ સંવર.

આસ્રવ તત્વ તો આ પૂર્વે અધ્યાયઃ૬ માં સુવ્યાખ્યાયિત કરાયું જ છે. બસ તેને યાદ કરો અને તેના એક એક ભેદ ઓળખી સમજી અને રોકવાનું કાર્ય આરંભ કરો. એટલે આ સમગ્ર અધ્યાયનો પ્રતિપાદ્ય વિષય પૂર્ણ થઇ જશે.

આશ્રવ તત્વ સ્વરૂપે આત્માનું જે યોગ [મન-વચન-કાયની પ્રવૃત્તિ ] સ્વરૂપ, તેમજ ચિત્ર-વિચિત્ર કષાય સ્વરૂપને ભેદોથી વિસ્તારપૂર્વક જે છઠ્ઠા અધ્યાયમાં જણાવેલું છે.તેને એટલે તે આશ્રવ [કર્મનું આવવાપણું] તત્વને,રોકવા રૂપે આત્મ શુધ્ધિ માટે સૌપ્રથમ અનિવાર્ય આવશ્યક એવા, સંવર તત્વને શાસ્ત્રાનુસાર,સૂત્રકાર મહર્ષિ આ સૂત્ર થકી જણાવે છે.

✤ **आस्रव**:- ''જે નિમિત્ત વડે કર્મ બંધાય તે આસ્રવ''જેની વ્યાખ્યા પૂર્વે અ.૬-માં વિવિધ રીતે અને વિસ્તાર પૂર્વક થઇ છે .

✡ કર્મને આવવાના અનેક માર્ગને આસ્રવ કહેલ છે. ''જેમાંથી સ્વોપજ્ઞ ભાષ્યમાં સૂત્રકાર મહર્ષિ બે પ્રકાર ઉપર ખાસ ભાર મુકે છે

✡ કાય યોગાદિ ત્રણ कायवाङ्मनः कर्मयोगः । स आस्रवः ।

✡ ૪૨ પ્રકારે આસ્રવ-अव्रतकषायेन्द्रियक्रियाः

સૂત્ર-૬:૬ તથા પૂર્વ સૂત્ર ૬:૧ નો कायवाङ्मनःकर्म योगः એ રીતે કુલ ૪૨ ભેદ.

આ બે પ્રકારના આસ્રવ [काययोगादेर्द्विचत्वारिंशत् विधस्य] ને અટકાવવો તે સંવર. એમ કહીને ઉકત બે ભેદોનુ કથન કરેલ છે.અર્થાત્ સામ્પરાયિક આસ્રવનો જ અહીંસૂત્રકારે આસ્રવરૂપે ઉલ્લેખ કર્યો છે. ઇર્યાપથ આસ્રવનો ઉલ્લેખ સંવર હેતુ માટે કરેલ નથી.

✤ **આસ્રવના ૪૨ ભેદનું પુનઃસ્મરણ**

**૧-અવ્રત** હિંસા,અસત્ય,ચોરી,અબ્રહ્મ, પરિગ્રહ એ પાંચ અવ્રત-આસ્રવ છે. આ અવ્રત-આસ્રવનનો નિરોધ અર્થાત્ વિરતિ તે સંવર કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨-કષાયઃ-** ક્રોધ,માન,માયા,લોભ રૂપ ચાર કષાયનો આસ્રવ કહ્યો છે. આ ચાર પ્રકારના કષાયાસ્રવનો નિરોધ અર્થાત્ નિષ્કષાયી કે અલ્પકષાયી પણું તે સંવર છે.

**૩-ઇન્દ્રિયઃ-** સ્પર્શન,રસન,ઘ્રાણ,ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇન્દ્રિય થકી થતો આસ્રવ તે ઇન્દ્રિયાસ્રવ છે. તેનો નિરોધ અર્થાત્ તેની રાગ-દ્વેષ રૂપ પ્રવૃત્તિ ને અટકાવી તે પણ સંવર છે.

**૪-ક્રિયાઃ-** સમ્યક્ત્વ,મિથ્યાત્વ આદિ જે પચીસ ક્રિયા અ.૬ ના સૂત્ર ૬ માં જણાવેલી છે તે ક્રિયા થકી થતાં આસ્રવને અટકાવવો તે પણ સંવર છે. મતલબ કે આ ૨૫ ક્રિયાથી નિવૃત્ત થવું કે અટકવું તે .

**૫-યોગઃ-** મન,વચન,કાયાની પ્રવૃત્તિ કે વ્યાપાર જેને યોગ કહે છે તે યોગ પણ આસ્રવ રૂપ જ કહ્યો છે. તેથી આ યોગ નિરોધ એપણ સંવર છે.

સારાંશ એ કે ૫-અવ્રત, ૪-કષાય, ૫-ઇન્દ્રિય, ૨૫ ક્રિયા અને ૩-યોગ એમ ૪૨-ભેદ આસ્રવના કહ્યા છે. આ ૪૨ ભેદથી આવતા કર્મોને અટકાવવા તે જ સંવર.

✤ **નિરોધઃ**-નિરોધ એટલે પ્રતિબંધ અટકાવવું કે રોકવું તે

✡ निरोधो निवारणं स्थगनं ।

✡ પ્રસ્તુત સૂત્રમાં આસ્રવ ને રોકવા ના સંદર્ભમાં निरोधः શબ્દને સૂત્રકારે પ્રયોજેલ છે.

✤ **संवरः**-સૌ પ્રથમ વ્યાખ્યાતો સૂત્રકારે પોતેજ કહી દીધી છે.

✡ ''આસ્રવનો નિરોધ'' એ જ સંવર છે.

✡ પૂર્વોકત કાય યોગાદિ ૪૨ પ્રકારના આસ્રવને નિરોધ એજ સંવર.

✡ આત્માના કર્મ-ઉપાદાન હેતુભૂત પરિણામોનો અભાવ તે સંવર કહેવાય છે.

✡ કર્મને આવવાના જે કોઇપણ નિમિત્ત, તેનો અભાવ એ જ સંવર.

✡ आस्रूयते-समादीयते यैः कर्माष्टविधम् आस्रवाः ते कर्मणां प्रवेशावीथयः शुभाशुभलक्षणाः कायादयस्त्रय -इन्द्रिय-कषाया-ऽव्रत - क्रियाश्च-पञ्च-चतुः-पञ्च-पञ्चविंशति सङ्ख्यास्तेषां निरोधो - निवारणं - स्थगनं संवरः ।

✤ **સંવરના બે ભેદઃ-** જે સંવર તત્વની વ્યાખ્યા કરી, જેના આસ્રવ-નિરોધને આશ્રીને ૪૨ ભેદ કહ્યા, અને ૧૭-ભેદે તેની વ્યાખ્યા હવે પછીના સૂત્રઃ૨ માં કરવાની છે તે સંવર તત્વ અહીં બે ભેદે કહેવાએલ છે (૧)સર્વસંવર અને (૨)દેશ સંવર.

**[૧]સર્વ સંવરઃ-** સર્વ પ્રકારના આસ્રવોને અભાવ તે સર્વ સંવર જે ફકત ચૌદમા ગુણ સ્થાનકે જ હોય છે.

**[૨]દેશ સંવરઃ-**અમુક કે થોડા આસ્રવોનો અભાવ એ દેશ સંવર કહેવાય છે. જે ચૌદમા ગુણ સ્થાનકની નીચે-નીચેના ગુણ સ્થાનકોમાં હોય છે. દેશ સંવર વિના સર્વ સંવર થાય નહીં માટે પ્રથમ દેશ સંવર ને માટે પ્રયત્ન કરવો જોઇએ.

✤ **સંવરના બે ભેદ બીજી રીતેઃ-** દ્રવ્ય અને ભાવને આશ્રીને સંવર ના બે ભેદ પણ કહેવાયા છે તે મુજબ (૧)દ્રવ્ય સંવર(૨)ભાવ સંવર

**[૧]દ્રવ્ય સંવરઃ-**

✡ શુભ અથવા અશુભ કર્મોનું રોકવું એટલે ગ્રહણ ન કરવું તે .

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ અથવા સંવરના પરિણામ રહિત સંવરની ક્રિયા-અનુષ્ઠાન માં વર્તવું તે દ્રવ્ય સંવર.

**[૨]ભાવ સંવરઃ-**

✡ શુભાશુભ કર્મને રોકવામાં કારણ રૂપ જીવોનો જે અધ્યવસાય તે ભાવસંવર.

✡ અથવા સંવરના અધ્યવસાય યુકત સંવરની ક્રિયા તે પણ ભાવ સંવર કહેવાય છે.

**✤ આશ્રવ નિરોધ સંવર અને ગુણસ્થાનકઃ-**

આધ્યાત્મિક વિકાસનો ક્રમ એ આસ્રવ નિરોધના વિકાસ ને આભારી છે. તેથી જેમ જેમ આસ્રવ નિરોધ વધતો જાય તેમ તેમ ગુણસ્થાન પણ ચઢતું જાય છે.કારણ કે પૂર્વ-પૂર્વવર્તી ગુણસ્થાનના આસ્રવો કે તજ્જન્ય બંધનો અભાવ એ જ ઉત્તર ઉત્તર વર્તી ગુણસ્થાનનો સંવર કહ્યો છે.

✡ કર્મગ્રન્થમાં બંધ યોગ્ય કર્મ પ્રકૃત્તિ ૧૨૦ કહેલી છે.

✡ આ જ કર્મગ્રન્થાદિમાં ૧૪ ગુણસ્થાનક પણ જણાવે છે.

**૧૪ ગુણસ્થાનક ના નામઃ-**

(૧)મિથ્યાત્વ (૨)સાસ્વાદન (૩)મિશ્રદ્રષ્ટિ (૪)અવિરતિ (૫)દેશ વિરતિ (૬)પ્રમત્ત સંયત (૭)અપ્રમત્ત સંયત (૮)નિયટ્ટી બાદર (૯)અનિયટ્ટી બાદર સંપરાય (૧૦)સૂક્ષ્મ સંપરાય (૧૧)ઉપશાન્ત કષાય વીતરાગ છદ્મસ્થ (૧૨)ક્ષીણમોહ વીતરાગ (૧૩)સયોગિ કેવલી (૧૪)અયોગિ કેવળી

**૧૨૦ કર્મ પ્રકૃત્તિ નું વર્ણનઃ-** આ પૂર્વેના આઠમા અધ્યાયમાં અતિ વિસ્તારથી કરેલું છે. તેનો સામાન્ય પરિચય અહીં આપેલ છે.

| | | |
|---|---|---|
| જ્ઞાનવરણ કર્મ ની ઉત્તર પ્રકૃત્તિ | - | ૫ |
| દર્શના વરણ કર્મ ની ઉત્તર પ્રકૃત્તિ | - | ૯ |
| વેદનીય કર્મ ની ઉત્તર પ્રકૃત્તિ | - | ૨ |
| મોહનીય કર્મ ની ઉત્તર પ્રકૃત્તિ | - | ૨૬ |
| આયુષ્ય કર્મ ની ઉત્તર પ્રકૃત્તિ | - | ૪ |
| નામ કર્મ ની ઉત્તર પ્રકૃત્તિ | - | ૬૭ |
| ગોત્ર કર્મ ની ઉત્તર પ્રકૃત્તિ | - | ૨ |
| અંતરાય કર્મ ની ઉત્તર પ્રકૃત્તિ | - | ૫ |
| **૮ કર્મની કુલ ઉત્તર પ્રકૃત્તિ-** | | **૧૨૦ [-બંધ યોગ્ય પ્રકૃત્તિ]** |

**✡ ક્યા ગુણ સ્થાન કે કેટલી પ્રકૃત્તિ નો બંધ ન થાય? અર્થાત્ કેટલી પ્રકૃત્તિ સંવર થાય?**

| ગુણસ્થાનક | બંધપ્રકૃત્તિ | બંધવિચ્છેદ | અબંધ | સંવર કેટલો થાય |
|---|---|---|---|---|
| પહેલું | ૧૧૭ | — | ૩ | — |
| બીજું | ૧૦૧ | ૧૬ | ૩ | ૧૬ પ્રકૃતિનો |
| ત્રીજું | ૭૪ | ૪૧ | ૫ | ૪૧ પ્રકૃતિનો |
| ચોથું | ૭૭ | ૪૧ | ૨ | ૪૧ પ્રકૃતિનો |
| પાંચમું | ૬૭ | ૫૧ | ૨ | ૫૧ પ્રકૃતિનો |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગુણસ્થાનક | બંધપ્રકૃત્તિ | બંધવિચ્છેદ | અબંધ | સંવર કેટલો થાય |
|---|---|---|---|---|
| છઠ્ઠું | ૬૩ | ૫૫ | ૨ | ૫૫ પ્રકૃતિનો |
| સાતમું | ૫૮/૫૯ | ૬૧/૬૨ | ૦ | ૬૧/૬૨ પ્રકૃતિનો |
| આઠમું | ૨૬ થી૫૮ | ૬૨ થી૯૪ | ૦ | ૬૨થી૯૪ પ્રકૃતિનો |
| નવમું | ૧૮થી ૨૨ | ૯૮થી૧૦૨ | ૦ | ૯૮થી૧૦૨પ્રકૃતિ નો |
| દશમું | ૧૭ | ૧૦૩ | ૦ | ૧૦૩ પ્રકૃતિનો |
| અગીયારમું | ૧ | ૧૧૯ | ૦ | ૧૧૯ પ્રકૃતિનો |
| બારમું | ૧ | ૧૧૯ | ૦ | ૧૧૯ પ્રકૃતિનો |
| તેરમું | ૧ | ૧૧૯ | ૦ | ૧૧૯ પ્રકૃતિનો |
| ચૌદમું | – | ૧૨૦ | ૦ | ૧૨૦ પ્રકૃતિનો |

**નોંધ**:- બંધ વિચ્છેદ પ્રકૃત્તિનો જ આસ્રવ નિરોધ સમજવો.

**❖ ઉપરોકત સારણી નું સ્પષ્ટીકરણઃ-**

**[૧] પહેલા ગુણઠાણેઃ**- તીર્થકર નામકર્મ,આહારક શરીર અને આહારક અંગોપાંગનો બંધ હોતોનથી,અર્થાત્ ૧૧૭ પ્રકૃત્તિનો જ બંધ સંભવે છે. છતાં આ ત્રણ પ્રકૃત્તિના આશ્રવનો નિરોધ ન કહેવાય કારણકે ત્યાં એ ત્રણના આશ્રવનો સંભવ જ નથી ગણ્યો.

**[૨] બીજા ગુણઠાણેઃ**-નરકાયું,નરકગતિ,નરકાનુપૂર્વી,એકેન્દ્રિય,બેઇન્દ્રિય,તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય જાતિ,સ્થાવર-સૂક્ષ્મ-સાધારણ અને અસ્થિર ચાર નામકર્મ, હુંડક સંસ્થાન,આતપ નામકર્મ,સેવાર્ત સંહનન,નપુંસક વેદ અને મિથ્યાત્વ મોહનીય એ ૧૬ કર્મપ્રકૃત્તિ ઓને બંધ વિચ્છેદ પ્રથમ ગુણસ્થાનકને અંતે થઇ જ જાય છે. તેથી આ ૧૬ કર્મપ્રકૃત્તિઓના આશ્રવનો નિરોધ-સંવર થઇ જાય છે.

અને તીર્થકરનામ તથા આહારક દ્વિક ના આશ્રવ [-બંધનો] સંભવ ન હોવાથી બીજે ગુણઠાણે ૧૯ ન બંધાય પણ આ ત્રણ અબંધ પ્રકૃત્તિ કહેવાય.

**[૩] ત્રીજે ગુણઠાણેઃ**- કુલ ૪૧ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ કહ્યો છે. જેમાં ૧૬ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ તો પ્રથમ ગુણઠાણાને અંતે થઇ જાય છે બીજી પચીસ પ્રકૃત્તિમાંઃ-

તિર્યંચાયુ,તિર્યંચગતિ,તિર્યંચાનૂપર્વી,નિદ્રા નિદ્રા પ્રચલા પ્રચલા અને થિણધ્ધિનિદ્રા, દુર્ભગ-દુઃસ્વર અને અનાદેય નામકર્મ, અનંતાનુબંધી-ક્રોધ-માન-માયા-લોભ, ન્યગ્રોધ પરિમંડલ,સાદિ, કુબ્જ અને વામન ચાર સંસ્થાન, ઋષભનારાચ, નારચ,અર્ધનારાચ અને કીલિકા એ ચાર સંઘયણ,નીચગોત્ર,ઉદ્યોતનામકર્મ,અશુભ વિહાયોગતિ અને સ્ત્રી વેદ એ પચીશ પ્રકૃત્તિનો બંધવિચ્છેદ થાય છે.

બીજા ગુણ સ્થાનક ને અંતે આ ૪૧ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ અર્થાત્ આસ્રવ નિરોધ થઇ જ જાય છે અને પાંચ અબંધ પ્રકૃત્તિ કહી છે જેમાંની ત્રણ અબંધ પ્રકૃત્તિ પૂર્વના ગુણઠાણા મુજબ સમજી લેવી -વધારામાં મનુષ્ય અને દેવાયુનો બંધ પડતો નથી.

**[૪] ચોથે ગુણઠાણેઃ**- પણ કુલ ૪૧ પ્રકૃત્તિનો જ બંધ વિચ્છેદ થાય છે અર્થાત્ આસ્રવ નિરોધ આ ૪૧નો તો થાય જ છે. પણ કુલ અબંધ પ્રકૃત્તિ જે ત્રીજે ગુણઠાણે પાંચ હતી તે ઘટીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે થઇજશે કેમ કે ચોથે ગુણઠાણે મનુષ્યાયુ, દેવાયુ અને જિનનામકર્મ બાંધી શકેછે તેથી અબંધ માત્ર આહારક દ્વિકનો જ રહેશે.

[૫]**પાંચમે ગુણઠાણેઃ**-કુલ ૫૧ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થાય છે. અર્થાત્ આસ્રવ નિરોધ થાય છે. જેમાં ૪૧ પ્રકૃત્તિતો ઉપર ગણાવેલી જ છે વધારામાં વજ્રઋષભનારચ સંહનન, મનુષ્યાયુ, મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ અને ઔદારિક શરીર તથા ઔદારિક અંગોપાંગ એ દશ પ્રકૃત્તિનો બંધ ચોથાગુણસ્થાનકને અંતિમ સમયે રોકાઇ જાય છે. પરિણામે આ ૫૧ પ્રકૃત્તિનો તે ગુણઠાણે સંવર થઇ જાય છે

આહારક દ્વિક નો સંબધ ચાલુ હોવાથી કુલ ૫૩ પ્રકૃત્તિનો બંધ થતો નથી અર્થાત્ ૬૭ નો આસ્રવ ચાલુ રહી શકે છે.

[૬]**છઠ્ઠે ગુણઠાણેઃ**- કુલ-૫૫ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ અર્થાત્ આસ્રવ નિરોધ થઇ જાય છે.તે આ રીતેઃ-

૫૧ પ્રકૃત્તિનો પાંચમે ગુણઠાણે બંધ વિચ્છેદ થયો જ છે વધારામાં પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ જતાં બીજી ચાર પ્રકૃત્તિ બંધ વિચ્છેદ પામે છે.પરિણામે ૫૫-પ્રકૃત્તિ નો સંવર તો પાંચમા ગુણઠાણાના અંતિમ સમયે જ થઇ જાય છે.

બે અબંધ પ્રકૃત્તિ હોવાથી કુલ ૫૭ નો બંધ થતો નથી અર્થાત્ ૬૩ પ્રકૃત્તિનો બંધ થાય છે.

[૭]**સાતમે ગુણઠાણેઃ**-૬૧ અથવા ૬૨ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થાય છે. અર્થાત્ આટલી પ્રકૃત્તિના આશ્રવનો નિરોધ થાયછે.

૫૫-પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ તો છઠ્ઠે ગુણઠાણે કહેવાયો જ છે છઠ્ઠા ગુણઠાણાને અંતે છેલ્લા સમયે અશાતા વેદનીય, શોક અનેઅરતિ મોહનીય, અસ્થિર-અશુભ તથા અપયશ નામકર્મ એ છનો બંધ વિચ્છેદ થઇ જ જાય છે. અર્થાત્૬૧ પ્રકૃત્તિનો તો સંવર થઇ જ જાય છે.

જયારે દેવાયુનો બંધકરીને આવે ત્યારે તે પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થઇ જાય છે અને જો દેવાયુને છઠ્ઠે પ્રારંભ કરી સાતમે ગુણઠાણે બાંધે તે પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થતો નથી પરિણામે ૬૧ અથવા૬૨ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ કહ્યો છે.

કોઇ અબંધ પ્રકૃત્તિ રહેતી નથી તેથી બંધ ૫૮ અથવા ૫૯ પ્રકૃત્તિનો થાય છે.

[૮]**આઠમે ગુણઠાણેઃ**- કુલ સાત ભાગ કહ્યા છે. જેને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે (૧)આઠમાના પ્રથમ ભાગે ૬૨ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ (૨) આઠમાના બીજાથી છઠ્ઠા ભાગને આશ્રીને ૬૪ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ (૩)આઠમાના સાતમા ભાગે ૯૪ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ.

અર્થાત્ આઠમાના એકથી સાત ભાગ સુધીમાં ૬૨ લઇને ૯૪ પ્રકૃત્તિ સુધીનો આશ્રવ-નિરોધ થઇ જાય છે. તે આરીતે

(૧)આઠમાના પ્રથમ ભાગેઃ- ઉકત ૬૨ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થાય છે માટે ૬૨ પ્રકૃત્તિનો સંવરતો થવાનો જ છે.

(૨)આઠમાના બીજાથી છઠ્ઠા ભાગ સુધી ૬૪ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદકહ્યો છે કારણ કે નિદ્રા અને પ્રચલા એ બંનેનો બંધ વિચ્છેદ પહેલા ભાગને અંતે થઇ જાય છે અર્થાત્ ૬૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકૃત્તિનો સંવર તો થઇ જ જાય

(૩)આઠમાના સાતમે ભાગે ૯૪ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થશે કેમ કે આઠમાના છઠ્ઠા ભાગના અંત સુધીમાં ૩૦ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થાય છે તે આ પ્રમાણે– દેવાનુપૂર્વી દેવગતિ,પંચેન્દ્રિય જાતિ,શુભ વિહાયોગતિ,ત્રસ બાદર-પ્રત્યેક-પર્યાપ્ત-સ્થિર-શુભ-સુભગ-સુસ્વર-આદેય નામકર્મ વૈક્રિય-તૈજસ-કાર્મણ-આહારક એ ચાર શરીર,વૈક્રિય-આહારક અંગોપાંગ, સમચતુરસ્ર સંસ્થાન,નિમાર્ણનામ,તીર્થંકરનામ,વર્ણ-ગંધ-રસ-સ્પર્શ એ ચાર,અગુરુલઘુ ઉચ્છ્વાસ,ઉપઘાત,પરાઘાત એ ૩૦ પ્રકૃત્તિ નો આઠમાંના છઠ્ઠા ભાગના અંત સુધીમાં બંધ વિચ્છેદ થતા કુલ ૯૪ પ્રકૃત્તિઓનો સંવર તો થઇજશે.

બંધ પ્રકૃત્તિ ૨૬ બાકી રહેશે.

[૯]**નવમાં ગુણઠાણે**:- નવમાં ગુણ સ્થાનકના પાંચ ભાગ કરવામાં આવ્યા છે.

(૧)પહેલો ભાગે -૯૮ પ્રકૃત્તિ નો બંધ વિચ્છેદ અર્થાત્ આશ્રવ-નિરોધ થશે .

(૨)બીજો ભાગ -૯૯ પ્રકૃત્તિ નો બંધ વિચ્છેદ અર્થાત્ આશ્રવ-નિરોધ થશે.

(૩)ત્રીજા ભાગે ૧૦૦ પ્રકૃત્તિ નો બંધ વિચ્છેદ અર્થાત્ આશ્રવ-નિરોધ થશે.

(૪)ચોથા ભાગે ૧૦૧ પ્રકૃત્તિ નો બંધ વિચ્છેદ અર્થાત્ આશ્રવ-નિરોધ થશે.

(૫)પાંચમા ભાગે ૧૦૨ પ્રકૃત્તિ નો બંધ વિચ્છેદ અર્થાત્ આશ્રવ-નિરોધ થશે.

આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગને અંતે હાસ્ય,રતિ,ભય અને જુગુપ્સાનો બંધ વિચ્છેદ થતા ૯૮ નો બંધ વિચ્છેદ થયો.

નવમાના પહેલા ભાગને અંતે પુરુષવેદનો બંધ વિચ્છેદ થતા કુલ ૯૯ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થાય.

નવમાના બીજા ભાગને અંતે સંજ્વલન ક્રોધનો બંધ વિચ્છેદ થતા કુલ ૧૦૦ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થાય.

નવામાં ના ત્રીજા ભાગને અંતે સંજ્વલન માનનો બંધ વિચ્છેદ થતાં કુલ ૧૦૧ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થાય.

નવમાંના ચોથા ભાગને અંતે સંજ્વલન માયાનો બંધ વિચ્છેદ થતા કુલ ૧૦૨ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થાય.

આ રીતે નવમા ગુણઠાણે છેલ્લે ૧૦૨ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ અર્થાત્ સંવર થઇ જ જશે.

[૧૦]**દશમા ગુણઠાણે**:-નવમાં ગુણઠાણાના પાંચમાં ભાગને અંતે સંજ્વલન લોભનો બંધ વિચ્છેદ થતાં દશમે ગુણઠાણે કુલ ૧૦૩ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ અર્થાત્ આશ્રવ-નિરોધ કે સંવર થઇ જશે. પછી બંધ યોગ્ય પ્રકૃત્તિ ફકત ૧૭ જ રહેશે.

[૧૧]**અગ્યારમાં ગુણઠાણે**:- ૧૧૯ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ અર્થાત્ આસ્રવ નિરોધ થઇ જશે તે આ રીતે–

દશમાં ગુણસ્થાનકને અંતે જ્ઞાનાવરણ-૫,દર્શનાવરણ-૪,અંતરાય-૫, યશ કીર્તિનામ,ઉચ્ચગોત્ર એ ૧૬-પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થશે.- પૂર્વે ૧૦૩ નો બંધ વિચ્છેદ થયો છે આ રીતે કુલ ૧૧૯ નો બંધ વિચ્છેદ અર્થાત્ સંવર થઇ જ જશે.

[૧૨]**બારમા ગુણઠાણે**:- પણ ઉપર મુજબ ૧૧૯ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ અર્થાત્ સંવર થઇ જ જશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૧૩] તેરમે ગુણઠાણેઃ**-પણ ઉપર મુજબ ૧૧૯ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ અર્થાત્ સંવર થઇજ જશે.

**[૧૪] ચૌદમા ગુણઠાણેઃ**- સર્વથા સંવર કહેલો છે. કેમ કે તેરમા ગુણ સ્થાનકને અંતે એક માત્ર શાતા વેદનીય નો બંધ ચાલુ હતો તે પણ વિચ્છેદ થતાં ૧૨૦ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થઇ જાય છે પછી સર્વથા સંવરની સ્થિતિ આવે છે. આશ્રવનો પણ સર્વથા નિરોધ જ થઇ જાય છે.

**આ રીતે ચૌદમે ગુણઠાણે સર્વ સંવર કહ્યો છે તે પૂર્વ પૂર્વના ગુણઠાણે દેશ સંવર કહ્યો છે.** તો પણ જે ગુણઠાણે જેટલી પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ કહ્યો છે. તેટલી પ્રકૃત્તિના આસ્રવનો તો સર્વથા નિરોધ થઇ જ જશે. આ સંવર **કઇ રીતે થઇ શકે?** તેના ઉપાયો હવે પછીના સૂત્ર-૯:૨ માં જણાવેલા છે.

❒ **[8] સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-**

(૧) निरुध्धासवे संवरो ✤ **उत्त॰ अ.२९,सू.११**

(२) संवर आस्रव निरोध इत्यर्थः ✤ **स्था॰ १,उ.१,सू.१४ श्री अभयदेवसुरिकृत वृतौ आगमोदय समितिप्रकाशीत प्रते-पृ१८**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(१) कायवाङ्मनःकर्मयोगः सूत्र. ६:१

(२) स आस्रवः सूत्र. ६:२

(३) अव्रतकषायेन्द्रियक्रियाः सूत्र. ६:३

(४) स गुप्ति समितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः सूत्र. ६:४

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧) નવતત્વ ગાથા-૧ વિવેચન

(૨) કર્મગ્રન્થ :બીજો-ગાથા ૩થી ૧૨

(૩) કર્મગ્રન્થઃચોથો -ગાથ ૫૩ થી ૫૮

❒ **[9] પદ્યઃ-**

(૧) આસ્રવ કેરો રોધ કરતા, થાય સંવર રસભર્યો
તે ભાવ સંવર પ્રાપ્ત કરતાં ભવોદધિને હું તર્યો

(૨) પાપો પુણ્યો અશુભ-શુભએ આસ્રવે બંધભાન
જો રોકે સંવર કરણિથી તો વધે ગુણસ્થાન

❒ **[10] નિષ્કર્ષઃ**- અહીં સૂત્રકાર મહર્ષિ સંવર તત્વને જણાવે છે તે માટેનું લક્ષણ બાંધે છે આસ્રવનો નિરોધ. જ્યાં સુધી આશ્રવ [કર્મનુ આવવા પણું અર્થાત્ કર્મબંધ] ચાલુ હોય ત્યાં સુધી સંવર ન જ હોય એમ સમજવાનું નથી પરંતુ જે ભાવે જેટલો આશ્રવ રોકેલો હોય તે ભાવે અર્થાત્ તથા રૂપ સંવર તત્વ વડે, તે જીવ ગુણઠાણાની શ્રેણીએ ચઢી શકે છે તે નિર્વિવાદ સત્ય છે. આપણે પણ સંવર તત્વને જાણીએ તે થકી આસ્રવ નિરોધને આદરીએ અને ગુણઠાણાની નીસરણી ચઢતા ચઢતા મોક્ષ પ્રાપ્ત કરીએ તે નિતાન્ત આવશ્યક જ છે પણ તે ન થાય ત્યાં સુધી પણ જેટલે અંશે થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે અંશે સંવર કરવાથી તેટલા પ્રમાણમાં તો કર્મોનું આવવું અવશ્ય અટકાવી શકાશે એવા એક માત્ર લક્ષ્ય પૂર્વક સંવર ને માટે યત્ન કરવો.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

# અધ્યાયઃ૯-સૂત્રઃ૨

❑ [1]સૂત્રહેતુઃ- આ સૂત્ર થકી સૂત્રકાર "સંવર" ના ઉપાયો દર્શાવે છે.જેને નવતત્વ માં સંવરના ભેદોં તરીકે ઓળખવામાં આવે છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-**स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः**

❑ [3]સૂત્રઃપૃથક્ઃ-सः गुप्ति - समिति-धर्म - अनुप्रेक्षा - परीषहजय - चारित्रैः

❑ [4]સૂત્રસારઃ-**તે [સંવર] ગુપ્તિ,સમિતિ,ધર્મ, અનુપ્રેક્ષા પરીષહજય અને ચારિત્ર વડે થાય છે**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**स**-તે, [-સંવર] **गुप्ति**-સમ્યક્નિગ્રહ

**समिति**-સમ્યક્ પ્રવૃત્તિ **धर्म**-ધર્મ,દશ પ્રકારે

**अनुप्रेक्षा**-ભાવના,ચિંતનિકા **परीषहजय**-સુખદુઃખ ની તિતિક્ષાનો જય

**चारित्र**-સાવધ યોગની વિરતિ

❑ [6]અનુવૃત્તિઃ- आस्रवनिरोधसंवर સૂત્ર ૯ઃ૧ થી संवर ની અનુવૃત્તિ

❑ [7]અભિનવટીકાઃ- સંવરનું સ્વરૂપ સામાન્ય રીતે એકજ છે તેમ છતાં ઉપાયના ભેદોથી તેના અનેક ભેદો દર્શાવવામાં આવ્યા છે.પ્રસ્તુત સૂત્રમાં તેના મુખ્ય-૬ ઉપાયો જણાવેલા છે. જેના પેટા ભેદો ૫૭ છે જે હવે પછીના સૂત્રોમાં કહેવાશે.

સંવરના ભેદ કે ઉપાયોને જણાવતી ત્રણ વિચારધારા જણાવી શકાયઃ-

(૧)આસ્રવનો નિરોધ તે જ સંવર-આ વ્યાખ્યા મુજબ મુખ્યભેદ એક થશે અને આશ્રવના ૪૨ ભેદોને ગણતાં તે ૪૨ ભેદે સંવર થશે.

(૨)નવતત્ત્વ આદિમાં પ્રસિધ્ધ સંવરના મુખ્ય છ ભેદ અને પેટા ભેદ ૫૭ થશે.અર્થાત્ ૫૭-ભેદે સંવર થઇ શકે.

(૩)તત્ત્વાર્થ સૂત્રમાં તેના કુલ ૬૯ ભેદોનું કથન છે. કેમ કે આ સૂત્ર થકી સંવરના મુખ્ય છ ભેદ કહ્યા છે, જેના પેટા ભેદો ૫૭ થાય છે.

-તદુપરાંત તપના ૧૨-ભેદો વડે સંવર થાય છે. તેમ હવે પછીના સૂત્રમાં કહેવાશે તેથી સંવર ના કુલ ૬૭ ઉપાયો તત્વાર્થમાં કહેવાયા છે.

✤ **પ્રસ્તુત સૂત્રાનુસાર મુખ્ય છ ભેદોની વ્યાખ્યાઃ-**

[૧]ગુપ્તિઃ-

✡ મન,વચન,કાયાના યોગોની પ્રવૃત્તિ જ અટકાવવી તે ગુપ્તિ. તે અટકાવી દેવાથી યોગરૂપ આશ્રવ બંધ થઇ જવાથી આવતાંકર્મો રોકાઇ જાય છે. પરિણામે સંવર થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ સંસારના કારણ સ્વરૂપ મન,વચન,કાયાના વ્યાપારોથી આત્માની રક્ષા કરવી અર્થાત્ મન,વચન,કાયાનો નિગ્રહ કરવા તેને ગુપ્તિ કહે છે.

✡ સંસારના કારણોથી આત્માનું ગોપન કે રક્ષણ કરવું તે ગુપ્તિ.તેમાં ''જેનાથી ગોપન થાય'' અને ''જે ગોપન કરે તે બંને વિવક્ષાનો સમાવેશ થાય છે.

✡ જેના બળથી સંસારના કારણો થકી આત્માનું રક્ષણ થાય છે તે ગુપ્તિ.

✡ જેનાવડે ગોપન અર્થાત્ સંરક્ષણ થાય તે ગુપ્તિ.જેના ત્રણ ભેદ કહેવાશે- મનોગુપ્તિ,વચનગુપ્તિ,કાયગુપ્તિ.

✡ મન,વચન,કાયાનો નિગ્રહ તે ગુપ્તિ.

[૨]સમિતિઃ-

✡ સમ્યક્ ચેષ્ટા,મન,વચન,કાયાની ખાસ જરૂરિયાત સમયે પણ સારી ચેષ્ટા કે સારી પ્રવૃત્તિ તે સમિતિ.સમિતિ એક પ્રકારની ગુપ્તિ જ છે પણ ગુપ્તિ ઉત્સર્ગ સ્થાને છે અને સમિતિ અપવાદ સ્થાને છે.જે ઇર્યા-ભાષા-એષણા-નિક્ષેપણા-પારિષ્ઠાપનિકા પાંચભેદે છે.

✡ પ્રાણિ પીડાના પરિહારને માટે સારી રીતે આવવું-જવું,ઉઠવું,બેસવું,લેવું-મૂકવું, વગેરે સમિતિ કહેવાય છે.

✡ બીજા પ્રાણિના રક્ષણની ભાવનાથી સમ્યક્ પ્રવૃત્તિ કરવી તેને સમિતિ કહે છે.

✡ જીવ હિંસારહિત યત્નાચાર પૂર્વક-જયણા પૂર્વક પ્રવૃત્તિ કરવી તેને સમિતિ કહે છે.

✡ મન,વચન,કાયાની સમ્યક્ પ્રવૃત્તિ તે સમિતિ છે.

✡ ગુપ્તિઆદિનું સંવરણ કરતો ગત્યાદિ હેતુથી જે કરણી ચેષ્ટા કે પ્રવૃત્તિ કરે, તે સમ્યગ્ રીતે કરે તેને સમિતિ કહે છે.

[૩]ધર્મઃ-

✡ મન,વચન,કાયાના કડક સંયમ છતાં અનિવાર્ય સંજોગોમાં ઉપદેશ,ખાન-પાન,લે મુક વગેરે જે પ્રવૃત્તિ કરવી પડે ત્યારે જીવનની સંયમિતતા તુટે નહીં તે માટે કેળવવા પડતા ક્ષમાદિ દશ ગુણોને ધર્મ કહેવામાં આવેછે. જે દશ ભેદે હવે પછીના સૂત્રમાં કહેવાશે.

✡ આત્માને સંસારના દુઃખોથી છોડાવી ઉત્તમ સ્થાનમાં પહોંચાડે તે ધર્મ.

✡ આત્માને ઇષ્ટ નરેન્દ્ર,સુરેન્દ્ર,મુનીન્દ્ર આદિ સ્થાનોમાં ધારણ કરે તે ધર્મ.

✡ જે ઇષ્ટ સ્થાનમાં ધારણ કરે છે તે ધર્મ.

✡ દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારી રાખે તે ધર્મ.

[૪]અનુપ્રેક્ષાઃ-

✡ આત્મા વિકાસના ચિંતનમાં સહાયક વિચારણા તે અનુપ્રેક્ષા.

✡ અનુપ્રેક્ષા ને ભાવના પણ કહે છે.જે તત્વ ચિંતન સ્વરૂપ છે અને અનિત્યતા આદિ બાર પ્રકારે કહેવાએલ છે.

✡ શરીર-આદિના સ્વભાવનું વારંવાર ચિંતન કરવું તે અનુપ્રેક્ષા.

✡ અનુપ્રેક્ષણ એટલે અનુચિન્તન ભાવના. તેવા પ્રકારના અનુચિંતન થી તેવા પ્રકારની વાસના વડે સંવર સુલભ બને છે.

✡ મોક્ષમાર્ગ પ્રત્યે ભાવની વૃધ્ધિ થાય તેવું ચિંતન તે અનુપ્રેક્ષા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫] **પરિષહ જયઃ-**

✡ સમિતિ,ગુપ્તિ,ધર્મ,ભાવનાઓમાં સ્થિરતા પ્રાપ્ત થવા છતાં પૂર્વ કર્મોના ઉદયથી નાના-મોટા બાહ્ય કષ્ટો,હુમલા,વિઘ્નો આવી પડે તે સહી લેવા,અને તેના ઉપર વિજય મેળવવો તે વિઘ્ન જયને પરિષહ જય કહે છે.

✡ ક્ષુધા,તૃષા વગેરે વેદના ઉત્પન્ન થાય ત્યારે કર્મોની નિર્જરા ને માટે તેને શાન્તિપૂર્વક સહન કરવી તેને પરિષહ જય કહે છે.

✡ જે સહી શકાય તે પરિષંહ ,પરિષહો પર વિજય મેળવવો તેને પરિષહ જય કહે છે.

✡ પરિષહ એ સુખ-દુઃખની તિતિક્ષા છે, જે ક્ષુધા-તૃષા આદિ બાવીસ પ્રકારની કહી છે. તેના પર જય મેળવવો.

✡ ચારે તરફ થી આવી પડેલા અનુકૂળ,પ્રતિકૂળ રૂપે ક્ષુધા તુષા સ્ત્રી-આદિ રૂપ જે પરિષહો તેનો પરાજય કરવો તે પરિષહ જય.

[૬]**ચારિત્રઃ-**

✡ ચારિત્ર શબ્દની વ્યાખ્યા અ.૧-સૂ.૧ માં કરાયેલી છે તે મુજબઃ-

✡ જે સમ્યક્ આચરણ રૂપ છે તે ચારિત્ર.

✡ કર્મોના આસ્રવભૂત બાહ્ય-અભ્યન્તર ક્રિયાઓનો ત્યાગ તે ચારિત્ર.

✡ ચારિત્ર એટલે સાવઘયોગની વિરતિ.જે સામાયિકાદિ પાંચ પ્રકારે હવે પછી કહેવાશે

✡ આઠ પ્રકારના સંચિત કરેલા કર્મોને રીકત કરતું હોવાથી તેને ચારિત્ર કહેવામાં આવે છે.

✤ **स:** તે -સંવર. ઉપરોકત સૂત્રમાં સંવર શબ્દ છે તેની અનુવૃત્તિ આ સૂત્રમાં લાવવા માટે અહીં સર્વનામ રૂપ એવા स શબ્દનો પ્રયોગ કરેલો છે.

જો કે સંવર શબ્દની વ્યાખ્યામાં ભિન્નતા તો જોવા મળે જ છે. છતાં ઉકત સૂત્રમાં જે ગુપ્તિ-સમિતિ-ધર્મ અનુપ્રેક્ષા. -પરીષહ જય અને ચારિત્ર એ છ મુખ્ય ભેદ કહ્યા છે. તેનો અર્થ જ એ છે કે તીર્થસ્થાન,બલિદાન,દેવતા આરાધન, વગેરે ઉપાયોથી કદાપી સંવર થઇ શકતો નથી. સંવર આ સૂચિત ગુપ્તિ આદિ ઉપાયો વડે જ થઇ શકે છે.

✤ **સંવરની વિભિન્ન વ્યાખ્યાઃ-**

૧- સંવર એટલે આસ્રવનો નિરોધ.- તે આત્માનો શુધ્ધ પરિણામ છે. નિશ્ચય નયથી તેનો કોઇ પેટા ભેદ નથી.

૨- વ્યવહારની અપેક્ષાએ સંવરના બે ભેદ કહ્યા છે.

**દ્રવ્ય સંવરઃ**- કર્મ પુદ્ગલના ગ્રહણનો રોધ તે દ્રવ્ય સંવર.

**ભાવ સંવરઃ**- સંસાર વૃધ્ધિના કારણ ભૂત ક્રિયા ઓનો ત્યાગ તે ભાવ સંવર કહેવાય છે.

**યોગ શાસ્ત્ર સ્વોપજ્ઞ વૃત્તિ**

૩- **શ્રી સ્થાનાંગ સૂત્ર**-સ્થાન ૫, ઉદ્દેશોઃ૨ માં જણાવે છે કે पंच संवरदारा पण्णत्ता, तं जहा-सम्मत्तं-१ ,विरइ-२ ,अप्पमाए-३ ,अकसाया-४ ,अजोगया-५ ,અર્થાત્ સંવર દ્વારો પાંચ પ્રકારે કહ્યા છે. સમ્યકત્વ,વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ.

૪-સૂત્રમાં આસ્રવ-નિરોધ સંવર કહ્યું છે તેથી આસ્રવના ૪૨ ભેદને અટકાવવા રૂપ સંવર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણવાથી ૪૨-ભેદે પણ સંવર થઇ શકે છે.

**૫- શ્રી પ્રશ્ન વ્યાકરણ સંવરદ્વાર अ.६-गा.२**

पढम होइ अहिंसा बित्तयं सच्चवयर्ण ति पन्नतं

दत्तमणुन्नय संवरो य बंभचेरऽपरिग्गह च

પ્રથમ સંવર દ્વાર અહિંસા છે, બીજું સત્ય વચન છે, ત્રીજું દત્ત અનુજ્ઞાત ગ્રહણ છે, ચોથું, બ્રહ્મચર્ય છે, પાંચમું અપરિગ્રહ છે.

[**જો કે આ પાંચે ભેદો** ઉપરોકત વિરતિ કે ચારિત્ર માં ભેદના સમાવેશ પામે છે]

**૬-નવતત્વ પ્રકરણ માં તો** પ્રસ્તુત સૂત્રાનુ સારજ છએ ભેદોનું કથન કરેલું છે ગાથા-૨૧

समिई गुति परिसह, जइधम्मो भावणा चरित्ताणि

અર્થાત્,સમિતિ,ગુપ્તિ,પરિષહ,યતિધર્મ,ભાવના અને ચારિત્ર-જેના અનુક્રમે પાંચ,ત્રણ,બાવીસ,દશ,બાર અનેપાંચ એ રીતે કુલ ૫૭ ભેદો કહેલા છે.

**સારાંશઃ-** આ રીતે સંવરનું સ્વરૂપ અતિ વ્યાપક છે. તેથી જ આ સૂત્રનો હેતુ જણાવતી વખતે અમે લખેલું છે કે આ સૂત્રની રચના સંવરના ઉપાયોને જણાવવા માટે થઇ છે. અને આ ઉપાયો એ જ ગુપ્તિ આદિ છ મુખ્ય ભેદો.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-** एगे संवरे ✤ **स्था॰ स्था. १,उ.१,सू.१४** तस्य श्री अभयदेवसूरिकृत वृतौ पाठः—स च समितिगुप्ति धर्मानुप्रेक्षा परिषहचारित्र रूप क्रमेण पञ्चत्रि दशद्वादशद्वाविंशतिपञ्च भेदाः

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)ગુપ્તિ -સૂત્ર-૯:૪ सम्यग्योगनिग्रहो गुप्तिः

(૨)સમિતિ - સૂત્ર-૯:૫ ईर्याभाषैषणादाननिक्षेप॰

(૩)ધર્મ - સૂત્ર-૯:૬ उत्तमः क्षमामार्दवार्जवशौचसत्य॰

(૪)અનુપ્રેક્ષા - સૂત્ર-૯:૭ अनित्याशरणसंसारैकत्वा॰

(૫)પરીષહ સૂત્ર-૯:૮ मार्गाच्यवननिर्जरार्थ॰

(૬)પરીષહ ભેદો સૂત્ર-૯:૯ क्षुत्पिपासाशीतोष्णदंशमशक॰

(૭)ચારિત્ર - સૂત્ર-૯:૧૮ सामायिकछेदोपस्थाप्यपरिहार॰

(૮)ચારિત્ર - સૂત્ર-૧:૧ सम्यग्दर्शनज्ञानचारित्राणि॰

**અન્ય ગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ ગાથા-૨૧

(૨)યોગશાસ્ત્ર પ્રકરણ - સંવર વિષયક

(૩)શ્રમણ ક્રિયા સૂત્ર સાર્થ

❒ **[9]પદ્યઃ-**

(૧) ગુપ્તિ સમિતિ ધર્મ સાથે અનુપ્રેક્ષા આદરી
પરીષહો ચારિત્ર ધરતા થાય સંવર ચિત્તધરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) ત્યાં ત્રિગુપ્તિ વળી સમિતિ છે પાંચને ધર્મશિષ્ટ
ચારિત્રો ને પરીષહ જયો ભાવનાઓ વિશિષ્ટ

❑ **[10]નિષ્કર્ષ:**- આ પ્રકરણ એ સંવર વિષયક છે સમગ્ર અધ્યાયમાં આવતા સૂત્રોનું આ બીજક સૂત્ર છે. આ સૂત્ર થકી મુખ્ય જે છ ભેદો જણાવ્યા તેમાં નિષ્કર્ષ યોગ્ય તત્વ હોય તો એક જ છે કે ''કર્મને અટકાવવા તે'' આવતા કર્મોને રોકવામાં આવશે તો જ એક સમય સર્વસંવરનો આવશે. આ સર્વ સંવર વિના કદાપી મોક્ષ થવાનો નથી.

કર્મને અટકાવવા છે એટલો નિર્ધાર થઇ જાય ત્યાર પછી સૂત્રકારે બતાવેલલા સમિતિ-ગુપ્તિ આદિ માર્ગ ઉપર ચાલવાનું અર્થાત્ તેનું અનુસરણ કરવાનો નિશ્ચય થઇ જાય એટલે છેલ્લો તબક્કો આવશે ચારિત્ર,જેમાંનું છેલ્લું ચારિત્ર છે યથાખ્યાત મન,વચન,કાયાને ગોપવીને રહેલો આત્મા યથાખ્યાત ચારિત્ર પર્યન્ત ની સંવર યાત્રા પૂર્ણ કરતાંજ મોક્ષની પ્રાપ્તિ માટેનો સર્વથા લાયક ઉમેદવાર બની જશે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ3

❑ **[1]સૂત્રહેતુ:**- આ સૂત્ર થકી સૂત્રકાર સંવર તથા નિર્જરા બંનેના ઉપાયને જણાવે છે.

❑ **[2]સૂત્ર:મૂળ:**-**तपसा निर्जरा च**

❑ **[3]સૂત્ર:પૃથક્:**-સૂત્ર-પૃથક્કિત જ છે

❑ **[4]સૂત્રસાર:**-**તપ વડે નિર્જરા અને [સંવર બંને થાય છે]**

❑ **[5]શબ્દજ્ઞાન:**-

**तपसा**-તપ વડે, બાર ભેદે તપ કહેવાયો છે. તે તપ થકી
**निर्जरा** -નિર્જરા, કર્મનું ખરી જવું **च**- સંવરની અનુવૃત્તિ માટે

❑ **[6]અનુવૃત્તિ:**-आस्रवनिरोध: संवर

❑ **[7]અભિનવટીકા:**- અહીં સૂત્રકાર મહર્ષિ ''તપ'' નામના એક વિશેષ કારણને જણાવે છે. કે જે સંવર ઉપરાંત નિર્જરાનું પણ કારણ છે. અર્થાત્ તપ એ જેમ સંવરનો ઉપાય છે, તેમ નિર્જરાનો પણ ઉપાય છે.

વ્યવહારુ, જગત્માં તપને લૌકિક સુખ પ્રાપ્તિના સાધન રૂપ ગણેલ છે. તેમ છતાં એ જાણવું આવશ્યક છે કે તપ એ નિઃશ્રેયસ અર્થાત્ આત્મિક સુખનું પણ સાધન છે. કારણ કે તપ એ સાધન તરીકે એક જ હોવા છતાં તેની પાછળ જો સકામ-ભાવના પડેલી હોય તો તે તપ અભ્યુદય ને સાધે છે. અને જોનિષ્કામ ભાવના પડેલી હોય તો નિઃશ્રેયસ ને અર્થાત્ સંવર તથા નિર્જરાને સાધનારો થાય છે. એ વાતને સૂત્રકાર મહર્ષિ આ સૂત્ર થકી કહે છે.

♣ **तपसा**-તપથી,તપ વડે

પણ તપ એટલે શું? तप्यते इति तप:,सेव्यते इति यावत् । तपति वा कर्तारम् इति तप: । જે કર્મને તપાવે તે તપ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ જેના વડે અષ્ટવિધ કર્મો તપે છે તપ.

✡ બાહ્ય-અભ્યંન્તર-બાર ભેદ જે કહેવાયેલ છે તે તપ.

આ तपस् શબ્દને કરણમાં તૃતીયા વિભકત લગાડતા तपसा શબ્દ બનેલ છે.એટલે કે નિર્જરા અને સંવર નામના કાર્યનું કારણ કે કરણ-સાધન તપ છે. તેવું આ સૂત્ર પ્રતિપાદિત કરે છે.

**તપના બાર ભેદઃ**- સૂત્રકાર મહર્ષિ સ્વોપજ્ઞ ભાષ્યમાં જણાવે છે.

तपो द्वादशविधं वक्ष्यते । (तेन संवरो भवति निर्जरा च ।)

આગામી સૂત્ર [अ.९]सू.१९-२० માં તપના જે બાર ભેદો કહેવાય છે [તેના વડે સંવર તથા નિર્જરા બંને થાય છે].

✡ બાહ્યતપઃ- અનશન,ઉણોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલિનતા એ છ ભેદો બાહ્ય તપના છે.કેમ કે મુખ્યત્વે તે બાહ્ય દોષોને દૂર કરવા સ્વરૂપ છે.

✡ અભ્યંતર તપઃ- પ્રાયશ્ચિત,વિનય,વૈયાવચ્ચ,સજ્ઝાય,ધ્યાન અને ઉત્સર્ગ એ છ ભેદો અભ્યંતર તપના કહ્યા છે. કેમ કે તેના થકી મુખ્યત્વે કષાયાદિ દોષોને દૂર કરવામાં આવે છે.

**આવો બાર ભેદે કહેવાયેલ તપ છે. તે તપ વડે શું થાય છે?-નિર્જરા-**

✤ **નિર્જરાઃ**- तपसा निर्जरा -તપ વડે નિર્જરા થાય છે.

✡ નિર્જરા શબ્દની વ્યાખ્યા આ પૂર્વે સૂત્ર ૮:૨૪ ततश्चनिर्जरा માં કરેલી છે

✡ निर्जरणंनिर्जरा-કર્મોનુંનિર્જરવું તેને નિર્જરા કહી છે.

તપની આચરણ થકી આત્મપ્રદેશો થી કર્મોનું જે વિઘટન થવું અર્થાત્ છુટા પડવું તેને નિર્જરા કહી છે.

✡ विपक्वानां कर्मावयवान्तं परिशटनं, हानिः इत्यर्थः

✡ ઉપર સૂત્રઃ૨માં જણાવેલ દ્રવ્ય સંવર અને ભાવ સંવર પરિણામમાં આત્માનો નિષ્કામ બુધ્ધિએ જે 'પરભાવનો ત્યાગ કરવાનો, જેટલો જેટલો અને જેવો જેવો આત્મપરિણામ હોય છે, તે ભાવે તે જીવ પૂર્વ સંચિત કર્મોનો [જે આત્માની સાથે સત્તા એ બંધાયેલા પડ્યા છે] વિવિધ પ્રકારે ક્ષય અર્થાત્ નિર્જરા કરે છે. -આ રીતે આત્મ પ્રદેશો થી કાર્મણ વર્ગણા નું છુટું પડવું તેનું નામ નિર્જરા છે.

✤ **च**-સૂત્રકાર મહર્ષિએ સૂત્રમાં સમુચ્ચયને માટે ''च''મુકેલ છે આ च દ્વારા તેઓ ઉપરોકત સંવર તત્વનું પણ અનુકર્ષણ કરવાનું સૂચવે છે એટલે કે તપથી નિર્જરા થાય છે અને સંવર પણ થાય છે.

✡ च शब्दः प्रस्तुतसंवरानुकर्षी, तपसा संवरश्चक्रियते

✡ અનશન,પ્રાયશ્ચિત,ધ્યાન વગેરે તપથી યુકત આત્મા અવશ્યતયા સંવૃત્ત આસ્રવ દ્વાર યુકત અર્થાત્ સંવર યુકત થાય છે.

✤ **સૂત્રસ્પષ્ટીકરણઃ**-तपसा निर्जरा च તપ વડે નિર્જરા અને સંવર થાય છે. એટલો સૂત્રસાર જોયો પણ કેટલીક અન્ય બાબતો નું આવિષ્કરણ પણ આ તબક્કે ઉપયોગી છે. તે આ પ્રમાણેઃ-

(૧)આ સૂત્રનું જે પૃથક્ ગ્રહણ કરેલ છે તે સંવર - અને -નિર્જરા એ બંને હેતુને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવવા માટે છે.

(૨)તપથી અભિનવ કર્મ ા પ્રવેશ નો અભાવ થાય છે અને પૂર્વે ઉપચય કરેલા કર્મોનો ક્ષય થાય છે.

(૩)બાર ભેદ વડે તપ કરવાથી પૂર્વે કહ્યા મુજબનો સંવર થાય છે અર્થાત્ આગન્તુક કર્મોના અભાવનું પ્રાતિપાદન થાય છે અને લાંબા કાળથી બંધાયેલા કર્મોનો પણ અભાવ પ્રતિપાદિત થાય છે આ રીતે તપ એ સંવર અને નિર્જરા લક્ષણ બંનેનો હેતુ ભૂત થાય છે.

(૪)સમતા પૂર્વક કરવામાં આવતા તપથી આવતા કર્મો તો રોકાય જ છે સાથે સાથે નિકાચીત કર્મના બંધનો પણ તુટી જાય છે.

(૫)જો કે દશ પ્રકારના યતિધર્મમાં તપનો સમાવેશ કર્યો જ છે

[જુઓ સૂત્ર -૯:૬ उत्तमक्षमामार्दवार्जव०] છતાં અહીં જે પૃથક્ ગ્રહણ કરેલ છે તે તપની પ્રધાનતા જણાવવા માટે છે, સમ્યક્ તપ નવા કર્મોના સંવરણ પૂર્વક કર્મક્ષયનું કારણ હોય છે.

❑ **[8]સંદર્ભ:-**

✡ **આગમ સંદર્ભ:-**

एवं तु संजयस्सावि पावकम्म निरासवे
भव कोडि संचियं कम्मा तवसा निज्जरिज्जइ ✤ **उत्त० अ.३०,गा.५**

✡ **તત્વાર્થ સંદર્ભ:-**

(૧)आस्रव निरोध: संवर अ.९-सू.१ સંવર
(૨)ततश्चनिर्जरा अ.८-सू.२४ નિર્જરા
(૩)उत्तमक्षमामार्दवार्जवा० अ.८-सू. ६ तपधर्म
(૪)अनशनावमौदर्यवृत्ति अ.९-सू. १९-બાહ્યતપ
(૫)प्रायश्चितविनयवैयावृत्य अ.९-सू. २०અભ્યંતર તપ

❑ **[9]પદ્ય:-**

(૧) તપ થી સંવર થાય સારો નિર્જરા પણ થાય છે
અધ્યાય નવમે સૂત્ર બીજે પૂર્વધર પણ ગાય છે

(૨) આ સૂત્રનું બીજું પદ્ય હવે પછીના સૂત્ર:૪ માં કહ્યું છે

❑ **[10]નિષ્કર્ષ:**-તપ એ સંવર અને નિર્જરાનું મહત્વનું કારણ હોવાથી નાના-મોટા કોઇ પણ અનુષ્ઠાન કે ધર્મક્રિયામાં અવશ્ય તપ કરવાનું વિધાન જોડાયેલું રહે છે. કેમ કે કોઇપણ [જૈન] ધાર્મિક ક્રિયા કે આચરણ મોક્ષના ઉદ્દેશથી જ કરાવાય છે. સંવર અને નિર્જરા એ મોક્ષ પૂર્વેના જ તબક્કા હોવાથી તેના કારણ ભૂત તપધર્મનું અહીં વિધાન કરવામાં આવેલું છે. તેનો અર્થ એ પણ સમજી જ લેવો કે મોક્ષના ઉદ્દેશ વિનાની એટલે કે નિર્જરાના હેતુ વિહિન તપ કે અનુષ્ઠાનને સમ્યક્ ગણવામાં આવતા નથી

એ રીતે આ સૂત્રનો નિષ્કર્ષ એવો વિચારવો જોઇએ કે અહીં જે તપને નિર્જરા તથા સંવરનું સાધન કહ્યો છે. તે સમ્યક્ તપની જ વાત કરી છે કેમ કે अ.६-सू.१२માં બાળતપ તો કર્માસ્રવ નો હેતુ કહ્યો છે. માટે સમ્યક્તપ જ સંવર તથા નિર્જરાનું સાધન બની શકે. તેથી સમ્યક્ તપનું આરાધન કરવું જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાયઃ૯-સૂત્રઃ૪

❐ [1]સૂત્રહેતુઃ- સૂત્રકાર મહર્ષિ સંવરના પ્રથમ ભેદ એવા ગુપ્તિના સ્વરૂપ ને આ સૂત્ર થકી જણાવે છે.

❐ [2]સૂત્રઃમૂળ-सम्यग्योगनिग्रहोगुप्तिः

❐ [3]સૂત્રઃપૃથક્- सम्यग् - योग - निग्रहः - गुप्तिः

❐ [4]સૂત્રસારઃ-પ્રશસ્ત એવો યોગ-નિગ્રહ એ ગુપ્તિ છે. [અથવા]મન,વચન,કાયા એ ત્રણ યોગોનો સમ્યગ્ નિગ્રહ એ ગુપ્તિ છે.

❐ [5]શબ્દજ્ઞાનઃ-

**सम्यग्** -પ્રશસ્ત **योग**-મન,વચન,કાયાની પ્રવૃત્તિ

**निग्रहः**-અંકુશ **गुप्ति**-ગુપ્તિ,ગોપન

❐ [6]અનુવૃત્તિઃ- આ સૂત્રમાં કોઇ સ્પષ્ટ અનુવૃત્તિ નથી.

અર્થ અપેક્ષાએ સૂત્ર ૯ઃ૨ स गुप्तिसमिति० થી સંવરની અનુવૃત્તિ.

❐ [7]અભિનવટીકાઃ-સંવર વિષયક આ અધ્યાયમાં સૂત્રકાર મહર્ષિ તેના પ્રથમ ભેદ એવી ગુપ્તિનું વર્ણન કરે છે. સૂત્રમાં કહે છે કે'' મન,વચન,કાયાના યોગનો સારી રીતે નિગ્રહ કરવો તે ગુપ્તિ'' અહીં સૂત્રકાર મહર્ષિ सम्यक् શબ્દને ખૂબજ સમજણ પૂર્વક પ્રયોજે છે કેમ કે મન,વચન,કાયાની પ્રવૃત્તિ રોકી લઇને કયારેક ચોર પણ પોતાની ધારણા પાર પાડે છે તોશું તેને ગુપ્તિ કહેવી?

-ના માત્ર યોગોની પ્રવૃત્તિ રોકવી એ જ ગુપ્તિ નથી.

આ વાતને સ્પષ્ટ કરવા સૂત્રકારે सम्यग् શબ્દ દ્વારા જણાવેલ છે કે સમ્યગ્દર્શન પૂર્વક યોગોની પ્રવૃત્તિ અટકાવવી તે ગુપ્તિ છે. મુમુક્ષ જીવ શાસ્ત્રાજ્ઞા અનુસારે ઉન્માર્ગને ટેકો ન મળે તેવી રીતે મન,વચન,કાયાના યોગોની પ્રવૃત્તિ અટકાવ તે ગુપ્તિ છે. માત્ર યોગ નિગ્રહ એ ગુપ્તિ નથી.

✤ સમ્યગ્ઃ- સમ્યગ્ શબ્દની વ્યાખ્યા આ પૂર્વે પ્રથમ અધ્યાય ના પ્રથમ સૂત્રમાં કરવામાં આવેલી જ છે.

✡ સમ્યક્ એટલે પ્રશસ્ત.મુમુક્ષુનો.

✡ सम्यग् इति विधानतः ज्ञात्वाऽभ्युपेत्य सम्यग्दर्शनपूर्वकं

✡ સમ્યક્ એટલે વિધિ કે ભેદ જ્ઞાન પૂર્વક જાણીને - સ્વીકારીને સમ્યગ્દર્શન પૂર્વક [જે યોગ નિરોધ કરવો તે].

✡ સમ્યગ્દર્શન પૂર્વક ની પ્રતિપત્તિ, અહીં योग શબ્દના વિશેષણ રૂપે વપરાયેલ सम्यक् શબ્દ એવું સૂચવે છે કે જેનો નિગ્રહ કરવાનો છે તે સમ્યગ્દર્શન પૂર્વકની પ્રવૃત્તિ હોવી જોઇએ અથવા પ્રશસ્ત કે સમીચીન હોવી જોઇએ.

✡ પ્રશમ, સંવેગ,નિર્વેદ,આસ્તિક્ય અને અનુકંપા અભિવ્યક્તિ લક્ષણા જે સમ્યગ્દર્શન, તત્પૂર્વક જેનો સ્વીકાર કે અમલ કરવો તે સમ્યક્ [યોગ નિગ્રહ].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ સમ્યક્ એટલે પ્રશસ્ત.સમજીને શ્રધ્ધાપૂર્વક સ્વીકારવું તે, અર્થાત્ શ્રધ્ધાપૂર્વકની બુધ્ધિ વડે ઉન્માર્ગમાંથી રોકીને સન્માર્ગમાં યોગોને પ્રવર્તાવવા તે સમ્યક્ યોગ નિગ્રહ.

✡ સમ્યક્ એટલે ભેદ પૂર્વક સમજીને સમ્યગ્દર્શન પૂર્વક આદરવું તે.

સમ્યક્ એટલે વિષય સુખની અભિલાષાથી કરાતી પ્રવૃત્તિ નો નિષેધ કરવો તે.

✡ સમ્યગ્ એટલે કેવા યોગોથી કર્મબંધ થાય છે, અને કેવા યોગોથી સંવર કે નિર્જરા થાય છે એમ જાણીને તેની શ્રધ્ધા કરવી અર્થાત્ સમ્યક્ એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્ જ્ઞાન પૂર્વક નીપ્રવૃત્તિ .

આથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના થતો યોગ નિગ્રહ એ ગુપ્તિ નથી પણ કલેશ રૂપ જ છે.

✤ **योगः**- યોગની વ્યાખ્યા આ પૂર્વે अ.६-सू.१ માં કરાયેલી છે.

✡ કાયા વચન મનની પ્રવૃત્તિ કે વ્યાપાર તે યોગ.

✡ કાયિક,વાચિક,માનસિક ક્રિયા તે યોગ.

✡ નિગ્રહ એટલે પ્રવચન વિધિવડે [શાસ્ત્ર વિહિત] માર્ગમાં સ્થાપન અને ઉન્માર્ગ ગમનનું નિવારણ.

✡ નિગ્રહ એટલે યોગોને સ્વવશમાં રાખી વ્યવસ્થાપન કરવું તે.

✡ નિગ્રહ એટલે સ્વાતન્ત્ર્ય,સ્વચ્છંદતા નો પ્રતિષેધ અને મુકિત માર્ગ અનૂકુળ પરિણામ વડે પ્રવર્તન.

✡ નિગ્રહ એટલે નિર્વ્યાપારતા.

✡ **गुप्तिः**- પૂર્વ સૂત્ર-૯:૨મા ''ગુપ્તિ'' શબ્દની વ્યાખ્યા કરેલી છે.

✡ ગુપ્તિ એટલે આત્મ સરક્ષણ.

✡ મન,વચન,કાયા ને ગોપવવા તે.

✡ ગુપ્તિ એટલે ભયાનક એવા કર્મબન્ધ રૂપ શત્રુઓ થી સંરક્ષણ કરવું તે.

✡ મન,વચન,કાયાના યથેચ્છ વિહરણને રોકવું તે ગુપ્તિ છે.

✡ પ્રસ્તુત સૂત્રાનુસારતો સમ્યગ્યોગ નિગ્રહ એ જ ગુપ્તિ છે. આ રીતેસંકલેશ રહિત. સમ્યક્ યોગ નિરોધ થવાથી તન્નિમિત્તક કર્મોનો આસ્રવ અટકી જાય છે. અને તેજ સંવર છે.

✤ **ગુપ્તિ ના ત્રણ ભેદઃ**- સૂત્રકાર મહર્ષિએ સમ્યગ્યોગના નિગ્રહ ને ગુપ્તિ કહેલી છે. વ્યવહારમાં ગુપ્તિના ત્રણ ભેદ પ્રસિધ્ધ જ છે અને શ્રમણસૂત્રમાં પણतिहिं गुत्तिहिं પદ પ્રયોજાયેલ છે .પણ અહી સૂત્રકાર આ ત્રણ ભેદનું કારણ પણ સૂત્રમાં સ્પષ્ટ કરે છે. ત્રણ પ્રકારે યોગ હોવાનું કથન આ પૂર્વે अ.६-सू.१ માં થયેલું છે. માટે ત્રણેનો નિગ્રહ એ ત્રણગુપ્તિ એવું અલગ અલગ વિચારતા કાયગુપ્તિ,વચનગુપ્તિ,અને મનોગુપ્તિ એ ત્રણે ભેદો થશે.

**[૧]કાયગુપ્તિઃ**-

✡ સુવામાં,બેસવામાં,ગ્રહણ કરવામાં,મૂકવામાં,એક સ્થાનેથી બીજે સ્થાને જવામાં જે શરીર પ્રવૃત્તિ થાય છે તેને સમ્યક્ પ્રકારે રોધ કરવો તેનું નામ કાયગુપ્તિ

✡ કાંઈપણ ચીજ લેવામૂકવામાં કે બેસવા ઉઠવા કરવા આદિમાં કર્તવ્ય-અકર્તવ્યનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેક હોય તેવું શારીરિક વ્યાપારનુ નિયમન કરવું તે કાયગુપ્તિ.

✡ કાયોત્સર્ગ આદિ દ્વારા કાય વ્યાપારની નિવૃત્તિ અથવા શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોમાં શાસ્ત્રોકત વિધિ મુજબની પ્રવૃત્તિ એ કાયગુપ્તિ છે.

✡ અજયણાચારીનું જોયાવિના, પૂંજયા-પ્રમાજર્યા વિના જમીન પર ફરવું, બીજી વસ્તુ રાખવી, ઉઠવું, સુવું, બેસવું, આદિ જે શારીરીક ક્રિયા થાય છે અને તે નિમિત્તે કર્મોનો જે આસ્રવ થાય છે તે કાયયોગ નિગ્રહી અપ્રમત સંયમી ને થતો નથી અર્થાત્ સંવર થાય છે.

**સુવું/શયનઃ**-રાત્રે જ શયન કરવું, દિવસે ન કરવું, આગમ વિધિ પ્રમાણે નિદ્રા થી મુકત થવું, ૧ પ્રહર ગયા પછી ગુરુની આજ્ઞા લઇ ત્રણ હાથ ભૂમિ પ્રમાણ જગ્યામાં સૂવું. ભૂમિનું યોગ્ય પડિલેહણ પ્રમાર્જન કરી, ડાબા હાથને માથા નીચે સ્થાપન કરી, ઘુંટણવાળી, જરૂર પડેતો પ્રમાર્જન થકી પગ પસારીને સુંવું. પડખું ફેરવતા કે પગ સંકોચતા રજોહરણ વડે પૂંજવુ.

**બેસવુંઃ**- જમીન ઉપર ચક્ષુથી પ્રમાર્જી-તપાસીને, આસન પાથરીને બેસવું, હાથ-પગ સંકોચવા કેપસારવા પડે તો, સંડાસા -સાંધાની પ્રર્માજના કરવી. વર્ષાઋતુમાં પાટ-પાટલા જોઇ-તપાસી-પ્રમાર્જીને બેસવું.

**લેવું-મૂકવુઃ**-દંડ, ઉપકરણો, પાત્રા આદિ વસ્તુ લેવા મુકવા પડે. તે પ્રતિલેખી- તપાસી, પ્રમાર્જીને લેવા મુકવા.

**ઉભા રહેવુઃ**-બિન જરૂરી ઉભા રહેવાદિ અસમ્યક્ પ્રવૃત્તિનું નિવારણ કરવું અને ઉભવું પડે ત્યારે ભીંત કે થાંભલાદિક નો ટેકો લેતા પહેલાં તે સ્થાનની પ્રમાર્જના કરવી.

**ફરવું, ચાલવું તેઃ**- કાયાને અસમ્યક્ પણે પ્રવર્તાવવી નહીં. તેમ છતાં ચાલવું જ પડે ત્યારે હિંસાદિક દોષોની નિવૃત્તિ પૂર્વક ચાલવું તેને કાયગુપ્તિ કહેવામાં આવે છે.

[૨]**વચનગુપ્તિઃ**-

✡ યાચના કરવી, માંગવુ કે પૂછવું અથવા પૂછેલાનું વ્યાખ્યાન કરવામાં અથવા નિરુકિત વગેરે દ્વારા તેનું સ્પષ્ટીકરણ કરવામાં જે વચનનો પ્રયોગ થાય, તેનો સમ્યક્રીતે નિરોધ કરવો તે વચનગુપ્તિ.

✡ બોલવાના દરેક પ્રસંગે કાંતો વચનનું નિયમન કરવું અને કાંતો પ્રસંગ જોઇને મૌન રહેવું એ વચન ગુપ્તિ.

✡ મૌનદ્વારા વચન વ્યાપારની નિવૃતિ અથવા શાસ્ત્રોકત વિધિ મુજબ સ્વાધ્યાય, ઉપદેશ આદિમાં વચન પ્રવૃત્તિ એ વચન ગુપ્તિ છે.

✡ સંવર રહિત જીવના અસત્ પ્રલાપ, અપ્રિય વચન બોલવું આદિથી થી જે વાચિક વ્યાપાર નિમિત્તક કર્મ આવે છે તે વચનનો નિગ્રહ કરનાર ને આવશે નહીં અર્થાત્ સંવર થશે.

✡ યાચના કરવા માટે -પૂછવામાટે- પ્રશ્નનો જવાબ આપવા માટે બોલવું પડે, તે સિવાય વાણી ઉપર સંયમ રાખવો અથવા મૌન ધારણ કરવું તે વચન ગુપ્તિ.

**યાચના કરવીઃ**- ગૃહસ્થાદિકપાસે આહાર, ઉપધિ, શય્યા વગેરે માંગવા પડે, તો શાસ્ત્રાજ્ઞાનુસાર વાક્શુધ્ધિ જાળવી, મુખપાસે મુખવસ્ત્રીકા રાખીને યાચના કરવી.

**પૂછવુંઃ**- માર્ગ પૂછવો પડે, વૈધને પૂછવું પડે કે શંકા ના ખુલાસા કરવા પડે ત્યારે આગમોકત વિધિએ પૂછવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જવાબઆપવાઃ**- કોઇ સમજવા ઇચ્છે કે શ્રાવક આદિ કોઇ પ્રશ્ન ના ખુલાસા માંગે તો શાસ્ત્રોક્ત નીતિ-રીતિ મુજબ સારી રીતે ઉપયોગ પૂર્વક ધર્મદેશના આપે તથા પ્રશ્નનો જવાબ આપે.

**મૌનઃ**- બોલવું જ નહીં તે . મુનિ વિના કારણ ન બોલે તેથી ન બોલવા અર્થમાં મૌન શબ્દ રૂઢ થયેલો છે.

**[૩] મનોગુપ્તિઃ**-

✡ મનમાં જેટલા સાવદ્ય સંકલ્પ થાય છે તેનો ત્યાગ કરવો અથવા શુભ સંકલ્પો ધારણ કરવાને કે કુશલ અથવા અકુશલ બંને પ્રકારના સંકલ્પ માત્રનો નિરોધ તે મનોગુપ્તિ કહેવાય છે.

✡ દુષ્ટ સંકલ્પનો તેમજ સારા-નરસા મિશ્રિત સંકલ્પ નો ત્યાગ કરવો અને સારા સંકલ્પને સેવવો એ મનો ગુપ્તિ.

✡ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન રૂપ અશુભ વિચારોથી નિવૃત્તિ અથવા ધર્મધ્યાન કે શુકલ ધ્યાન રૂપ શુભ ધ્યાનમાં મનની પ્રવૃત્તિ અથવા શુભ-અશુભ બંને પ્રકારના વિચારોનો ત્યાગ એ મનો ગુપ્તિ છે.

✡ રાગદ્વેષાદિથી અભિભૂત પ્રાણીને અતીત અનાગત વિષયાભિલાષા આદિથી મનોવ્યાપાર નિમિત્તક કર્મ આવે છે તે કર્મ નો નિગ્રહ કરનારને આવતા નથી અર્થાત્ સંવર થાય છે.

✡ સાવદ્ય સંકલ્પ રોકી દેવો. સારો સંકલ્પ કરવો અથવા સારા કે ખોટાં સર્વ પ્રકારના સંકલ્પો કરવાનું રોકી દેવું તે.

**સાવદ્ય સંકલ્પ રોકવોઃ**- આર્ત્ત રૌદ્ર ધ્યાન ન ધ્યાવવાં, મનની ચંચળતાથી કોઇ રીતે પાપ વ્યાપાર ન ચિંતવાઇ જાય તે રીતે મનના સંકલ્પની રુકાવટ કરવી.

**ધર્મની પરંપરા** એ વૃધ્ધિ થાય તેવા સંકલ્પો કરવા.

સરાગ સંયમાદિકે **સંસારના કારણ રૂપ** સંકલ્પો ન કરવા.

**✤ ત્રણે ગુપ્તિ નું રહસ્યઃ**-

**કાયગુપ્તિઃ**- કાયાના કર્મને , કાયાની ચેષ્ટાને , કાયયોગ ને સૌથી પહેલું સ્થાન આપવામાં આવ્યું છે. વાગ્યોગ બેઇન્દ્રિયાદિ જીવોને હોય છે, મનોયોગ તો સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને જ હોય છે.

આ રીતે કાય યોગ સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર સર્વ જીવોને હોય છે. તેનો સંબંધ અનાદિકાળ થી છે અને મોક્ષમાં જાય ત્યાં સુધી રહેવાનો છે. મોક્ષમાં જતા ભવ્ય જીવને અયોગી અવસ્થા પ્રાપ્ત થતી વખતે પણ સૌથી છેલ્લામાં છેલ્લો સૂક્ષ્મ કાયયોગ નિવૃત્ત થાય છે.

તેમાં પ્રથમ બાદર કાયયોગ નિવૃત્ત થાય છે, પછી સૂક્ષ્મ. કારણ કે સૂક્ષ્મતર કાયયોગ તો છેલ્લા સમય સુધી ટકે છે તે નિવૃત્ત થવાના સમયે જ આત્મા મોક્ષ પ્રાપ્ત કરે છે.

પાંચ હ્રસ્વાક્ષર પ્રમાણ કાળમાન ધરાવતાં ચૌદમાં અયોગિ ગુણસ્થાન કે પણ કાયયોગ હોય તો છે જ પણ અતિ સૂક્ષ્મ-સૂક્ષ્મતર હોવાથી તેની ગણતરી કરવામાં આવતી નથી. છતાં તે ગુણસ્થાનક પસાર કરવું પડે છે તેમાં મુખ્ય કાયયોગ જ છે.

આ રીતે અનાદિકાળથી જોડાયેલા એવા આ કાયયોગનો નિગ્રહ કે ગુપ્તિની વધુમાં વધુ જરૂર છે. ઇન્દ્રિયોના સર્વ વિષયો ભોગવવાનું એ મુખ્ય દ્વાર હોવાથી કર્મોબાંધવામાં એ દ્રઢ કારણ છે. નવા કર્મો અને પુદ્ગલો કાયયોગ દ્વારાજ ગ્રહણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કારણો થી કાયાનો સમ્યગ્ નિગ્રહ અતિ આવશ્યક છે.

**વચન ગુપ્તિઃ**- આત્મા કર્મના ઉદયને આશ્રીને જે જે સ્વરૂપે પોતાની ચેતના નો ઉપયોગ કરે તે જ નિશ્ચયનયથી મુખ્ય હાનિ છે.તે જ મુખ્યા આશ્રવ છે. ભાષાપર્યાપ્તિનામકર્મના ઉદયથી આત્માને બોલવું પડે છે. અને બોલવાથી આત્મામાં કંપન થાય છે અને તેથી નવા નવા કર્મો બંધાય છે.

આત્મા વચનથી અગોચર છે વળી સિધ્ધ પરમાત્માનું સ્વરૂપ પણ વચનથી કહી શકાતુ નથી ,તેમજ તેઓને પણ વચન-યોગ હોતો નથી. તેમ છતાં આત્મામાં જે ભાષક-ભાવનો સ્વભાવ છે અને તે સ્વભાવ ભાષા પર્યાપ્તિનામ કર્મના ઉદયથી પ્રગટ થાય છે.પરંતુ તે કર્મબંધમાં કારણ રૂપ હોવાથી તેને સાવદ્ય પ્રવૃત્તિમાં ન રોકતાં નિરવદ્ય પ્રવૃત્તિમાં રોકીને તે દ્વારા કર્મબંધનના અશુભ કારણે પ્રવર્તતા આત્માના વીર્યને સંવર અને નિર્જરામાં ફેરવી નાખવું જોઇએ.

આ રીતે સ્વાધ્યાયાદિમાં લીન રહેવા દ્વારા મૌન ધારણ કરીને અથવા સમ્યક્ નિરોધ થકી વચનને ગોપવવા થકી વાગ્ગુપ્તિ પાલન કરવી અને ભાષા વર્ગણાના પુદ્ગલોને કુશળ અનુષ્ઠાનોમાં પ્રવર્તાવવા.

✤ **મનોગુપ્તિઃ**-મન એ સંજ્ઞીજીવો માટે આશ્રવનું પ્રબળ કારણ છે. મનમાં જ મમતા ઉત્પન્ન થાય છે અને મન જ કલહ કરે છે. મનએ પ્રબળમાં પ્રબળ વેગવંત ઘોડો છે. મોહરૂપી રાજાનો એ મંત્રી છે. આર્ત્ત રૌદ્ર ધ્યાનની ઉત્પત્તિની ભૂમિ છે. અને આ મનની ગુપ્તિ એ જ ધર્મ અને શુકલ ધ્યાનનું મૂળ છે. તેથી કરીને જ મનો નિગ્રહ અતિ આવશ્યક છે.

યોગ એટલે કે પુદ્ગલોનો સંયોગ અને વ્યાપારથી આત્મા પ્રદેશોમાં ઉત્પન્ન થતી ચંચળતા તે ભાવયોગ છે. અને તેના કારણભૂત પુદ્ગલ દ્રવ્યોનો સંયોગ અને તેનો વ્યાપાર એદ્રવ્યયોગ છે. એ પ્રમાણે આત્મા સાથે જોડાયેલી મનોવર્ગણા અને તેની હિલચાલ એ દ્રવ્ય મનોયોગ છે. અને તે વખતે થતી આત્મ પ્રદેશોમાં ચંચળતા, તે ભાવમનોયોગ છે. મનોવર્ગણાની મદદથી વિચારણા કરતું મન તે દ્રવ્ય મન છે. અને તે વખતે આત્માનાનો ઇન્દ્રિય મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાનનો ઉપયોગ તે ભાવમન છે.

અર્થાત્ યોગ એ વાસ્તવિકરીતે આત્માનો સ્વાભાવિક સ્વાભાવ નથી, પરંતુ વૈભાવિક એટલે કે અન્યસંયોગ થી ઉત્પન્ન થનાર સ્વભાવ છે. અને તે મોક્ષમાર્ગ માં વિઘ્નરૂપ છે.

તેથી આ મનોયોગ ને રત્નત્રયી ની આરાધનામાં એવી રીતે જોડવો કે જેથી કરીને ધીમે ધીમે વૈભાવિક સ્વભાવ દૂર થતો જાય અને આત્મ પ્રદેશોમાં ચંચળતા ઓછી થતી જાય એટલે કે મનોગુપ્તિ થકી મનનો નિરોધ કરીને અથવા કુશળ અનુષ્ઠાનમાં પ્રવર્તાવવા થકી ક્રમશઃ મનઃપર્યાપ્તિ નામકર્મનો ક્ષય કરવો અને છેવટે સ્થૂળ તથા સૂક્ષ્મ દ્રવ્ય મનના નિરોધ થકી મોક્ષની પ્રાપ્તિ કરવી.

❐ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ**- गुत्ती नियत्तणे वुत्ताअसुभत्थेएु सव्वसो ✤ **उत्त० अ.२४,गा.२६**

**સૂત્રપાઠ સંબંધઃ**- ''સમ્યગ્ પ્રકાર '' ને બદલે અહીં પાઠમાં ''અશુભ પ્રયોજનોથી'' કહ્યું તે માત્ર એકજ વાતને રજૂ કરવાની જુદી પધ્ધતિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ **તત્વાર્થ સંદર્ભ:-**

(૧)कायवाङ्मनः कर्मयोग: अ.६-सू. १ થી યોગના ૩ ભેદ

(૨)स गुप्तिसमितिधर्मा० अ.९-सू. २ गुप्ति ની વ્યાખ્યા

(૩)सम्यक्दर्शनज्ञान० अ.१-सू.१ थी सम्यक् ની વ્યાખ્યા

✡ **અન્યગ્રન્થ સંદર્ભ:-**

(૧)નવતત્વ ગા.૨૬-ઉત્તરાર્ધ

(૨)અતિચાર ચિંતવના ગાથા-વિસ્તારાર્થ

(૩)શ્રમણ સૂત્ર

❐ **[9]પદ્ય:-**

(૧) રૂડે પ્રકારે યોગ-નિગ્રહ ગુપ્તિ તેને જાણવી
મન વચન ને કાય સાથે ત્રણ પ્રકારે માનવી

(૨) સૂત્રઃ૩ અને ૪ નું સંયુકત પદ્ય
સંવર તપથી તેમ થાય છે નિર્જરા પણ
ગુપ્તિ એ જ કે'વાય પ્રશસ્ત યોગ નિગ્રહ

❐ **[10]નિષ્કર્ષ:**-સૂત્રકાર મહર્ષિએ અહીં ત્રણ ગુપ્તિ નું વર્ણન કર્યું. જેનો પાયો મુકયો સમ્યગ્ યોગ નિગ્રહ .આ સમ્યગ્ યોગ નિગ્રહ થકી જે વાત જણાવી તેમાં નિષ્કર્ષજન્ય વાત આ રીતે રજૂ કરી શકાય.

(૧)कायगुप्तिः- સાવદ્ય માર્ગમાંથી રોકી નિરવદ્ય ક્રિયામાં જોડવી તે.

(૨)वचनगुप्तिः-સાવદ્ય વચન ન બોલવું અને નિરવદ્ય વચન બોલવું.

જેમાં શિર:કંપન વગેરેના ત્યાગ પૂર્વક મૌનપણું તથા વાચનાદિ વખતે મુહપતિ રાખી બોલવું તે બંનેનો સમાવેશ થાય છે.

(૩)मनोगुप्तिः- મનનેસાવદ્ય વિચારોથી રોકવુંઅનેસમ્યક્ વિચારોમાંપ્રવર્તાવવુંતેમનોગુપ્તિ.

આ રીતે સમગ્ર વાતનો નિષ્કર્ષ તો એકજ મુદ્દામાં સમાવેશ પામે છે. - સાવદ્યનો ત્યાગ અને નિરવદ્યમાં પ્રવૃત્તિ એ જ ગુપ્તિ.મોક્ષનો અભિલાષી આત્માઓએ આ વ્યાખ્યાનુસાર જ જીવન ગોઠવવું જોઇએ. કેમ કે સર્વથા યોગનિરોધ ન થાય ત્યાં સુધી નિરવદ્ય પ્રવૃત્તિ થકી સંચિત કર્મોની નિર્જરા એ જ રાજમાર્ગ છે.

❐ ❐ ❐ ❐ ❐ ❐ ❐

# અધ્યાય:૯-સૂત્ર:૫

❐ **[1]સૂત્રહેતુ:**- સંવરના ઉપાયોમાંનો એક ઉપાય તે 'સમિતિ' આ સમિતિના ભેદોને આ સૂત્ર થકી જણાવે છે

❐ **[2]સૂત્ર:મૂળ-ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गा:समितय:**

❐ **[3]સૂત્ર:પૃથક્**-ईर्या - भाषा - एषणा - आदाननिक्षेप - उत्सर्गा: समितय:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❒ [4]સૂત્રસારઃ-[સમ્યક્] ઈર્યા,[સમ્યક્] ભાષા, [સમ્યક્] એષણા, [સમ્યક્] આદાન-નિક્ષેપ અને [સમ્યક્] ઉત્સર્ગ એ પાંચ સમિતિ છે

❒ [5]શબ્દજ્ઞાનઃ-

| | |
|---|---|
| **ईर्या**-ગમનાગમન,ચાલવું | **भाषा**-બોલવું |
| **एषणा**-શુધ્ધ આહારાદિનું ગવેષણ | **आदाननिक्षेप** -લેવું-મૂકવું |
| **उत्सर्ग**-ત્યાગ,પારિષ્ઠાપન | **समिति**-સમ્યગ્ પ્રવૃત્તિ |

❒ [6]અનુવૃત્તિઃ-(૧)सम्यग्योग निग्रहो गुप्तिः સૂત્ર૯:૪ થી सम्यग् શબ્દની.

(૨)અર્થ-અપેક્ષાએ ૯:૨ स गुप्तिसमिति થી સંવરની અનુવૃત્તિ

❒ [7]અભિનવટીકાઃ-અત્રે સૂત્રકાર મહર્ષિ પાંચ સમિતિનો નિર્દેશ કરે છે. આ બધી સમિતિઓ વિવેક યુકત પ્રવૃત્તિ રૂપ હોવાથી સંવરનો ઉપાય બને છે.તદુપરાંતપૂર્વ સૂત્ર થી સમ્યગ્ શબ્દની અનુવૃત્તિ લેવાથી આપોઆપ જ પ્રશસ્ત ઈર્યા,પ્રશસ્ત ભાષા વગેરે અર્થો સ્ફૂટ થાય છે. કેમ કે सम्यक् નો પ્રશસ્ત એવો અર્થ પૂર્વે કરાયેલો જ છે અને આ सम्यक् શબ્દ અહીં પાંચે સમિતિ સાથે સ્વોપજ્ઞ ભાષ્યમાં જોડેલો જ છે.

[૧] [સમ્યક્] ઈર્યા સમિતિઃ-

✡ કોઈપણ જંતુને કલેશ ન થાય તે માટે સાવધાનતા પૂર્વક ચાલવું તે ''ઈર્યા સમિતિ''.

✡ ઈર્યા એટલે જવું' સંયમની રક્ષાને ઉદ્દેશીને આવશ્યક કાર્ય માટે યુગપ્રમાણ અર્થાત્ ૩ા હાથ ભૂમિનું નિરીક્ષણ કરવા પૂર્વક જયાં લોકોનું ગમના ગમન થતું હોય અને સૂર્યનો પ્રકાશ પડતો હોય તેવા માર્ગે ધીમી ગતિથી જવું તે ઈર્યાસમિતિ.

✡ આવશ્યક કાર્યને માટે જ સંયમને અર્થે ચારે તરફ સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિનું નિરિક્ષણ કરવા પૂર્વક ધીમે ધીમે પણ માંડવા વડે ગમન કરવું-ચાલવું તે ઈર્યા સમિતિ છે.

✡ ईर्या એટલે માર્ગ, તેમાં ઉપયોગ પૂર્વક ચાલવું .તે समिति.અહીં માર્ગમાં યુગ પ્રમાણ ભૂમિને દ્રષ્ટિ વડે જોતા, નીચી નજરે ચાલવું, અને ચાલતી વેળા સજીવ ભાગનો ત્યાગ કરવો તે ઈર્યા સમિતિ છે.

✡ સામાન્ય માણસ સારી રીતે સીધી રીતે ચાલતો હોય તે ગમનની જવા આવવાની સારી ચેષ્ટા કહેવાય. પરંતુ વ્રત ધારીને લાયકની શાસ્ત્રમાં બતાવેલી વિધિપૂર્વક ચાલવું કે જે સંવર અને નિર્જરા ઉત્પન્ન કરે.

તેમાં પહેલું તો એ કે આવશ્યક કાર્ય સિવાય વસતિની બહાર જવું નહીં. જો જવું જ પડે -જેમ કે આહાર,વિહાર,નિહારાદિ કાર્યમાટે જવાનું થાય તો પણ જયણાપૂર્વક ચાલે જીવ વિરાધનાદિ ન થાય તેની સંભાળ રાખે તેને ઈર્યા સમિતિ કહેલી છે.

✡ ईरणम् ईर्या - गति परिणामः । सम्यग् आगमानुसारिणगतिः ईर्यासमितिः ।

✡ જીવ સ્થાન અને વિધિના જાણકાર ધર્માર્થ પ્રયત્ન શીલ એવા સાધુભગવંતોનું સૂર્યપ્રકાશમાં, ચક્ષુરિન્દ્રિય દ્વારા જોઇ શકાય તેવા મનુષ્ય વગેરેના આવાગમન થકી ક્ષુદ્ર જન્તુ ઓથી રહિત થયેલા માર્ગમાં સાવધાન ચિત્ત થઇ ને શરીરનો સંકોચકરી,ધીમે ધીમે, આગળ યુગ પ્રમાણ જમીન જોતા જોતા ચાલવું તે ઈર્યા સમિતિ છે.આમાં મુખ્યત્વે જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરાધનાદિ થકી થતો આસ્રવ રોકાય છે.અર્થાત્ તેટલે અંશે સંવર થાય છે.

[૨] (સમ્યક્) ભાષા સમિતિઃ-

✡ સત્ય,હિતકારી,પરિમિત અને સંદેહ વિનાનું બોલવું એ ભાષા સમિતિ છે.

✡ ભાષા એટલે બોલવું,જરૂર પડે ત્યારે જ સ્વપરને હિતકારી,પ્રમાણોપેત,નિરવદ્ય અને સ્પષ્ટ વચન બોલવાં તે ભાષા સમિતિ.

✡ હિત,મિત,અસંદિગ્ધ અને અનવદ્ય અર્થના પ્રતિપાદન કરવામાં જે નિયત થયા છે એવા વચન બોલવા તે ભાષા સમિતિ છે.

✡ મોક્ષ પુરુષાર્થની સાધના કરવા વાળા સાધક એવી ભાષા બોલવાને સમિતિ અર્થાત્ સમીચીન- મોક્ષની સાધક પ્રવૃત્તિ સમજતા નથી કે જે વચનો આત્મ કલ્યાણના લક્ષ્ય પૂર્વક પ્રવૃત્ત ન થયા હોય અથવા જે વચન નિષ્પ્રયોજન કે અપરિમિત રૂપથી બોલયું હોય અથવા જે વચન શ્રોતાને નિશ્ચય કરાવનારું ન હોય, સંદેહ જનક કે સંશય પૂર્વક બોલાયું હોય અથવા સાવદ્ય હોય તેવા વચન કે તેવી ભાષાનો પ્રયોગ કરવો નહીં તે ભાષા સમિતિ.

✡ સમ્યક પ્રકારે નિરવદ્ય-નિર્દોષ ભાષા બોલવી તે ભાષા સમિતિ કહેવાય છે.

✡ હિતકારક,માપસર,જેના શબ્દો અને અર્થ બરાબર સ્પષ્ટ સમજાય,નિરવદ્ય-પાપપોષક ન હોય તેવું વચન,જીવ વિરાધના ન થાય તે રીતે, આગમોકત વિધિપૂર્વક બોલવું તે સમ્યગ્ ઉપયોગ રૂપ ભાષા સમિતિ કહેવાય છે.

✡ સ્વ અને પરને મોક્ષ તરફ લઇ જવાળા સ્વપર હિતકારી,નિરર્થક બકવાસ રહિત, મિત્ત,સ્ફૂટાર્થ,વ્યકતાક્ષર, અસંદિગ્ધ વચન બોલવા તે ભાષા સમિતિ છે.

આ પ્રકારે સમ્યક્ ભાષા સમિતિ પાલન થી જીવ વચન યોગ જન્ય આસ્રવ થી અટકે છે અથવા તેટલે અંશે સંવર થાય છે.

[૩] (સમ્યક્)એષણા સમિતિઃ-

✡ જીવન યાત્રામાં આવશ્યક એવા નિર્દોષ સાધનોને મેળવવા માટે સાવધાનતા પૂર્વક પ્રવર્તવું તે એષણા સમિતિ.

✡ એષણા નો એક અર્થ ગવેસણા કરવી, તપાસવું તે છે. સંયમના નિર્વાહમાટે જરૂરી વસ્ત્ર,પાત્ર,આહાર,ઔષધ,આદિ વસ્તુઓની શાસ્ત્રોકત વિધિ મુજબ તપાસ કરવી તે એષણા સમિતિ.

✡ અન્ન,પાન,રજોહરણ,પાત્ર,વસ્ત્ર,વગેરે જે કોઇ પણ ધર્મ-ઉપકરણ છે તેને,ધારણ કરવામાં -સાધુ ઉદ્ગમ,ઉત્પાદન અને એષણા દોષોનો જે ત્યાગ કરે છે તેનું નામ એષણા સમિતિ છે.

✡ સિધ્ધાન્તમાં કહેલી વિધિ મુજબ ૪૨-દોષ રહિત આહાર ગ્રહણ કરવો તે એષણા સમિતિ

✡ અશન,સ્વાદિમ,ખાદિમ-રૂપ આહાર,કલ્પ્યપાણી,રજોહરણ મુહપત્તિ,પાત્ર, ચોલ પટ્ટાદિ વસ્ત્રો વગેરે તથા ધર્મોપકરણો અને વસતિ આદિ આધાકર્માદિક-૪૨ દોષ રહિત પણે, આગમોકત વિધિ પૂર્વક યાચના કરવી તે એષણા સમિતિ.

✡ સ્વામી અદત્ત,જીવ અદત્ત,તીર્થંકર અદત્ત,ગુરુ અદત્ત એ ચાર અદત્તને ટાળીને સંયમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્વાહને અર્થે આહાર પાણી-વસ્ત્ર-પાત્ર શય્યા ઉપકરણાદિને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરવાં તે એષણા સમિતિ. જેના થકી અદત્તાદાન આદિ દોષોથી થતા આસ્રવનો નિરોધ થાય છે.

**[૪]સમ્યક્ઃ- આદાન-નિક્ષેપ સમિતિઃ-**

✡ વસ્તુ માત્રને બરાબર જોઇ-પ્રમાર્જીને લેવી કે મૂકવી તે આદાન નિક્ષેપ સમિતિ.

✡ આદાન એટલે ગ્રહણ કરવું અને નિક્ષેપ એટલે મૂકવું. સંયમના ઉપકરણોને ચક્ષુથી જોઇને તથા રજોહરણાદિ થી પ્રમાર્જીને ગ્રહણ કરવા તથા ભૂમિનું નિરિક્ષણ- પ્રમાર્જન કરીને મૂકવાં તે આદાન નિક્ષેપ સમિતિ.

✡ આવશ્યક કાર્યને માટે જે કોઇ ચીજ-વસ્તુ લેવી કે મૂકવી પડે,તેને સારી રીતે પૂંજી-પ્રર્માજીને ગ્રહણ કરવી કે મૂકવી તેને આદાન-નિક્ષેપ સમિતિ કહી છે.તેથી આવશ્યક કાર્યની સિધ્ધિમાટે રજોહરણ,પાત્ર,વસ્ત્ર વગેરેને તેમજ પીષ્ટ ફલક વગેરેને લેવા કે મૂકવા વખતે સારી રીતે જોઇ તપાસીને લેવા કે મૂકવા તે આદાન-નિક્ષેપ સમિતિ.

✡ વસ્ત્ર,પાત્ર,ઉપકરણ આદિને જોઇ પ્રમાર્જીને લેવા-મૂકવાં તે આદાન-નિક્ષેપ સમિતિ. એનું બીજું નામ આદાન ભંડમત્ત નિક્ખેવણા સમિતિ પણ જોવા મળે છે.

✡ ધર્મ-અવિરોધી અને પરાનુપરોધી જ્ઞાન અને સંયમના સાધક ઉપકરણોને જોઇ-તપાસીને રાખવા કે ઉઠાવવા તે આદાન નિક્ષેપ સમિતિ કહી છે. આ સમિતિ જીવ વિરાધનાદિ માં જયણા નું સાધન હોવાથી આશ્રવનો નિરોધ કરનારી છે.

**[૫](સમ્યક્) ઉત્સર્ગસમિતિઃ-**

✡ જયાં જંતુઓ ન હોય તેવા પ્રદેશમાં બરાબર જોઇ અનુપયોગી વસ્તુઓ નાંખવી તે ઉત્સર્ગ સમિતિ.

✡ ઉત્સર્ગ એટલે ત્યાગ. શાસ્ત્રોકત વિધિ મુજબ ભૂમિનું નિરીક્ષણ-પ્રમાર્જન કરીને મળ આદિનો ત્યાગ કરવો તે ઉત્સર્ગ સમિતિ.

✡ જયાં પૃથ્વીકાયિક આદિ પાંચ પ્રકારના સ્થાવર જીવો અને બેઇન્દ્રિયાદિક ત્રસ અથવા જંગમ જીવોનું અસ્તિત્વ નહોય એવા શુધ્ધ સ્થણ્ડિલ-પ્રાસુક સ્થાન પર સારી રીતે જોઇને અને તે સ્થાન ની પ્રર્માજના કરવા પૂર્વક ત્યાં મળ-મૂત્રનો પરિત્યાગ કરવો તે ઉત્સર્ગ સમિતિ કહેવાય છે.

✡ વડીનીતિ, લઘુનિતિ,અશુધ્ધઆહાર, નિરુપયોગી બનેલ ઉપકરણ,જીર્ણ-શીર્ણ થઇ નકામા બનેલા વસ્ત્રો ઇત્યાદિનો વિધિપૂર્વક ત્યાગ કરવો અર્થાત્ પરઠવવું તે ઉત્સર્ગ સમિતિ. જેનું બીજું નામ પારિષ્ઠિાપનિકા સમિતિ છે.

✡ સ્થાવર,જંગમ-ત્રસ જીવોથી રહિત શુધ્ધ ભૂમિ ઉપર તપાસી પ્રમાર્જીને સ્થંડિલ,માત્રુ વગેરેનો શાસ્ત્રોકત વિધિ અનુસાર ત્યાગ કરવો તે ઉત્સર્ગ સમિતિ.

✡ નિરવઘ ભૂમિમાં શાસ્ત્રોકત વિધિ અનુસાર, ત્યાજય પદાર્થોનું પારિષ્ઠાપન કરવું તે (સમ્યક્) ઉત્સર્ગ સમિતિ જેના વડે જીવ વિરાધનાદિ આસ્રવનો નિરોધ થાય છે.

✤ **સમિતિઃ**-सम् એટલે સમ્યગ્ અને इति એટલે પ્રવૃત્તિ. સમ્યગ્ પ્રવૃત્તિ એ સમિતિ છે અથવા એકાગ્ર પરિણામ વાળી સુંદર ચેષ્ટા તે સમિતિ છે. જેના ઉકત પાંચ ભેદો કહેવાયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્નઃ-સમિતિ અને ગુપ્તિ વચ્ચે તફાવત શું છે?**

✡ સમ્યક્ પ્રકારના ઉપયોગ પૂર્વક જે પ્રવૃત્તિ તે સમિતિ છે અને સમ્યક્ પ્રકારે ઉપયોગ પૂર્વક નિવૃત્તિ તથા પ્રવૃત્તિ તે સમિતિ છે.

✡ સમિતિ કેવળ પ્રવૃત્તિ સ્વરૂપ છે. જયારે ગુપ્તિ પ્રવૃત્તિ તથા નિવૃત્તિ ઉભય સ્વરૂપ છે.

✡ ગુપ્તિમાં અસત્ ક્રિયાનો નિષેધ મુખ્ય છે જયારે સમિતિમાં સત્ક્રિયાનું પ્રવર્તન મુખ્ય છે.

❑ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-** (૧) पञ्च समिईओ पण्णत्ता, तं जहा ईरियासमिई, भासासमिई एसणासमिई ,आयणभंडमत्त निकखेवणा समिई, उच्चारपासवणखेलसिंधाणजल्ल पारिट्ठावणिया समिई ✤ **सम० सम.५**

(२)ईर्याभासेसणादाणेउच्चारेसमिई इय ✤ **उत्त० अ.२४-गा.२**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-** सूत्र.९:२ स गुप्ति समितिधर्मानुपेक्षा० થી समिति ની વ્યાખ્યા

✡ **અન્ય ગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્ત્વ ગાથા -૨૬ પૂર્વાર્ધ
(૨)શ્રમણ સૂત્ર
(૩)અતિચાર આલોચના સૂત્ર
(૪)પંચિદિય સૂત્ર-પ્રબોધટીકા ભા. ૧

❑ **[9]પદ્યઃ-**

(૧) પ્રથમ ઈર્યાભાષા બીજી એષણા ત્રીજી કહી
આદાનને નિક્ષેપ ભાવે ચોથી સમિતિ મેં લહી
ઉત્સર્ગ નામે પાંચમી જે સંયમોને પાળવા
ગુપ્તિ સાથે આઠ થાતી માત સુત ઉછેરવા

(૨) નિર્દોષ ઈર્યા વળી ત્યાગ સમ્યગ્ આદાન નિક્ષેપ વળી ગણાય
ભાષાય સમ્યગ્ વળી પાંચ શુધ્ધ સમિતિ પ્રવૃત્તિ વિવેક યુકત

❑ **[10]નિષ્કર્ષઃ-** સૂત્રકાર મહર્ષિ સંવરના એક ભેદ રૂપ એવા સમિતિના પાંચ ઉત્તર ભેદોને અહીં જણાવે છે. જેનું રહસ્યતો સમ્યક્ પ્રવૃત્તિ એ એકજ શબ્દમાં સમાવિષ્ટ થઇ જાય છે. વળી જયણાનું મહત્વનું સાધન પણ કહ્યું છે.

ચાલવા,બોલવા,ગ્રહણ કરવા, લેવા-મૂકવા,પરઠવવા આદિ પ્રવૃત્તિમાં સમિતિ થી જયણા પાલન તો થાય જ છે. પણ વ્યવહારુ અર્થમાં વિચારીએ તો પણ કલેશ કષાય નિવારણ,પડવા-આખડવાથી મુકિત,ભોગ-ફોડનોઅભાવ,સ્વચ્છતા જાળવવી જેવા ભૌતિક લાભો પણ અવશ્ય પ્રાપ્ત થાય છે, આ રીતે સમિતિના પાલન થકી આશ્રવ નિરોધ દ્વારા સંવરને પ્રાપ્ત થવા પૂર્વક મોક્ષને પામનારા બનવા પુરુષાર્થ કરવો એ જ નિષ્કર્ષ આ સૂત્ર થકી સમજવો.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાયઃ૯-સૂત્રઃ૬

❒ [1]સૂત્રહેતુઃ- સંવરના ઉપાયોમાં એક ઉપાય કહ્યો ધર્મ. [યતિ ધર્મ] તેના દશ ભેદોને આ સૂત્ર થકી જણાવે છે.

❒ [2]સૂત્રઃમૂળઃ-*उत्तम:क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागा किञ्चन्य ब्रह्मचर्याणि धर्मः

❒ [3]સૂત્રઃપૃથક્ઃ-उत्तमः क्षमा - मार्दव - आर्जव - शौच - सत्य- संयम - तपस् -त्याग - आकिंचन्य - ब्रह्मचर्याणि धर्मः

❒ [4]સૂત્રસારઃ- **ક્ષમા,માર્દવ,આર્જવ,શૌચ,સત્ય,સંયમ,તપ,ત્યાગ,આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો ઉત્તમધર્મ છે.**

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**उत्तम**-ઉત્તમ,ઉત્કૃષ્ટ **क्षमा**-સહિષ્ણુતા
**मार्दव**-મૃદુતા, નમ્રતા **आर्जव**-સરળતા
**शौच**-નિર્લોભતા,અનાસકિત **सत्य**-હિત-મિત -યર્થાથ વચન
**संयम**-યોગ-નિયમન **तपस्**-તપ
**त्याग**-ત્યાગ **आकिञ्चन्य**-વસ્તુ- અમમત્વબુધ્ધિ
**ब्रह्मचर्य**-ગુરૂકુળમાં વસવું તે **धर्म**-યતિધર્મ

❒ [6]અનુવૃત્તિઃ- કોઇ સ્પષ્ટ અનુવૃત્તિ અહી વર્તતી નથી અર્થાપેક્ષાએ સૂત્ર ૯ઃ૨ स गुप्तिसमिति થી સંવરની અનુવૃત્તિ લેવી.

❒ [7]અભિનવટીકાઃ- સર્વ પ્રથમ ગુપ્તિધર્મની વાત કરી, તેમાં પ્રવૃત્તિનો સર્વથા નિરોધ થાય છે, જે તેમાં અસમર્થ છે તેઓને સમ્યક પ્રકારની પ્રવૃત્તિ બતાવવાને માટે સમિતિઓનો ઉપદેશ છે, હવે જો પ્રવૃત્તિ કરે તો તે કરનારને થનારા પ્રમાદનો પરિહાર કરવાને માટે સાવધાની થી વર્તવાને માટે ઉત્તમ ક્ષમા આદિ દશવિધ ધર્મો આ સૂત્ર થકી દર્શાવવામાં આવ્યા છે.

ક્ષમાઆદિ ગુણો જીવનમાં ઉતારવાથી જ ક્રોધ આદિ દોષોનો અભાવ સધાઇ શકે છે. તેથી એ ગુણો ને સંવરના ઉપાય કહેલ છે.

✤ **उत्तमः धर्म**:ઉત્તમ એટલે ઉત્કૃષ્ટ

✡ ધર્મ બે પ્રકારે કહ્યો છે. સાધુધર્મ અને ગૃહસ્થ ધર્મ. આ સૂત્રમાં સાધુધર્મનું વર્ણન છે. અને તે દર્શાવવા માટે જ સૂત્રકારે ઉત્તમધર્મ શબ્દ વાપરેલો છે કેમ કે ઉત્કૃષ્ટ પ્રકારનો

ક્ષમા આદિધર્મ ફકત સાધુઓને જ હોય છે. ગૃહસ્થોને ક્ષમા આદિ ધર્મ સામાન્ય હોય છે આ વાત उत्तमः धर्मः શબ્દથી સ્પષ્ટ થાય છે.

ગૃહસ્થાવસ્થામાં પાળવા યોગ્ય આચારો-વ્રતો આદિના કેટલાંક અંશો પણ ધર્મ છે. પરંતુ તે મુખ્યપણે પુણ્ય બંધાવનાર હોય છે. અને પુણ્યબંધકતાને લીધે આસ્રવની મુખ્યતા રહે છે.

*उत्तम क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिञ्चन्यब्रह्मचर्याणि धर्मः એ પ્રમાણે સૂત્રપાઠ દિગમ્બર પરંપરામાં છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયારે ધર્મ એ સંવર-નિર્જરાના કારણભૂત છે. અને તે સંવર-નિર્જરા ઉત્તમ ધર્મ વડે જ થઇ શકે છે માટે અહીં ઉત્તમધર્મ શબ્દ પ્રયોજેલ છે.

**[૧]ક્ષમાધર્મઃ-**

✡ દ્વેષભાવ રહિત તેમજ ક્રોધ રહિત થઇ ક્ષમા આપવી તેમજ ક્ષમા ધારણ કરવી તે

✡ ક્ષમા એટલે સહનશીલતા રાખવી અર્થાત્ ગુસ્સાને ઉત્પન્ન ન થવા દેવો અને જો ઉત્પન્ન થાય તો વિવેક બળથી તેને નકામો કરી નાખવો તે.

✡ ક્ષમા એટલે સહિષ્ણુતા. બાહ્ય કે આંતરિક પ્રતિકુળતામાં નિમિત્ત બનનાર ઉપર ક્રોધ ન કરવો. ગફલતથી ઉત્પન્ન થયેલા ક્રોધને વિફળ બનાવવો.

✡ ક્રોધનો અભાવ તે ક્ષમા

✡ ક્ષમા,તિતિક્ષા,અહિષ્ણુતા અને ક્રોધનો નિગ્રહ આ બધા એકાર્થક શબ્દો છે.

**ક્ષમા કેળવવાની પાંચ રીતોઃ-**

**(૧)દોષનો સદ્ભાવ-અસદ્ભાવઃ**- કોઇ ગુસ્સો કરે ત્યારે તેનાં કારણોની પોતામાં શોધ કરવી.જો સામાના ગુસ્સાનું કારણ પોતામાં નજરે પડે તો એમ વિચારવાનું કે ભૂલ તો મારી જ છે. એમાં સામો જુઠું શું કહે છે? અને જો પોતામાં સામાના ક્રોધનું કારણ નજરે ન પડે તો એમ ચિતવવું કે આ બિચારો માણસ અણસમજ થી મારી ભૂલ કાઢે છે.

✡ અર્થાત્ - જયારે કોઇ આપણને અપ્રિય કહે, આપણા દોષો બોલે ત્યારે વિચારવું કે આ મારા જે દોષો બોલે છે તે મારામાં છે કે નહીં? જો એ દોષોનો સદ્ભાવ જણાય તો એખોટું શું કહે છે કે મારે ગુસ્સે થવું -તેમ વિચારવું અને જો દોષનો અસદ્ભાવ જણાય તો આવા અજ્ઞાન માણસ સામે શું રોષ કરવો તેમ વિચારવું.

**(૨)ક્રોધ વૃત્તિના દોષોનું ચિંતનઃ-**

✡ જેને ગુસ્સે આવે છે તે સ્મૃત્તિભ્રંશ થવાથી આવેશમાં સામા પ્રત્યે શત્રુતા બાંધે છે, વખતે તેને મારે છે, નુકસાન પહોંચાડે છે, અને તેમ કરતાં પોતાના અહિંસા વ્રતનો લોપ કરે છે. ઇત્યાદિ અનર્થ પરંપરાનું ચિંતન તે ક્રોધ વૃત્તિના દોષોનું ચિંતન.

✡ આ વાતને જરા વિસ્તારથી જોઇએ તોઃ-

ક્રોધ થી ઉત્પન્ન થતા દ્વેષ,કલેશ-કંકાશ,વૈમનસ્ય,શરીરહાનિ,હિંસા,સ્મૃત્તિભ્રંશ, વિવેકનાશ,વ્રત નાશ આદિ દોષો વિચારવા. ક્રોધથી બાહ્ય જીવન ઉપર, શરીર ઉપર,અને આધ્યાત્મિક જીવનમાં ખૂબ ખરાબ અસર થાય છે.

**બાહ્ય જીવન માં નુકસાનઃ**- ક્રોધને વશ બનીને જીવ અન્યની સાથે દ્વેષ કરે છે. પરિણામે બંને વચ્ચે વૈમનસ્યભાવ થવાથી બંનેનું જીવન અશાંતિમય બને છે. ગુસ્સામાં વ્યકિત,,વિવેક ગુમાવે છે. બીજાને આકરા કે કડવા વેણ કહી બેસે છે. ઉપકારી પરત્વે પણ અયોગ્ય વર્તન થઇ જાય છે. પરિણામે આબરૂ-પ્રતિષ્ઠા ગુમાંવી બેસે છે.સમાજ,કુટુમ્બ,સમુદાયમાં તેનું મહત્વ રહેતું નથી. ક્રોધાગ્નિ થી પ્રીતિ, વિનય અને વિવેક બળી જાય છે.સહવર્તીઓને અપ્રિય બને છે. માન કે આદર જળવાતા નથી. સમાજમાં કિંમત રહેતી નથી. બાહ્ય જીવન તદ્દન મુફલીસ જેવું થવા માંડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શારીરિક નુકસાનઃ-** વર્તમાન માનસશાસ્ત્રીઓનું એવું તારણ છે કે સખત કામ કે પરિશ્રમથી જે નુકસાન થાય છે તેના કરતા અનેકગણુ નુકસાન ક્રોધ કરવાથી થાય છે. ક્રોધ લોહીનું દબાણ વધારે છે, જઠરાગ્નિને મંદ બનાવે છે, ક્ષય કે અજીર્ણ જેવા રોગો ઉત્પન્ન કરે છે. ઇન્દ્રિયોની પ્રસન્નતા ગુમાવે છે.

**આધ્યાત્મિક નુકસાનઃ-** આધ્યાત્મિક દ્રષ્ટિએ સૌથી વધુ નુકસાન થાય છે. કેમ કે આંતરિક પરણિતિ અશુભ બની જાય છે ચિત્તની વ્યાકુળતાથી આરાધનમાં ચિત્ત ચોંટતું નથી. અશુભ કર્મો બંધાય છે, સંચિત્ત શુભ કર્મો પણ અશુભ બને છે. કર્તવ્ય-અકર્તવ્યના વિવેકના અભાવે વ્રતોનો ભંગ પણ થઇ જાય છે. ગુણસ્થાનક ની શ્રેણીએ જીવ આગળ વધી શકતો નથી.

**(૩)બાલ સ્વભાવઃ-**

✡ કોઇ પોતાની પાછળ કડવું કહે તો એમ ચિંતવવું કે બાલ-અણસમજું લોકોનો એવો સ્વભાવજ હોય છે. આમ પાછળ બોલે તેમાં શું? સામે તો નથી ભાંડતો ને?

જો કોઇ સામે આવીને જ ભાંડે, ત્યારે એમ ચિંતવવું કે બાલ લોકોનો તો આવો સ્વભાવ જ હોય કે તે બોલ-બોલ કરે. ખાલી ભાંડે જ છે ને? કંઇ મને મારતો તો નથીને? એટલો તો લાભ છે.

જો કોઇ પ્રહાર કરે, તો એવું વિચારે કે હશે ભલેને માર્યો .કંઇ મને મારી તો નથી નાખ્યોને?

જો કોઇ પ્રાણ મુકત કરવા સુધી પહોંચી જાય તો એવું વિચારે કે કશો વાંધો નહીં. મરી જવું પડશે એટલું જ ને? પણ તે જીવ મને કંઇ ધર્મથી ભ્રષ્ટ તો કરતો નથી ને?

એ રીતે જેમ જેમ મુશ્કેલી વધતી જાય તેમ તેમ વિશેષ ઉદારતા અને વિવેક વૃત્તિ વિકસાવી ઉપસ્થિત મુશ્કેલીને નજીવી ગણવી તેને બાલ સ્વભાવનું ચિંતન કહેવામાં આવે છે.

**(૪)સ્વ કર્મોદયઃ-**

✡ કોઇ ગુસ્સો કરે ત્યારે એમ ચિંતવવું કે, આ પ્રસંગોમાં સામી વ્યકિત તો નિમિત્ત માત્ર છે. ખરી રીતે એ પ્રસંગ મારાં પોતાનાં જ પૂર્વકૃત કર્મનું પરિણામ છે, એ સ્વકર્મોદય ચિંતવના.

✡ જયારે ક્રોધનું નિમિત્ત મળે ત્યારે પોતાના કર્મોદય-કર્મફળ નો વિચાર કરવો જોઇએ. જેથી નિમિત્ત બનનાર ઉપર ક્રોધ ન આવે.આપણા અશુભ કર્મોનો ઉદય હોય તોજ અન્ય વ્યકિત નિંદા કરે, આપણા માટે અયોગ્ય વચન બોલે મારે, ગાળો ભાંડે આ બધું ખરેખરતો આપણે બાંધેલા અશુભ કર્મોનું જ ફળ છે એ પ્રમાણે વિચારવું.

**(૫)ક્ષમાગુણઃ-**

✡ કોઇ ગુસ્સો કરે ત્યારે એમ ચિંતવવું કે ક્ષમાધારણ કરવાથી ચિત્તમાં સ્વસ્થતા રહે છે. તથા બદલો લેવા કે સામા થવાથી ખર્ચાતી શકિત બચે છે, તેનો ઉપયોગ સન્માર્ગે શકય બને છે.

✡ વારંવાર ક્ષમાના ગુણોની વિચારણા કરવાથી પણ ક્રોધને રોકી શકાય છે. ક્ષમાના સેવનથી કોઇ જાતનો શ્રમ પડતો નથી. ક્ષમા ને લીધે અનેક પ્રકારના કલેશ થી બચી જવાય છે. ક્ષમાના યોગે આત્મ પરિણતિ શુભ બને છે. નવા અશુભ કર્મો બંધાતા નથી પૂર્વબધ્ધ અશુભ કર્મોની નિર્જરા થાય છે. અન્યની પ્રીતિનું સંપાદન થાય છે.ક્ષમાએ સર્વગુણોનો આધાર છે વગેરે ચિંતવના કરવી તે

**આવી પાંચ પ્રકારની વિચારણા થકી ક્ષમા ધર્મ કેળવી શકાય છે**

**-ક્ષમા ધર્મ પાંચ પ્રકારે કહ્યો છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧)ઉપકાર ક્ષમાઃ**- કોઇએ પોતાને નુકસાન કર્યુ હોય તો ''એ કોઇ વખતે ઉપકારી છે'' એમ જાણી સહન શીલતા રાખવી તે उपकारक्षमा

**(૨)અપકાર ક્ષમાઃ**- જો હું ક્રોધ કરીશ તો આ મારું નુકસાન કરશે એમ વિચારી ક્ષમા કરવી તે अपकार क्षमा

**(૩)વિપાક ક્ષમાઃ**- જો હું ક્રોધ કરીશ તો કર્મબંધ થશે એવું વિચારી ક્ષમા રાખવી તે विपाकक्षमा

**(૪)વચન ક્ષમાઃ**- શાસ્ત્રમાં ક્ષમા રાખવાનું કહ્યું છે તેથી ક્ષમા રાખવી તે वचन क्षमा

**(૫)ધર્મ ક્ષમાઃ**- આત્માનો ધર્મજ ક્ષમા છે. એમ વિચારી ક્ષમા રાખવી તે धर्मक्षमा

આ પાંચે પ્રકારની ક્ષમામાં છેલ્લી બે ક્ષમા ઉત્તમ કોટીની કહી છે કેમકે તેમાં જિનાજ્ઞાનું પાલન પણ સાથે સાથે થાય છે.

**[૨]માર્દવ ધર્મઃ-**

✡ માન અભિમાન નો ત્યાગ કરી નમ્રતા ધારણ કરી વિનય કરવો તે.

✡ ચિત્તમાં મૂદુતા અને બાહ્ય વ્યવહારમાં પણ નમ્રતા વૃત્તિ તે માર્દવ.આ ગુણ કેળવવા માટે જાતિ,કુળ,રૂપ,ઐશ્વર્ય,બુધ્ધિ શ્રુત,લાભ,વીર્ય એ આઠ બાબતોમાં પોતાના ચડિયાતા પણાથી મલકાવું નહીં,ઉલટું એ વસ્તુઓની વિનશ્વરતા વિચારી ચિત્ત માંથી અભિમાનનો કાંટો કાઢી નાખવો.

✡ માર્દવ એટલે મૂદુતા-નમ્રતા નિરાભિમાનતા અર્થાત્ મદ અને માનનો નિગ્રહ એ માર્દવ છે.

✡ મૂદુકર્મ,મદનિગ્રહ, માન વિઘાત,માન નિગ્રહ,માનનો અભાવ,નિરાભિમાનતા, બડાઇ હાંકવી નહીં. વગેરે તેના પર્યાય શબ્દો છે.

**આઠમદઃ-**

**(૧)જાતિમદઃ**- પિતાની વંશ પરંપરા તે જાતિ,તે વંશ પરંપરા ઉચ્ચ પ્રકારની હોય તો તે પ્રખ્યાત વંશનું અભિમાન રાખવામાં આવે, અથવા મળેલી પંચેન્દ્રિય જાતિનું અભિમાન કરવું તે જાતિ મદ.

**(૨)કુળમદઃ**-માતાના વંશની પરંપરા તે કુળ અને તેનો મદ તે કુળમદ.

**(૩)રૂપ મદઃ**- લાવણ્યયુકત શરીરની સુંદર રચના અને ઇન્દ્રિયોની સુંદરતા તથા પ્રકર્ષતા તે રૂપ,તેનો મદ તે રૂપમદ.

**(૪)ઐશ્વર્યમદઃ**-ધન,ધાન્ય,પશુ મકાન વગેરે ઐશ્વર્ય કે સંપત્તિ પ્રાપ્ત થયા હોય તો તેનું અભિમાન કરવું તે ઐશ્વર્ય મદ.

**(૫)બુધ્ધિ મદઃ**-ઔત્પાતિકી,વૈનયિકી,કાર્મિકી અને પારિણામિકી એ ચાર પ્રકારની બુધ્ધિમાંની કોઇપણ બુધ્ધિ પ્રાપ્ત થઇ હોય, ત્યારે પોતાની જાતને બુધ્ધિમાન માની તેનો અહંકાર કરવો તે બુધ્ધિમદ.

**(૬)શ્રુત મદઃ**- શાસ્ત્રો ના અભ્યાસથી ઉત્પન્ન થયેલો મદ, જેમ કે મારા જેવો શાસ્ત્રજ્ઞ કોણ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭)લાભમદઃ-વેપાર ધંધામાં મોટો ફાયદો થઇ જાય,રાજા વગેરે તરફથી મોટું માન મળી જાય, અન્ય કોઇ લાભ મળી જાય અને તેનું અભિમાન કરવામાં આવે તે લાભમદ.

(૮)વીર્ય/બળ મદઃ- શરીર શકિતશાળી હોય,બળ કે પરાક્રમ શકિત પૂરતી હોય ત્યારે તેનું જે અભિમાન કરવું તેને બળ મદ કહે છે.

**આઠમદનો ત્યાગ કરવા માટેની વિચારણાઃ-**

(૧)સંસાર પરિભ્રમણ કરતાં અનેક વાર હીન,મધ્યમ અને ઉત્તમ જાતિની પ્રાપ્તિ થઇ છે, સ્વ-સ્વ કર્માનુસાર જીવો હીન આદિ જાતિમાં ઉત્પન્ન થાય છે. કોઇ જાતિ શાશ્વતી રહેતી નથી. તો પછી આવા અનિત્ય તત્વમાં અભિમાન શું કરવું?

(૨)ઉત્તમ કુળમાં ઉત્પન્ન થવા છતાં જીવો રૂપ,બળ,બુધ્ધિ,શીલ વૈભવ આદિ ગુણોથી રહિત હોય તો તેની કોઇ કિંમત રહેતી નથી.આથી શીલાદિ રહિત ઉત્તમ કુળની કિંમત શી? માટે કુળ મદ નકરવો.

(૩)જેની ઉત્પત્તિ અશુચિ પદાર્થોમાંથી થાય છે, જેમાં રોગાદિકનો ભય રહેલો છે જેનો અવશ્ય વિયોગ થવાનો છે, એવા અનિત્વ રૂપનો ગર્વ કરવો તે ધર્મીજન માટે યોગ્ય નથી.

(૪)જેની પ્રાપ્તિ,રક્ષણ,ઉપભોગ અને વિયોગમાં કલેશ રહેલો છે એવા ઐશ્વર્યનો મદ કરવો એ મૂર્ખતા છે. તેમ વિચારણા કરવી.

(૫)જેમ જ્ઞાન-બુધ્ધિ વધે તેમ તેમ વિનય વધવો જોઇએ તેને બદલે બુધ્ધિના મદથી વિનય ગુણનો નાશ થાય છે .વિનય રહિત જીવ ના તપ અને ધર્મ નિષ્ફળ છે માટે મારે બુધ્ધિ જ્ઞાનનો અહમ્ અવશ્ય છોડવા જેવો છે.

(૬)ક્ષયોપશમના અનેક ભેદ હોવાથી મારાથી પણ અધિક બહુશ્રુત ઘણાં છે, આગમના અર્થો ગહન હોવાના કારણે કેટલાંક પદાર્થો હું ન પણ સમજ્યો હોઉં અથવા વિપરીત સમજયો હોઉં તે સંભવિત છે.માટ અપૂર્ણ એવા મારા આ શ્રુતનો મદ શો કરવો?

(૭)ઇષ્ટ વસ્તુનો લાભ કર્મને આધીન છે, લાંભાતરાય નો ક્ષયોપશમ હોય તો વસ્તુ મળે, અન્યથા ન પણ મળે.સર્વથા અંતરાય કર્મ તુટવાથી ત્રણ જાતના સામ્રાજયનો પણ લાભ થઇ શકે છે પછી બે-ચાર વસ્તુની પ્રાપ્તિ વધુ થાય તો પણ તેમાં મદ કરવાનો શો અર્થ છે? તેમ ચિંતવવું.

(૮)બળ પણ સદાકાળ કોનું ટકી રહ્યું છે ? કયારેક નિર્બલ પણ બળવાન બની જાય છે? છતું બળ કયારેક કામ નથી આવતું. તો આવા બળનો ફોગટ ગર્વ કરવાથી શું મળે?

**આવી આવી વિચારણા થકી આઠે મદનો નિગ્રહ કરવો**

**[૩]આર્જવ-ધર્મઃ-**

✡માયા, કપટ નો ત્યાગ કરીને સરળતા રાખવી તે.

✡ ભાવની વિશુધ્ધિ અર્થાત્ વિચાર,ભાષણ વર્તનની એકતા તે આર્જવ. આ ધર્મ કેળવવા માટે કુટિલતાના દોષો નિવારવા.

✡ આર્જવ એટલે ઋજુતા-સરળતા. મન,વચન,કાયાની પ્રવૃત્તિમાં સરળતા તે આર્જવ છે. માયા,કૂડ,કપટ,શઠતા આદિ દોષોના ત્યાગથી આર્જવ ધર્મની પ્રાપ્તિ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ સરળતા કે નિષ્કપટ પણું.

✡ ભાવ,પરિણામોની વિશુધ્ધિ અને વિસંવાદ-વિરોધ રહિત પ્રવૃત્તિએ આર્જવ ધર્મનું લક્ષણ છે. ઋજુભાવ કેઋજુકર્મ ને આર્જવ કહે છે ભાવ-દોષને ધારણ કરનાર છળ,કપટ,માયાચારરૂપ અંતરંગ પરિગ્રહથ યુકત હોય છે.જેના વડે તે આલોક અને પરલોકમાં અશુભ ફળને દેનારા પાપકર્મનો બંધ કર્યા કરે છે. ઉપદેશાતા હિત નેપણ પામતા નથી.માટે જે આર્જવ સરળતા છે તે જ ધર્મ છે.

✡ ઋજુભાવ,ઋજુંકર્મ, સરળપણું,નિષ્કપટતા,નિર્મળતા વગેરે પર્યાય શબ્દો છે. આ આર્જવ ધર્મના અભાવે અર્થાત્ કપટ કે માયને કારણે મહા કર્મબંધ થતો હોવાથી સરળતા રાખવામાં જ ધર્મ છે.

[૪]**શૌચ ધર્મ:-**

✡ પોતાને લાગેલા પાપ-દોષોની પ્રતિક્રમણાદિ ભાવે શુધ્ધિ કરવી તે અથવા નિર્લોભતા એ બંને અર્થમાં શૌચ ધર્મની વ્યાખ્યા જોવા મળે છે.

✡ ધર્મના સાધન અને શરીર શુધ્ધામાં આસકિત ન રાખવી એવી નિર્લોભતા તે શૌચ.

✡ શૌચ એટલે લોભનો અભાવ-અનાસકિત ધર્મના ઉપકરણો ઉપર પણ મમત્વ ભાવ કે આસકિત ન રાખવા જોઇએ. લોભ કે આસકિતથી આત્મા કર્મરૂપ મલથી મલિન બને છે. માટે લોભ કે આસકિત અશૌચ-અશુચિ છે. અલોભ કે અનાસકિતથી આત્મા શુધ્ધ બને છે. માટે તે શૌચ કે શુચિ છે.

✡ પવિત્રતા,મન,વચન,કાયા અને આત્માની પવિત્રતા,મુનિઓ બાહ્ય ઉપાધિ રહિત હોવાથી મનથી પવિત્ર હોય છે. વચનથી સમિતિ-ગુપ્તિ જાળવતા હોવાથી પવિત્ર છે. તપસ્વી હોવાના કારણે શારીરિક મેલો બળી જવાથી કાયા પણ પવિત્ર હોય છે રાગદ્વેષના ત્યાગનું લક્ષ્ય હોવાથી આત્માને પણ પવિત્ર કરે છે.આ જ શૌચ ધર્મ છે. **નવતત્વ વિસ્તારાર્થ**

✡ અલુબ્ધતા,લોભ કષાય પરિહાર,ત્યાગ અથવા લોભ રહિત પ્રવૃત્તિ એ શૌચ ધર્મનું લક્ષણ છે.

વ્યાકરણના નિયમાનુસ શૌચ શબ્દનો અર્થ શુચિભાવ કે શુચિકર્મ છે. અર્થાત્ ભાવોની વિશુધ્ધિ અને ધર્મના સાધનોમાં પણ આસકિત ન હોવી તે શૌચ ધર્મ છે.

✡ અલોભ,શુચિભાવ,શુચિકર્મ,પવિત્રકામ નિષ્પાપ,વસ્ત્ર પાત્રાદિક ધર્મના ઉપકરણોમાં આસકિત ન હોવી તે શૌચ આવો આસકિત વાળો માણસ અપવિત્ર ગણાય છે અને તે પાપકર્મ બાંધે છે. તેને સમજાવાથી સમજતો નથી માટે પવિત્રતા જાળવવા શૌચ ધર્મનુ પાલન હિતાવહ છે.

પાંચ મહાવ્રત આદિને અનાસકિત તથા પ્રાયશ્ચિતાદિક થી શુધ્ધ રાખવા તેભાવશૌચ

[૫]**સત્ય ધર્મ:-**

✡ જેનાથી આત્મા નિર્મળ બને તે ભાવોને અનુસરવું તે.

✡ સત્પુરુષોને હિતકારી હોય એવું યથાર્થ વચન તે 'સત્ય' .

સત્ય અને ભાષા સમિતિ મધ્યે થોડો તફાવત દર્શાવાયો છે અને તે એ કે દરેક માણસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથેના સંભાષણ વ્યવહારમાં વિવેક રાખવો તે ભાષા સમિતિ અને પોતાના સમશીલ સાધુપુરુષો સાથેના સંભાષણ વ્યવહારમાં હિત,મિત અને યર્થાથ વચનનો ઉપયોગ કરવો તે 'સત્ય' નામક યતિ ધર્મ છે.

✡ જરૂર પડે ત્યારે જ સ્વ-પરને હિતકારી,પ્રમાણોપેત આદિ ગુણોથી યુકત વચનો બોલવા તે સત્ય ધર્મ.

✡ હિતકારી,માપસર,પ્રિય,ધર્મની પ્રેરણા આપનારા વાકયો બોલવાં તે સત્ય ધર્મ.

✡ સત્- પ્રશસ્ત પદાર્થના વિષયમાં પ્રવૃત્ત થનારા વચનને અથવા જે સજ્જનોને માટે હિતસાધક છે, એવા વચનને સત્ય કહે છે.

જે વચન અનૃત-મિથ્યા ન હોય, રૂક્ષતા કે કઠોરતાથી રહિત હોય,ચુગલી વગેરે દોષરૂપ ન હોય,અસભ્યતાના ઘોતક ન હોય, જે ચપળતા- ચંચળતા પૂર્વક કહેવાયું ન હોય, જે મલિનતા કે કલુષતાનું સૂચક ન હોય,જે સંભ્રાન્ત- ભ્રમરૂપ ન હોય, તેવા વચન તથા જે શ્રોતાઓને કર્ણપ્રિય લાગે,ઉત્તમ કુળવાનો ને યોગ્ય હોય, સ્પષ્ટ અને વિશદ્ હોય,જેનું ઉચ્ચારણ સ્ફૂટ હોય, ઉદારતા કે ઉચ્ચ વિચારોથી યુકત હોય, જે ગ્રામ્ય દોષથી રહિત હોય, અશ્લીલતા દોષથી મુકત હોય, રાગ-દ્વેષ થકી બોલાયેલ નહોય, તેનું સાધક કે સૂચક ન હોય, જે સૂત્ર કે આગમ પરંપરા અથવા માર્ગનુસાર હોય, તે મુજબ જ જેનો પ્રતિપાદ્ય અર્થ પ્રવૃત્ત થતો હોય, વિદ્વાનો સમક્ષ બહુમૂલ્ય ગણાતો હોય, અર્થીજનોના ભાવને ગ્રહણ કરવામાં જે સમર્થ હોય, તત્વ જિજ્ઞાસું જે વિષયને સમજવા માગતા હોય તેને આશ્રીને જ જે પ્રવૃત્ત થયા હોય, સ્વ-પરના અનુગ્રહથી યુકત હોય, વંચાનાદિ દોષ રહિત હોય, નિરવદ્ય હોય, અર્હત્ શાસનના અનુગામી હોવાથી જે પ્રશસ્ત હોય, દેશકાલાનુરૂપ તેવું સત્ય વચન જ સત્ય ધર્મ માનવો જોઇએ -**સ્વોપજ્ઞ ભાષ્ય.**

✡ સત્ એટલે વિદ્યમાન વસ્તુને આધારે ઉત્પન્ન થયેલું વચન તે સત્ય.જે પ્રમાણે વસ્તુ હોય તે પ્રમાણે માનીને બોલવું તે.અથવા સત્ એટલે પ્રશસ્ય, સજ્જનો ને હિતકારી

[૬]**સંયમ ધર્મઃ-**

✡ આત્માને પરભાવમાં જતો રોકવા માટે શાસ્ત્રોક્ત સત્તર પ્રકારના સંયમ ધર્મની આરાધના કરવી તે.

✡ મન,વચન અને દહેનુ નિયમન અર્થાત્ વિચાર, વાણી અને ગતિ,સ્થિતિ આદિમાં યતના કેળવવી તે સંયમ.આ સંયમ ના સત્તર પ્રકાર જુદી જુદી રીતે પ્રસિધ્ધ છે. તેમાંના મુખ્ય બે ભેદ આ રીતે છેઃ- **એક ભેદઃ-** પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ,પાંચ અવ્રતનો ત્યાગ,ચાર કષાયનો જય, અને મન,વચન,કાયાની વિરતિ એ સત્તર

**બીજો ભેદઃ-** પાંચ સ્થાવર અને ચાર ત્રસ એ નવના વિષયમાં સંયમ તે નવ ભેદ, તથા પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્ય સંયમ, અપહૃત્ય સંયમ પ્રમૃજ્ય સંયમ,કાયસંયમ,વાક્સંયમ, મનઃસંયમ, અને ઉપકરણ સંયમ એવા કુલ સતર ભેદ.

✡ સમ્યક્ પ્રકારે યમ. ૫-મહાવ્રત અથવા ૫-અણુવ્રત તે સંયમ ધર્મ.જેમાં મુનિનો સંયમ ઉપરોકત ૧૭ પ્રકારે કહ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ મન,વચન,કાયાના કર્મરૂપ યોગનો નિગ્રહ કરવો તે સંયમ.અર્થાત્ મન, વચન, કાયાને વશ નથવું પરંતુ તેને પોતાના વશમાં રાખવા એ સંયમ ધર્મ છે.જેના પૃથિવીકાયિક આદિ નવેકાયોનો સંયમ તથા પ્રેક્ષ્ય સંયમાદિ આઠ પ્રકારો ઉપર કહ્યા મુજબ જાણવા.

**(૧)પૃથિવિકાયિક સંયમ** :-પૃથિવિકાયના જીવોને દુઃખ થાય તેવી પ્રવૃત્તિનો મન,વચન,કાયથી કરવા કરાવવા અને અનુમોદવા રૂપે ત્યાગ કરવો એ પૃથ્વિકાય સંયમ છે.

**(૨થી ૯) અપ્કાયિક આદિ સંયમઃ**-પૃથિવિકાય અનુસાર આ બધાં જીવોને વિશે સમજી લેવું.

**(૧૦)પ્રેક્ષ્ય સંયમઃ**- આંખોથી નિરિક્ષણં કરવા પૂર્વક બેશવા વગેરેની ક્રિયા કરવી તે.

**(૧૧)ઉપેક્ષ્ય સંયમઃ**-સાધુઓએ પોતાની ક્રિયામાં દત્તચિત રહેવું અને શ્રાવકોએ/ ગૃહસ્થોએ કરવાની સ્વક્રિયા આદિ પરત્વે ઉપેક્ષા કરવી તે.

**(૧૨)અપહૃત્ય સંયમઃ**- બિનજરૂરી વસ્તુનો ત્યાગ.અથવા જીવોથી યુકત ભિક્ષા આદિ વસ્તુને પરઠવી દેવી તે અપહૃત્ય સંયમ.

**(૧૩)પ્રમૃજય સંયમઃ**-દરેક પ્રવૃત્તિ પ્રમાર્જના સાથે કરવી તે.

**(૧૪)ઉપકરણ સંયમઃ**- પુસ્તકાદિ ઉપકરણો જરૂર પ્રમાણે જ રાખવાં, તેમનું સંરક્ષણ કરવું એ ઉપકરણ સંયમ.

**(૧૫થી ૧૭) મન-વચન-કાય સંયમઃ**- અશુભ યોગોથી નિવૃત્તિ અને શુભયોગોમાં પ્રવૃત્તિ તે મન,વચન,કાય સંયમ.

[૭]**તપ ધર્મઃ-**

✡ બાહ્ય અને અભ્યંતર છ-છ પ્રકારના તપવડે કર્મોને તપાવીને- બાળીને આત્માને નિર્મળ કરવો તે.

✡ મલિન વૃત્તિઓને નિર્મૂળ કરવા માટે જોઇતું બળ કેળવવા કાજે જે આત્મ દમન કરવામાં આવે છે તે તપ.

✡ શરીર અને ઇન્દ્રિયોની તપાવવા દ્વારા આત્મ વિશુધ્ધિ કરે એ તપ. જેનું વિશેષ વર્ણન આ અધ્યાયના સૂત્રઃ૧૯ થી શરુથશે.

✡ ઇચ્છાનો રોધ કરવો તે તપ જે સૂત્રકારે સંવર અને નિર્જરા બંનેમાં કહ્યો છે. નવતત્વમાં પણ બંનેમાંજ કહેવાયો છે.

✡ તપના બે ભેદ છે. (૧)બાહ્ય (૨)અભ્યન્તર. જેનું વર્ણન આગામી સૂત્રોમાં થનાર છે. પ્રકિર્ણક તપના અનેક ભેદ છે. જેમ કે યવતપ,મધ્યતપ, વજૂમમધ્યતપ કનકાવલી,રત્નાવલી,મુકતાવલી,સિંહ વિક્રીડિત વગેરે વગેરે.

[૮]**ત્યાગધર્મઃ-**

✡ સમસ્ત પરભાવની આશંસાથી મુકત થઇ નિષ્પરિગ્રહી બનવું તે ત્યાગધર્મ.

✡ પાત્રને જ્ઞાનાદિ સદ્ગુણો આપવા તે ત્યાગ.

✡ બાહ્ય-અભ્યંતર ઉપધિમાં ભાવદોષનો -મૂર્છાનો ત્યાગ એ ત્યાગધર્મ છે. અથવા બિનજરૂરી ઉપકરણો નો અસ્વીકાર એ ત્યાગધર્મ છે.

✡ बाह्याभ्यन्तरोपधिशरीरान्नपानाद्याश्रयो भावदोषपरित्यागस्त्यागः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ બાહ્યઉપધિ રજોહરણાદિક નો પણ માત્ર ધર્મ સાધના પૂરતો જ ઉપયોગ કરે, રાગાદિની શોભા માટે ધારે નહીં, પરિણામે તેને પણ ત્યાગ કરવાની ઇચ્છા,ક્રોધાદિક અભ્યંતર ઉપધિનો ત્યાગ કરવાની ઇચ્છા, શરીરનો ત્યાગ,અન્ન-પાનનો ત્યાગ,ઔપગ્રહિક દંડાદિ ઉપધિ, ઉપાશ્રયાદિ ના પણ ત્યાગની ઇચ્છા,કોઇ પણ વસ્તુ ઉપર મૂર્છા રૂપ ભાવ દોષનો ત્યાગ, તે ત્યાગ ધર્મ છે.

**[૯]આકિંચન્ય ધર્મઃ-**

✡ જેમં બને તેમ સંયમના ઉપકરણો થી પણ અળગા રહેવું તે.

✡ કોઇપણ વસ્તુમાં મમત્વ બુધ્ધિ ન રાખવી તે આકિંચન્ય.

✡ શરીરમાં તથા સાધનાનાં ઉપકરણોમાં મમત્વ નો અભાવ એ આકિંચન્ય ધર્મ છે. આકિંચન્ય એટલે સર્વવસ્તુ નો અભાવ.

✡ કંઇપણ પરિગ્રહ ન રાખવો તે આકિંચન્ય ધર્મ છે અને મમત્વ ન રાખવું તે પણ આકિંચન્ય ધર્મ છે.

✡ शरीरधर्मोपकरणादिषु निर्ममत्वमाकिञ्चन्यम्

✡ શરીર ધર્મોપકરણ વગેરેમાં મમતારહિતપણું. ત્યાગ ધર્મમાં ત્યાગબુધ્ધિ પ્રધાન છે અને આકિંચન્ય ધર્મમાં સંયમ માટે જ રાખવાથી મમત્વ બુધ્ધિનો અભાવ મુખ્ય છે.

**[૧૦]બ્રહ્મચર્ય ધર્મઃ-**

✡ આત્માને આત્મ ભાવમાં સ્થિર કરવા માટે નવવિધ બ્રહ્મચર્ય ની ગુપ્તિ ધર્મનું યથાર્થ પાલન કરવું તે.

✡ ખામીઓ ટાળવા, જ્ઞાનઆદિ સદ્ગુણો કેળવવા, ગુરુની અધીનતા સેવવા માટે બ્રહ્મ અર્થાત્ ગુરકુળમાં 'ચર્ય' એટલે કે વસવું તે બ્રહ્મચર્ય.

-એનાપરિપાલનમાટે અતિશય ઉપકારક કેટલાંક ગુણો છે, જેવા કે આકર્ષક સ્પર્શ,રસ,રૂપ,ગંધ,શબ્દઅનેશરીર સંસ્કાર વગેરે માં ન તણાવું તે બ્રહ્મચર્ય ધર્મ પાલન.

✡ બ્રહ્મચર્ય એટલે મૈથુન વૃત્તિનો ત્યાગ. ઇષ્ટ વસ્તુમાં થતો રાગ અને અનિષ્ટ વસ્તુમાં થતો દ્વેષ-તે બંનેનો ત્યાગ કરી આત્મરમણતા કરવી એ બ્રહ્મચર્ય છે. મૈથુન નિવૃત્તિ રૂપ બ્રહ્મચર્યના પાલન માટે નવ વિધ-બ્રહ્મચર્ય ગુપ્તિનું પાલન આવશ્યક છે.

બ્રહ્મ એટલે ગુરુ તેને આધીન જે ચર્યા તે બ્રહ્મચર્ય.

✡ મન,વચન,કાયાથી મૈથુન કરવું -કરાવવું કે અનુમોદવું નહીં તે અથવા ગુરુની નિશ્રામાં રહી તેની આજ્ઞાના પાલન પૂર્વક જ્ઞાન અને આચાર શીખવા તે.

✡ વ્રતોનું પાલન કરવા માટે, જ્ઞાનમાં વધારો કરવા માટે,કષાય આદિ દોષો પકવીને દૂર કરવા માટે,ટૂંકમાં જીવનના સર્વતોગામી વિકાસને માટે ગુરુકુળવાસ સંસ્થામાં રહેવું તે બ્રહ્મચર્ય .

વ્યાવહાર પ્રસિધ્ધ ઉકિતનો આ વ્યાખ્યામાં સમાવેશ થઇ જાય છે કે ગુરુકુળવાસમાં બ્રહ્મચારીઓ જ રહે અને ગૃહવાસમાં અબ્રહ્મચારીઓ હોય આ રીતે મૈથુન વર્જન રૂપ બ્રહ્મચર્ય પણ આ વ્યાખ્યામાં પરોક્ષ રીતે સમાવિષ્ટ જ છે.

**ગુરુકુળ વાસમાં શિષ્યોને તૈયાર કરવા માટે પાંચ પ્રકારના આચાર્યો હોવાનું**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્વોપજ્ઞભાષ્યમાં જણાવે છે તે આ રીતેઃ-**

(૧)**પ્રવજક-આચાર્યઃ**-સામાયિક આદિ વ્રતોનું આરોપણ કરનારા

(૨)**દિગ્-આચાર્યઃ**- સચિત,અચિત,મિશ્ર વગેરે મુનિજીવનમાં ઉપયોગી વસ્તુઓની સમજ આપનારા.

(૩)**શ્રુતોપદેષ્ટાઃ**- શાસ્ત્રના મૂળ પાઠ ભણાવનારા.

(૪)**શ્રુત સમુદપદેષ્ટાઃ**- શ્રુતને ધીમે ધીમે સારી રીતે સમજાવનારા અથવાતો સ્થિર પરિચય કરાવવા આગમનું વિશેષ પ્રવચન કરે તે શ્રુત સમુપંદેષ્ટા.

(૫)**આમ્નાયાર્થ વાચકઃ**- જે આમ્નાયના ઉત્સર્ગ અને અપવાદનું રહસ્ય જણાવે તે આમ્નાયાર્થ વાચક.

**આ રીતે દશપ્રકારનો ઉત્તમ ધર્મ બનાવેલો છે. જે માનવીને જીવનના અત્યંત ઉંચા આદર્શ તરફ લઇ જવાની ઘણી તીવ્ર શકિત ધરાવે છે** .તેમજ સંવરના ઉપાય રૂપ એવા આ દશવિધ ધર્મના સમ્યક્ પરિપાલનથી આશ્રવ-નિરોધ રૂપ સંવર કાર્ય ઘણી જ સારી રીતે થઇ શકે છે.

❐ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ**-दसविहे समणधम्मे पण्णत्ते, तं जहा खंती मुत्ती अज्जवे मद्दवे लाधवे सच्चे संजमे तवे चियाए बंभचरवासे ✤ **सम०-सम. १०**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)स गुप्तिसमितिधर्मानुप्रेक्षा० सूत्र. ९:२ થી ધર્મ

(૨)अनशनावमौदर्यवृत्ति परिसंख्यान० सूत्र. ९:१९ - બાહ્યતપ

(૩)प्रायश्चितविनयवैयावृत्य० सूत्र. ९:२०- અભ્યંતરતપ

✡ **અન્ય ગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ પ્રકરણ-ગાથા ૨૯-વિવરણ

(૨)શ્રમણ સૂત્ર-વૃત્તિ

(૩)''ઇચ્છામિઠામિ''સૂત્ર-વિવરણ

(૪)પ્રશમરતિ પ્રકરણ-ગાથા-૮૧ આઠમદનું વિવરણ

(૫)ષોડશક પ્રકરણ-પાંચ પ્રકારની ક્ષમા

❐ **[9]પદ્યઃ-**

(૧) ક્ષમા માર્દવ વળી આર્જવ શૌચ સંયમ સત્યના
તપ ત્યાગ આકિંચન્ય ને શીલ ધર્મ દશ એ શુધ્ધતા

(૨) શૌચ,ક્ષમા મૃદૂપણુ ઋજુતા સુસત્ય ને ત્યાગ સંયમ ગુરુકુલવાસ તત્વં
છે ધર્મ શ્રેષ્ઠ તપ જે વળી આક્ચિન્ય જેથી કષાય ટળવા બનતા સુશક્ય

❐ **[10]નિષ્કર્ષઃ**- આ સૂત્રનું મુખ્ય પ્રયોજન દશવિધ યતિધર્મને જણાવવાનું છે. જેનો મુખ્ય ઉદેશ તો સંવર નો ઉપાય દર્શાવવો તે જ છે છતાં આ ધર્મ આશ્રવ-નિરોધ રૂપ સંવરના સહવર્તી કેટલાંકપરિબળોને પણ સાંકડી લે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ કે પાંચ મહાવ્રત નું યથાયોગ્ય પાલન, તપ ધર્મથકી થતી કર્મનિર્જરા, ક્ષમા-માર્દવ-આર્જવ-શૌચ એ ચાર ધર્મના આરાધન થકી થતો કષાય ત્યાગ આદિ વિવિધ ગુણો નું પણ આવિષ્કરણ થાય છે.

વળી આ ધર્મનું આરાધન જેટલે અંશે ગૃહસ્થો કરે તેટલે અંશે અતિ સ્વચ્છ, પ્રમાણિક, શાંત, સુસંવાદી, નિર્લોભી આદિ ગુણોથી યુકત સુંદર સમાજ વ્યવસ્થાપણ ગોઠવાય છે.

તેમ છતા મુખ્ય ધ્યેયતો સર્વ સંવર થકી મોક્ષનુ જ હોઇ શકે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

# અધ્યાયઃ૯-સૂત્રઃ૭

❑ [1]સૂત્રહેતુઃ- સંવરના ઉપાયોમાં એક ઉપાય અનુપ્રેક્ષા [-ભાવના] છે. આ અનુપ્રેક્ષાના ભેદોને આ સૂત્ર થકી જણાવે છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-***अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रव संवरनिर्जरा लोकबोधिदुर्लभधर्मस्वाख्याततत्त्वानुचिन्तनमनुप्रेक्षाः**

❑ [3]સૂત્રઃપૃથક્ઃ- अनित्य - अशरण - संसार - एकत्व - अन्यत्व - अशुचित्व - आस्रव - संवर - निर्जरा - लोक - बोधिदुर्लभ - धर्मखाख्याततत्त्व अनुचिन्तनम् अनुप्रेक्षाः

❑ [4]સૂત્રસારઃ-**અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ સ્વાખ્યાત [એ બાર પ્રકારે જે] તત્વનું અનુચિંતન, તે અનુપ્રેક્ષા [જેને બાર-ભાવના પણ કહે છે]**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**अनित्य**-અનિત્ય, અસ્થિર.
**अशरण**-અશરણ, શરણરહિત
**संसार**-સંસાર, ચતુર્ગત્યાત્મક
**एकत्व**-એકત્વ, એકલાપણું
**अन्यत्व**-શરીરાદિનું અન્યપણું
**अशुचित्व**-અપવિત્ર
**आस्रव**-કર્મનું આવવું તે
**संवर**-આશ્રવ નો રોધ
**निर्जरा**-કર્મનું ખરી જવુંતે
**लोक**-વિશ્વ-સ્વરૂપ
**बोधिदुर्लभ**-સમ્યગ્દર્શનની દુર્લભતા
**धर्मस्वाख्यात**- સુકથિત ધર્મ
**तत्त्वानुचिन्तन**-ઉકત બાર ભેદની તત્ તત્ સંબંધિ વિચારણા

❑ [6]અનુવૃત્તિઃ- સ્પષ્ટ કોઇ અનુવૃત્તિ નથી .અર્થની અપેક્ષાએ સૂત્ર-૯ઃ૨ स गुप्ति समितिधर्मानुप्रेक्षा० થી સંવરની અનુવૃત્તિ લેવી.

❑ [7]અભિનવટીકાઃ- સંવરના ભિન્ન ભિન્ન ઉપાયોમાં એક ઉપાય અનુપ્રેક્ષા કહેલો છે આ અનુપ્રેક્ષા એટલે ધ્યાન અવસ્થા સિવાય પણ મનની એકાગ્રતા પૂર્વક આત્મામાં વિશુધ્ધિ, બળ, વિકાસ અને અદ્ભુત પ્રેરણા આપનારી ભાવનાઓ -અનુચિંતન- તે અનુપ્રેક્ષા તાત્વિક આત્મશુધ્ધિમાં ઉપયોગી રીતે ચિંતન કરવું તે અનુપ્રેક્ષા. આ અનુપ્રેક્ષા ભાવના એ

*अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुच्यास्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभ धर्मस्वाख्यातत्वानुचिन्तनमनुप्रेक्षाः એ પ્રમાણે નું સૂત્ર દિગમ્બર આમ્નાયમાં જોવા મળે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ ધ્યાન પ્રાણ છે. તે ધર્મધ્યાન ને ખેંચી લાવે છે. ટકાવે છે અને વધારે પણ છે.

આવી સંવરના ઉપાય રૂપ અનુપ્રેક્ષા ના બાર ભેદો અહીં કહ્યા છે.

**[૧]અનિત્ય-અનુપ્રેક્ષાઃ-**

✡ કોઈપણ મળેલી વસ્તુનો વિયોગ થવાથી દુઃખ ન થાય, તે માટે તેવી વસ્તુમાત્રમાંથી આસકિત ઘટાડવી આવશ્યક છે. અને એ ઘટાડવા જ શરીર, ઘરબાર આદિ વસ્તુઓ તેમજ તેમના સંબંધો એ બધું નિત્ય-સ્થિર નથી એવું ચિંતન કરવું તે અનિત્યાનુપ્રેક્ષા.

✡ કુંટુંબ,કંચન,કામિની,કીર્તિ,કામ,કાયા વગેરે પદાર્થોની અનિત્ય તાંનું ચિંતન કરવું એ અનિત્ય ભાવના છે સંસારમાં જયાં સંયોગ છે ત્યાં અવશ્ય વિયોગ છે. આથી સર્વ પ્રકારના સંયોગ અનિત્ય છે.

-આ વિચારણાથી બાહ્ય પદાર્થો ઉપર મમત્વ ભાવ થતો નથી આથી તે પદાર્થોનો વિયોગ થતાં દુઃખનો અનુભવ થતો નથી.

✡ જીવને કર્મ સંયોગ પ્રાપ્ત શરીર,ધન,કુંટુંબ-પરિવારાદિ સર્વ કર્મ સંયોગી-અનિત્ય [-નાશવંત] જાણીને તેના પ્રત્યેનો મમત્વ ભાવ દૂર કરવાનો પ્રયત્ન કરવો તે અનિત્યનુપ્રેક્ષા.

✡ લક્ષ્મી,કુટુમ્બ,યૌવન,શરીર,દ્રશ્ય પદાર્થો એ સર્વે વિજળી સરખા ચપલ-વિનાશવંત છે, આજ છે અને કાલે નથી એ રીતે વસ્તુની અસ્થિરતા ચિંતવવી તે.

✡ શરીર,શય્યા,આસન,,વસ્ત્ર આદિ બાહ્ય અને અભ્યન્તર દ્રવ્ય તથા અન્ય સમસ્ત સંયોગમાત્ર અનિત્ય છે. એવું વારંવાર ચિન્તવન કરવું તે અનિત્યાનુપ્રેક્ષા.

-સંવરના અભિલાષીઓએ સંયોગ માત્રના વિષયમાં આ પ્રકારે અનિત્યતાનું ચિન્તવન અવશ્ય કરવું જોઇએ કેમકે આ પ્રકારના વારંવર ચિંતવન થી તદ્ વિષયભૂત દ્રવ્યોમાં અથવા સંયોગ માત્રમાં આસકિત થતી નથી અને તેના વિયોગમાં તજ્જન્ય દુઃખ પણ થતું નથી આ રીતે સંવરની વૃધ્ધિ થાય છે.

✡ શરીર અને ઇન્દ્રિયનાં વિષયો વગેરે બધાં પદાર્થ,ઇન્દ્ર ધનુષ અને દુષ્ટજનની મૈત્રી વગેરેની માફક અનિત્ય છે. પણ જીવ અજ્ઞાનતાથી તેને નિત્ય સમજે છે.

સંસારમાં જીવનું પોતાનું સ્વરૂપ,જ્ઞાન-દર્શનાદિગુણોને છોડીને કોઇ વસ્તુ નિત્ય નથી તેવી વિચારણા એ અનિત્યાનુપ્રેક્ષા છે.

**[૨]અશરણ-અનુપ્રેક્ષાઃ-**

✡ માત્ર શુધ્ધ ધર્મને જ જીવનના શરણ તરીકે સ્વીકારવા માટે તે સિવાયની બીજી વસ્તુઓમાંથી મમત્વ ખસેડવું આવશ્યક છે, તે ખસેડવા માટે જે એમ ચિંતવવું કે જેમ સિંહના પંજામાં પડેલ હરણને કોઇ શરણ નથી તેમ આધિ-વ્યાધિ અને ઉપાધિ ગ્રસ્ત એવો હું હંમેશાને માટે અશરણ છું તે અશરણાનુપ્રેક્ષા.

✡ સંસારમાં પોતાનું શરણ રક્ષણ કરનાર કોઇ નથી, એનું ચિંતન એ અશરણ ભાવના છે. રોગાદિનું દુઃખ કે અન્ય કોઇ આપત્તિ આવી પડતાં ભૌતિક કોઇ સાધનો કે સ્નેહિ-સંબંધિઓ વગેરે આ જીવને એ દુઃખ કે આપત્તિ થી બચાવવા સમર્થ બનતા નથી.

આ સમયે દેવ-ગુરુ-ધર્મ જ રક્ષણ કરે છે- સાંત્વન આપે છે. આથી આ દેવ ગુરુ-ધર્મ સિવાય કોઇ જ શરણ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-સંસારમાં હું અશરણ છું એમ વિચારતાં સંસારના કોઇ પદાર્થો કે સંબંધોમાં શરણભૂતતા ન દેખાવાથી તેના પરત્વે તેના પરત્વેપ્રીતિ કે તદ્જન્ય રતિ ઉત્પન્ન થતાં નથી.

✡ આત્માને પ્રાપ્ત થતાં જન્મ-મરણનાં દુઃખો તેમજ વર્તમાન જીવનમાં કર્મ પરિણામે પ્રાપ્ત થતાં દુઃખોથી કોઇ ધન કે સ્વજન છોડાવી શકતા નથી પણ સર્વ પ્રકારના દુઃખોમાં સર્વત્ર આત્માને કેવળ પોતે પ્રાપ્ત કરેલા સમ્યક્ જ્ઞાન-દર્શન- ચારિત્રાદિ પોતાના આત્મિક ગુણોજ પોતાને શરણભૂત થાય છે.

✡ દુઃખ અંને મરણ વખતે કોઇ કોંઇનું શરણ નથી ઇત્યાદિ ચિંતવના કરવી તે અશરણ અનુપ્રેક્ષા.

✡ જયાં કોઇપણ પ્રકારનો આશ્રય ન મળે, મનુષ્યોના સંચાર અર્થાત્ આવાગમનથી જે સ્થાન રહિત હોય,મોટી ભારે અટવી કે જંગલ હોય, અત્યન્ત બળવાન-ક્ષુધાગ્રસ્ત-અને તેથી કરીને જ માંસની ઇચ્છા થી પીડીત એવા સીંહે, પકડેલા હરણના બચ્ચાને માટે જે રીતે કોઇ પણ શરણ હોતું નથી -કોઇ તેને બચાવી શકતું નથી-તે રીતે જન્મ,વૃધ્ધાવસ્થા, મરણ, રોગ કે વ્યાધિ,ઇષ્ટ વસ્તુ કે પ્રાણીનો વિયોગ,અનિષ્ટ વસ્તુ કે એવા કોઇ જીવનો સંયોગ, અભિલષિત વસ્તુની અપ્રાપ્તિ,દરિદ્રતા-ગરીબી,દૌભાર્ગ્ય-સૌભાગ્યહીનતા, દૌર્મનસ્ય-મનમાં ચિંતા વગેરેનું રહેવું અથવા રાગ-દ્વેષ આદિ કષાયોની અર્તિથી પીડીત ચિત્તનું હોવુ. તેમજ જન્મ મરણ આદિ થી આક્રાન્ત પ્રાણીને સંસારમાં કોઇ શરણ નથી. કોઇ પણ જીવ આ પ્રાણીઓને એ દુઃખોથી બચાવવા સમર્થ નથી.

સંવરના અભિલાષીએ હંમેશા આ રીતે અશરણતાનો વિચાર કરવો.આ ચિંતવના થી પોતાની જાતને સદા અશરણ માનતો જીવ તે સંસાર, સંસારના પદાર્થો કે પ્રાણીઓ થી વિરકત કે ઉદ્વિગ્ન ચિત્તવાળો થાય છે. સાંસારિક ભાવમાં આસકત થતો નથી. અર્હત્ શાસનમાં કહેવાયેલી વિધિપ્રમાણે ચાલવુંતેજ એકમાત્રશરણ છે.

✡ જે રીતે નિર્જન વનમાં માંસ ભક્ષી અને ભૂખ્યા સિંહ દ્વારા મૃગના બચ્ચા પકડાતાંતે બચ્ચાને કોઇ શરણ -સહાયક થતું નથી, તે રીતે જન્મ,જરા,મરણ,રોગ વગેરે દુઃખોની વચ્ચે જીવને કોઇ શરણ નથી, સંચિત ધન બીજા ભવમાં આવતું નથી, સગો ભાઇ પણ મરણકાળે જીવની રક્ષા કરી શકતો નથી, ઇન્દ્ર,હરી કે ચક્રી પણ તે સમયે શરણ થતા નથી કેવળ એક ધર્મ જ શરણ ભૂત છે. એ વિચારણા તે અશરણાનુપ્રેક્ષા

[૩]સંસાર-અનુપ્રેક્ષાઃ-

✡ સંસાર તૃષ્ણાનો ત્યાગ કરવા માટે સાંસારિક વસ્તુઓમાં નિર્વેદ અથવા ઉદાસીનતા કેળવવી જરૂરી છે, તે માટે ચિંતવવું કે આ અનાદિ જન્મ મરણનીઘટમાળમાં કોઇ સ્વજન કે પરજન નથી.કારણ કે દરેકની સાથે દરેક જાતના સંબંધો જન્મ જન્માંતરે થયેલા છે, તેમજ રાગ-દ્વેષ અને મોહથી સંતપ્ત પ્રાણીઓને વિષય તૃષ્ણાને લીધે એકબીજાને ભરખવાની નીતિમાં અસહ્ય દુઃખો અનુભવે છે . ખરીરીતે આ સંસાર હર્ષ-વિષાદ,સુખદુઃખ આદિ દ્વન્દ્વોનું ઉપવન છે અને સાચે જ કષ્ટમય છે તેવી વિચારણા એ સંસારનુપ્રેક્ષા.

✡ સંસાર ભાવના એટલે સંસારનાસ્વરૂપનું ચિંતન કરવું.જીવ-નરક,તિર્યંચ,મનુષ્ય,દેવ એ ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં અનંત દુઃખો સહન કરે છે. સંસારની કોઇ વસ્તુમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંશિક પણ સુખ નથી કેવળ દુઃખ જ છે. કર્મસંયોગે જીવ ને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે .આ પરિભ્રમણમાં એકઠા થતાં સઘળા જીવો સ્વજન પણ છે અને પરજન પણ છે કેમ કે એક જ જીવ સાથે સઘળા સંબંધો થાય છે પછી કોના વિશે રાગ કે દ્વેષ કરવો.સંસારની સતત ભાવનાથી સંસાર પરત્વે અભાવ જન્મે છે. અને આત્મ વિકાસના પાયારૂપ એવો નિર્વેદ ગુણ ઉત્પન્ન થાય છે.

✡ અનાદિ અંનત ચતુર્ગતિરૂપ આ સંસારમાં આત્માને કર્મોદય પ્રમાણે જન્મ-જીવન-મરણ પ્રાપ્ત થતાં હોય છે. એમ જાણીને કર્મોદય પ્રાપ્ત એવા કોઇપણ ભાવમાં રાગ-દ્વેષ કરી નવા કર્મો ન બાંધતા, તેનાથી અળગા રહેવું એ સંસાર-અનુપ્રેક્ષા.

✡ ચારગતિરૂપ આ સંસારમાં નિરંતર ભમવું પડે છે. જે અનેક દુઃખોથી ભરેલા છે. સંસારમાં માતા-સ્ત્રી થાય છે, સ્ત્રી-માતા થાય છે, પિતા-પતિ થાય છે,પતિ-પિતા થાય છે એ રીતે અનેક જન્મ-મરણમાં અનેક સંબંધો થાય છે.નાટકના દ્રશ્ય સરખો વિલક્ષણ આ સંસારમાં સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે એ ચિંતવના કરવીતે સંસારાનુપ્રેક્ષા.

✡ સંસાર અનાદિનો છે. તેમાં રહેલો જીવ નરકાદિ ચાર ગતિમાં તે-તે પર્યાયને ધારણ કરતો ચક્રની જેમ પરિભ્રમણ કરે છે. આ પરિભ્રમણમાં બધા સંસારી જીવ સ્વજન કે પરજન રૂપે આવે છે. અથવા આ સંસારમાં સ્વજન-પરજન જેવી કોઇ વ્યવસ્થા હોતી નથી કેમ કે એકજ જીવ માતા થઇ ને જન્માંતરમાં બહેન,પુત્રી કે પત્ની બની જાય છે, કોઇ બહેન થઇ ને ભવાંતરે માતા,સ્ત્રી,કે પુત્રી થાય છે એ જ રીતે પત્ની માતા-બહેન-પુત્રી થાય છે, પુત્રી,માતા-પત્ની કે બહેન થાય છે. એજ રીતે પિતા-પુત્ર-પતિ-ભાઇના સંબંધો પણ એકજ જીવમાં ફર્યા કરે છે. સ્વામી-સેવકના સંબંધો પણ પરસ્પર જોવા મળે છે. શત્રુ-મિત્ર બને છે, મિત્ર-શત્રુ બને છે. પરુષ મરીને સ્ત્રી કે નપુંસક થાય છે, નપુંસક મરીને સ્ત્રી કે પુરુષ થાય છે, સ્ત્રી મરીને પુરુષ કેનપુંસક થાય છે. આ રીતે બધાં સંસારી પ્રાણીઓ ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરે છે.

-રાગ,દ્વેષ,મોહથી અભિભૂત-વિહ્વળ રહેવાથી વિષયતૃષ્ણા છોડી શકતા નથી, તેથી કરીને જ પરસ્પર ભક્ષણ,તાડન,વધ,બંધ,દોષારોપણ, આક્રોશ,નિંદા આદિમાં પ્રવૃત્ત થાય છે. તેમજ તદ્‌જનિત અતિ દુઃખોને ભોગવે છે. તેથી આ સંસાર દુઃખ રૂપ અને કલેશની ખાણજ છે તેવી વારંવાર ચિંતવાન કરવી તે સંસાર-અનુપ્રેક્ષા.

-આવી નિરંતર ચિંતવનાથી મુમુક્ષ પ્રાણીને સંસારથી ભય ઉત્પન્ન થતા વ્યાકૂળતા પ્રાપ્ત થાય છે અને તેનાથી વૈરાગ્ય સિધ્ધ થતા તે જીવ સંસારના નાશમાં પ્રયત્ન શીલ બને છે.

**[૪]એકત્વ-અનુપ્રેક્ષાઃ-**

✡ મોક્ષ મેળવવા માટે રાગદ્વેષના પ્રસંગોમાં નિર્લેપપણું કેળવવું જરૂરી છે, તે માટે સ્વજન તરીકે માની લીધેલા પર બંધાતો રાગ અને પરજન તરીકે માની લીધેલ પર બંધાતો દ્વેષ ફેંકી દેવા, જે એમ ચિંતવવું કે હું એકલો જન્મું છું, મરું છું,એકલો જ પોતે વાવેલાં કર્મબીજોના સુખ દુઃખ આદિ ફળો અનુભવું છું, તે એકત્વ-અનુપ્રેક્ષા.

✡ જીવ પોતે એકલોજ છે -એવી એવી વિચારણા એ એકત્વ ભાવના. એકલો હોવાથી પોતાના શુભાશુભ કર્મોનું ફળ પણ એકલોજ ભોગવે છે. અન્ય સ્વજન-સંબંધિ તેનાં કર્મોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળને વહેંચી લઇ શકતા નથી,એકલો આવે છે -એકલો જાય છે વગેરે વિચારણા.

આ ભાવના કે અનુપ્રેક્ષાથી સ્વજન ઉપર સ્નેહરાગ-આસકિત થતી નથી. પરજન ઉપર દ્વેષ થતો નથી, નિઃસંગતા જન્મે છે.

✡ શાસ્ત્રાનુસારે પોતાના આત્માને એક અખંડ જ્ઞાનાદિ ગુણયુકત શાશ્વત સ્વતંત્ર દ્રવ્ય જાણીને સર્વ પરભાવ પરિણામથી પોતાના આત્માને એકલો કરવાનો પ્રયત્ન કરવો તે એકત્વ ભાવના.

✡ આ સંસારમાં હું એકલો છું.અહીં કોઇ મારું સ્વજન કે પરજન નથી.હું એકલો ઉત્પન્ન થાઉંછું. એકલોજ મૃત્યુને પ્રાપ્ત કરું છું જેને મારા સ્વજન સંજ્ઞક કે પરજન સંજ્ઞક કહી શકાય તેવા પણ કોઇ નથી. કે જે મારા રોગ,જરા કે મરણના દુઃખો દૂર કરી શકે. મેં જે કર્મોને બાંધ્યા છે તેના ફળનો અનુભવ કરનારો પણ હું એક જ છે એ પ્રમાણે ની જે ચિંતવના તે એકત્વ-અનુપ્રેક્ષા.

-આ પ્રમાણે ની નિત્ય ચિંતવના કરતા આત્માને સ્વજન સંજ્ઞક પ્રાણિઓમાં સ્નેહ કે અનુરાગ થતો નથી અને પરજન સંજ્ઞક જીવોમાં દ્વેષનો પ્રતિબંધ થતો નથી. નિઃસંગતા અનુભવતો જીવ કેવળ મોક્ષને માટે જ પ્રયત્ન કરે છે.

**[૫]અન્યત્વ-અનુપ્રેક્ષાઃ-**

✡ મનુષ્ય મોહાવેશ થી શરીર અને બીજી વસ્તુઓની ચડતી પડતી માનવામાં પોતાની ચડતી પડતી માનવાની ભૂલ કરી ખરા કર્તવ્યનું ભાન ભૂલી જાય છે, તે સ્થિતિ ટાળવા માટે શરીર આદિ અન્ય વસ્તુઓમાં પોતાપણાનો અધ્યાસ દૂર કરવો આવશ્યક છે. તે માટે એ બંનેના ગુણધર્મોની ભિન્નતાનું ચિંતન કરવું તે અન્યત્વ-અનુપ્રેક્ષા.

✡ પોતાના આત્મા સિવાય જડ કે ચેતન પદાર્થો અન્ય છે, પોતાનાથી ભિન્ન છે, તેવો વિચાર કરવો તે અન્યત્વ ભાવના. આત્મા સિવાય કોઇ પદાર્થ પોતાનો ન હોવા છતાં અજ્ઞાનતાથી જીવ,શરીર તથા અન્યને પોતાના માને છે પછી મમત્વ ભાવ કરી અનેક પ્રકારનાં પાપો બાંધે છે. આ મમત્વ ભાવ દૂર કરવા માટે અન્યત્વ અનુપ્રેક્ષાનું ચિંતન જરૂરી છે.

આ અનુપ્રેક્ષા શરીર આદિ જડ પદાર્થો ઉપર તથા સ્વજન આદિ ચેતન પદાર્થો ઉપર રાગ ન થાય, થયેલો રાગ દૂર થાય, તથા મોક્ષ માટેપ્રવૃત્તિ થાય છે.

✡ પોતાના આત્માને વર્તમાન માં કર્મસંયોગે પ્રાપ્ત શરીર તેમજ સ્વજન કુટુમ્બાદિને પરસ્પર-પર-સ્વરૂપે જાણીને એકબીજા ઉપરનો મોહ ત્યજવાનો પ્રયત્ન કરવો તે અન્યત્વ ભાવના.

✡ ધન,કુટુમ્બ,પરિવાર, તે સર્વે અન્ય છે, પણ તે રૂપ હું નથી, હું આત્મા છું, હું શરીર નથી પરંતુ તે મારાથી અન્ય છે ઇત્યાદિ ચિંતવના તે અનિત્યાનુપ્રેક્ષા.

✡ શરીરથી પોતાની આત્માની ભિન્નતાનું ચિન્તવન કરવું. જેમ કે હું શરીરથી સર્વથા ભિન્ન છું, શરીર ઇન્દ્રિયગોચર કે મૂર્ત છે અને હું અમૂર્ત છું. શરીર અનિત્ય છે, હું નિત્ય છું શરીર અજ્ઞ-જ્ઞાનશુન્ય છે અનેહું જ્ઞ-જ્ઞાન દર્શનરૂપ છું. શરીર છે તે આદિ અને અંત વાળું છે. હું અનાદિ અનન્ત છું, સંસારમાં પરિભ્રમણ કરતાં ન જાણેમેં કેટલા લાખો શરીરોને છોડયા હશે? પણ હું તો તે જ છું. કેમ કે હું તેનાથી અન્ય છું. આ રીતે શરીરથી પોતાની ભિન્નતાનું વારંવાર ચિંતવન કરવું તે અન્યત્વ-અનુપ્રેક્ષા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી ચિંતવનાથી શરીર પરત્વે મમત્વ ભાવ થતો નથી અને શરીરથી ભિન્નતા સ્વીકાર્યા પછી મોક્ષને માટે પ્રયત્ન થાય છે.

[૬]**અશુચિત્વ અનુપ્રેક્ષાઃ-**

✡ સૌથી વધારે તૃષ્ણાસ્પદ શરીર હોવાથી તેમાંથી મૂર્છા ઘટાડવા એમ ચિંતવવું કે શરીર જાતે અશુચિ છે, અશુચિમાંથી ઉત્પન્ન થયેલું છે. અશુચિ વસ્તુઓથી પોષાયેલું છે. અશુચિનું સ્થાન છે અને અશુચિ પરંપરાનું કારણ છે તે અશુચિત્વ-અનુપ્રેક્ષા.

✡ શરીર ની અશુચિતા-અપવિત્રતાનો વિચાર કરવો તેઅશુચિ અનુપ્રેક્ષા. શરીરની અશુચિતાના સાત કારણો કહ્યા છે.

(૧)**બીજ-અશુચિઃ**-શરીરની ઉત્પત્તિ માતાના લોહી અને પિતાના વીર્ય થી થાય છે. જે બંને અશુચિ પદાર્થો છે.

(૨)**ઉપષ્ટંભ અશુચિઃ**- ઉપષ્ટંભ એટલે ટેકો. શરીરને જે સાતધાતુઓનો ટેકો મળે છે. તે રસ,લોહી,માંસ,ચરબી,હાડકાં,મજ્જા,શુક્ર કે રજ એ સાતે ધાતુ અશુચિ રૂપ છે.

(૩)**સ્વયં અશુચિ ભાજનઃ**-મળ,મૂત્ર,મેલ વગેરેને કારણે શરીર પોતે અશુચિથી ભરેલી પેક કરેલી કોથળી જેવું થઇ જાય છે.

(૪)**ઉત્પત્તિ અશુચિઃ**- શરીર માતાના ઉદરમાં ઉત્પન્ન થયુંછે. માતાનું ઉદરપણ અશુચિથી ભરેલું છે.

(૫)**ઉત્સર્ગ અશુચિઃ**-શરીર મળ,મૂત્ર,પરુ,મેલ,પ્રસ્વેદ આદિ અનેક અશુચિ પદાર્થોનો ત્યાગ કરે છે તે ઉત્સર્ગ અશુચિ.

(૬)**અશકય પ્રતીકારઃ**-શરીરની અશુચિને નિવારવા ગમે તેટલો પ્રયત્ન કરી એ તો પણ તે શુચિમય-પવિત્ર બનતું નથી. જેમ કોલસો કદી ઉજળો થતો નથી તેમ શરીર પણ ચોખ્ખું થતું નથી.

(૭)**અશુચિકારકઃ**-આ કાયા શુચિ પદાર્થોને પણ અશુચિ બનાવી દે છે. જે વસ્તુ સુંદર અને સ્વાદિષ્ટ છે તે પણ પેટમાં ગયા પછી બહાર કાઢવામાં આવે તો જોવી ગમતી નથી.

-આ રીતે વિવિધ દૃષ્ટિ એ અશુચિનું ચિંતવન કરવાથી શરીર પરત્વે ઉદ્વેગ-અપ્રીતિ જન્મે છે, સદાને માટ આ શરીર ને નાશ કરવાની કે અંત આણવાની ઇચ્છા થાય છે.

✡ આ શરીર અશુચિમય પુદ્ગલોનું બનેલું છે. પુરુષને શરીરમાં બે ચક્ષુ, બે કાન, બેનાક એક મુખ, એક ગુદા, એક લિંગ એ નવ દ્વારોથી હંમેશા અશુચિ વહ્યા કરે છે અને સ્ત્રીને બે સ્તન તથા યોનિમાં બે દ્વાર હોવાથી બાર દ્વારો થી અશુચિ વહ્યા કરે છે. વળી આ શરીરમાં જે ઉપર દેખાય છે તે અંદર ચાલી જાય અને અંદરના પદાર્થો બહાર આવી જાયતો કેવી બીભત્સ અને ત્રાસ ઉપજાવે તેવી આકૃત્તિનું દર્શન થાય છે? વગેરે ચિંતવના તે અશુચિત્વાનુપ્રેક્ષા.

✡ ખરેખર ! આ શરીર અશુચિમય છે તેવી વિચારણા કરવી. કેવીરીતે અશુચિમય છે? કયા કયા કારણોથી તેમાં અશુચિતા છે? જેમ કે

(૧) જે કારણોથી આ શરીરની ઉત્પત્તિ થાય છે. તેના પૂર્વ અને ઉત્તર કારણ અપવિત્ર છે.

(૨)આ શરીર અપવિત્ર પદાર્થોનું આશ્રવ સ્થાન છે.

(૩)આ શરીર અશુચિ પદાર્થોનું ઉત્ત્પત્તિ સ્થાન છે

(૪) પરિણામે પણ શુભ વસ્તુને અશુચિમય બનાવનાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫)અપવિત્રતાને નિવારવાની અસંભવીતતા.

આ પાંચ કારણોની વિસ્તૃત ચર્ચા સ્વોપજ્ઞ ભાષ્ય તથા તેના પર આધારીત વૃત્તિઓમાં જોવા મળે છે. તદ્નુસાર અશુચિત્વ નું ચિંતન તે અશુચિત્વાનુપ્રેક્ષા.

**[૭]આસ્રવ અનુપ્રેક્ષાઃ-**

✡ ઇન્દ્રિયોના ભોગોની આસકિત ઘટાડવા એક એક ઇન્દ્રિયના ભોગના રાગમાંથી ઉત્પન્ન થતાં અનિષ્ટ પરિણામોનું ચિંતન કરવું તે આસ્રવનુપ્રેક્ષા.

✡ આસ્રવ એટલે કર્મોનું આત્મામાં આગમન, આસ્રવનું, સ્વરૂપ,આસ્રવના કારણો, આસ્રવથી થતા દુઃખો વગેરેના વિચાર કરવો તે આસ્રવાનુપ્રેક્ષા [અધ્યાયઃ૬માં વિવિધ રીતે આસ્રવોનું વિચાર કરવામાં આવેલો જ છે.સામાન્ય થી મન,વચન,કાયાનો યોગ એ જ આસ્રવ છે. વિશેષથી અવ્રત-ઇન્દ્રિય-કષાય અને ક્રિયા એ ચાર ભેદથી આસ્રવ કહ્યો છે. વિશેષે કહીએ તો કષાયપણાને પણ આસ્રવ નું સાધન કહ્યું છે] આ રીતે થતાં આસ્રવથી બંધ થાય છે. બંધ થી જીવ નરકાદિ ચાર ગતિમાં ભટકે છે વિવિધ દુઃખ અને વેદના સહન કરે છે અને સમગ્ર સંસારમાં પરિભ્રમણ ચાલું રહે છે. તે સંબંધિ વિચારણાઃ-

✡ પરદ્રવ્યોના જે જે મોહ ઉત્પન્ન કરનારા પરિણામો છે, તેતે પરિણામોને આત્મા હેય માને, તેનાથી અળગા રહેવા વિચારણા કરે તે આસ્રવ અનુપ્રેક્ષા.

✡ કર્મના આવવાના માર્ગોથી કર્મ સતત આવે છે, આત્માને નીચો ઉતાર્યે જ જાય છે. જો આમને આમ ચાલુ રહેશે તો આત્માની ઉન્નતિ કયારે થશે તે વિચારણા કરવી એ આસ્રવાનુપ્રેક્ષા

✡ કર્મોને આવવાના માર્ગને આસ્રવ કહે છે. આ બધા આસ્રવો આ ભવ તથા પરભવ બંનેમાં દુઃખદાયી છે. દુઃખોનું કારણ છે તથા આત્મા ને કલ્યાણથી વંચિત રાખે છે. જે પ્રકારે મોટી મોટી નદીઓના પ્રવાહ નો વેગ અતિ તીક્ષ્ણ હોય છે અને તે અકુશળના આગમન અને કુશળના નિર્ગમન દ્વાર સ્વરૂપ હોય છે. એ જ રીતે આ ઇન્દ્રિય વગેરે આસ્રવ પણ જીવોને અકલ્યાણ સાથે જોડવાનો અને કલ્યાણથી વંચિત રાખવાનો માર્ગ છે, એ પ્રમાણે સંવરના અભિલાષી સાધુ આસ્રવની અધમતાનો વિચાર કરે તે આસ્રવાનુપ્રેક્ષા

-આ બાબત સ્વોપજ્ઞ ભાષ્યમાં પાંચ ઇન્દ્રિયોના વિષયો, તેથકી આવતા કષ્ટ-દુઃખ કે મૃત્યુનું વિવરણ કરે છે. જે આ પૂર્વે બીજાઅધ્યાયમાં સૂત્ર ૨૦,૨૧માં જણાવેલું છે.

**[૮]સંવર-અનુપ્રેક્ષાઃ-**

✡ દુર્વૃત્તિના દ્વારો બંધ કરવા માટે સદ્વૃત્તિના ગુણોનું ચિંતન કરવું તે સંવરાનુપ્રેક્ષા.

✡ સંવરનું સ્વરૂપ,સંવરના હેતુઓ, સંવરથી થતા સુખ વગેરેનું ચિંતન કરવું એ સંવર ભાવના છે. આત્મા જેમ જેમ સંવરનું સેવન કરે તેમ તેમ આસ્રવ થી થતાં દુઃખોથી મુકત બનતો જાય છે .કેમ કે સર્વ દુઃખનું મૂળ હોયતો શુભાશુભ કર્મો છે આ કર્મોને આવવાનું દ્વાર આસ્રવ છે. અને સંવર એ આસ્રવને રોકવાનો એક માત્ર ઉપાય છે. માટે સંવરધર્મનું આરાધન કરવું એ જ ચિંતવના તે સંવર અનુપ્રેક્ષા.

✡ જે આત્મા પાંચે ઇન્દ્રિયો અને મનને વિષયોથી નિવર્તાવી આત્માનું રક્ષણ કરે છે તેને પ્રગટ પણે સંવર કહે છે. તેમ જાણીને તેને આદરવા સંબંધિ વિચારણા કરવી તે સંવર-અનુપ્રેક્ષા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ સમિતિ,ગુપ્તિ,પરિષહ,યતિધર્મ, ભાવના અને ચારિત્ર તથા તપ એ ૬૯ પ્રકારે સંવરના સ્વરૂપને ચિંતવવું અને તે સંવર તત્વ જ કર્મ રોકવાનું સારું સાધન છે. એવી જે વિચારણા તે સંવરાનુપ્રેક્ષા.

✡ સંવર એ આસ્રવ નિરોધનું એકમાત્ર કારણ છે. સંપૂર્ણ કલ્યાણનું કારણ છે. એ રીતે સંવરની મહત્તાનું ચિંતન કરવું, સંવર ધર્મને આદર્યા વિના કદાપી કોઇ જીવની મુક્તિ થતી નથી, અને દેશસંવર જ સર્વ સંવર સુધી લઇ જાય છે. વગેરે વિચારણા કરવી તે સંવર અનુપ્રેક્ષા.

**[૯]નિર્જરા અનુપ્રેક્ષાઃ-**

✡ કર્મના બંધનો ખંખેરી નાંખવાની વૃત્તિને દ્રઢ કરવા માટે વિવિધ વિપાકોનું ચિંતન કરવું કે,દુઃખના પ્રસંગો બે પ્રકારે હોય છે એકતો ઇચ્છા અને અજ્ઞાન પ્રયત્ન વિનાજ પ્રાપ્ત થાય. જેમ કે પશુ પક્ષી અને બહેરા મુંગા આદિના જન્મો દુઃખ પ્રધાન છે.

બીજા દુઃખો અજ્ઞાન પ્રયત્ન થી અને સદુદેશ પૂર્વક પ્રાપ્ત કરાયેલા છે .જેમ કે તપ અને ત્યાગ ને લીધે પ્રાપ્ત થયેલી ગીરીબી અને શારીરિક કૃશતાદિ.

પહેલા પ્રકારના દુઃખોમાં વૃત્તિનું સમાધાન ન હોવાથી તે કંટાળા જનક અને અકુશલ પરિણામદાયક બને છે જયારે બીજા પ્રકારના દુઃખો તો સદ્‌વૃત્તિ જનિત જ છે તેથી તેનું પરિણામ કુશળમાંજ આવે છે અર્થાત્ તે કલ્યાણ ને કરનાર જ છે.

માટે,અણધાર્યા પ્રાપ્ત થયેલા કટુ વિપાકોમાં સમાધાનવૃત્તિ કેળવવી અને જયાં શકય હોય ત્યાં તપ અનેત્યાગ દ્વારા કુશળ પરિણામ આવે તે રીતે સંચિત કર્મોને ભોગવી લેવા એ જ શ્રેયસ્કર છે એવું જે તત્વ ચિંતન તે નિર્જરાનુપ્રેક્ષા.

✡ નિર્જરાનુંસ્વરૂપ, નિર્જરાથી થતા લાભ,નિર્જરાના કારણો વગેરેનું ચિંતન તે નિર્જરાનુપ્રેક્ષા.

આ નિર્જરા બે પ્રકારની છે. (૧)અબુધ્ધિ થી (૨)બુધ્ધિ પૂર્વક. હું કર્મોનો ક્ષય કરું એવી ભાવના કે બુધ્ધિ રહિતપણે ફકત કર્મોના ઉદયથી થતો કર્મક્ષય એ અબુધ્ધિપૂર્વકની [અકામ] નિર્જરા છે. જયારે આ નિર્જરા થાય છે ત્યારે અનિચ્છાએ થતી હોવાથી,કર્મક્ષય સાથે અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પો તથા દુર્ધ્યાન થતા હોવાથી તે પૂર્વ કર્મના ક્ષય સાથે, નવા કર્મોને બંધાવનારી છે. અર્થાત્ અકુશલ કે અશુભ કર્મોને બંધાવનારી છે. તેમાં લાભ કરતાં નુકસાન વધુ છે.

મારા કર્મોનો ક્ષય થાય એવા ઇરાદા પૂર્વક થતી [સકામ] નિર્જરા તે બુધ્ધિ પૂર્વકની નિર્જરા કહી છે. જેમાં નવા કર્મો બંધાતા નથી અને સંચિત કર્મો વિશિષ્ટ પ્રકારના અધ્યવસાયને લીધે ક્ષય પામે છે અને જયારે સર્વથા નિર્જરા થાય ત્યારે મોક્ષ થાય છે એ રીતે વિચારણા પૂર્વક ની અનુપ્રેક્ષા તે નિર્જરાનુપ્રેક્ષા.

✡ જે જે જ્ઞાની આત્માઓ બાર પ્રકારના તપ પરિણામોનો નિષ્કામ પણે- નિયાણારહિત તેમજ વૈરાગ્ય ભાવ સહિત આદર કરે છે તેમને નિર્જરા થાય છે તેવી ચિંતવના પૂર્વક નિર્જરાર્થે તપ કરવો એ જ શ્રેયસ્કર છે એવી વિચારણા તે નિર્જરાનુપ્રેક્ષા.

✡ અનાદિકાળના સંચિત ગાઢ કર્મોનો નાશ નિર્જરા વિના થઇ શકે જ નહીં. માટે યથા શકિત તેનો આશ્રય લઇશ તો જ મારા કર્મોનો નિસ્તાર થશે માટે નિર્જરાર્થે તપ ધર્મનો આદર કરું તેવી વિચારણા એ જ નિર્જરાનુપ્રેક્ષા.

✡ નિર્જરા,વેદના,વિપાક આ બધા શબ્દો એક જ અર્થના ઘોતક છે. આ નિર્જરામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સકામ નિર્જરા જ કાર્યકારી છે તેની શુભાનુબંધતા કે નિરનુબંધતાની વિચારણા કરવી, મોક્ષના અનન્ય સાધન રૂપે તેની મૂલવણી કરવી વગેરે નિર્જરાનુપ્રેક્ષા.

[૧૦]લોક અનુપ્રેક્ષાઃ-

✡ તત્વજ્ઞાનની વિશુધ્ધિ માટે વિશ્વનું વાસ્તવિક સ્વરૂપ ચિંતવવું તે લોકાનુપ્રેક્ષા.

✡ જગતના સ્વરૂપની વિચારણા તે લોક ભાવના કે અનુપ્રેક્ષા. આ લોક જીવ-અજીવ ધર્મ-આકાશ-પુદ્ગલ એ પાંચના અસ્તિકાય રૂપ છે. જીવાસ્તિકાય ચેતન છે અને બાકીના ચારે અસ્તિકાયો જડ છે. આ રીતે જડ અને ચેતનનો સમુદાય એ જગત છે. અથવાતો આ લોક ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ગુણથી યુકત છે.

જગત્‌ની પ્રત્યેક જડ-ચેતન વસ્તુ ઉત્પન્ન થાય છે, વિનાશ પામે છે અને સ્થિર રહે છે. કેમ કે દ્રવ્ય રૂપે તે સ્થિર છે. પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે તથા નાશ પામે છે. વળી આ ઉત્પત્તિ અને વિનાશ પણ પ્રતિક્ષણે ચાલુજ રહે છે અર્થાત્ વિનાશ પણ પ્રતિક્ષણે ચાલુજ રહે છે. કેમ કે પૂર્વ પર્યાયનો નાશ અને નવા પર્યાયની ઉત્પત્તિ આંશિક રીતે પ્રતિક્ષણ ચાલુ છે જયારે સર્વથા કાળાન્તરે થાય છે આવી ચિંતવના તે લોકાનુપ્રેક્ષા.

આ ચિંતવનાથી લોકનું શંકાદિ દોષોથી રહિત જ્ઞાન થાય છે, એના સત્ય સ્વરૂપનો ખ્યાલ આવે છે, આ લોકમાં કર્મ યુકત જીવ માટે કોઇશાશ્વત સ્થાન નથી આ જીવ સર્વત્ર ભમતો રહ્યો છે માટે શાશ્વત સ્થાન પ્રાપ્ત કરવા માટે મોક્ષ જ ઉપાય છે તેવું અનુચિંતન થાય છે.

✡ પંચાસ્તિકાય દ્રવ્યોથી યુકત પરિપૂર્ણ, કેડે હાથ દઇને ઉભેલા મનુષ્યની આકૃત્તિ રૂપ આ ચૌદ રાજલોક પ્રમાણ, ઉર્ધ્વ અધો અને તિર્છા એવા ત્રણ ભેદ થી યુકત, અનાદિ-અનંત-નિત્યસ્વરૂપ છે.

તેમાં અનંતા જીવ દ્રવ્યો છે, તેનાથી અનંતા પુદ્ગલો દ્રવ્યો છે. તે બંને થી સમયરૂપ કાળ અનંતો છે, તેનાથી અધિક આકાશાસ્તિકાય ના પ્રદેશો છે, તેનાથી અધિક જીવ દ્રવ્યના ગુણો છે, તેનાથી અધિક જીવ દ્રવ્યોના પર્યાયો છે તેનાથી અનંતગણુ કેવળ જ્ઞાન છે આ બધામાં હે જીવ તારું સ્થાન કયાં છે? તે વિચારણાને લોક સ્વરૂપ ભાવના કહી છે.

[૧૧]બોધિદુર્લભ-અનુપ્રેક્ષાઃ-

✡ પ્રાપ્ત થયેલા મોક્ષમાર્ગ માં અપ્રમત્તપણું કેળવવા એમ ચિંતવવું કે અનાદિ પ્રપંચ જાળમાં, વિવિધ દુઃખોના પ્રવાહમાં વહેતા અને મોહ આદિ કર્મોના તીવ્ર આઘાતો સહન કરતા જીવને શુધ્ધ દ્રષ્ટિ અને શુધ્ધ ચારિત્ર પ્રાપ્ત થવા દુર્લભ છે તે બોધિ દુર્લભત્વાનુપ્રેક્ષા.

✡ બોધિ એટલે મુકિત માર્ગ,મુકિત માર્ગની દુર્લભતા વિચારવી એ બોધિ દુર્લભ ભાવના. અનાદિકાળ થી સંસારમાં રખડતા જીવનો મુકિત માર્ગ બહુ દુર્લભ છે. અનંતકાળ સુધી જીવો અવ્યવહાર રાશીમાં નિગોદના દુઃખો સહન કરે છે. પછી વ્યવહાર નિગોદમાં એકેન્દ્રિયો ના ભવોની રખડપટ્ટી કરી માંડ માંડ ત્રસપણું પામે છે, તેમાં પણ ઘણો કાળ બેઇન્દ્રિયાદિમાં ભમતા-ત્રાસ વેઠતા અનંતકાળે તેનેપંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે. વળી પંચેન્દ્રિયમાં પણ નરક અને તિર્યંચ ગતિના દારુણ દુઃખોને ભોગવે છે ત્યારે દુર્લભ એવા મનુષ્ય ભવની પ્રાપ્તિ થાય છે. મનુષ્ય પણું મળ્યા પછી જિનવાણી નું શ્રવણ દુર્લભ છે, જિનવાણી શ્રવણ થયા પછી શ્રધ્ધાઅને ચારિત્ર દુર્લભ છે, એ પ્રમાણે સમ્યગ્દર્શન -જ્ઞાન-ચારિત્ર રૂપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપૂર્ણ મોક્ષમાર્ગની દુર્લભતા ચિંતવવી તે બોધિ દુર્લભાનુપ્રેક્ષા.

-આ રીતે બોધિ દુર્લભતા ના ચિંતનથી મોક્ષમાર્ગ મેળવવા કે તેનાથી ભ્રષ્ટ ન થવાય તે માટે કાળજી રહે છે.

✡ સંસારી આત્માને જો કે અંનતી પુણ્યાઇએ મનુષ્ય ભવ, ઉત્તમકુળ તથા સુદેવ-ગુરુનો યોગ પ્રાપ્ત થાય છે. પણ જયાં સુધી જે કોઇ ભવ્ય જીવે અનંતાનુબંધી કષાયના ઉદયને ટાળેલો નથી તેમજ વિશુધ્ધ અધ્યવસાયે મોહનીયના ઉદયને પણ ટાળેલો નથી ત્યાંસુધી તે જીવ આ બોધિ-સમ્યક્ત્વ ને પ્રાપ્ત કરી શકતો નથી.

✡ અનાદિ કાળથી સંસારમાં ચક્રવત ભ્રમણ કરતાં જીવોને સમ્યક્ત્વાદિ ત્રણ રત્નની પ્રાપ્તિ મહા દુર્લભ છે. ચક્રવર્તી આદિ પણુંસહેલું છે પણ સમ્યક્ત્વ પ્રાપ્તિ દુર્લભ છે. વળી અકામ નિર્જરા વડે મનુષ્યત્વ,નિરોગીતા,આર્યક્ષેત્ર અને ધર્મશ્રવણ આદિ સામગ્રીઓ પ્રાપ્ત થઇ, તો પણ સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ ન થઇ એ રીતે બોધિ પ્રાપ્તિની દુર્લભતા વિચારવી, તે બોધિ દુર્લભ અનુપ્રેક્ષા.

✡ અનાદિ એવા આ સંસારને વિશે નરકાદિ ગતિમાં ભ્રમણ કરતાં આ જીવે તે-તે ભવોને પુનઃપુનઃ ગ્રહણ કર્યાછે. સંસારની ચારે ગતિમાંઅનન્ત વાર પરિવર્તન કરવાને કારણે વિવિધ પ્રકારના દુઃખોથી આ જીવ પીડીત છે. આ અનાદિ ભ્રમણનું કારણ મિથ્યા દર્શન છે. મિથ્યાત્વના ઉદયથી આ જીવની યર્થાથ બુધ્ધિ નષ્ટ થયેલી છે. તેમજ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચારે કર્મોના ઉદયથી પણ જીવ વ્યાકુળ બનેલો છે તેથી સમ્યગ્દર્શનાદિ વિશુધ્ધિ બોધિની પ્રાપ્તિ તેને દુર્લભ થયેલી છે. એ પ્રમાણેની ચિંતવના તે બોધિદુર્લભાનુપ્રેક્ષા.

-આ પ્રમાણે બોધિદુર્લભતાને પુનઃપુનઃ ચિંતવતો જીવ બોધિ પ્રાપ્તિ માં પ્રમાદ કરતો નથી

**[૧૨]ધર્મ સ્વાખ્યાત તત્વ અનુપ્રેક્ષાઃ-**

✡ ધર્મમાર્ગથી ચ્યુત ન થવા અને તેના અનુષ્ઠાનમાં સ્થિરતા લાવવા એમ ચિતવવું કે ''જેના વડે સંપૂર્ણ પ્રાણીઓનું કલ્યાણ સાધી શકાય તેવો સર્વગુણ સંપન્ન ધર્મ સત્પુરુષો એઉપદેશ્યો છે તે કટલું મોટું સદ્ભાગ્ય છે. એ ધર્મ સ્વવ્યાખ્યાત તત્વાનુપ્રેક્ષા.

✡ સમ્યગ્દર્શન આદિ ધર્મ જિનેશ્વર દેવોએ બહુ સંદર રીતે કહેલો છે. એ વિષયની વિવિધ વિચારણા -ચિંતન એ ધર્મસ્વાખ્યાત અનુપ્રેક્ષા છે. અહો! જિનેશ્વર ભગવાને સંસારનો નાશ કરનાર અને મોક્ષ આપનાર સમ્યગ્દર્શન,સમ્યગ્જ્ઞાન,સમ્યક્ચારિત્ર રૂપ ધર્મ કેવો સુંદર અને સ્પષ્ટ કહ્યો છે. આવો ધર્મ વીતરાગ સિવાય કોણ કહીશકે? જિનેશ્વર પરમાત્માએ બતાવેલો આ ધર્મ યુકિતઓથી અબાધ્ય, સ્ખલના રહિત, રાગાદિ દોષો ના અભાવ વાળો, અને કોઇપણ વિષયમાં ભૂલ વગરનો છે એવી ચિંતવના કરવી.

-આ અનુપ્રેક્ષાથી શ્રધ્ધા ગુણ પ્રગટે છે, પ્રગટેલી શ્રધ્ધ વિશુધ્ધ થાય છે. પરિણામે મોક્ષમાર્ગમાં સ્થિરતા આવે છે.

✡ પરમઋષિ ભગવાન અરિહંત દેવોએજેનું વ્યાખ્યાન કરેલ છે, તે જ ખરેખર એવો એક ધર્મ છે કે જીવોને સંસારથી પાર ઉતારનારો અને મોક્ષને પ્રાપ્ત કરાવનારો છે .તેનું દ્વાર છે સમ્યગ્દર્શન. એના વિશેષ સાધનો પાંચ મહાવ્રત છે. તેનો ઉપદેશ- તત્વકથન દ્વાદશાંગીમાં બતાવેલું છે. તેની નિર્મલ-વિશુધ્ધ વ્યવસ્થા ગુપ્તિ આદિ દ્વારા થાય છે અને આ જ ધર્મ સર્વ કલ્યાણનું ભાજન છે એવી ચિંતવના પુનઃપુનઃ કરવીતે ધર્મસ્વાખ્યાત તત્વાનુપ્રેક્ષા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-આ પ્રમાણે ધર્મસ્વાખ્યાત તત્વ ના અનુચિંતન થી જીવ મોક્ષમાર્ગ થી ચ્યુત થતો નથી તેમજ તેના પાલનમાં વ્યવસ્થિત થાય છે.

✤ **अनुप्रेक्षा**:-સૂત્રકાર મહર્ષિ એ આ રીતે બાર-અનુપ્રેક્ષાઓ અહીકહી. આ અનુપ્રેક્ષા એટલેશું? અનુપ્રેક્ષા એટલે ઉંડુ ચિંતન

✡ જે ચિંતન તાત્વીક અને ઉંડુ હોય, તો તે થકી રાગ-દ્વેષ આદિ વૃત્તિઓ થતી અટકે છે. તેથી આવા ચિંતનને સંવરના ઉપાય તરીકે વર્ણવેલ છે.

✡ જે વિષયોનું ચિંતન જીવનશુધ્ધિમાં વિશેષ ઉપયોગી થવા નો સંભવ છે. વૈરાગ્યને લાવવા માટે અત્યંત ઉપયોગી છે તેવા બાર વિષયોને પસંદ કરી અહીં, સૂત્રકાર મહર્ષિએ આર્ષ પરંપરાનુંસાર ગોઠવેલા છે આ બારે વિષયોના ચિંતનને બાર અનુપ્રેક્ષા કહેલી છે.

✡ આ અનુપ્રેક્ષાને ભાવના પણ કહેવામાં આવે છે. તેથી જ તેને વૈરાગ્ય ભાવના ના નામથી પણ પ્રસિધ્ધિ મળેલી જ છે.

✡ अनुप्रेक्षणम्-अनुप्रेक्षा ।

✡ अनुप्रेक्ष्यन्ते अनुचिन्तयन्त इति वा अनुप्रेक्षा:

❑ **[8]સંદર્ભ:-**

✡ **આગમ સંદર્ભ:-**

चत्तारि अणुप्पेहाओ पन्नत्ता, तं जहा एगाणुप्पेहा, अणिच्चाणुप्पेहा असरणाणुप्पेहा संसाराणुप्पेहा ✤ **स्था० स्था.४,उ.१,सू. २४७-११**

**-અન્યત્વ**:-अनेखलु णाति संजोगा अनो अहमंसि ✤ **सूय० श्रु०२,अ.१, सू.१३/९-१०**

**અશુચિત્વ**:-इमं शरीरं अणिच्चं असुइं असुइ संभवं असासयवासमिणं दुक्खकेसाणमायणं

✤ **उत्त० अ.१९, गा. १२**

**આસ્રવ:-अवायाणुप्पेहा ✤ स्था०४.उ.१-सू. २४७-१३**

**સંવર**:-जा उ अस्साविणी नावा न सा पारस्स गामिणि

जा निस्सावाणी नावा सा उ पारस्स गागमिणि ✤ **उत्त०, अ.२३,गा. ७१**

આ શ્લોક સંવર ભાવનાને દ્રષ્ટાન્ત થી રજૂ કરે છે.જે હોડીમાં છિદ્ર છેતે નદી પાર કરી શકતી નથી જે હોડીમાં છિદ્રન હોય તે નદી પાર કરી શકે છે તે જ રીતે સંવર ભાવના વાસિત હોડી રૂપ આત્મા સંસાર સમુદ્ર પસાર કરી શકે છે/

**નિર્જરા**:- णिज्जरे ✤ **स्था० १,सू. १६**-वृत्ति જોવી.

**લોક**:- लोगे-✤ **स्था० १,सू.५**,-वृत्ति જોવી.

संबुज्झह किं नबुज्झह,संबोहिखलु पेज्ज दुल्लहा,णो हूवणमंतिराइओ, नो सुलभं पुणरवि जीविय **सूय० श्रु.१,अ.२, गा.१**

**ધર્મસ્વાખ્યાત**:- उत्तमधम्मसुई हु दुल्हा ✤ **उत्त० अ.१० गा.१८**

✡ **અન્યગ્રન્થ સંદર્ભ:-:-**

(૧)શ્રમણ સૂત્ર-વૃત્તિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨)અતિચાર-આલોચના સૂત્ર
(૩)યોગશાસ્ત્ર
(૪)શાંત સુધારસ

❑ **[9]પદ્યઃ-**

(૧) અનિત્ય પહેલી ભાવના છે અશરણ સંસારની
એકત્વ ચોથી પાંચમી છે ભાવના અન્યત્વની
અશુચિ પણાની ભાવના છે આશ્રવ સંવરતણી
નિર્જરાને લોક બોધિ દુર્લભ ધર્મજ ભણી
સારુ કહેલું તત્વ ચિંતન બાર ભેદે જાણવું
અનુપ્રેક્ષા તેહ કહીએ સ્થિર મનથી ધારવું

(૨) અનિત્ય અશરણ વળી સંસારિક એકત્વને અન્યત્વ
અશુચિ આસ્રવ સંવર વળી તે લોક બોધિ દુર્લભ જ તથા
ધર્મ નિર્જરા બાર ભાવના અનુપ્રેક્ષા પણ એ જ કહી
જે ચિંતન થી સંવર કરણી થાય ઘનિષ્ઠ વળી સઘળી

❑ **[10]નિષ્કર્ષઃ**-અહીં સૂત્રકાર મહર્ષિ એ સંવરના ઉપાય રૂપે કહેલી બાર ભાવના વૈરાગ્યને દ્રઢ પણ કરે છે. આ ભાવનાઓનું ચિંતન સંવર ઉપરાંત માનસિક સામાજિક સાંસારિક વ્યવહારોમાં પણ શુધ્ધતા અને નિર્મળતા લાવે છે. સતત આ ભાવોથી વાસિત આત્મા પાગલ થતો નથી,દુઃખી થતો નથી. ફોગટ પાપકર્મથી લેપાતો નથી અને આગળ વધીને કહીએ તો મોક્ષમાર્ગાભિમુખ થઇ સંવર ને આદરતો એવો તે કાળક્રમે વૈરાગ્યની ચરમ સિમાને સ્પર્શતો છેલ્લે લોકની સિમાપણ સ્પર્શ કરનારો થાય છે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ૮

❑ **[1]સૂત્રહેતુઃ**- સંવરના ઉપાયોમાંના એક ઉપાય એવા પરિષહ ના સ્વરૂપ તથા હેતુને જણાવવા આ સૂત્રની રચના થયેલીછે.

❑ **[2]સૂત્રઃમૂળઃ**-***मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परिषहाः**

❑ **[3]સૂત્રઃપૃથક્**:-मार्ग - अच्यवन निर्जरा-अर्थ परिषोढव्या परीषहाः

❑ **[4]સૂત્રસારઃ**- **[સમ્યગ્દર્શન આદિ મોક્ષ] માર્ગ થી ચ્યુત ન થવા માટે [અને] કર્મ-ખપાવવા માટે જે સહન કરવા યોગ્ય છે તે પરિષહ છે.**

❑ **[5]શબ્દજ્ઞાનઃ**-

**मार्ग**-મોક્ષમાર્ગ **अच्यवन**-સ્થિર રહેવું

**निर्जरार्थ**-નિર્જરા અર્થે, કર્મ ખપાવવા માટે.

*मार्गाच्यवननिर्जरार्थपरिसोढव्या परीषहाः એ પ્રમાણે દિગમ્બર પરંપરામાં સૂત્ર રચના થયેલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परिषोढव्या**:-સહન કરવા યોગ્ય **परिषह**-પરિષહ

❑ **[6]અનુવૃત્તિ**:- કોઇ સ્પષ્ટ અનુવૃત્તિ આ સૂત્રમાં નથી છતાં સૂત્ર૯:૨ स गुप्तिसमिति० સૂત્રથી संवर ની અનુવૃત્તિ લેવી.

❑ **[7]અભિનવટીકા**:- પરિષહના હેતુ અને સ્વરૂપને પ્રગટ કરતા આ સૂત્રમાં સૂત્રકાર મહર્ષિ જણાવે છે કે, ''સ્વીકારેલ ધર્મમાર્ગમાં ટકી રહેવાઅને કર્મબંધનોને ખંખેરી નાખવા માટે જે જે સ્થિતિ સમભાવ પૂર્વક સહન કરવી ઘટે છે તે ''પરિષહ'' કહેવાય છે.

✤ **अर्थ**:- સિધ્ધસેનીય વૃત્તિમાં સર્વ પ્રથમ अर्थ શબ્દની વૃત્તિ રચી છે. આ अर्थ શબ્દ સૂત્રમાં निर्जरा શબ્દ સાથે જોડાયેલો છે પણ વાસ્તવિકમાં તે मार्गाच्यवन અને निर्जरा બંને શબ્દો સાથે જોડાયેલો છે મતલબ કે मार्गाच्यवनार्थ - निर्जरार्थ च

अर्थ એટલે પ્રયોજન, હેતુ, તેથી માર્ગની સ્થિરતા માટે અને કર્મની નિર્જરા માટે. એમ બે પ્રયોજનો સિધ્ધ થશે.

✤ **मार्ग**:-પરિષહો ને સહન કરવામાં માર્ગથી ચ્યુત ન થવું અથવા માર્ગમાં સ્થિર થવું તે પ્રયોજન જણાવ્યું, પણ **માર્ગ એટલે શું?**

✡ सम्यग्दर्शनादेः मोक्षमार्गः અર્થાત્ સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ.

✡ અહીં માર્ગ શબ્દ થી સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન,સમ્યક્ચારિત્રના સમન્વયરૂપ એવા મોક્ષમાર્ગનું ગ્રહણ કરવાનું છે.

✡ કદાચિત્ કિલષ્ટચિત્ત વાળો એવો જીવ વીર્ય સામર્થ્યના અભાવે સહન કરવામાં અસમર્થ હોય અને સન્માર્ગ થી ચ્યુત થયો હોય તો પણ પરિષહને સહન કરવામાં આદર ધરાવતો હોય તેને જ માર્ગ કહે છે.

✡ તત્વાર્થ શ્રધ્ધાન્ આદિ લક્ષણનેપણ માર્ગ જ કહ્યો છે.

✤ **अच्यवन**:-અચ્યવન એટલે ચ્યુત ન થવું અથવા સ્થિર રહેવું તે. આ શબ્દ मार्ग શબ્દ સાથે સંકડાયેલો છે. તેનો અર્થ એવો ફલિત થાય છે કે ઉકત માર્ગના લક્ષણોમાં સ્થિર રહેવું.

✡ મોક્ષમાર્ગમાં સ્થિર રહેવું તે માર્ગાચ્યવન

✡ પરિષહને સહન કરવામાં આદર વાળા હોવું, તે રૂપ સ્થિરતા એટલે માર્ગાચ્યવન

✤ **निर्जरा** :-આ શબ્દની વ્યાખ્યા પૂર્વે अ.९-सू.३ તથા अ.८-सू.२४ માં કરાયેલી છે.વિશેષમાં સિધ્ધસેનીયવૃત્તિમાં જણાવે છે કે પરિષહોને સમ્યગ્પ્રકારે સહેનાર, નિરાકુળ ધ્યાનીને પર્વતની જેમ નિષ્પ્રકમ્પ ચિત્તથી કર્મ નિર્જરા થાય છે.

નિર્જરા એટલે કર્મોનું આત્માથી છુટા પડવું કે ખરી જવું. તે પ્રયોજનને માટે જ આ સૂત્રમાં સૂત્રકારે પરિષહો સહેવાનું કહ્યું છે એટલે જ તેઓએ લખ્યું કે कर्मनिर्जारार्थ परिषोढव्याः परीषहाः

✤ **परिषोढव्या**:- સહન કરવા યોગ્ય

परि એટલે समन्तात् ચારે તરફથી

षोढव्याः એટલે सहितव्याः સહન કરવા જોઇએ

✤ **परीषह**:- પ્રથમ વ્યાખ્યાતો સૂત્રકારે જણાવીદીધી છે ''જે સહન કરવા યોગ્ય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પરિષહ છે परिषोढव्या: परीषहा:

✡ મોક્ષમાર્ગથી મારુ ચ્યવન ન થાય એટલું કે મોક્ષમાર્ગ માં હું સ્થિર રહું તેવી ઇચ્છાથી જે સહન કરવું તે પરિષહ છે.

✡ જ્ઞાનાવરણ આદિ કર્મના ક્ષયને માટે જે સહન કરવા યોગ્ય છે તને પરિષહ કહે છે.

✡ સિધ્ધિ પ્રાપ્તિ ના કારણ ભૂત એવા સંવરના વિઘ્ન હેતુઓને સહન કરવા એટલે કે સંવર કરવામાં વિઘ્ન રૂપ થતાં કારણોને વિફળ બનાવવા તે પરિષહ જય.

✡ ચારે તરફ આવી પડેલ ક્ષુધા-તૃષા આદિ બાવીસ પ્રકારના કષ્ટોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ સહન કરવા તે પરિષહ .

✡ સમસ્ત પ્રકારે કષ્ટને સહન કરવું પણ ધર્મ માર્ગનો ત્યાગ ન કરવો તે પરિષહ, જેના ૨૨ ભેદ આગામી સૂત્રમાં કહેવાશે.

❖ **વિશેષઃ**- સૂત્રકાર મહર્ષિ આ સૂત્રમાં એક સાથે બે વાત કહે છે.

(૧)પરિષહ કોને કહેવાય તે- જેમ કે परिषोढव्या: परीषहा: (૨)પરિષહ નો હેતુ કે પરિષહ સહવાનું કારણ (क) मार्गाच्यवनार्थम् (ख) निर्जरार्थम्

પરિષહ સહેવાનું કારણ માર્ગની સ્થિરતા અને કર્મનિર્જરા છે.

(૩)સંવર હેતુઃ- સંવરના ઉપયોમાં એક ઉપાય કહ્યો છે પરિષહ-જય. અર્થાત્ આ પરિષહો ઉપર વિજય મેળવવાથી સંવર થાય છે. એટલે કે પ્રસ્તુત સૂત્રોકત માર્ગ સ્થિરતા અને કર્મ નિર્જરાની સાથે સાથે સંવરનો પણ તેમાં હેતુ રહેલો જ છે.

❖ **સૂત્ર નું સવિશેષ સ્પષ્ટીકરણઃ-**

સમ્યગ્દર્શન મોક્ષમાર્ગ છે. તેથી પડી ન જવાય, તેનાથી દૂર ચાલ્યા ન જવાય તે માટે, તેમજ કર્મના ઉદયથી આવી પડેલા કષ્ટોને સહન કરીને તે કર્મની એવી રીતે નિર્જરા કરવી કે જેથી નવા કર્મો ન બંધાય અને આત્માના અધ્યવસાયોની વિશુધ્ધિ ટકી રહે.

જો આવી પડેલા કષ્ટો સહી ન લેવાય, તો ધર્મમાર્ગમાં સ્થિર રહી શકાય નહીં, તથા નવા કર્મો પાછા તેવાજ બંધાય એટલે તેની પરંપરા કદી અટકે નહીં અને મોક્ષ પ્રાપ્ત કરી શકાય નહીં. તેથી મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનારને પરિષહો સહન કરવાનું અનિવાર્ય છે.

સ્વાભાવિક રીતે મોક્ષમાર્ગમાં પ્રયાણ કરી રહેલા જીવોને આમ તો કોઇ મુશ્કેલી નડતી નથી પણ જ્યારે પૂર્વે બાંધેલા કર્મોના ઉદયથી એવા કષ્ટો આવે કે જ્યારે કાં તો તેણે સહન કરવું પડે અથવા તો મોક્ષમાર્ગ છોડવો પડે કે તેમાં શિથિલતા આવે, મન બગડે, કંટાળો આવે, આત્મા મલીન થાય, વિશુધ્ધિ ખોઇ બેસે, પ્રયાણ ભંગ થાય- ત્યારે આ સંજોગોમાં સહન કરવું એ જ અનિવાર્ય માર્ગ છે. તેથી સૂત્રકારે માર્ગમાંથી ચ્યુત ન થવા માટે પરિષહોને સહન કરવા જણાવ્યું છે.

એ જ રીતે બીજું કારણ છે કર્મ નિજરા. જો કે ઉદયમાં આવેલા કર્મોની નિર્જરા તો થવાની જ છે. પણ અકામ નિર્જરાથી નવા કર્મોનો બંધ થાય છે અને જો ઇચ્છાપૂર્વક- સહનશીલતા પૂર્વક સહન કરવાની દ્રષ્ટિએ સહન કરવામાં આવે તો ઉદયમાં આવેલા કર્મો થી નવા કર્મોનો બંધ ન થાય, ઉદયમાં આવેલા પણ વિફળ બનાવીશ કાય અને સત્તામાં રહેલા કર્મોમાં પણ ઉથલપાથલ મચી જાય .જેમ કે કોઇનું સંક્રમણ, કોઇનું અપવર્તન, કોઇ શુભપ્રકૃત્તિ હોય તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તેની રસ-સ્થિતિમાં ઉદ્‌વર્તન, કોઇનો ઉપશમ, કોઇની ઉદીરણા, કોઇનો ક્ષય વગેરે થઇ જાય છે. અર્થાત્ સકામ નિર્જરા થાય છે. જોકે માર્ગથી પતિત ન થવું કે સકામ નિર્જરા કરવી એ બંને વસ્તુ સમાન જ જણાય છે છતાં તેમાં કિંચિત જુદાપણું છે. એક હેતુ ઉદેશરૂપ છે અને બીજો હેતુ કાર્યરૂપ બની જાય છે અર્થાત્ માર્ગથી અચ્યુતિ એ ઉદેશરૂપ છે અને નિર્જરા એ કાર્યરૂપ છે.

✤ **પ્રશ્નઃ**- પરિષહ અને ઉપસર્ગમાં શો ફર્ક છે?

**સમાધાનઃ**-પરિષહ મુખ્યતાએ આત્મશુધ્ધિ અર્થે યથાશકિત ઇચ્છાપૂર્વક સ્વીકારાયેલ હોય છે જયારે ઉપસર્ગ અનિચ્છાએ કર્મ વિપાકાનુસારે જીવને પ્રાપ્ત થતા હોય છે.

❑ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-**

नो विनिहन्नेजा ✤ **उत्त० अ.२,गा.१ प्रारम्भे**

परिस्सहोवसग्गे सम्मं सहिज्जा....सम्मं सहमाणस्स...णिज्जरा कज्जति

✤ **स्था० ५,उ.१,सू.४०९-१,४,५**

**સૂત્રપાઠ સંબંધઃ**- नो विनिहनेज्जा અર્થાત્ ''પાછળ હઠવું નહીં'' મતલબ માર્ગમાં સ્થિર રહેવું.

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)तपसानिर्जरा च -सूत्र. ९:३ નિર્જરાની વ્યાખ્યા

(૨)ततश्चनिर्जरा - सूत्र. ८:२४ નિર્જરાની વ્યાખ્યા

(૩)सम्यग्दर्शनज्ञानचारित्राणिमोक्षमार्ग सूत्र. १:१ માર્ગ

(૪)क्षुत्पिपासाशीतोष्णदंशमशक-सूत्र. ९:९ પરિષહોના નામ

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

નવતત્વ પ્રકરણ-ગાથાઃ૨૭ વિવેચન -પરિષહ વ્યાખ્યા

❑ **[9]પદ્યઃ-**

(૧) માર્ગથી ન પડાય તે વળી, નિર્જરા હોય કર્મની
એજ કાજે સહન કરતાં, પરિષહોને મર્મથી

(૨) આ સૂત્રનું પદ્ય હવે પછીના સૂત્રઃ૧૦ માં અંતર્ભૂત
થયેલું છે જો કે સૂત્રને સંપૂર્ણ આવરી લેતું નથી

❑ **[10]નિષ્કર્ષઃ**-આ સૂત્ર એક સુંદર વાત કહી જાય છે કે પરીષહો સહન કરવાનો અભ્યાસ કરવાથી આત્મામાં વિશિષ્ટ સામર્થ્ય આવે છે. એ સામર્થ્યના બળે આત્મા મેરુની જેમ સ્થિર રહી સમાધિપૂર્વક પરિષહોને સહન કરીને વિપુલ કર્મોની નિર્જરા કરે છે. જો પરિષહોને સહન કરવાનો અભ્યાસ ન કરવામાં આવે તો પરિષહો આવતા મન-આકુળ-વ્યાકુળ બની જાય છે. પરિણામે નિર્જરા તો દૂર રહી, બલ્કે સમ્યગ્‌દર્શન આદિ મોક્ષમાર્ગથી પતિત થવાનો વખત આવે છે.

તેથી સંવરના હેતુભૂત, માર્ગની સ્થિરતા તેમજ નિર્જરાના હેતુભૂત પરિષહો ને સહન કરી મોક્ષને પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવો.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાયઃ૯-સૂત્રઃ૯

❒ **[1]સૂત્રહેતુઃ**- સંવરનો હેતુભૂત એવો જે ''પરિષહ જય'' તેમાં જેનો જય કરવાનો છે તેવા ૨૨ પરિષહો અહીં જણાવે છે.

❒ **[2]સૂત્રઃમૂળઃ**- **क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्या शय्याक्रोशवधयाचनालाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाज्ञानादर्शनानि ।**

❒ **[3]સૂત્રઃપૃથક્**:-क्षुत् - पिपासा - शीत - उष्ण - दंशमशक-नाग्न्य - अरति - स्त्री - चर्या - निषद्या - शय्या - आक्रोश - वध - याचना - लाभ - रोग - तृणस्पर्श - मल - सत्कारपुरस्कार प्रज्ञा - अज्ञान - अदर्शनानि

❒ **[4]સૂત્રસારઃ**-**(૧)ક્ષુધા [-ભુખ] પરિષહ (૨)પિપાસા [-તૃષા] પરિષહ (૩)શીત [-ઠંડી] પરિષહ(૪)ઉષ્ણ [-ગરમી] પરિષહ,(૫)દંશ મશક પરિષહ, (૬)નાગ્ન્ય [-નગ્નતા] પરિષહ,(૭)અરતિ પરિષહ, (૮)સ્ત્રી પરિષહ, (૯)ચર્યા [-વિહાર] પરિષહ, (૧૦)નિષદ્યા [-સ્વાધ્યાય માટે સ્થિરતા] પરીષહ,(૧૧)શય્યાપરીષહ,(૧૨)આક્રોશપરીષહ,(૧૩)વધપરીષહ, (૧૪)યાચના પરીષહ, (૧૫)અલાભ પરીષહ, (૧૬)રોગ પરીષહ, (૧૭)તૃણસ્પર્શ પરીષહ, (૧૮)મલ પરીષહ, (૧૯)સત્કાર પરીષહ, (૨૦)પ્રજ્ઞા પરીષહ, (૨૧)અજ્ઞાન પરીષહ અને (૨૨)અદર્શન પરીષહ, -[એ બાવીશ પ્રકારે પરીષહો કહ્યા છે]**

❒ **[5]શબ્દજ્ઞાનઃ**-

**क्षुत्**-ક્ષુધા,ભૂખ **पिपासा**-તૃષા,તરસ
**शीत**-શીત,ઠંડી **उष्ण**-ઉષ્ણ,ગરમી
**दंशमशक**-ડાંસ,મચ્છર **नाग्न्य**-નગ્નતા,જીર્ણવસ્ત્રપણું
**अरति**-અરતિ,સંયમમાં ઉદ્વેગ **स्त्री**-સ્ત્રી
**चर्या**-વિહાર **निषद्या**-સ્વાધ્યાય માટે સ્થિરતા
**शय्या**-શય્યા,વસતિ **आक्रोश**-આક્રોશ
**वध**-વધ,તાડન **याचना** -યાચના,માંગવુ
**अलाभ**-અલાભ,ભિક્ષાદિ-અપ્રાપ્તિ **रोग**-રોગ,બિમારી
**तृणस्पर्श**-તૃણ-ઘાસનો સ્પર્શ **मल** -મેલ
**सत्कारपुरस्कार**-સત્કાર પુરસ્કાર, સત્કાર-સન્માન
**प्रज्ञा**-બુધ્ધિ **अज्ञान** -વિશિષ્ટ જ્ઞાન અભાવ
**अदर्शन**-અદર્શન,સમ્યગ્દર્શન થી ચલિત થવું તે

❒ **[6]અનુવૃત્તિઃ**-

(૧) मार्गाच्यवननिर्जरार्थ-સૂત્ર-૯ઃ૮ થી परीषहाःશબ્દની અનુવૃત્તિ
(૨)स गुप्तिसमिति॰ સૂત્ર-૯ઃ૩ થી संवर અનુવૃત્તિ

❒ **[7]અભિનવટીકાઃ**- અહીં સંવરના ઉપાય તરીકે પરીષહ,-જય ને સ્પષ્ટ કરવા સૂત્રકાર મહર્ષિ ૨૨-પરીષહો ને જણાવે છે . પરીષહો ટૂંકમાં જણાવીએ તો ઓછા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લંબાણથી કહીએતો વધારે પણ કલ્પી શકાય છે. છતાં આર્ષ પરંપરાનુસાર પરીષહોની સંખ્યા ૨૨ ની જ કહી છે આ ૨૨-પરીષહો ને સમભાવે સહેવા તે પરીષહ-જય કહેવાય છે.

પરીષહોને બરાબર સમજવા પરીષહોના પ્રત્યેક ભેદોનું સ્વરૂપ, પરીષહ કયારે જીત્યો કહેવાય [-પરીષહ જય] અને પરીષહ કયારે જીત્યો ન કહેવાય [-પરીષહ-અજય] એ ત્રણે બાબતો બરાબર સ્પષ્ટ થવી જોઇએ

(૧)વિશિષ્ટ પ્રકારના અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોની ઉપસ્થિતિ તે પરીષહ.

(૨)પરીષહ આવતાં રાગ-દ્વેષ ને વશ નથવું અને સંયમ બાધક કોઇ પણ પ્રવૃત્તિ ન કરવી તે પરીષહ જય.

(૩)પરીષહ આવતાં રાગ-દ્વેષ ને વશ બની જવું અને સંયમ બાધક પ્રવૃત્તિ કરવી એ પરીષહ-અજય

**[૧] ક્ષુધા પરીષહઃ-**

✡ ગમે તેવી ક્ષુધાની વેદના છતાં સ્વીકારેલ મર્યાદા વિરુધ્ધ આહાર ન લેતાં સમભાવ પૂર્વક એ વેદના સહન કરવી તે ક્ષુધા પરીષહ.

✡ અતિશય ક્ષુધાની વેદના તે ક્ષુધા પરીષહ

ક્ષુધાને સમભાવે સહન કરવી અને જો સહનં ન થાય તો શાસ્ત્રોકત વિધિ મુજબ ગોચરી-ભિક્ષાને લાવી ક્ષુધા શાંત કરવી પણ દોષિત આહાર ગ્રહણ કરવો નહીં તે ક્ષુધા પરીષહ-જય.

ક્ષુધા સહન થઇ શકેતો સહન કરવી નહીંતો દોષયુકત આહાર ગ્રહણ કરી ક્ષુધા શાંત કરવી તે પરીષહ-અજય.

✡ શરીર સંબંધે જીવને ક્ષુધા પ્રાપ્ત થતાં જે જીવ પોતાના વ્રત-નિયમને બાધા ઉપજાવે તેવો આહાર નહીં કરતા સમ્યક્ ભાવે ક્ષુધા સહન કરે છે તેને ક્ષુધા પરીષહ-જય જાણવો.

✡ ક્ષુધા વેદનીય સર્વ અશાતા વેદનીય થી અધિક છે. માટે તેવી ક્ષુધાને પણ સહન કરવી પણ અશુધ્ધ આહાર ગ્રહણ ન કરવો તેમજ આર્ત્તધ્યાન ન કરવું તે ક્ષુધા પરીષહ વિજય કર્યો કહેવાય.

**[૨]પિપાસા પરીષહઃ-**

✡ ગમે તેવી ક્ષુધા અને તૃષાની વેદના છતાં સ્વીકારેલ મર્યાદા વિરુધ્ધ પાણી ન લેતાં સમભાવ પૂર્વક એ વેદનાઓ સહન કરવી તે પિપાસા પરીષહ કહેવાય.

✡ અતિશય તૃષાની વેદના એ પિપાસા પરીષહ છે.

-પિપાસા સમભાવે સહન કરવી, જો ન સહન થાય તો શાસ્ત્રોકત વિધિ મુજબ નિર્દોષ પાણી લાવીને તૃષા શાન્ત કરવી તે તૃષાપરીષહ જય.

-પિપાસા સહન ન થાયતો દોષિત પાણી થી પણ એ તૃષા શમાવવી એ પરીષહ-અજય.

✡ ગમે તેવી તરસ લાગી હોય, પણ શાસ્ત્રોકત વિધિ જાળવ્યા વિના પીવાની ચીજ ન લેતાં તેથી થતું કષ્ટ, રાગ-દ્વેષ કર્યા વિના મોક્ષના ઉદ્દેશ થી સહન કરી લેવું તે પિપાસા પરીષહ-જય.

✡ શરીર સંબંધે જેમને તૃષા લાગવા છતાં જે જીવ પોતાના વ્રત-નિયમને બાધ આવે તેવું પાણી પીતા નથી અને સમ્યગ્ ભાવે પિપાસા-તરસને સહન કરે છે તેને પિપાસા પરીષહ જય કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ પિપાસા એટલે તૃષાને પણ સમ્યક્ પ્રકારે સહન કરવી પણ અચિત્ત જળ અથવા મિશ્ર જળ પીવું નહીં. સિધ્ધાંત માં કહેલી વિધિ મુજબ નિર્દોષ પાણી નમળે તો ન જ પીવું તે તૃષા પરીષહ-જય.

**[૩]શીત-પરીષહઃ-**

✡ ગમે તેટલી ટાઢ-ઠંડીની વેદના કે મુશ્કેલી હોય તો પણ તેને નિવારવા અકલ્પ્ય કોઇ વસ્તુનું સેવન કર્યા વિનાજ સમભાવ પૂર્વક એ વેદનાઓ સહી લેવી તે શીત પરીષહ.

✡ અતિશય ઠંડીની વેદના શીત પરીષહ છે. -ગમે તેવી ટાઢમાં પણ ન કલ્પે તેવા વસ્ત્રો લે નહીં,સચિત્ત આદિના સંઘટ્ટા પૂર્વક ઠંડી નિવારવા પ્રયત્ન ન કરે તે શીત પંરીષહ જય.

-શરીર સંબંધે જીવને ટાઢ વાય તે વખતે પોતાના વ્રત નિયમ ને બાધ ન આવે તે માટે વસ્ત્રાદિક્નો તેમજ અગ્નિનો ઉપયોગ ન કરતાં સમ્યગ્ ભાવે ટાઢ ને સહન કરે તે શીત પરીષહ -જય.

✡ અતિશય ટાઢ પડવાથી અંગોપાંગ જકડાઇ જતાં હોયતો પણ સાધુને ન કલ્પે તેવા વસ્ત્રની ઇચ્છા અથવા તાપણું તાપવાની ઇચ્છા માત્ર પણ ન કરે તે શીત પરીષહ.

**[૪]ઉષ્ણ પરીષહઃ-**

✡ ગમે તેટલું ગરમીનું કષ્ટ હોય છતાં તેને દૂર કરવા અકલ્પ્ય એવા કોઇ પદાર્થનું સેવન ન કરવું, પણ સમભાવ પૂર્વક વેદનાને સહન કરવી તે ઉષ્ણ પરીષહ-જય.

✡ અતિશય તાપની વેદના એ ઉષ્ણ પરીષહ.

✡ તાપની વેદના સહન કરવી. જો સહન ન થાયતો સંયમને બાધ ન આવે તે રીતે શાસ્ત્રોકત વિધિ મુજબ તેના પ્રતિકાર માટે ઉપાય કરવો. ઉપાય છતાં વેદના દૂર ન થાય તો સમભાવે સહન કરવું તે ઉષ્ણ પરીષહ જય.

✡ તાપની વેદના નિવારવા પાણીનો,સ્નાનનો,પંખાનો વગેરે સંયમ બાધક પ્રવૃત્તિનો આશ્રય લેવો કે ઇચ્છા કરવી તે પરીષહ-અજય.

✡ ગરમી સહન કરવી, તાપમાં ઉઘાડા પગે ચાલતાં દુઃખ ન ધારણ કરવું, સ્નાન,છત્રી,પંખા,વીંઝણાદિના ઉપયોગ ન જ કરવો ,કપડાંથી પણ પવન ન ખાવો તે ઉષ્ણ પરીષહ જય.

✡ શરીર સંબંધે જીવને તાપ લાગે ત્યારે પોતાના વ્રત નિયમમાં બાધ ન આવે તે માટે સમ્યગ્ ભાવે તાપને સહન કરે તે ઉષ્ણ પરીષહ-જય.

✡ ઉનાળાની ઋતુમાં તપેલી શીલા અથવા રેતી ઉપર ચાલતા હોય અથવા સખત તાપ પડતો હોય તે વખતે મરણાન્ત કષ્ટ આવે તો પણ અકલ્પ્ય કે દોષીત વસ્તુને વાપરવાની ઇચ્છા પણ ન કરે તે ઉષ્ણ-પરીષહ જય.

**[૫]દંશ-મશક પરીષહઃ-**

✡ ડાંસ-મચ્છર વગેરે જંતુઓના આવી પડેલા ઉપદ્રવમાં ખિન્ન ન થતાં તેને સમભાવ પૂર્વક સહી લેવો તે દંશ-મશક પરીષહ.

✡ દંશ-મશક પરીષહ આવતાં તે સ્થાનને છોડીને અન્ય સ્થાને ન જવું, ડાંસ આદિને પીડા થાય તેવી પ્રવૃત્તિ ન કરવી પણ સમભાવે એ વેદના સહન કરવી તે પરીષહ-જય.

✡ સ્થાન ત્યાગ કે રજોહરણાદિએ જીવોને દૂર કરવા તે દંશ-મશક પરીષહ-અજય.

✡ શરીર સંબંધે જીવને શરીરે જે ડાંસ-મચ્છર વિગેરે જીવો ડંખમારી ઉપદ્રવ કરે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે તે જીવોને પરિતાપ નહીં ઉપજાવતા પોતે તે ઉપદ્રવ ને સમ્યગ્ ભાવે સહન કરે તે દંશ-મશક પરીષહ જય.

✡ વર્ષાકાળમાં ડાંસ-મચ્છર જૂ માંકડ ઇત્યાદિ ક્ષુદ્ર જંતુઓ ઘણાં ઉત્પન્ન થાય છે, તે જંતુઓ બાણના પ્રહાર સરખાં ડંખ મારે તો પણ ત્યાંથી ખસીને અન્ય સ્થાને જવાની ઇચ્છા ન કરે, ધુમ્ર આદિ પ્રયોગથી બહાર કાઢે નહીં, તે જીવો ઉપર દ્વેષ ચિંતવે નહીં પણ પોતાની ધર્મ દૃઢતા ઉપજાવવામાં નિમિત્તભૂત માને તે દંશ પરીષહ જય.

**[૬]નાગ્ન્યં પરીષહઃ-**

✡ નગ્નપણાને સમભાવ પૂર્વક સહન કરવું તે નગ્નત્વ પરીષહ. જેને અચેલક પરીષહ પણ કહે છે.

✡ શાસ્ત્રોકત વિધિ મુજબ જીર્ણ અલ્પમૂલ્ય આદિ વસ્ત્રો ધારણ કરવા એ.

✡ શાસ્ત્રોકત વિધિ મુજબ વસ્ત્રો ન મળતાં દ્વેષાદિને વશ ન થવું, પણ શાસ્ત્રોકત વિધિ મુજબ મળેલાં વસ્ત્રો ઉપભોગ કરવો તે પરીષહ જય કહેવાય છે

✡ શરીર સંબંધે જીવને, શરીરને ઉપદ્રવોથી બચાવવા માટે પોતાના વ્રત-નિયમને બાધ ન આવે તે રીતે વસ્ત્રાદિક ભોગ-ઉપભોગ કરે .પરંતુ વ્રત-નિયમને બાધ આવે એવી રીતે ગ્રહણ ન કરે તે અચેલક પરીષહ-જય.

✡ વસ્ત્ર સર્વથા ન મળે, અથવા જીર્ણ પ્રાયઃ મળે, તો પણ દીનતા ન ચિંતવે, તેમજ ઉત્તમ બહુ મૂલ્યવાન વસ્ત્ર ન ઇચ્છે, પણ અલ્પ મૂલ્યવાળું જીર્ણ વસ્ત્ર ધારણ કરે તે અચેલ પરીષહ અહીં અચેલ નો અર્થ વસ્ત્રનો સર્વથા અભાવ અથવા જીર્ણ વસ્ત્ર એમ બંને થાય છે એ બંને પ્રકારે નાગ્ન્ય પરીષહ સહન કરવો તો પરીષહ-જય.

**[૭]અરતિ પરીષહઃ-**

✡ સ્વીકારેલ માર્ગમાં અનેક મુશ્કેલીઓને લીધે કંટાળાનો પ્રસંગ આવે ત્યારે કંટાળો ન લાવતા ધૈર્યપૂર્વક તેમાં રસ લેવોતે અરતિ પરીષહ.

✡ સંયમ પાલન કરતાં અરતિ ઉત્પન્ન થાય એ અરતિ પરીષહ -શુભ ભાવનાદિથી અરતિનો ત્યાગ એ પરીષહ જય છે.

✡ કોઇપણ પ્રસંગે ચેન ન પડે તેવી દુઃખદાયક પરિસ્થિતિ ઉત્પન્ન થઇ જાય ત્યારે તે શાંતિપૂર્વક સહન કરવી.

✡ જીવને કોઇક પ્રકારે ઉદ્વેગ થાય અથવા ચેન પડે નહીં તેવી પરિસ્થિતિમાં પણ જીવ તે તે વિપરીતતાને સમ્યગ્ ભાવે સહન કરે, પરંતુ રાગ-દ્વેષ કરે નહીં તે અરતિ પરીષહ જય

✡ અરતિ એટલે ઉદ્વેગભાવ. સાધુને સંયમમાં વિચરતાં જયારે અરતિના કારણ બને,ત્યારે સિધ્ધાન્તોમાં કહેલા ધર્મ સ્થાનો ભાવવાં, પણ ધર્મ પ્રત્યે ઉદ્વેગ ભાવ ન કરવો તેઅરતિ પરીષહ જય.

**[૮]સ્ત્રી પરીષહઃ-**

✡ સાધક પુરુષ કે સ્ત્રીએ પોતાની સાધનામાં વિજાતીય આકર્ષણ થી ન લલચાવું તે સ્ત્રી પરીષહ-અશુચિ ભાવના આદિથી સ્ત્રીની ચેષ્ટા તરફ લક્ષ્ય ન આપવું તેની પ્રાર્થનાનો સ્વીકાર ન કરવો વગેરે પરીષહ જય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ કામ ભોગ- વિષયભોગને લગતી પરિસ્થિતિ આવી પડે તે સહન કરવાના પ્રતીકરૂપ આ પરીષહો છે. અંગ પ્રત્યંગ જોવા નહીં, શરીરની રચના જોવી નહીં, હાસ્ય, ચેષ્ટા-વિલાસ, ભ્રુભંગ-વચન વગેરે ન જોવા ન સાંભળવા, ન ચિંતવવા તે તરફ નજર પણ ન કરવી તે સ્ત્રી પરીષહ-જય.

✡ શરીરધારી જીવને કામ-ભોગે સ્ત્રી આદિ વિજાતીય સાથે સંભોગ કરવાના પરિણામ જાગે ત્યારે પોતાના વ્રત-નિયમની જાળવણી ને માટે સ્ત્રીનો સંગ નકરે પણ ઉદ્ભવેલ ભોગેચ્છાને સમભાવે સહન કરી, અશુચિ ભાવના થકી તેનો પરાજય કરે તે.

✡ સ્ત્રીઓને સંયમ માર્ગમાં વિઘ્નકર્તા જાણીને તેમને સરાગ દ્રષ્ટિએ ન જોવી, તેમજ સ્ત્રી પોતે વિષયાર્થે નિમંત્રણા કરે તો પણ સ્ત્રીને આધીન નથવું તે સ્ત્રી પરીષહનો વિજય છે એ જ રીતે સ્ત્રીઓએ પુરુષ પરીષહ સમજી લેવો

**[૯]ચર્યા પરીષહઃ-**

✡ સ્વીકારેલા ધર્મજીવનને પુષ્ટ રાખવા અસંગ પણે જુદાં જુદાં સ્થાનોમાં વિહાર કરવો અને કોઇપણ એક સ્થાનમાં સ્થિરવાસ ન સ્વીકારવો તે ચર્યા પરીષહ.

✡ ચર્યા એટલે વિહાર. વિહારમાં પત્થર,કાંકરા,કાંટા આદિ ની પ્રતિકુળતા એ ચર્યા પરીષહ છે.-પ્રતિકુળતામાં ઉદ્વેગ આદિને વશ બન્યા સિવાય શાસ્ત્રોકત વિધિ મુજબ વિહાર કરવો એ ચર્યા પરીષહ-જય છે.

✡ આળસના નામ નિશાન વિના ગામ-નગર વગેરેમાં વિધિ પૂર્વક વિચરવું-વિહાર કરવો તે ચર્યા પરીષહ જય

✡ કોઇપણજાતના પ્રતિબંધ વગર રોગાદિ કારણ વગર એક સ્થળે થી બીજા સ્થળે જવામાં ખેદ કેદુઃખ ન ધરે તેને ચર્યા પરીષહ જય જાણવો.

**[૧૦]નિષદ્યા પરીષહઃ-**

✡ સાધનાને અનૂકૂળ એકાંત જગ્યામાં મર્યાદિત વખત માટે આસન બંધી બેસતાં આવી પડેલા ભયોને અડોલ પણે જીતવા અને આસન થી ચ્યુત ન થવું તે નિષદ્યા પરીષહ

✡ નિષદ્યા એટલે વસતી,ઉપાશ્રય આદિ સ્થાન. ત્યાં શાસ્ત્રોકત વિધિ મુજબ સાધના કરતાં અનુકુળ કે પ્રતિકૂળ પ્રસંગો ઉપસ્થિત થાય એ નિષદ્યા પરીષહ છે.

✡ **એ પ્રસંગોને આધીન ન બનવું,રાગ-દ્વેષ ન કરવા એ નિષદ્યા પરીષહ જય કહેવાય છે.**

✡ વિના કારણ મુનિએ કયાંય જવાનું ન હોય તેથી સ્ત્રી પશુ-પંડક-નપુંસક વિનાના સ્થાનમાં વિધિપૂર્વક બેસી ધર્મધ્યાન. સ્વાધ્યાય કરવાના હોય છે. તેથી એક ઠેકાણે બેસી રહેવાથી કંટાળે -નહીં થાકે નહીં, ઉઠબેસ કરવાની ચપળતા ધારણ ન કરે. યોગ્ય આસન મુદ્રા એ બેસી રહે તે નિષદ્યા પરીષહ જય

✡ કારણ વિના જવા-આવવાનું તેમજ ઉઠ-બેસ કરવાની ચપળતાનો ત્યાગ કરી સ્થિર આસને ધર્મધ્યાન ધ્યાવે, સ્વાધ્યાય કરે, પરંતુ એકાતંપણામાં ખેદ ધારણ ન કરે અને સમ્યગ્ ભાવે આસને સ્થિર રહે તે નિષદ્યા પરીષહ જય જાણવો.

✡ શૂન્યગૃહ,શ્મશાન, સર્પબિલ, સિંહગુફા ઇત્યાદિ સ્થાનોમાં રહેવું અને ત્યાં પ્રાપ્ત થતા ઉપસર્ગોથી ચળાયમાન નથવું અથવા સ્ત્રી,પશુ,નપુંસક આદિ રહિત અને સંયમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્વાહ યોગ્ય સ્થાન માં રહેવું, તે નૈષેધિકા પરીષહ જય છે .જે નિષદ્યા અથવા સ્થાન પરીષહ જય તરીકે પણ પ્રસિધ્ધ છે.

**[૧૧]શય્યા પરીષહઃ-**

✡ કોમળ કે કઠીન,ઉંચી કે નીચી જેવી સહજ ભાવે મળેતેવી જગ્યામાં સમભાવપૂર્વક શયન કરવું તે શય્યા પરીષહ.

✡ શય્યા એટલે સંથારો અથવા વસતિ. અનુકૂળ કે પ્રતિકૂળ શય્યાની પ્રાપ્તિ એ શય્યા પરીષહ છે. આ શય્યામાં અનુક્રમે જે રતિ અરતિ જન્ય ભાવ ઉદ્ભવે, તેને આધીન ન થવું એ પરીષહ જય છે.

✡ સંથારો સુંવાળો હોય કે કઠણ,ઉંચો હોય કે નીચો,ખાડા ટેકરા અને ધૂળવાળો ઉપાશ્રય કે વસતિ હોય, ઉનાળમાં જેમાં ઘણો ઘામ થતો હોય અથવા શિયાળામાં જેમાં ઘણી ઠંડી લાગતી હોય છતાં તેનાથી ન કંટાળતા કે રાગ-દ્વેષ લાવ્યા વિના તે સહન કરવું તે શય્યા પરીષહ.

**[૧૨]આક્રોશ પરીષહઃ-**

✡ કોઇ આવી કઠોર કે અણગમતું કહે તેને સત્કાર જેટલું વધાવી લેવું તે આક્રોશ પરીષહ કહેવાય છે.

✡ કોઇ અજ્ઞાની કે દ્વેષી આક્રોશ કે તિરસ્કાર કરે એ આક્રોશ પરીષહ

-આક્રોશ થતાં સમતા રાખવી એ પરીષહ જય

✡ કોઇ માણસ આવીને કડવા વેણ કહે તો પણ સમભાવ ચિત્તે મનમાં વિચારે કે ''જો મારી ભૂલ છે તો તે સાચું કહે છે, તેમાં મારે ક્રોધ શામાટે કરવો? તે તો મારો ઉપકારી છે જો ખોટી રીતે ઠપકો આપે છે, કે ખીજાય છે તો પણ મારે ક્રોધ કરવાનું કારણ શું? તે તો અજ્ઞાની છે .એમ વીચારી સામેના માણસના આક્રોશાદિ સહી લેવા તેને આક્રોશ પરીષહ જય કહ્યો છે.

✡ કોઇ આત્મા આવીને પોતાને આક્રોશ કરી અનેક પ્રકારના ઉપાલંભો આપે તો તેના પ્રત્યે દ્વેષ નહીં ધરતા પ્રતિકુળ વચનોને સમ્યગ્ભાવે સહન કરે તેં આક્રોશ-પરીષહ જય જાણવો

**[૧૩]વધ-પરીષહઃ-**

✡ કોઇ અજ્ઞાની કે દ્વેષી તાડન-આદિ કરે એ વધ પરીષહ એ વખતે સમતા રાખવી એ વધ-પરીષહ જય

✡ કોઇ ક્રોધ વગેરે કરવાથી ન અટકતાં મારી બેસે, એટલે કે કોઇ પણ જાતની શારીરિક પીડા યા હાનિ કરી નાખે ત્યારે ''શરીર તો નાશવંત છે, આત્માથી ભિન્ન છે, આ તો મારા જ કરેલા કર્મોનું ફળ છે ઇત્યાદિ વિચારણા થકી સહન કરવું પણ રાગ-દ્વેષ ને ધારણ ન કરવા તે વધ પરીષહ-જય.

✡ કોઇપણ આત્મા દ્વેષ યુકત થઇ તાડન તર્જન કરે અથવા છેદન-ભેદન કરે તો પણ તેનાં ઉપર ક્રોધ ન લાવતા તે તે પ્રતિકુળતાને સમ્યગ્ ભાવે સહન કરે તેને વધ પરીષહ જય જાણવો.

**[૧૪]યાચના પરીષહઃ-**

✡ દીનપણું કે અભિમાન રાખ્યા સિવાય માત્ર ધર્મ યાત્રાના નિર્વાહ અર્થે યાચક વૃત્તિ સ્વીકારવી તે યાચના પરીષહ.

✡ સંયમ સાધના માટે જરૂરી આહારાદિની ગૃહસ્થ પાસે માંગણી કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ યાચનામાં લઘુતાનો કે માન કષાયનો ત્યાગ તે પરીષહ જય. પદાર્થો વસ્ત્ર-પાત્ર આહાર-પાણી-ઉપકરણ-શય્યા-વસતિ વગેરે વિધિ પૂર્વક માંગીને જ ઉપયોગમાં લેવાના હોય છે. તેથી માંગવામાં શરમ, ના પાડવાની આશંકા વગેરે રાખવા ન જોઇએ. વિધિ પૂર્વક માગવાથી જે પરિણામ આવી પડે તે ભોગવવું એ યાચના પરીષહ જય.

✡ સાધુ કોઇ પણ વસ્તુ તૃણ-ઢેફું ઇત્યાદિ માગ્યા વિના ગ્રહણ ન કરે એવો તેમનો ધર્મ છે, તેથી મારાથી કેમ યાચના થાય? ઇત્યાદિ માન-લજ્જા ધારણ કર્યા વિના ઘેર ઘેર ભિક્ષા માંગવી તે યાચના પરીષહ જીત્યો કહેવાય.

**[૧૫]અલાભ પરીષહ:-**

✡ યાચના કર્યા છતાં જોઇતું ન મળે ત્યારે પ્રાપ્તિ કરતાં અપ્રાપ્તિ ને ખરું તપ ગણીને તેમાં સંતોષ રાખવો તે અલાભ પરીષહ.

✡ નિર્દોષ ભિક્ષા ન મળવી એ અલાભ પરીષહ છે અલાભ પરીષહમાં દીનતા ન કરવી કે તેમાં નિમિત્ત બનનાર ઉપર ક્રોધ ન કરવો એ પરીષહ જય છે.

✡ માગવાથી પણ ન આપે, કોઇ પાસે વસ્તુ હોય છતાં ન આપે તો પણ મનમાં જરાયે દીનતા લાવ્યા વિના સમભાવમાં રહેવું તે અલાભ પરીષહ

✡ જરૂરીયાતવાળી વસ્તુઓ ન મળવાથી મનમાં જરાપણ ઉદ્વેગ લાવે નહીં, પરંતુ અંતરાય કર્મનો ઉદય વિચારી જરૂરીયાત વાળી વસ્તુ વિના ચલાવી લઇ આત્મભાવમાં રમણતા કરે તેને અલાભ પરીષહ જય કહેવો.

✡ માન અને લજ્જા છોડીને ઘેર ઘેર ભિક્ષા માગવા છતાં પણ વસ્તુ ન મળે તો લાભાન્તરાય કર્મનો ઉદય છે અથવા સહેજે તપ વૃધ્ધિ થાય છે એમ સમજી ઉદ્વેગ ન કરવો તે અલાભ પરીષહ જય કહેવાય.

**[૧૬]રોગ પરીષહ:-**

✡ કોઇપણ રોગમાં વ્યાકુળ ન થતાં સમભાવ પૂર્વક તેને સહન કરવો તે રોગ પરીષહ.

✡ શરીરમાં રોગ થવો તે રોગ પરીષહ. રોગમાં ચિંતા કર્યા વિના શાસ્ત્રોકત વિધિએ તેને પ્રતિકાર કરવો તે રોગ પરીષહ જય -શરીરમાં રોગાદિ ઉત્પન્ન થયે વ્રત-નિયમનો ભંગ કરીને રોગને દૂર કરવાના ઉપાયો ન કરે તે રોગ પરીષહ જય જાણવો.

✡ તાવ,ઝાડા આદિ રોગ પ્રગટ થતાં જિનકલ્પી આદિ કલ્પવાળા મુનિઓ તે રોગની ચિકિત્સા ન કરાવે, પણ પોતાના કર્મનો વિપાક ચિંતવે, અને સ્થવિર કલ્પી ગચ્છવાસી મુનિ હોય,તે આગમોકત વિધિ પ્રમાણે નિરવદ્ય ચિકિત્સા કરાવે અને તેથી રોગ શાન્ત થાય અથવા ન થાય તો પણ હર્ષ કેઉદ્વેગ ન કરે તેને રોગપરીષહ જીત્યો કહેવાય.

**[૧૭]તૃણ સ્પર્શ પરીષહ:-**

✡ સંથારામાં કે અન્યત્ર તૃણ આદિની તીક્ષ્ણતા નો કે કઠોરતા નો અનુભવ થાય ત્યારે મૃદુ શય્યામાં રહે તેવો ઉલ્લાસ રાખવો એ તૃણ પરીષહ.

✡ વિશિષ્ટ કલ્પવાળા મુનિ તથા પ્રસંગોચિત્ત સ્થવીર કલ્પી સાધુઓને ઘાસનો સંથારો કરવાનું બને છે ત્યારે તૃણના સંથારામાં સળી ખુંચવી વગેરે વેદના સમભાવે સહન કરવી એ તૃણ પરીષહ જય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ મહાત્માઓએ સૂકા ઘાસ નો સંથારો કરે ત્યારે તે ઘાસ ઉપર પાથરવાનું વસ્ત્ર યોગ્ય ન હોવાથી ઘાસ નો સ્પર્શ ખૂંચે અથવા કાંટા વાગેતો તે વખતે દુર્ધ્યાન ન કરે પણ સમ્યગ્ ભાવે તેને સહન કરે તે તૃણ સ્પર્શ પરીષહ જય જાણવો.

**[૧૮]મલ પરીષહઃ-**

✡ ગમે તેટલો શારીરિક મેલ થાય છતાં તેમાં ઉદ્વેગ ન પામવો તથા સ્નાન આદિ સંસ્કારો ન ઇચ્છવા તે મલ પરીષહ

એ મેલને દૂર ન કરવો,દૂર કરવાની ઇચ્છા પણ ન થવીતે પરીષહ જયં જાણવો.

✡ શરીરે ધૂળ લાગે કે પરસેવા સાથે મળીને શરીર મેલવાળું થાય, ઉનાળામાં શરીરે ઘણા વખતનો ચોંટેલો મેલ દુગન્ધ મારતો હોય અને કંટાળો ઉપજે તો પણ તેનાથી કંટાળે નહીં, દૂર કરવાની ઇચ્છિા કરે નહીં તે મલ પરીષહ જય.

✡ સાધુને શૃંગાર વિષયના કારણરૂપ જળ સ્નાન હોય નહીં,તેથી પરસેવા વગેરેથી ઘણો મેલ લાગે, શરીરે દુર્ગન્ધ ફેલાય તો પણ તેને સમ્યગ્ ભાવે સહન કરે, ઉદ્વેગ ન પામે તે મલ પરીષહ જય.

**[૧૯]સત્કાર પુરસ્કાર પરીષહઃ-**

✡ ગમે તેટલો સહકાર મળવા છતાં ન ફુલાવું અને ન મળે તો ખિન્ન ન થવું. તે સત્કાર પુરસ્કાર પરીષહ.

✡ સત્કાર સન્માનની પ્રાપ્તિ એ સત્કાર પુરસ્કાર પરીષહ છે તેમાં હર્ષ ન કરવો એ પરીષહ જય છે.

✡ વસ્ત્ર,પાત્ર,આહાર, પાણી વગેરે બીજા પાસેથી લેવાના હોય છે તે સત્કાર પૂર્વક આપે કે અપમાન પૂર્વક આપે. પુરસ્કાર એટલે માન-પાન વંદન-આસન પ્રદાન વગેરે આ સત્કાર કે પુરસ્કાર ન મળે છતાં દ્વેષ ન કરે, મળેતો રાગ-રતિ પ્રમોદ વગેરે ધારણ નકરે તે સત્કાર પુરસ્કાર પરીષહ જય જાંણવો.

**[૨૦]પ્રજ્ઞા પરીષહઃ-**

✡ પ્રજ્ઞા- ચમત્કારી બુધ્ધિ હોય તેનો ગર્વ નકરવો અને ન હોય તો ખેદ ન કરવો તે પ્રજ્ઞા પરીષહ જય.

✡ વિશિષ્ટ બુધ્ધિની પ્રાપ્તિ એ પ્રજ્ઞા પરીષહ છે. તેમાં ગર્વ ન કરવો એ પરીષહ જય છે.

✡ શાસ્ત્રાદિક ભણવામાં પોતાની બુધ્ધિ સારીકામ આપતી હોય, છતાં તેનો જરાપણ ગર્વ ન ધારણ કરે, અથવા જડ બુધ્ધિ હોય તો તેથી ખેદ ધારણ ન કરે માત્ર પોતાના જ કર્મ વિપાકની ચિંતવના કરે તને પ્રજ્ઞા પરીષહ જય સમજવો.

✡ પોતે મોટા સમુદાયને માન્ય પ્રાજ્ઞ હોવા છતાં પોતાની બુધ્ધિનો ગર્વ નકરે. પણ પોતાની છદ્મસ્થતા વિચારે પોતાની વાતનો લોકો સ્વીકાર કરે યા ઉહાપોહ કરે તો પણ પોતે મનમાં દુઃખ ન ધરે તેને પ્રજ્ઞા પરીષહ જય જાણવો.

✡ પોતે બહુશ્રુત હોવાથી અનેક લોકોના પ્રશ્નોના ઉત્તર આપી સંતુષ્ટ કરે અને અનેક લોકો તે બહુશ્રુત બુધ્ધિની પ્રશંસા કરે, તેથી તે બહુશ્રુત પોતાની બુધ્ધિનો ગર્વ ધરી હર્ષ નકરે, પણ એવું વિચારે કે ''પૂર્વે મારાથી પણ અનંતગુણ બુધ્ધિવાળા જ્ઞાનીઓ થયા છે, ત્યારે હું કોણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર? તો તેને પ્રજ્ઞા પરીષહ જીત્યો કહેવાય

**[૨૧]અજ્ઞાન પરીષહ:-**

✡ વિશિષ્ટ શાસ્ત્ર જ્ઞાનથી ગર્વિત ન થવું અને તેના અભાવમાં આત્મામાં લઘુતાગ્રંથિ ન અનુભવવી તેઅજ્ઞાન પરીષહ જય

✡ વિશિષ્ટ જ્ઞાનની અપ્રાપ્તિ ને અજ્ઞાનપરીષહ કહે છે.

અજ્ઞાનતા ને લીધે, કોઇ એમ કહે કે , ''આ અજ્ઞાન છે, પંગુ સમાન છે, એને કશી ગતાગમ નથી'' ઇત્યાદિ આક્ષેપ તિરસ્કારમાં સમતા રાખવી એ પરીષહ જય છે.

✡ શ્રુતજ્ઞાન હોય તેનો ગર્વ નકરે અને અક્ષરપણ ન ચડે તો ખેદ ન કરે પણ પૂર્વભવના જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કે ઉદય માનીને સમભાવ કેળવે. સહન કરે તે અજ્ઞાન પરીષહ જય

✡ પોતાને સૂક્ષ્મબોધ ન હોવાથી અન્ય જીવોને બોધ કરવાની કુશળતા પોતાનામાં નથી, એમ સમજીને દુઃખ ન ધરે પણ સમભાવે પોતાના આત્માને ધર્મ માર્ગમાં સ્થિર રાખે તેને અજ્ઞાન પરીષહ જય જાણવો.

**[૨૨]અદર્શન પરીષહ:-**

✡ સૂક્ષ્મ અને અતીન્દ્રિય પદાર્થોનું દર્શન ન થવાથી સ્વીકારેલ ત્યાગ નકામો ભાસે, ત્યારે વિવેકી શ્રધ્ધા કેળવી તે સ્થિતિમાં પ્રસન્ન રહેવું તે અદર્શન પરીષહ.

✡ શાસ્ત્રોનાં રહસ્યો ન સમજાય, પર દર્શનના પ્રત્યક્ષ ચમત્કારો દેખાય વગેરે સમ્યગ્દર્શન થી ચલિત થવાના પ્રસંગોની ઉપસ્થિતિ એ અદર્શન પરીષહ છે. તે પ્રસંગોમાં સમ્યગ્દર્શન થી ચલિત ન થવું એ અદર્શન પરીષહ જય.

✡ નિશ્ચય શુધ્ધ સમ્યક્ત્વ સહિત પણાનો પોતાનામાં તત્વાર્થ પ્રતિની શ્રધ્ધાનો અર્થાત્ શમ-સંવેગાદિ લક્ષણો વડે નિશ્ચય ન કરી શકવાથી, પ્રાપ્ત તત્વ બોધ [-શ્રધ્ધા]થી ચલિત ન થાય તેને અદર્શન પરીષહ જય જાણવા.

✡ અનેક કષ્ટ અને ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં પણ સર્વજ્ઞભાષિત ધર્મની શ્રધ્ધાથી ચળાયમાન નથવું, શાસ્ત્રોના સૂક્ષ્મ અર્થ ન સમજાય તો વ્યામોહ ન કરવો. પરદર્શનમાં ચમત્કાર દેખી મોહ ન પામવો ઇત્યાદિ અદર્શન પરીષહ જય કહેવાય.

**આ પરીષહો જ્ઞાનવરણ,વેદનીય,દર્શન મોહનીય,ચારિત્ર મોહનીય અને અંતરાય એ પાંચ પ્રકારની પ્રકૃત્તિ ઓના ઉદયથી ઉત્પન્ન થાય છે જેનુંવર્ણન આગામી સૂત્ર ૭:૧૩ થી ૭:૧૬ માંઅપાયેલુંછે.**

❑ **[8]સંદર્ભ:-**

✡ **આગમ સંદર્ભ:-** बावीसापरीसहा पण्णत्ता,तं जहा दिगिंछा परीसहे, पिवासा परीसहे सीतपरीसहे उसिणपरीसहे दंसमसगपरीसहे अचलपरीसहे अरइपरीसहे इत्थी परीसहे चरीआपरीसहे निसीहिया परीसहे सिज्जापरीसहे अककोसपरीसके वहपरीसहे जायणापरीसहे अलाभपरीसहे रोगपरीसहे तणफास परीसहे जल्लपरीसहे सक्कार परीसहे पण्णापरीसहे अण्णाण परीसहे दंसणपरीहसे ✤ **सम० २२ एवं. ✤उत्त० अ.२-गा.१**

✡ **તત્વાર્થ સંદર્ભ:-**

(१)ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ९:१३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(२)दर्शनमोहान्तराययोरदर्शनलाभौ-९:२४
(३)चारित्रमोहेनाग्न्यारतिस्त्रीनिषद्याक्रोशयाचना० ९:१५
(४)वेदनीय शेषा-९:१६

✡અન્ય ગ્રન્થ સંદર્ભઃ-

(૧)નવતત્વ પ્રકરણ ગાથા ૨૦
(૨)કાળલોક પ્રકાશ-સર્ગઃ૩૦ શ્લોક-૩૬૪-૩૬૫

❑ [9]પદ્યઃ-

(૧) ક્ષુધા પિપાંસા શીત ઉષ્ણ દંશમશક પરીષહો
નગ્નતા અરતિ સ્ત્રી ચર્યા મુનિ સદા સહતાઅહો
નિષધા શય્યા વળી આક્રોશ વધને યાચના
અલાભ રોગને સ્પર્શતૃણનો મલિનતાને માનવા
પ્રજ્ઞા અજ્ઞાન વળી અદર્શન સર્વ સંખ્યા મે સુણી
બાવીશની તે થાય સારી પરીષહ સહતા ગુણી

(૨) ક્ષુધા તૃષા શીત ઉષ્ણ નગ્ન દંશ મશક અરતિ અહો
સ્ત્રીને નિષધા ચર્યા શય્યા આક્રોશ વધ યાચના વહો
અલાભ રોગ તૃણ સ્પર્શ મલત્વ પુરસ્કાર સત્કાર રહો
પ્રજ્ઞાને અજ્ઞાન અદર્શન જૈન નિર્જરા પરીષહો

❑ [10]નિષ્કર્ષઃ- આ રીતે સંવરના ઉપાયો તરીકે પરીષહોનું જે વર્ણન કર્યુ તેમાં મુખ્ય વાતતો એકજ છે કે આવેલા પરીષહો ને સમભાવથી સહન કરવા અને તદ્જન્ય રાગ-દ્વેષની પરીણતિ થી સર્વથા મુકત થવા પ્રયત્ન કરવો. આ રાગ-દ્વેષની પરિણતી એ જ સમગ્ર સંસારની જડ છે જો જીવ તેમાંથી પોતાના પરિણામો ને પાછા ખેંચે અર્થાત્ તેનાથી આત્મા જેટલો અળગો રહે તેટલે અંશે આત્મવિકાસ સધાતો જવાનો છે. અને સંવર પણ થવાનો છે. આ સંવર યુકતતા સહ ગુણસ્થાનક નો ક્રમારોહ એ જ મોક્ષનો ઉપાય છે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ૧૦

❑ [1]સૂત્રહેતુઃ-આ સૂત્ર રચનાનો હેતુ સંયતની અમુક કક્ષાના સંદર્ભમાં પરીષહો ની વિચારણા કરવાનો છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-*सूक्ष्मसम्परायछद्मस्थवीतरागयोश्चतुर्दशः

❑ [3]સૂત્રઃપૃથક્-सूक्ष्म सम्पराय - छद्मस्थ - वीतरागयोः चतुर्दश ।

❑ [4]સૂત્રસારઃ-સૂક્ષ્મસમ્પરાય [ચારિત્ર વાળાને] અને છદ્મવીતરાગ [ચારિત્ર વાળા ]ને ચૌદ [પરીષહ હોય છે] [ચૌદ પરીષહ આ પ્રમાણે છે -ક્ષુધા,પિપાસા,શીત, ઉષ્ણ, દંશમશગ,ચર્યા,પ્રજ્ઞા,અજ્ઞાન,અલાભ,શય્યા,વધ,રોગ,તૃણસ્પર્શ અને મલ]

*सूक्ष्मसाम्परायछद्मस्थवीतरागयोश्चतुर्दश એ પ્રમાણેનું સૂત્ર દિગમ્બર આમ્નાયમાં છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**सूक्ष्मसम्पराय**-સૂક્ષ્મસમ્પરાય નામક ગુણસ્થાનક

**छद्मस्थवीतराग**-છદ્મસ્થ વીતરાગ નામક ગુણસ્થાનક

**चतुर्दश**-ચૌદ, (ક્ષુધા-પિપાસાદિ ઉપર કહ્યા મુજબ)

❑ [6]અનુવૃત્તિઃ-

(૧)मार्गाच्यवननिर्जरार्थ० સૂત્ર-૯:૮ થી परीषहा:ની અનુવૃત્તિ

(૨)क्षुत्पिपासाशीतोष्ण० સૂત્ર-૯:૯ થી પરીષહોના નામો

❑ [7]**અભિનવટીકાઃ**-આ સૂત્ર થકી સૂત્રકાર મહર્ષિ આ ૨૨ પરીષહ ના અધિકારી કે સ્વામીનો ગુણસ્થાનકને[આત્મવિકાસસકક્ષાને] આશ્રીને નિર્દેશ કરે છે. જેની વ્યાખ્યા ''સૂત્ર સારમાં'' ટૂંકી અને સ્પષ્ટ, આપેલી છે તેથી સૂત્રના શબ્દો અનુસાર તેની અભિનવટીકા તથા વિશેષતા અહીં મુદ્દાસર રજૂ કરેલ છે

✤ **સૂક્ષ્મસમ્પરાયઃ-**

✡ આ ગુણ સ્થાનકે[કક્ષાએ] सम्पराय અર્થાત્ લોભ કષાયનો ઉદય ઘણો જ સૂક્ષ્મ રહે છે. તેથી તેને સૂક્ષ્મસમ્પરાય ગુણ સ્થાનક કહેવામાં આવે છે.

✡ કર્મગ્રન્થાદિની દ્રષ્ટિએ સૂક્ષ્મસમ્પરાય એ દશમું ગુણ સ્થાનક છે .

✡ લોભ નામક કષાયના બાદર ખંડો તો નવમે ગુણઠાણે જ છૂટા પડી જાય છે, દશમે ગુણઠાણે સૂક્ષ્મ લોભના પરમાણુઓ વેદાય છે.

✡ સૂત્રકારે सूक्ष्मसम्पराय શબ્દનો અર્થ સ્વોપજ્ઞભાષ્યમાં सूक्ष्मसम्परायसंयत એટલો જ કરેલો છે. સમગ્ર અધ્યાયમાં કયાંય ગુણ સ્થાનક શબ્દ આવતો નથી. અહીં દરેક ટીકાકાર દશમે ગુણઠાણે એવો જે અર્થ કરે છે તેના મૂળમાં કર્મગ્રન્થાદિ સાહિત્ય છે.

કર્મગ્રન્થમાં આવતા ગુણ સ્થાનક [કિ ગુણઠાણા] ના સુપ્રસિધ્ધ વર્ણનને આધારે सूक्ष्मसम्पराय એટલે દશમું ગુણ સ્થાનક એવો અર્થ અહીં કરાતો જોવા મળે છે. સિધ્ધસેનીય ટીકામાં પણ આ ગુણ સ્થાનક ને દશમાં ગુણઠાણા રૂપે કહેવાયું છે. **છતાં આ વાતનોંધપાત્ર છે કે તત્વાર્થસૂત્રમાં કે તેના ભાષ્યમાં કયાંયે ગુણ સ્થાનક શબ્દનો** ઉલ્લેખ સુધ્ધા આવતો નથી. વળી સૂત્ર ૯:૪૭ सम्यगद्दष्टि....गुणनिर्जरा: સૂત્રમાં ચોથાથી તેરમા ગુણ સ્થાનક પર્યન્તના દશ ગુણઠાણા ને રજૂકરતી હોય તેવી જે નિર્જરા શ્રેણી રજૂ કરી છે તેમાં પણ આ શબ્દોનો કયાંય પ્રયોગ કરાયો નથી.

તેથી सूक्ष्मसम्पराय નો અર્થ માત્ર ''લોભ કષાય નો ઉદય અતિ સૂક્ષ્મ હોય તેવી અવસ્થા'' એટલો જ સમજીને ૧૪ પરીષહો જાણવા.

-અથવા તો પ્રસિધ્ધ કાર્મગ્રન્થિક મતાનુસાર દશમે ગુણઠાણે આ ૧૪ પરીષહો હોવાનું પણ સમજી શકાય છે.

✤ **छद्मस्थवीतराग:-**

છદ્મસ્થ વીતરાગ એટલે જેમણે મોહનીય કર્મને સર્વથા ઉપશમાવેલ છે અથવા મોહનીય કર્મનો સર્વથા ક્ષય કર્યો છે, પરંતુ શેષ છદ્મ કર્મો હજુ તેના વિદ્યમાન છે. તેને છદ્મસ્થ વીતરાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયત કહ્યા છે. અહીં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણે છદ્મ કર્મોના અસ્તિત્વ ને લીધે તેને છદ્મસ્થ કહ્યું છે અને મોહનીય ના સંપૂર્ણ ક્ષય કે ઉપશમને કારણે રાગ ન વર્તતો હોવાથી તેને વીતરાગ કહેલા છે. આવા છદ્મસ્થ વીતરાગને ચૌદ પરીષહ હોય છે.

હવે જો કર્મગ્રન્થ પ્રસિધ્ધ ગુણસ્થાનક ને આધારે આ વાત ઘટાવીએ તો અહીં બે અર્થો સ્વીકારવા પડશે

(૧)જયાં મોહનીય નો સર્વથા ઉપશમ થયો છે અને ઘાતી કર્મોને કારણે [જ્ઞાનાવરણ, દર્શનાવરણ અંતરાયને કારણે] છદ્મસ્થ છે તે **ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ** નામક અગીયારમું ગુણઠાણું.

(૨)જયાં મોહનીયનો સર્વથા ક્ષય થયો છે અને જ્ઞાનાવરણ, દર્શનાવરણ અંતરાય એ શેષ છદ્મ કર્મો હજુ વિદ્યમાન છે તે **ક્ષીણ કષાય વીતરાગ છદ્મસ્થ** નામક બારમું ગુણઠાણું છે.

આટલી વ્યાખ્યાનો સાર એ કે **અગીયારમા બારમા વીતરાગ છદ્મસ્થ ગુણ સ્થાનકે આ ચૌદ પરીષહો હોય છે** અથવા તો ઉપરોકત છદ્મસ્થ વીતરાગની વ્યાખ્યાનુસાર ના સંયત ને ચૌદ પરીષહો હોય છે.

✤ **चतुर्दश**:- ચૌદશબ્દ એ પરીષહોનું સંખ્યાવાચી વિશેષણ છે. પણ તેમાં કયા ચૌદ પરીષહો લેવાં તે નક્કી થઇ શકે નહીં. તો પછી અહીં क्षुत् पिपासा આદિ ચૌદ નક્કી કઇ રીતે કર્યા?

(૧)સ્વોપજ્ઞ ભાષ્યમાં આપેલ ચૌદ નામોને આધારે.

(૨)માનો કે ફકત સૂત્ર ઉપરથી જ આ સાબિતિ આપવી હોયતો પરસ્પર સૂત્ર સંબંધો ને સમજીને પણ આ ચૌદનામો આપી શકાય.

સૂત્ર ૯:૧૪ -दर्शनमोह....अदर्शन॰

સૂત્ર ૯:૧૫ चारित्र मोहे.....नाग्न्याऽरतिस्त्रीनिषद्याऽऽक्रोशयाचनासत्कारपुरस्कारा:

હવે જયારે મોહનીય નો અત્યંત અલ્પ ભાવ હોય, ઉપશમ હોય કે ક્ષય થયો હોય તે સંજોગોમાં મોહનીય કર્મના ઉદયથી થતાં આ અદર્શન, નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષધા, આક્રોશ, યાચના, સત્કાર, પુરસ્કાર, એ પાઠ પરીષહોમાં આ આઠ પરીષહો થવાના નથી માટે સ્વાભાવિક જ છે કે બાકીના ૧૪ પરીષહો ને જ પરીષહ રૂપે ગણીને અહીં નોંધવા પડે છે.

-જે નોંધ સ્વોપજ્ઞ ભાષ્યમાં સીધેસીધી જ આપી છે.

✤ **ચૌદ પરીષહોના નામઃ-**

(૧)ક્ષુધા, (૨)પિપાસા (૩)શીત (૪)ઉષ્ણ (૫)દંશમશગ (૬)ચર્યા, (૭)પ્રજ્ઞા (૮)અજ્ઞાન, (૯)અલાભ (૧૦)શય્યા (૧૧)વધ (૧૨)રોગ (૧૩) તૃણ સ્પર્શ (૧૪)મલ-પરીષહો

✤ **પ્રશ્નઃ** [દશમે ગુણ સ્થાનકે] સૂક્ષ્મસમ્પરાય સંયતને લોભ કષાય મોહનીયનો સૂક્ષ્મ ઉદય વર્તતો હોય છે તો પછી તેને ચૌદ પરીષહ કેમ ગણો છો?

**સમાધાનઃ-** સૂક્ષ્મસમ્પરાય સંયતને લોભ મોહનીયનો ઉદય અત્યંત સૂક્ષ્મ હોવાથી તે સ્વીકાર્ય કરવા અસમર્થ હોય છે. પરીણામે તદ્જન્ય પરીષહો નો અભાવ વર્તે છે તેથી જ અહીં ૧૪ પરીષહોની ગણના થયેલી છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✤ **પ્રશ્નઃ**- જે -૧૪ પરીષહો ઉપર ગણાવ્યા છે તે ચૌદની ગણના કયા કર્મના ઉદયથી થાય છે

**સમાધાનઃ**-

✡ (૧)જ્ઞાનાવરણ કર્મ જન્ય બે :- (૧)પ્રજ્ઞા (૨)અજ્ઞાન

✡ (૨)લાભાંતરાય કર્મજન્ય એકઃ- (૧)અલાભપરીષહ

✡ (૩)બાકીના વેદનીય કર્મજન્ય -૧૧

(૧)ક્ષુધા (૨)પિપાસા (૩)શીત (૪)ઉષ્ણ (૫)દંશમશક (૬)ચર્યા (૭)શય્યા (૮)વધ (૯)રોગ (૧૦)તૃણ (૧૧) મળ

❏ **[8] સંદર્ભઃ**-

✡ **આગમ સંદર્ભઃ**- सरागछउमत्थकतिपरीसहा पण्णत्ता ? गोयमा ! चोद्दसपरीसहा पण्णत्ता ✤ **भग० श.८,उ.८,सू.३४३-११**

✡ **તત્વાર્થ સંદર્ભઃ**-

(૧)ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने-सूत्र. ९:१३

(૨)दर्शनमोहान्तराययोरदर्शनालाभौ सूत्र.९:१४

(૩)चारित्रमोहेनाग्न्यारतिस्त्रीनिषद्या० सूत्र. ९:१५

(૪)वेदनीयेशाषाः सूत्र. ९:१६

✤ **અન્ય સંદર્ભઃ**-

(૧)નવતત્વ ગાથાઃ૨૮ ના વિવેચનને આધારે

(૨)કર્મગ્રન્થ બીજો-ગાથા-૨ વિવરણ-ગુણ સ્થાનક

(૩)કાળ લોક પ્રકાશ-સર્ગ ૩૦ શ્લોક ૩૬૬થી ૩૭૩

❏ **[9]પદ્યઃ**-

(૧) સંપરાય સૂક્ષ્મ દશમા ગુણના ધારક મુનિ
છદ્મસ્થધારી વીતરાગી સહે ચૌદ પરીષહી

(૨) અધિકારી પરત્વેને ચૌદ પરીષહો રહ્યા
સૂક્ષ્મ સંપરાયોને છદ્મસ્થ વીતરાગને

❏ **[10]નિષ્કર્ષઃ**- અહીં સૂત્રકારે સંયત[ અર્થાત્ આયુ] ની બે કક્ષા જણાવી છે (૧) સૂક્ષ્મસમ્પરાય અને (૨) છદ્મસ્થ વીતરાગ. આ બંને કક્ષાએ પરીષહોની સંખ્યા ચૌદની જ કહેલી છે. આટલી વાત ઉપરથી નિષ્કર્ષયોગ્ય મુદ્દો એકજ છે, સંયતની સંયમ કક્ષા કે આત્મ વિકાસ કક્ષા જેટલી આગળ વધે, કે ઉચ્ચે પંથે ગતિ કરે તેટલી તે-તે સાધુઓને સહન કરવાના પરીષહોની સંખ્યા પણ ઘટતી જાય છે અર્થાત્ જો પરીષહો થી સર્વથા મુકત થવું હોય તો એક જ માર્ગ છે. આત્મ વિકાસની કક્ષા એટલી ઉંચે લઇ જવી કે જેથી પરીણામ સ્વરૂપે એકપણ પરીષહ નું અસ્તિત્વ જ ન રહે.

આ વિકાસકક્ષા એટલે સયોગી-અયોગી ગુણસ્થાનક અને છેલ્લે મોક્ષ. જો મોક્ષને પામવાનો પુરુષાર્થ કરશો તો જ પરીષહ મુકત અવસ્થાને પામી શકશે.

❏ ❏ ❏ ❏ ❏ ❏ ❏

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાયઃ૯-સૂત્રઃ૧૧

❑ [1]સૂત્રહેતુઃ-સયોગી કેવળી -જિનને કેટલા પરીષહો હોય તે સંબંધિ વિચારણા આ સૂત્રમાં કરવામાં આવી છે.

❑ **[2]સૂત્રઃમૂળઃ-एकादश जिने**

❑ [3]સૂત્રઃપૃથક્:-एकादश - जिने

❑ **[4]સૂત્રસારઃ-જિનમાં અગિયાર [પરીષહો] સંભવેછે- ક્ષુધા,પિપાસા, શીત,ઉષ્ણ,દંશમશક,ચર્ચા,શય્યા,વધ,રોગ,તૃણસ્પર્શ,મલ.]**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**एकादश**-અગીયાર **जिने** -જિન-માં

❑ [6]અનુવૃત્તિઃ-

(૧)मार्गाच्यवननिर्जरार्थं॰ सूत्र. ९:८ थी परिषहा:

(२)क्षुत्पिपासाशीतोष्णदंशमशक॰ सूत्र.९:९ थी અગીયાર પરીષહોના નામો

❑ [7]અભિનવટીકાઃ-અહીં સૂત્રકાર મહર્ષિ ફકત જિનને આશ્રીને પરીષહોની સંખ્યા જણાવતા સ્વોપજ્ઞ ભાષ્યમાં કહે છે કે -''વેદનીય કર્મજન્ય અગ્યાર પરીષહોનો જિનમાં સંભવ છે'' આ વિધાન નું સ્પષ્ટીકરણ આ અભિનવટીકા થકી કરેલ છે

✤ જિનઃ- અહીં સૂત્રમાં સપ્તમ્યન્ત એવું जिने પદ વપરાયું છે

-સામાન્ય થી जिन નો અર્થ વીતરાગ પરમાત્મા કરવામાં આવે છે. જે અર્થ नमुत्थुणं સૂત્રમાં જોવા મળે છે

-जिन નો બીજો અર્થ કેવળી પણ થાય છે ''जयतिरागद्वेषमोहरूपान्तरङ्गान्‌रिपून इति।

-जिन એટલે મોહનીય કર્મની ૨૮ પ્રકૃત્તિ, જ્ઞાનવરણની ૫-પ્રકૃત્તિ, દર્શનાવરણની ૯-પ્રકૃત્તિ તથા અંતરાય કર્મની-૫ પ્રકૃત્તિ એમ મૂળ ચાર કર્મ પ્રકૃત્તિ ની આ ૪૭ પ્રકૃત્તિનો ક્ષય કરનાર કેવળી. **સારાંશ એકે અહીં જિનનો અર્થ ''કેવળી'' એવો લેવાનો છે**

✤ **एकादशઅગીયારઃ**-આ અગીયાર શબ્દ એ સંખ્યાવાચી શબ્દ છે. જે પરીષહ શબ્દના વિશેષણ રૂપે અહીં મુકાયેલો છે.તેનો અર્થ અગ્યાર પરીષહો એવો સમજી લેવાનો છે.

✤ **પરીષહઃ**- શબ્દની ઉપરોકત સૂત્ર ૯:૮ થી અનુવૃત્તિ કરવામાં આવી છે કેમ કે અહીં परीषह નો જ વિષય ચાલુ છે.

✤ **પ્રશ્નઃ**- સ્વોપજ્ઞ ભાષ્યમાં वेदनीय-आश्रया: એવું કેમ કહ્યું?

**સમાધાનઃ**-સૂત્રકાર પોતે હવે પછીના સૂત્ર-૧૩ થી ૧૬માં કયા કર્મને કારણે કયા કયા પરીષહો હોય છે તે જણાવવાના છે.

-તેમાં મોહનીય,જ્ઞાનાવરણ,અંતરાય અને વેદનીય કર્મ આશ્રીને આ ૨૨ પરીષહોના વિભાગો કરેલા છે

-કેવળી ભગવંત મોહનીય,જ્ઞાનાવરણ,દર્શનાવરણ અને અંતરાય એ ચારે કર્મો[જેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્મગ્રન્થિક પરિભાષામાં ઘાતી કર્મો કહે છે] નો સર્વથા ક્ષય થઇ ગયો હોય છે.

-પરિણામે કેવળી ભગવંતોને મોહનીયજન્ય આઠ,જ્ઞાનાવરણ જન્ય બે,અંતરાય જન્ય એક એમ કુલ અગીયાર પરીષહોનો સંભવજ રહેતો નથી કારણ કે તેના જનક કર્મોનો જ નાશ થઇ ગયો છે

-વેદનીયકર્મ હજી ક્ષય પામેલ ન હોવાથી આ અગીયાર પરીષહોનો સંભવ રહે છે. તેથી સૂત્રકારે સ્વોપજ્ઞ ભાષ્યમાં वेदनीय आश्रया: એવું વિધાન કરેલ છે.

**સારાંશ એ જ કે વેદનીયકર્મ જન્ય અગીયાર પરીષહો નો કેવળી ને સંભવ રહે છે.**

✤ **પ્રશ્નઃ**- સ્વોપજ્ઞ ભાષ્યમાં सम्भवन्ति એવું પદ કેમ મુકયું?

**સમાધાનઃ**- કેવળી ભગવંત ને વેદનીયકર્મ ક્ષીણ થયું હોતું નથી પરીણામે તદ્જનીત અગીયારે પરીષહો નો સંભવ રહેતો હોવાથી તે સંભવીતતા કે શકયતા ને દર્શાવવા માટે सम्भवन्ति પદ મુકયું .

✤ **કર્મગ્રન્થ મુજબ આ સૂત્રનો અર્થઃ**-

અત્યાર સુધીની ટીકામાં જિન શબ્દનો કેવળી એવો શાસ્ત્રીય અર્થ જણાવીને સમગ્ર વ્યાખ્યા કરેલી છે. કેમ કે તત્વાર્થ સૂત્રમાં એ જ અર્થ સમર્થ છે. પરંતુ કર્મગ્રન્થાનુસાર અહીં ગુણ સ્થાનક ને આશ્રીને આ અર્થ રજૂ કરી શકાય છે.

(૧)તેરમું ગુણ સ્થાનક -''સયોગી કેવલી ગુણ સ્થાનક''

(૨)ચૌદમું ગુણ સ્થાનક-''અયોગી કેવલી ગુણ સ્થાનક''

-જેને મન વચન કાયાનો યોગ વર્તે છે તે સયોગી કેવલી -અને જે કેવલી પરમાત્મા યોગથી રહિત છે તે અયોગી કેવલી. આ તેરમા,ચૌદમાં બંને ગુણ સ્થાનકમાં અગીયાર પરીષહો નો સંભવ રહે છે તેવો અર્થ કાર્મગ્રન્થિક પરિભાષાનુસાર સમજી લેવો.

✤ **અગ્યાર પરીષહો**

(૧)ક્ષુધા પરીષહ, (૨)પિપાસા પરીષહ, (૩)શીત પરીષહ,(૪)ઉષ્ણ પરીષહ, (૫)દંશ મશક પરીષહ, (૬)ચર્યા પરીષહ, (૭)શય્યા પરીષહ, (૮)વધ પરીષહ, (૯)રોગ પરીષહ, (૧૦) તૃણ સ્પર્શ પરીષહ, (૧૧)મલ પરીષહ,

❐ **[8] સંદર્ભઃ**-

✡ **આગમ સંદર્ભઃ**- सजोगिभवत्थकेवलिस्स कति परीसहा पण्णत्ता ? गोयमा एक्कारस परीसहा पण्णत्ता ✤ **भग॰श.८,उ.८,सूत्र.३४३-१३**

✡ **તત્વાર્થ સંદર્ભઃ**-

(૧)ज्ञानावरणेप्रज्ञाऽज्ञाने सूत्र. ९:१३

(२)दर्शनमोहान्तराययोरदर्शनलाभौ -सूत्र. ९:१४

(३)चारित्रमोहेनाग्न्यारतिस्त्री॰ सूत्र. ९:१५

(४)वेदनीये शेषा: सूत्र. ९:१६

✡ **અન્ય સંદર્ભઃ**-

(૧)નવતત્વ ગાથાઃ૨૮ ના વિવેચનને આધારે

(૨)કર્મગ્રન્થ બીજો-ગાથા-૨ વિવરણ-ગુણ સ્થાનક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩)કાળ લોક પ્રકાશ-સર્ગઃ- ૩૦ શ્લોક ૩૬૩થી ૩૭૩

❒ [9]પદ્યઃ-

(૧) સૂત્ર-૧૧ થી ૧૩ નું સંયુકત પદ્ય

જિન વિશે અગીયાર જાણ્યા સર્વ નવ ગુણ સ્થાનમાં
પ્રજ્ઞા અને અજ્ઞાન એ બે પ્રથમ કર્મે જ્ઞાનના

(૨) સૂત્ર ૧૧ અને ૧૨ નું સંયુકત પદ્ય

અગિયાર જિને કિંતુ નવમ ગુણ સ્થાન જયાં
ત્યાં પરીષહ બાવીસ બાદર સંપરાયમાં

❒ [10]નિષ્કર્ષઃ- સૂત્રકારમહર્ષિ જિનને ૧૧ પરીષહ સંભવે છેતેમકહ્યું છે.તેમાં પાયાની વાત તો પૂર્વ સૂત્રમાં કહી તે જ રહેછે. કે જેમ જેમ જીવની આત્મવિકાસ કક્ષા ઉંચી ને ઉંચી થતી જાય તેમ તેમ તેને આવતા કષ્ટોની સંખ્યા ઘટતી જાય છે અર્થાત્ જો તમારે કષ્ટ નિવારણ કરવું છે, સર્વથા કષ્ટો થી મુકત થવુંછે, અનુકૂળ કે પ્રતિકુળ કોઇજ જાતના ઉપસર્ગો થી હવે દૂર થવું છે તો એક માત્ર ઇલાજ છે આત્માની શુધ્ધિ જેમ જેમ આત્મ શુધ્ધિ થતીજશે આત્મા જેમ જેમ વિકાસની નીસરણી ચઢતો જશે તેમ તેમ તે કષ્ટ અર્થાત્ પરીષહો થી મુકત થવાનો જ છે માટે સર્વથા આ સ્થિતિ નિવારવી હોય તો મોક્ષ જ એક માત્ર અંતિમ ઉપાય છે.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

# અધ્યાયઃ૯-સૂત્રઃ૧૨

❒ [1]સૂત્રહેતુઃ-આ સૂત્ર થકી બાદર સંપરાય સંયતને કેટલા પરીષહો હોય તે જણાવે છે.

❒ [2]સૂત્રઃમૂળઃ-***बादरसम्पराये सर्वे**

❒ [3]સૂત્રઃપૃથક્ઃ-बादर - सम्पराये सर्वे

❒ [4]સૂત્રસારઃ- બાદર સમ્પરાય [સંયત] માં બધા [પરીષહો સંભવે છે] **[અર્થાત્ સ્થૂળકષાયના ઉદય પર્યન્ત વર્તતા જીવોને બાવીસે પરીષહો નો સંભવ રહે છે].**

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**बादर**-સ્થૂળ **सम्पराय**-કષાય

**सर्वे**-બધા- અર્થાત્ બધા પરીષહો

❒ [6]અનુવૃત્તિઃ-

(૧)मार्गाच्यवननिर्जरार्थ० સૂત્ર. ૯:૮ परीषहाःની અનુવૃત્તિ

(૨)क्षुत्पिपासाशीतोष्णदंशमशक० સૂત્ર ૯:૯થી ૨૨ પરીષહોની અનુવૃત્તિ

❒ [7]અભિનવટીકાઃ-આ સૂત્રમાં, સંયત સાધુની જે બાદર કષાયની આત્મિક સ્થિતિ, તેને આધારે પરીષહો ની સંખ્યા જણાવેલ છે.આ બાદર કષાયને કર્મગ્રન્થકાર નવમા ગુણ સ્થાનક તરીકે ઓળખાવે છે.

*દિગમ્બર આમ્નાયમાં बादरसाम्पराये सर्वे એ પ્રમાણેનો પાઠ જોવા મળેલ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદર સંપરાય એટલે સ્થૂલ કષાય. જયાં સુધી આ સ્થૂલ કષાયોનું અસ્તિત્વ હોય ત્યાં સુધી એટલે કે નવમા ગુણસ્થાનક [અનિવૃત્તિ બાદર સમ્પરાય-ગુણ સ્થાનક]પર્યન્ત આ બાવીસે પરીષહો નું અસ્તિત્વ સંભવે છે.

**પ્રશ્નઃ**- બાદરસમ્પરાય સંયતને ૨૨-પરીષહો નું અસ્તિત્વ કઇ રીતે કહ્યું?

બાદર સમ્પરાય સંયતોને મોહનીય આદિ આઠે પ્રકારના કર્મોનું અસ્તિત્વ હોય છે. પરીણામે તેને મોહનીય,જ્ઞાનાવરણ,અંતરાય અને વેદનીય એ ચારે પ્રકૃત્તિ જન્ય બાવીસ પરીષહોનું અસ્તિત્વ સંભવે છે.

કર્મગ્રન્થાનુસાર કહીએ તો ''જે જે કર્મોના ઉદયથી પરીષહો આવે છે તે સર્વે કર્મોનોઉદય નવમા ગુણ સ્થાનક સુધી હોવાથી ત્યાં સઘળા પરીષહો સંભવે છે. માટે અહીં બાદર સમ્પરાય સુધીના સંયતને ૨૨-પરીષહો નો સંભવ કહેલો છે.

✤ **વિશેષઃ-**

(૧)બાદર સમ્પરાયમાં બાવીશ પરીષહોનો સંભવ કહેવાથી તે પૂર્વેની તમામ આત્મા કક્ષાએ [અર્થાત્ કર્મગ્રન્થાનુસાર કહીએ તો તે પૂર્વેના ગુણ સ્થાનોમાં પણ] આ બાવીસે પરીષહો નો સંભવ હોય છે તેમ સમજી જ લેવું.

(૨)દિગમ્બર સંપ્રદાયમાં તો સ્પષ્ટ અર્થજ એ રીતે લખ્યો કે ''પ્રમત્ત સંયત થી માંડીને બાદર સમ્પરાય સુધીની કક્ષાના બધાંજ સાધુઓને મોહનીયાદિકર્મ નિમિત્તને કારણે સઘળાં પરીષહો સંભવે છે. [અર્થાત્ ૬ થી ૯ ગુણઠાણા સુધી ૨૨-પરીષહ સંભવે છે.]

❐ **[8] સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ**- सत्तविहबंधगस्स णं भंते कति परीषहा पण्णत्ता ? गोयमा ! बावीसपरीसहा पण्णत्ता...अट्ठविह बंधगस्स णं अपि बावीसं परिसहा। ✤ **भग० श.८,उ.८,सू.३४३–९,१०**

✡ **તત્વાર્થ સંદર્ભઃ**- क्षुत्पिपासाशीतोष्णदंश० सूत्र. ९:९

✡ **અન્ય ગ્રન્થ સંદર્ભઃ-**

(૧)કર્મગ્રન્થ બીજો ગાથા-૨ -વિવરણ

(૨)નવતત્વ ગાથા-૨૮ -વિવરણ

❐ **[9]પદ્યઃ-**

આ સૂત્રના બંને પદ્યો આ પૂર્વેના સૂત્રઃ૧૨ ના પદ્યો ની સાથે સંયુકત પણે કહેવાઇ ગયા છે.

❐ **[10]નિષ્કર્ષઃ**- આ સૂત્રમાં બાદર સમ્પરાય પર્યન્તના સંયત ને ૨૨- પરીષહોનું અસ્તિત્વ છે તેમ કહ્યું પણ તેનું કારણ શું? તો કહે છે કે માત્ર કર્મોનું અસ્તિત્વ એ જ એક કારણ છે. આઠ પ્રકારના કર્મોનું અસ્તીત્વ બાવીસે પ્રકારના પરીષહોનું નિમિત્ત છે. જો આપણે પરીષહોમાંથી મુકત થવું હોય તો તેના નિમિત્ત રૂપ એવા કર્મોના પંજામાંથી મુકત થવું જોઇએ. આ કર્મોના પંજામાંથી મુકત થવું એટલે સંવર અને નિર્જરા તત્વની ઉપાસના કરવી અને સંવર અને નિર્જરા તત્વની ઉપાસનાનું પારંપરીક પરિણામ એટલે મોક્ષ.

❐ ❐ ❐ ❐ ❐ ❐ ❐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાયઃ૯-સૂત્રઃ૧૩

❑ [1]સૂત્રહેતુઃ- જ્ઞાનાવરણ કર્મના ઉદયથી કયા પરીષહ આવે તે જણાવવા.

❑ [2]સૂત્રઃમૂળઃ- **ज्ञानावरणे प्रज्ञा-अज्ञाने**

❑ [3]સૂત્રઃપૃથક્ઃ- ज्ञानावरणे प्रज्ञा - अज्ञाने

❑ [4]સૂત્રસારઃ- જ્ઞાનાવરણ [કર્મના ઉદય]માં પ્રજ્ઞા અને અજ્ઞાન [એ બે પરીષહો હોય છે]

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**ज्ञानावरणे**-જ્ઞાનાવરણ કર્મના ઉદયમાં

**प्रज्ञा**-પ્રજ્ઞા નામક પરીષહ **अज्ञान**-અજ્ઞાન નામક પરીષહ

❑ [6]અનુવૃત્તિઃ- मार्गाच्यवननिर्जरा॰ सूत्र. ९:८ थी परीषहा

❑ [7]અભિનવટીકાઃ-જ્ઞાનાવરણ નામક કર્મને પ્રજ્ઞા તથા અજ્ઞાન એ બંને પરીષહો નિમિત્તરૂપ ગણેલ છે.

✤ પ્રશ્નઃ-પ્રજ્ઞા [-બુધ્ધિ] જ્ઞાન સ્વરૂપ છે. જયારે જ્ઞાન એ જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ રૂપ છે. આથી પ્રજ્ઞા પરીષહ જ્ઞાનાવરણ કર્મના ઉદયે કેવી રીતે હોઇ શકે?

સમાધાનઃ-અહીં જ્ઞાનાવરણ કર્મના ઉદયે- નો અર્થ જ્ઞાનાવરણ કર્મનો ઉદય એવા ન કરતા બે વિકલ્પ સૂચવેલા છેઃ-

(૧)જ્ઞાનાવરણ કર્મના નિમિત્ત થી એવો અર્થ કરવો.

(૨)અથવા જ્ઞાનાવરણ કર્મના ઉદ્દય વર્તમાન હોય ત્યારે એવો અર્થ કરવો.

આ પ્રકારે બે અર્થોનું સૂચન અહીં કરેલ છે

કારણ કે પ્રજ્ઞા જ્ઞાનનાં ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે જયારે જ્ઞાનનો ક્ષયોપશમ વર્તમાન હોય ત્યારે જ્ઞાનાવરણ કર્મના ઉદય પણ વર્તમાન હોય છે. આથી પ્રજ્ઞા પરીષહ જ્ઞાનાવરણ કર્મના ઉદય વખતે આવે છે, એવો અર્થ સુસંગત છે.

બીજું-જો જ્ઞાનાવરણ ના ઉદયે એટલે કે નિમિત્તે એવો અર્થ સ્વીકારવામાં આવે તો આ પ્રશ્ન સમૂળગો જ ઉદ્ભવશે નહીં

સારાંશ રૂપે એમ કહી શકાય કે જ્ઞાનાવરણ કર્મના નિમિત્તે અથવા તો તેનો સર્વથા ક્ષય કે ઉપશમ ન થયો હોય તે સંજોગોને જ્ઞાનાવરણ નો ઉદય સમજવો. તો આ પ્રશ્નનું સમાધાન થઇ જશે.

✤ પ્રશ્નઃ-જ્ઞાનાવરણ ના ઉદયે [-અથવા ક્ષયોપશમે] પ્રજ્ઞા [-બુધ્ધિ] હોય અથવા તો અજ્ઞાન હોય પણ બંનેનો સંભવ કઇ રીતે હોય?

સમાધાનઃ- જ્ઞાનાવરણ ને લીધે એક વિષયમાં પ્રજ્ઞા પરીષહ હોય અને બીજા વિષયમાં અજ્ઞાન પરીષહ પણ હોય, તો બંને એકી સાથે કેમ ન સંભવે?

-જેમ કે ગણીતના વિષયમાં તજજ્ઞ વ્યકિત ઇતિહાસમાં અજ્ઞાન પણ હોઇ શકે છે. કર્મગ્રન્થના વિષયમાં નિપુણતા પ્રાપ્ત કરનાર, કદાચ સિધ્ધાંતમાં નિપુણ ન પણ હોય, તો આ સંજોગોમાં તેને એક વિષયમાં પ્રજ્ઞા પરીષહ નો સંભવ છે, જયારે બીજા વિષયમાં અજ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરીષહનો સંભવ છે તે વાત સ્પષ્ટ થાય.

❑ **[8]સંદર્ભ:-**

✡ **આગમ સંદર્ભ:**-नाणावरणिज्जे णं भंते ! कम्मे कति परिसहा समोयरंति ? गोयमा ! दो परिसहा समोयरंति, तं जहा पन्ना परीसहे अन्नाण परिसहे य ✤ **भग०श.८,उ.८,सू.३४३-४**

✡ **તત્વાર્થ સંદર્ભ:-** क्षुत्पिपासाशीतोष्ण० सूत्र. ९:९

✡ **અન્યગ્રન્થ સંદર્ભ:-**

(૧)કાળ લોક પ્રકાશ-સર્ગ:૩૦ -શ્લોક ૩૭૦ ઉત્તરાર્ધ

(૨)નવતત્વ-ગાથા-૨૮ વિવરણ

❑ **[9]પદ્ય:-**

૧- આ સૂત્રનું પ્રથમ પદ્ય-પૂર્વ સૂત્ર:૧૧માં કહેવાઇ ગયું છે

૨- સૂત્ર-૧૩ તથા ૧૪ નું સંયુકત પદ્ય-

જ્ઞાનાવરણ નિમિત્તે પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહ બે
દર્શન મોહ થકી જ અદર્શન અંતરાય થી અલાભ છે

❑ **[10]નિષ્કર્ષ:**-જ્ઞાનાવરણ કર્મના નિમિત્તે પ્રજ્ઞા અને અજ્ઞાન બંને પરીષહો વર્તે છે. તેટલી જ વાત સૂત્રકાર મહર્ષિ એ આપણને અહીં કહી છે. પ્રજ્ઞા કે અજ્ઞાન એ બંને એક સિક્કાની બે બાજુઓ સમાન છે. જ્ઞાનાવરણ નોઉદય જેટલો વત્તો ઓછો વર્તતો હોય તેટલા પ્રમાણમાં પ્રજ્ઞા કે અજ્ઞાન નો સંભવ રહે છે. તો પણ આખરે તો તે બંને જ્ઞાનાવરણ ના ઉદયનું જ પરિણામ છે. જો સર્વથા આ સ્થિતિ થી મુકત થવું હોય તો તો જ્ઞાનાવરણ કર્મનો ક્ષય કર્યે જ છુટકો અને આ કર્મ ક્ષય માટેનો પુરુષાર્થ જ અંતેતો સર્વકર્મનો ક્ષય કરાવનારો થશે તેમ સમજી સંવર અને નિર્જરાનો આદર કરવો.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાય:૯-સૂત્ર ૧૪

❑ **[1]સૂત્રહેતુ:-** દર્શન મોહનીય અને અન્તરાય કર્મના ઉદયે કયા કયા પરીષહો હોય છે? તે આ સૂત્ર થકી જણાવે છે

❑ **[2]સૂત્ર:મૂળ:- दर्शनमोहान्तराययोरदर्शनालाभौ**

❑ **[3]સૂત્ર:પૃથક્:**-दर्शनमोह- अन्तराययो: - अदर्शन-अलाभौ

❑ **[4]સૂત્રસાર:- દર્શન મોહનીય [કર્મના ઉદય]માં અદર્શન [પરીષહ] અને અન્તરાય [કર્મના ઉદય] માં અલાભ [પરીષહ] થાય છે**

❑ **[5]શબ્દજ્ઞાન:-**

**दर्शनमोह**-દર્શન મોહનીય નામનું કર્મ

**अन्तराय**-અન્તરાય નામક કર્મ દ્વિવચન થી अन्तराययो:થયું

**अदर्शन**-અદર્શન પરીષહ **अलाभ**-અલાભ પરીષહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❒ [6]અનુવૃત્તિઃ- मार्गाच्यवननिर्जरार्थ॰ सूत्र.९:८ परिषहाः ની અનુવૃત્તિ.

❒ [7]અભિનવટીકાઃ-અહીં સૂત્રકાર મહર્ષિએ બે કર્મો તથા તદ્જન્ય બે પરીષહો નોઉલ્લેખ આ સૂત્રમાં કર્યો છે. આમ તો સૂત્રસારથી સમગ્ર સૂત્ર સ્પષ્ટ થઇ જ જાય છે છતાં યત્કિંચિત્ વિશેષતા છે તેને અહીં મુદ્દાસર રજૂ કરેલ છે.

(૧) અન્તરાય કર્મ એ અલાભ પરીષહ નું કારણ કહ્યું છે એટલે કે લાભાન્તરાય નામના કર્મના ઉદયે ''અલાભ પરીષહ'' હોય છે.

(૨)મોહનીય કર્મના બે ભેદ છે. તેમાંના દર્શન મોહનીય નામના કર્મના ઉદયથી ''અદર્શન પરીષહ'' હોય છે.

(૩)દર્શન મોહ એટલે અનંતાનુબંધી કષાય તથા મિથ્યાત્વ મોહનીય,મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ મોહનીય એ સાતે પ્રકૃત્તિ.

(૪)અદર્શન એટલે દેવાદિ ના સદ્ભાવ વિષયમાં અશ્રધ્ધા હોવી તે.

(૫)સૂત્રમાં दर्शनमोहान्तराययोः અને अदर्शनलाभौ બંને દ્વિવચન માં મૂકેલા છે તેથી यथासङ्ख्यम् ક્રમાનુસાર दर्शनमोह સાથે अदर्शन ને અને अन्तराय સાથે अलाभ ને જોડી દીધેલ છે.

(૬)દર્શન મોહમાં અનન્તાનુબંધિ ચાર અને મિથ્યાત્વ મોહનીય ની ત્રણ પ્રકૃત્તિ લેવાનું સૂચવે છે તેથી સંભવ છે કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ કે બાહુબલી ની માફક કયારેક તીવ્ર કષાયોદય થઇ જતો હોય અથવા નિહ્નવાદિક શંકા ઓને લીધે સમ્યક્ત્વ દુષિત થતું હોય, એમનો જે આશય હોય તે, પણ अदर्शनपरीषह તો નવમાં ગુણસ્થાનક સુધી કહ્યો છે તે નિઃશંક વાત છે

(૭)દર્શન મોહ એવા સ્પષ્ટ નિર્દેશથી દર્શનાવરણ કર્મ અહીં અભિપ્રેત નથી તે સ્પષ્ટ સમજી લેવું વળી દર્શનમોહથી સમ્યક્ત્વમોહનીય આદિ ત્રણ પ્રકૃત્તિ લેવાનું પણ વિધાન ટીકાકારે કરીને આ વાત અતિ સ્પષ્ટ કરી દીધેલ છે.

❒ [8]સંદર્ભઃ-

✡ **આગમ સંદર્ભઃ-** दंसणमोहणिज्जेणं भंते कम्मे कति परीसहा समोयरंति ? गोयमा ! एगे दंसणपरीसहे समोयरइ । ✤ **भग॰ श.८, उ.८,सूत्र. ३४३-६**

अंतराइए णं भंते कम्मे कति परीसहा समोयरंति ? गोयमा एगे अलाभे परीसहे समोयरइ

✤ **भग॰ श.८,उ.८,सू. ३४३-८**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-** क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्या॰ सूत्र. ९:९ अदर्शन અને अलाभ परीषह ની વ્યાખ્યા લેવી.

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ-ગાથા-૨૮ વિવરણ

(૨)કાળ લોક પ્રકાશ-સર્ગઃ૩૦ -શ્લોક ૩૭૧ ઉત્તરાર્ધ

❒ [9]પદ્યઃ-

(૧) દર્શન મોહનીય ઉદયે શુધ્ધ દર્શન નવિ રહે
અન્તરાય તણા પ્રભાવે લાભ કાંઇ નવિ મળે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) આ સૂત્રનું બીજું પદ્ય પૂર્વસૂત્ર:૧૩ માં કહેવાઇ ગયું છે

❑ [10]નિષ્કર્ષ:-અહીં સૂત્રકાર મહર્ષિ બે પરીષહોના કારણરૂપે દર્શન મોહ તથા અંતરાયકર્મનો નિર્દેશ કરે છે. એ કર્મના ઉદય થી આ પરીષહો આવે તેટલી જ વાત હોવા છતાં દર્શન મોહના ઉદયથી અદર્શન પરીષહ આવે તે વાત થોડી વિચારણીય છે. સામાન્યથી ચોથું ગુણસ્થાનક એટલે સમ્યક્ત્વ એ પ્રસિધ્ધ વાત છે. છતાં નવમા ગુણસ્થાનક પર્યન્ત અદર્શન પરીષહનું અસ્તિત્વ એમ સૂચવે છે કે વિરતિ ધરને, પ્રમત્ત સંયતને, અપ્રમત્ત સંયત, અપૂર્વકરણ અને બાદર સમ્પરાય આ સર્વે કક્ષાએ બાવીસે પરીષહ છે તેમ કહેવાથી અદર્શન પરીષહનો સંભવ રહેલો જ છે માટે સમ્યકત્વમાં શકય તેટલું દૃઢ થવા પુરુષાર્થ કરવો.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

# અધ્યાય:૯-સૂત્ર ૧૫

❑ [1]સૂત્રહેતુ:-આ સૂત્ર થકી ચારિત્રમોહનીય કર્મના ઉદયે કેટલાં પરીષહો હોય છે તે જણાવે છે.

❑ [2]સૂત્ર:મૂળ:- **चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याक्रोशयाचनासत्कारपुरस्कारा:**

❑ [3]સૂત્ર:પૃથક્:- चारित्रमोहे- नाग्न्य - अरति - स्त्री- निषद्या - आक्रोश - याचना - सत्कारपुरस्कार

❑ [4]સૂત્રસાર:-**ચારિત્ર મોહનીય ના ઉદયે નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષધા, આક્રોશ, યાચના અને સત્કાર પુરસ્કાર [એ સાત પરીષહો] ચારિત્ર મોહનીય [ના ઉદય]માં હોય છે.**

❑ [5]શબ્દજ્ઞાન:-

**चारित्रमोह**-ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી

**नाग्न्य**-નગ્નતા, અચેલકત્વ　　**अरति**-અરતિ

**स्त्री**-સ્ત્રી, વિજાતીય વ્યકિત　　**निषद्या**-વસતિ, બેસવું

**आक्रोश**-આક્રોશ　　**याचना**-યાચન, માંગણી

**सत्कारपुरस्कार**-સત્કાર-પુરસ્કાર　　[-પરીષહો]

❑ [6]અનુવૃત્તિ:- मार्गाच्यवननिर्जरार्थं सूत्र. ९:८ परीषहा:

❑ [7]અભિનવટીકા:-અહીં સૂત્રકાર મહર્ષિએ ચારિત્ર મોહનીય ના ઉદયથી થતા સાત પરીષહોને જણાવેલા છે. તેની વિશેષ ઉંડાણ માં જઇએ તો ચારિત્ર મોહનીય ની પણ કઇ પ્રકૃત્તિ થી કયો પરીષહ આવે છે તેની નોંધ કરી શકાય:-

(૧)જુગુપ્સા મોહનીય ના ઉદયે નાગ્ન્ય પરીષહ આવે છે.

(૨)અરતિ મોહનીય ના ઉદયે અરતિ પરીષહ આવે છે.

(૩)પુરુષવેદ મોહનીય ના ઉદયે સ્ત્રી પરીષહ આવે છે.

(૪)ભય મોહનીય ના ઉદયે નિષધા પરીષહ આવે છે.

(૫)ક્રોધ કષાય મોહનીય ના ઉદયે આક્રોશ પરીષહ આવે છે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

(૬)માન કષાય મોહનીય ના ઉદયે યાચના પરીષહ આવે છે.

(૭)લોભકષાય મોહનીય ના ઉદયે સત્કાર પુરસ્કાર પરીષહ આવે છે.

ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી એમ કહ્યું એટલે મૂળતો મોહનીય કર્મ પ્રકૃત્તિ જ થઇ. પરંતુ મોહનીય કર્મના બે મુખ્ય ભેદ કહ્યા છે. (૧)દર્શન મોહનીય (૨)ચારિત્ર મોહનીય. જેમાં દર્શન મોહનીયના ઉદયથી અદર્શન પરીષહ આવતો હોવાનું ઉપરોકત સૂત્રમાં જણાવેલ છે. જયારે ચારિત્ર મોહનીય ના ઉદયે આ આઠ પરીષહો આવે છે. જે સૂક્ષ્મ સમ્પરાય સંયત પૂર્વેની આત્મ વિકાસ કક્ષાવાળા સાધુને હોય છે.

❑ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ**-चारित्तमोहणिज्जेणं भंते !कम्मे कति परिसहा पण्णत्ता?गोयमा ! सत्त परिसहा समोयरति ! अरति अचेल इत्थी निसीहिया जायणा य अक्कोसे सक्कार पुरक्कारे चरितमोहंमि सत्ते ते ✤ **भग० श.८,उ.८,सू.३४३-७**

✡ **તત્વાર્થ સંદર્ભઃ**-क्षुत्पिपासाशीतोष्णदंशमशक० सूत्र. ९:९ આ નવે પરીષહોનીટીકા.

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ પ્રકરણ-ગાથા-૨૮

(૨)કાળ લોક પ્રકાશ-સર્ગઃ૩૦ -શ્લોક-૩૬૬ થી ૩૭૦ પૂર્વાધ સુધી

❑ **[9]પદ્યઃ-**

(૧) ચારિત્ર મોહે અચેલ અરતિ સ્ત્રી નિષદ્યા જાણવા
આક્રોશ યાચન માનનાએ સાત પરીષહ માનવા

(૨) નગ્નત્વ સ્ત્રી અરતિ નિષદ્યા યાચના જ આક્રોશ તથા
ન ખિન્ન થાવું ના ફુલાવું ચારિત્ર મોહેસાત કહ્યા

❑ **[10]નિષ્કર્ષઃ**- મોહનીય કર્મની એક પ્રકૃત્તિ ચારિત્ર મોહનીય. આ ચારિત્ર મોહનીય ના ઉદયે ઉકત સાત પરીષહોનો સંભવ જણાવ્યો. આ પૂર્વેના સૂત્રમાં કહ્યું તેમ જો પરીષહોનું નિવારણ કરવું હોય તો-તો ચારિત્ર મોહનીય ના ક્ષય સિવાય બીજો કોઇ વિકલ્પ છે જ નહીં આપણે પ્રતિકુળ ઉપસર્ગો થી ભાગીએછીએ તેના કરતા તેના જન્મદાતા કર્મોથી ભાગવું એ જ શ્રેયસ્કર છે.

જેમ કુતરાને લાકડી મારો તો લાકડીને બટકું ભરવા દોડશે પણ જો સીંહ તરફ પ્રહાર થાય તો તે પ્રહાર કરનાર ઉપરજ તરાપ મારશે ,એમ સીંહની માફક કર્તા ઉપર તરાપ મારવી પણ નિમિત્તને બટકા ભરવા દોડવું નહીં એ નિષ્કર્ષ આ તથા આ પૂર્વેના સૂત્રમાં પણ સમજી જ લેવો.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્ર ૧૬

❑ **[1]સૂત્રહેતુઃ**-બાવીસ પરીષહો કહેવાયા છે તેમાંના ૧૧ પરીષહો કયા કર્મને કારણે ઉદ્ભવે છે તે જણાવ્યું. આ સૂત્ર થકી બાકીના ૧૧ પરીષહોનું કારણ રૂપ કર્મ જણાવે છે.

❑ **[2]સૂત્રઃમૂળઃ-वेदनीये शेषाः**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❒ **[3]સૂત્ર:પૃથક્:-** સૂત્રપૃથક્ક જ છે

❒ **[4]સૂત્રસાર:- બાકીના [પરીષહો]વેદનીય [કર્મના ઉદય] માં સંભવે છે**

**[અર્થાત્-ક્ષુધા,પિપાસા,શીત,ઉષ્ણ,દંશમશક,ચર્યા,શય્યા,વધ,રોગ, તૃણસ્પર્શ,મલ એ અગીયાર પરીષહો,વેદનીય કર્મના ઉદયે હોય છે]**

❒ **[5]શેષવૃત્તિ:-**

**वेदनीये**-વેદનીય કર્મના ઉદય વખતે

**शेषा**-બાકીના,ક્ષુધા-પિપાસાદિ ઉકત ૧૧-પરીષહો

❒ **[6]અનુવૃત્તિ:-**

(૧)क्षुत्पिपासाशीतोष्णदंशमशक....अदर्शनानि सूत्र. ९:९

(૨)ज्ञानावरणे प्रज्ञाज्ञाने सूत्र. ९:१३

(૩)दर्शनमोहान्तराययोरदर्शनालाभौ - सूत्र. ६:१४

(૪)चारित्रमोहे नाग्न्या...सत्कार पुरस्काराः सूत्र. ९:१५

(૫)वेदनीये शेषाः सूत्र. ९:१६

❒ **[7]અભિનવટીકા:**-સૂત્રને સૂત્રસારથી સ્પષ્ટ કરી જ દીધેલ છે. તેમ છતાં કેટલીક વિશેષતાની અહીં મુદ્દાસાર નોંધ કરેલ છે

૧- વેદનીય કર્મ જીવને મોક્ષે જાય ત્યાં સુધી [અર્થાત્ ચૌદમા ગુણ સ્થાનક સુધી] વર્તતુ હોય છે. એટલે આ ૧૧ પરીષહોનું અસ્તિત્વ છેક સુધી રહેલું છે તેમ જાણવું.

૨- કેવળી ભગવંતો ને પણ આ અગીયાર પરીષહો નો સંભવ છે તેમ કહ્યું છે. પરિણામે કેવળી ને આહાર પણ હોય જ, તે વાત સ્પષ્ટ છે.

૩- સૂત્રકાર મહર્ષિ એ સૂત્રમાં शेषा કહી દીધું પણ શેષ એટલે આ અગીયાર તેની ગણતરી કઇ રીતે કરી?

સૂત્રકારે સર્વ પ્રથમ ૨૨ પરીષહો હોવાનું કહી દીધું છે.

-સૂત્ર-૯:૧૩ માંબેપરીષહોકહ્યા, સૂત્ર-૯:૧૪ બીજા બેપરીષહોકહ્યા અનેસૂત્ર-૯:૧૫માંસાત પરીષહો કહ્યા, એ રીતે કુલ ૧૧- પરીષહો અને તે કયાં કર્મના ઉદયથી આવે તે જણાવી દીધું.

પરીણામે આ અગીયાર પરીષહો બાદ થઇ જતાં બાકીના જે ૧૧ રહ્યા તે ક્ષુધા,પિપાસા,શીત,ઉષ્ણ,દંશમશક,ચર્યા,શય્યા,વધ,રોગ,તૃણસ્પર્શ,મલ પરીષહો જે [સૂત્ર-૯:૧૧] પૂર્વે કહ્યા મુજબ જિનેશ્વર અને કેવલી ભગવંતોને પણ સંભવે છે.

❒ **[8]સંદર્ભ:-**

✡ **આગમ સંદર્ભ:-** वेयणिज्जेणं भंते! कम्मे कति परीसहा समोयरंति ? गोयमा! एक्कारस परीसहा समोयरइ । पंचेव आणुपुव्वी चरिया सेज्जा वहे य रोगेय

तणाफास जल्लमेव य एक्कारस वेदणिज्जंमि ✤ **भग०श.८,उ.८,सू.३४३-५**

✡ **तत्वार्थ संदर्भ:-** क्षुत्पिपासाशीतोष्ण० सूत्र. ९:९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ અન્યગ્રન્થ સંદર્ભઃ-

(૧)નવતત્વ પ્રકરણ-ગાથા-૨૮ વિવરણ

(૨)કાળ લોક પ્રકાશ-સર્ગઃ૩૦ -શ્લોક-૩૭૨

❒ **[9]પદ્યઃ-**

(૧) વેદનીયમાં છે પરીષહ બાકી સર્વે જે રહ્યા
એક સાથે એક ઉણા વીશ ઉદયે સંભવ્યા
પરીષહોની કરી વહેંચણ, વિવેકે ગુણ સ્થાનમાં
વળી કર્મયોગ પરીષહોની ભાવના છે સૂત્રમાં

(૨) બાકી બીજા અગીયાર, વેદનીય થકી ગણો
ઓગણીસ રહે સાથે વિકલ્પે એક જીવમાં

[નોંધઃ- આ બીજું પદ્ય-સૂત્રઃ૧૬-૧૭ નું સંયુકત પદ્ય છે]

❒ **[10]નિષ્કર્ષઃ**-આ સૂત્રનો નિષ્કર્ષ પૂર્વ સૂત્રવત્ જાણવો. વધારામાં યાદ રાખવા લાયક મુદ્દો એક જ છે કે જીવને અગીયાર પરીષહ નો તો આજીવન સંભવ રહે જ છે. અર્થાત્ આ પરીષહો થી જો સર્વથા મુકત થવું હોય તો સર્વ કર્મોથી મુકત થવુ એ જ એક માત્ર ઉપાય છે. અને સર્વ કર્મોથી મુકત આત્મા શાશ્વત સુખમાંજ બિરાજે છે

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

**કૃયા કર્મના ઉદયથી સંયતની કઇ કક્ષાએ કેટલા પરીષહો?**

| કર્મ | બાદર સંપરાય | ઉપશાત મોહ | ક્ષીણ મોહ | સયોગી કેવલી | અયોગી કેવલી | કુલ |
|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૨ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ |
| દર્શનમોહ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ચારિત્રમોહ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ |
| અંતરાય | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| વેદનીય | ૧૧ | ૧૧ | ૧૧ | ૧૧ | ૧૧ | ૧૧ |
| કુલ | ૨૨ | ૧૪ | ૧૪ | ૧૧ | ૧૧ | ૨૨ |

નોંધઃ અહી જે કુલ સરવાળો છે તે ઉભી લીટીનો છે. આડી લીટીનો નથી.

# અધ્યાયઃ૯-સૂત્રઃ૧૭

❒ **[1]સૂત્રહેતુઃ**-અહીં જે ૨૨-પરીષહો કહ્યા, તેમાંના એક જીવને એકી સાથે કેટલા પરીષહો સંભવે છે? તે જણાવવા ને માટે સૂત્રકાર મહર્ષિ એ આ સૂત્રની રચના કરી છે.

❒ **[2]સૂત્રઃમૂળઃ-*एकादयो भाज्या युगपदेकोनविंशते:**

❒ **[3]સૂત્રઃપૃથક્**:-एक - आदय: - भाज्या युगपद् एकोनविंशते:

❒ **[4]સૂત્રસારઃ**- **[એક આત્મામાં એકી સાથે બાવીસ પરીષહોમાંથી] એકથી**

*દિગમ્બર આમ્નાયમાં एकादयो भाज्या युगपदेकस्मिन्नैकोनविंशते: એ પ્રમાણે સૂત્ર રચના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આરંભીને ઓગણીશ સુધીના પરીષહો વિકલ્પે સંભવે છે.**

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**एकादयो**-એકથી માંડીને **भाज्या**-વિકલ્પે સંભવે

**युगपद्**-એકી સાથે **एकोनविंशति**-ઓગણીસ

❒ [6]**અનુવૃત્તિઃ**- मार्गाच्यवननिर्जरार्थं॰ સૂત્ર ૯:૮ થી परीषहाः શબ્દની અનુવૃત્તિ.

❒ [7]**અભિનવટીકાઃ- પ્રશ્નઃ**- પરીષહોની સંખ્યા બાવીસનની કહી છે. તથા સંયતોની જૂદી જૂદી કક્ષાએ તેમાંથી ૨૨-પછી ૧૪ -પછી ૧૧ એવી ત્રણ ભિન્ન સંખ્યાને જણાવી છે તો પછી અહીં સૂત્રકારે ૧૯-પરીષહો સુધીની ભજના-વિકલ્પે કઇ રીતે કહી?

**સમાધાનઃ**-અહીં જે ૧૯-પરીષહો સુધીની ભજના અથવા એક જીવને એકી સાથે એકથી માંડીને ૧૯ પરીષહો વિકલ્પે કહ્યા તે આરીતે છે.☞

૧- જે ૧૧-૧૪કે ૨૨ વિકલ્પો કહ્યા છે તે તો આત્મવિકાસની કક્ષા અર્થાત્ ગુણસ્થાનક ને આશ્રીને છે.

૨- અહીંજે ૧૯ સુધીના નો વિકલ્પ કહ્યો તે એક જીવને આશ્રીને એક સાથે થતાં વધુમાં વધુ પરીષહોની સંખ્યા છે.

-૩ કેટલાંક પરીષહો પરસ્પર વિરોધી હોવાથી એક સમયે તે બંનેનું અસ્તિત્વ હોતું નથી માટે આ સંખ્યા ૨૨ને બદલે ૧૯ ગણાવી છે.

જેમ કે શીત પરીષહ હોય ત્યારે ઉષ્ણ નહોય અને ઉષ્ણ પરીષહ હોય ત્યારે શીત ન હોય પરીણામે એક પરીષહ ઘટી જતાં આ સંખ્યા ૨૧ ની થશે.

શય્યા, ચર્યા અને નિષદ્યા એ ત્રણે પરીષહો માંથી સમકાલે એકજ પરીષહ સંભવે છે. પરીણામે કોઇપણ બે પરીષહ ગૌણ થઇ જશે અથવા ત્રણમાંથી એકજ પરીષહ નો સંભવ એક સમયે રહે છે. માટે ૨૧ પરીષહોમાંથી બીજા બે ઘટી જતાં ૧૯ ની સંખ્યા થઇ જશે.

**સારાંશ એ કે** શીત-ઉષ્ણ માંનો કોઇ એક અને શય્યા, ચર્યા-નિષદ્યા એ ત્રણમાંનો કોઇ એક, એમ પાંચ માંના બેનો સંભવ અને ત્રણનો અસંભવમાની એક આત્મામાં એક સાથે વધુ માં વધુ ૧૯ પરીષહોનો સંભવ જણાવવામાં આવ્યો છે.

૪- સૂત્રકારે પોતેજ સ્વોપજ્ઞ ભાષ્યમાં આ વાત જણાવી છે કે शीतोष्णपरीषहौ युगपन्न भवतः । अत्यन्त-विरोधित्वात् । तथा चर्याशय्यानिषद्यापरीषहाणाम् एकस्य संभवे द्वयोरभावः [જો કે **નવતત્વ પ્રકરણ** માં, તેના વિવરણમાં સમકાળે ૨૦ પરીષહનું વિકલ્પે અસ્તિત્વ કહ્યું છે તેઓ ચર્યા અને નિષદ્યા ને જ પરસ્પર વિરોધી માને છે. પરીણામે ૧૯ ને બદલે ૨૦ ની ભજના છે તેમ કહે છે **લોકપ્રકાશમાં** પણ ૨૦ પરીષહો વિકલ્પે હોવાનું જણાવેલ છે. પણ પૂ.ઉમાસ્વાતિજી મહારાજાએ તો સૂત્રમાં સ્વોપજ્ઞ ભાષ્યમાં કે તેના ઉપર લખાયેલી સિધ્ધસેનીય હારિભદ્રીય બંને વૃત્તિમાં, દિગમ્બરટીકામાં સર્વત્ર ૧૯ પરીષહોનું જ વિધાન કરેલ છે, જેમાં ભિન્ન ભિન્ન પરંપરા અથવા વિવિક્ષા ભેદ જ મુખ્ય છે. તે વાત લક્ષમાં રાખવી પણ આ ૧૯ નું વિધાન ખોટું છે અને ૨૦ ની ભજના જ સત્ય છે. તેવી મિથ્યા માન્યતા રાખવી નહી].

૫- **भाज्या** અહીં ભજના શબ્દનો અર્થ વિકલ્પે થાય છે, તેથી એક જીવમાં એક સમયે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક પરીષહ પણ હોય, બે પણ હોય, ત્રણ પરીષહ પણ હોય,ચાર પરીષહ પણ હોય પણ વધુમાં વધુ પરીષહો સમકાલે એક જીવમાં ૧૯ જ હોય છે.

✤ **કઇ કક્ષાએ કેટલા પરીષહોનો વધુમાં વધુ સંભવઃ-**

(૧)બાદર સમ્પરાય કક્ષા સુધીના સંયત ને સમકાલે વધુમાં વધુ ૧૯ પરીષહોનો સંભવ રહે છે.

(૨)સૂક્ષ્મ સમ્પરાય સંયત અને છદ્મસ્થ વીતરાગ સંયત ને સમકાળે વધુમાં વધુ ૧૨ પરીષહોનો સંભવ રહે છે. કેમ કે વેદનીય કર્મ જન્ય શીત-ઉષ્ણ, ચર્યા-શય્યા એ બંને પરસ્પર વિરોધીમાંના કોઇ એકનું અસ્તિત્વ જ હોવાનું .પરીણામે ૧૪ પરીષહો માંથી સમકાળે તો ૧૨ નો જસંભવ રહેશે

(૩)કેવળી ને ૧૧ પરીષહો કહેલા છે પણ ઉકત વેદનીય જન્ય પરસ્પર વિરોધી બે બેમાંથી એક-એક નું જ અસ્તિત્વ એક સમયે હોવાથી કેવળી ને પણ સમકાળે તો વધુમાં વધુ ૯ પરીષહોનું જ અસ્તિત્વ હોઇ શકે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ**- वीसं पुण वेदेइ, जं समयं सीय परिसहं वेदेइ णो तं समयं उसिण परिसह वेदेइ, जं समयं उसिण परिसहं वेदेइ, णो तं समयं सीय परिसहं वेदेइ । जं समयं चरिया परिसहं वेदेइ, णो तं समयं निसिहिया परिसहं वेदेइ, जं समयं निसिहिया परिसहं वेदेइ णो तं समयं चरिया परिसहं वेदेइ....जं समयं चरिया परिसहं वेदेइ णो तं समयं सेज्जा परिसहं वेदेइ, जं समयं सेज्जा परिसहं वेदेइ णो तं समयं चरिया परिसहं वेदेइ ।

✤ **भग० श.८, उ.८ सू. ३४३-१,११**

✡ **સૂત્રપાઠ સંબંધઃ**- અહીં આગમ પાઠમાં નિષદ્યા અને ચર્યા તથા શય્યા અને ચર્યાને પરસ્પર વિરોધી કહ્યા છે તેથી ૨૦નું વિધાન છે હવે જો ચર્યા-શય્યા-નિષદ્યા ત્રણેને સાથે વિચારીએ તો ૧૯નું વિધાન થશે.કેમકે ચર્યાને આશ્રીને તો શય્યા-નિષદ્યા બંનેનો અભાવ આગમમાં કહયો જ છે.

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

क्षुत्पिपासाशीतोष्णदंशमशक० सूत्र. ९:९ थी २२ परीषहो

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ પ્રકરણ ગાથાઃ૨૮

(૨)કાળલોક પ્રકાશ સર્ગઃ૩૦ શ્લોક-૩૭૫ થી ૩૮૧

❒ **[9]પદ્યઃ-**

આ સૂત્રના બંને પદ્યો પૂર્વ સૂત્ર-૧૬ના પદ્ય સાથે સંયુકત પણે કહેવાઇ ગયા છે.

❒ **[10]નિષ્કર્ષઃ**- અહીં સૂત્રકાર મહર્ષિ એ ૧૯ પરીષહોનું સમકાળે અસ્તિત્વ હોવા સંબંધે વિધાન કરેલું છે. તત્સમ્બન્ધે પૂર્વોકત સૂત્રાનુસાર નિષ્કર્ષ સમજી લેવો. એક મુદ્દો ધ્યાન ખેંચે એવો એ છે કે પરસ્પર વિરોધી પરીષહોનું સહઅસ્તિત્વ રહેતું નથી આ વાતનો વિસ્તાર કરીએ તો એમ કહી શકાય કે-જેમ શીત પરીષહના અસ્તિત્વ વખતે ઉષ્ણ પરીષહ સંભવતો નથી કે ચર્યાના ઉદયકાળે નિષદ્યા-શય્યા નો ઉદય રહેતો નથી તેમ સકર્મક આત્માને પરીષહો સંભવે છે પણ અકર્મક આત્માને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ સિધ્ધના જીવોને પરીષહો સંભવતા નથી માટે एकादयो भाज्या વિધાન નો સર્વથા લોપ કરવો હોય તો જીવે સર્વ કર્મોથી મુકત થવા પુરુષાર્થ કરવો જોઇએ.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

✤ **અનુકૂળ પ્રતિકુળ પરીષહઃ-**

સ્ત્રી,પ્રજ્ઞા,સત્કાર એ ત્રણે પરીષહોને અનુકૂળ,શાતારૂપે વેદાતા કે કષ્ટ ન આપતા પરીષહો કહેલા છે જયારે બાકીના ૧૯ પરીષહો ને પ્રતિકુળ અશાતા કે દુઃખ રૂપે વેદાતા પરીષહો કહ્યા છે.

✤ **શીત-ઉષ્ણ પરીષહઃ-**

સ્ત્રી અને સત્કાર એ બંને પરીષહો જીવને શાન્તિ આપતા હોવાથી શીતળ પરીષહ કહ્યા છે જયારે બાકીના ૨૦ અશાન્તિ દાયક હોવાથી ઉષ્ણ પરીષહ કહેલા છે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

# અધ્યાયઃ૯-સૂત્રઃ૧૮

❑ **[1]સૂત્રહેતુઃ**- સંવરના ઉપાય તરીકે જણાવેલ ચારિત્ર ના પાંચ ભેદોને અહીં સૂત્રકાર આ સૂત્ર થકી જણાવે છે.

❑ **[2]સૂત્રઃમૂળઃ-*सामायिकछेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्पराययथाख्यातानि चारित्रम्**

❑ **[3]સૂત્રઃપૃથક્**:-सामायिक - छेदोपस्थाप्य - परिहारविशुद्धि - सूक्ष्मसम्पराय - यथाख्यातानि चारित्रम्

❑ **[4]સૂત્રસારઃ-સામાયિક,છેદોપસ્થાપ્ય,પરિહાર વિશુધ્ધિ,સૂક્ષ્મ સમ્પરાય અને યથાખ્યાત [એમ પાંચ પ્રકારનું] ચારિત્ર છે.**

❑ **[5]શબ્દજ્ઞાનઃ**-સંવર ગુપ્તિ,સમિતિ,યતિધર્મ, આદિ મુખ્ય છ ઉપાયો કહ્યા છે. [જુઓ સૂત્ર-૯ઃ૨] તેમાંનો એક ઉપાય તે ચારિત્ર. આ ચારિત્ર ને આશ્રીને પાંચ ઉત્તર ભેદોને અહીં પ્રસ્તુત કરેલા છે.

✤ **ચારિત્રઃ-**

✡ આત્મિક શુધ્ધ દશામાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો તે ચારિત્ર .

✡ સાવધ યોગોથી નિવૃત્તિ ના અને નિરવધ યોગોમાં પ્રવૃત્તિના પરિણામ તે ચારિત્ર

✡ વિશેષ વ્યાખ્યા-સૂત્ર ૯ઃ૨ માં આ પૂર્વે કહેવાઇ છે.

જો કે આ ચારિત્રની અનેક કક્ષા કે ભેદોનું કથન સંભવેછે છતાં પરિણામ શુધ્ધિના તરતમ ભાવોની અપેક્ષાએ ચારિત્રના સામાયિક આદિ પાંચ પ્રકાર પાડવામાં આવ્યા છે. જે પાંચ પ્રકારોનું વિસ્તૃત વર્ણન અહીં કરવામાં આવેલ છે.

✤ **સામાયિક ચારિત્રઃ-**

૧-સમભાવમાં રહેવા માટે બધી અશુધ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તે સામાયિક ચારિત્ર

*દિગમ્બર આમ્નાય મુજબ सामायिक छेदोपस्थापनापरिहारविशुद्धिसूक्ष्मसाम्पराय यथाख्यातमिति चारित्रम् એ પ્રમાણે સૂત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨- सम એટલે રાગ દ્વેષનો અભાવ કે સમતા. आय એટલે લાભ .

જેનાથી સમતા નો લાભ થાય તે સામાયિક. જો કે સામાયિક શબ્દના આ અર્થથી પાંચે પ્રકારનું ચારિત્ર સામાયિક સ્વરૂપ છે તેવું જણાશે કેમ કે પાંચે ચારિત્રમાં સમતાનો લાભ તો થવાનો જ છે પણ પ્રસ્તુત સ્થાનમાં સામાયિક શબ્દ અમુક ચોક્કસ પ્રકારના ચારિત્રમાં રૂઢ બની ગયો છે જેન વર્તમાન ભાષામાં ''દીક્ષા'' શબ્દથી ઓળખાય છે

આ સામાયિક ચારિત્રના બે ભેદો છે. ઈત્વરકાલિક,યાવજ્જીવિક.

✡ થોડો કાલ રહેનાર સામાયિક ઇત્વરકાલિક છે. જેને વર્તમાન કાલિન ભાષામાં દીક્ષા કે કાચી દીક્ષા કહેવામાં આવે છે.

✡ **યાવજ્જીવ** સામાયિક એટલે જીવન પર્યન્ત રહેનાર સામાયિક.

૩- રાગ દ્વેષાદિ મોહજન્ય પરિણામો પ્રતિ ઉપશમ,ક્ષયોપશમ,કે ક્ષાયિક ભાવ સ્વરૂપી આત્મ પરીણામી આત્માને સામાયિકાદિ ચારિત્રગુણની પ્રાપ્તિ થાય છે. આ ચારિત્રધર્મમાં આત્મા પરભાવ પ્રતિના પરિણામ-પ્રવૃત્તિથી કથંચિત્ અલગ થઇ જે ભાવે સમ [રાગ-દ્વેષ રહિત]પરિણામનો લાભ પામે છે તે સામાયિક ચારિત્રધર્મ.

૪-**सम** એટલે જ્ઞાન-દર્શન ચારિત્રનો आय એટલે લાભ, તે समाय વ્યાકરણના નિયમાનુસાર इकण પ્રત્યેય લાગીને सामायिक શબ્દ થાય છે. અનાદિકાળની આત્માની વિષમ સ્થિતિમાંથી સમ સ્થિતિમાં લાવવાનું સાધન તે સામાયિક ચારિત્ર.

**इत्वरकथिक सामायिक चारित्र**-ઇત્વર કથિક એટલે અલ્પકાળ માટેનું, થોડા સમય માટેનું ચારિત્ર.

ભરતાદિ દશ ક્ષેત્રમાં પેલા અને છેલ્લા જિનેશ્વરના શાસન માં પ્રથમ લઘુ દીક્ષા અપાય છે તે તથા શ્રાવકનું શિક્ષાવ્રત નામનું સામાયિક વ્રત, પૌષધ આદિને ઇત્વરકથિક સામાયિક ચારિત્ર કહે છે

**यावत्कथिक सामायिक चारित्र**-યાવજજીવ સુધીનું સામાયિક ચારિત્ર તે યાવત્કથિક સામાયિક ચારિત્ર.

મધ્યના ૨૨ તીર્થંકરના શાસનમાં તથા મહાવિદેહ માં લઘુદીક્ષા-વડીદીક્ષાનો ભેદ નથી ત્યાં દીક્ષાના દિવસથી જ નિરતિચાર ચારિત્ર પાલન માટેની પ્રવૃત્તિ થાય છે માટે તેમને યાવજ્જીવ આ એક જ ચારિત્ર કહે છે.

**સમયઃ**- ની અપેક્ષાએ ઇત્વરકથિત સામાયિક ચારિત્ર વધુ માં વધુ છ માસનું અને નિરતિચાર કહ્યું છે જયારે યાવત્કથિક સામાયિક ચારિત્ર અલ્પ અતિચારથી યુકત અને યાયવજજીદ પર્યન્તનું હોય છે.

આ સામાયિક ચારિત્રને પામ્યા વિના શેષ ચાર ચારિત્રનો લાભ કદાપી જીવને થતો નથી. વળી બાકીના ચારે ચારિત્રો એ સામાયિક ચારિત્રના ભાગરૂપજ ગણીશકાય. કેમ કે વિશેષે વિશેષે શુધ્ધિને માટે જ આ ચારિત્રોનીગણના થઇ છે. અથવાતો એમ પણ કહી શકાય કે સામાયિક સાથે છેદોપસ્થાપ્ય, સામાયિક સાથે પરિહાર વિશુધ્ધિ, સામાયિક પૂર્વક સૂક્ષ્મ સમ્પરાય અને સામાયિક પૂર્વક યથાખ્યાત એમ બધાં ભેદો સમજવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ **સામાયિક ચારિત્રના**:-ઇત્વરકથિત અને યાવજ્જીવ સિવાય બીજી રીતે પણ ચાર ભાગ પડે છે.

**(૧)સમ્યક્ત્વ સામાયિક**:-સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી આત્મા અને શરીરાદિકનું ભેદજ્ઞાન થાય, તે સમ્યક્ત્વ સામાયિક.

**(૨)શ્રુત સામાયિક**:- મોક્ષની ઇચ્છાથી સમભાવ કેળવવાનું જ્ઞાન કરવા માટે મોક્ષમાર્ગ દર્શક શ્રુતજ્ઞાનનો વિધિપૂર્વક અભ્યાસ એટલે કે પાંચ પ્રકારનો સ્વાધ્યાયતે શ્રુત સામાયિક.

**(૩)દેશ વિરતિ સામાયિક**:- દેશથી વિરતિ કે દેશથી પ્રત્યાખ્યાન.બારવ્રતો તથા બેઘડીના શિક્ષાવ્રત રૂપ જે સામાયિક તે દેશવિરતિ સામાયિક.

**(૪)સર્વ વિરતિ સામાયિક**:- સર્વથી વિરતિ કે સર્વથી પ્રત્યાખ્યાન. જેમાં પાંચઆચાર સહિત પાંચ મહાવ્રતોનું પાલન કરવા પૂર્વક સામભાવની પ્રાપ્તિ થાય છે તે સર્વવિરતિ સામાયિક.

✤ **છેદોપસ્થાપ્ય ચારિત્ર**:-

૧- પ્રથમ દીક્ષા-કાચીદીક્ષા બાદ વિશિષ્ટ શ્રુતનો અભ્યાસ કરીને વિશેષ શુધ્ધિ ખાતર જે જીવન પર્યન્તની ફરી દીક્ષા લેવામાં આવે છે, તે, તેમજ પ્રથમ દીક્ષામાં દોષાપત્તિ આવવાથી તેનો છેદ કરી ફરી નવેસરથી દીક્ષાનું જે આરોપણ કરવામાં આવે છે તે છેદોપસ્થાપ્ય ચારિત્ર.

-અહીં વડી દીક્ષા વાળો જે ભેદ કહ્યો તેને નિરતિચાર છેદોપસ્થાપ્ય કહ્યું છે અને બીજો દોષાપત્તિ વાળો જે ભેદ,તેને સતિચાર છેદોપસ્થાપ્ય કહ્યું છે.

૨- જેમાં પૂર્વ પર્યાયનો છેદ કરી ઉત્તર પર્યાયમાં ઉપસ્થાપન કરવામાં આવે તે છેદોપસ્થાપન કે છેદોપસ્થાપ્ય કહેવામાં આવે છે. જેને વર્તમાનમાં વડી દીક્ષા કે પાકી દીક્ષા તરીકે પણ ઓળખાવાય છે.

આ ચારિત્ર ભરત ઐરાવત ક્ષેત્રમાં પહેલા-છેલ્લા તીર્થંકર ના સાધુઓને માટે કહેવાયું છે કેમ કે તેમને વડી દીક્ષા કે ઉપસ્થાપના વિધિ રૂપ ચારિત્ર અપાય છે.

-બાવીસ તીર્થંકર તથા મહાવિદેહના સાધુઓને નિરતિચાર [અતિ અલ્પઅતિચાર] ચારિત્ર હોવાથી પૂર્વપર્યાય નો છેદ કરી ઉત્તર પર્યાયમાં ઉપસ્થાપન કરવાની આવશ્યકતા રહેતી નથી તેથી તેમને છેદોપસ્થાપ્ય ચારિત્ર ગણેલ નથી.

૩-પ્રથમ સામાન્ય ભાવે ચારિત્ર અંગીકાર કર્યા પછી તે આત્મા અતિચારાદિ દોષોથી વિશેષ શુધ્ધ થઇ જે નિરતિચાર ચારિત્ર પામે છે તેને છેદોપસ્થાપનીય ચારિત્ર જાણવું.

આ છેદોપસ્થાપનીય ચારિત્ર ધર્મના બે ભેદ છે (૧)સાતિચાર (૨)નિરતિચાર. આ ચારિત્ર ફકત સર્વ વિરતિધર આત્માઓને જ હોય છે.

૪- પૂર્વ ચારિત્ર પર્યાયનો છેદ કરી પુનઃ મહાવ્રતોનું આરોપણ કરવું તે છેદોપસ્થાપન ચારિત્ર. તે બે પ્રકારે છે.-

सातिचार छेदोपस्थापनिक મુનિવડે થયેલા મુળગુણના ઘાતને પરીણામે પૂર્વે પાળેલા દીક્ષા પર્યાયનો છેદ કરીને, પુનઃચારિત્ર ઉચરાવવું તે છેદ પ્રાયશ્ચિતવાળું સાતિચાર છેદોપ સ્થાપનનિકચારિત્ર.

निरतिचारछेदोपस्थापनिकः- લઘુદીક્ષાવાળા મુનિને ઉત્કૃષ્ટ થી છમાસ બાદ વડી દીક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપવી તે, અથવા એક તીર્થંકરના સાધુભગવંતો ને બીજા તીર્થંકરના શાસન માં પ્રવેશ વખતે જે તીર્થસંક્રાન્તિરૂપ -પ્રક્રિયા થાય તે વખતે અપાતું ચારિત્ર.

૫-છેદ કરીને સ્થાપના કરવા યોગ્ય ચારિત્ર એવો સામાન્ય શબ્દાર્થ થાય છે. કોનો છેદ કરવો? સામાયિક ચારિત્રના પૂર્વપર્યાય નો - પૂર્વભાગનો.

ઉપસ્થાપના કોની કરવી? નવા પર્યાયની ઉપસ્થાપના કરવી

✤ **પરિહાર વિશુધ્ધિઃ-**

**૧**- જેમાં ખાસ વિશિષ્ટ પ્રકારના તપ પ્રધાન આચાર પાળવામાં આવે છે તેપરિહાર વિશુધ્ધિ ચારિત્ર.

૨-અમુક પ્રકારના તપને પરિહાર કહેવામાં આવે છે પરિહાર તપ થી વિશુધ્ધિવાળું જે ચારિત્ર તે પરિહાર વિશુધ્ધિ ચારિત્ર

આ ચારિત્રના પાલનમાં નવનો સમુદાય હોય છે. નવથી ઓછા ન હોય અને વધારે પણ નહોય. નવ જ હોય. તેમાં ચાર સાધુઓ પરિહાર તપની વિધિ મુજબ પરિહાર તપ કરે. ચાર સાધુઓ સેવા કરે. એક સાધુ વાચના ચાર્ય તરીકે રહે. એ આઠેય સાધુઓ ને વાચના આપે જોકે આ ચારિત્ર ગ્રહણ કરનારા સઘળા સાધુઓ શ્રુતાતિશય સંપન્ન હોય છે. છતાં તેઓનો આચાર હોવાથી એકને વાચના ચાર્ય તરીકે સ્થાપે છે.

**પરિહાર તપની વિધિ :-**

-ઉનાળામાં જઘન્ય ઉપવાસ, મધ્યમ છઠ, ઉત્કૃષ્ટ અઠમ

-શિયાળામાં જઘન્ય છઠ,મધ્યમ અઠમ, ઉત્કૃષ્ટ ચાર ઉપવાસ

ચોમાસામાં જઘન્ય અઠમ, મધ્યમ ચારઉપવાસ, ઉત્કૃષ્ટ પાંચ ઉપવાસ જે સમયે પરિહાર તપનું સેવન કરે તે વખતે જે રુતુ ચાલતી હોય તે ઋતુ પ્રમાણે તપ કરે પારણે આયંબિલ જ કરે તેમાં પણ વિશિષ્ટ પ્રકારના અભિગ્રહ પૂર્વક જ ગોચરી લાવવાની હોય છે.

જઘન્ય,મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણે પ્રકાર માંથી પોતાની શકિત પ્રમાણેં ગમે તે પ્રકારનો તપ કરે. આ તપ છ મહિના સુધી કરે . છ મહિના પછી જે સાધુઓ સેવા કરતા હતા, તે સાધુઓ આ તપ શરૂ કરે અને છ મહિના પર્યન્ત આ તપ કરે. અર્થાત્ જે તપ કરતા હતા તે વૈયાવચ્ચ કરે, વૈયાવચ્ચ કરનારા તપ કરે.

છ મહિના બાદ વાચનાચાર્ય આ તપ શરૂ કરે, તે પણ છ મહિના સુધી કરે બાકીના આઠ સાધુઓમાં ઓછામાં ઓછા એક અને વધુમાં વધુ સાત સાધુ તપસ્વીની સેવા કરે અને એક સાધુ વાચનાચાર્ય બને. જે વખતે ચાર સાધુઓ તપ કરતા હોય ત્યારે સેવા કરનારા ચાર સાધુ તથા વાચનાચાર્ય દરરોજ આયંબિલ કરે, અને જે વખતે વાચનાચાર્ય નો તપ ચાલતો હોય ત્યારે આઠેય સાધુઓ દરરોજ આયંબિલ કરે આ રીતે ૧૮ મહિને આ તપ પૂરો થાય.

પરિહાર કલ્પ પૂર્ણ થયા બાદ તે મુનિઓ પુનઃ એ તપનું સેવન કરે, અથવા જિનકલ્પ સ્વીકારે, અથવા સ્થવિર કલ્પ સ્વીકારે. આ કલ્પમાં રહેલા મુનિઓ આંખમાં પડેલું તૃણ પણ સ્વયં બહાર કાઢે નહીં, કોઇપણ જાતના અપવાદનું સેવન કરે નહીં, ભિક્ષા સિવાયના કાળમાં કાયોત્સર્ગમાંરહે, કોઇને દીક્ષા આપે નહીં કવચિત્ ઉપદેશ આપે,નવો અભ્યાસ ન કરે,ભણેલાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરાવર્તન કરે.

પ્રથમ સંઘયણ વાળા પૂર્વધરો જ આ સંયમ સ્વીકારી શકે છે. આ ચારિત્રનો સ્વીકાર કરવાના અધિકારી બે પ્રકારે કહ્યા છેઃ-

(૧)તીર્થંકર પરમાત્મા પાસે ચારિત્ર ગ્રહણ કરનારા -અથવા

(૨)તીર્થંકર પરમાત્મા પાસે જેમણે ચારિત્ર ગ્રહણ કર્યુ છે તેમની પાસે ચારિત્ર ગ્રહણ કરનારા

આ ચારિત્ર ભરત-ઐરાવત ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરોના તીર્થમાં અને બે પાટ પરંપરા સુધી જ હોય છેં. જેમ કે આ તીર્થમાં જંબૂસ્વામીના નિર્વાણ બાદ આ ચારિત્રનો વિચ્છેદ થયો.

૩- આત્માની વિશેષ પ્રકારે શુધ્ધિ કરવા માટે જેવિશેષ પ્રકારના આચાર તપવાળું ચારિત્ર તેને પરિહાર વિશુધ્ધિ ચારિત્ર જાણવું.

૪- परिहार એટલે ત્યાગ. અર્થાત્ ગચ્છના ત્યાગ વાળો જે તપ વિશેષ. અને તેનાથી થતી ચારિત્રની विशुद्धि-વિશેષ શુધ્ધિ, તે પરિહાર વિશુધ્ધિ.

છમાસ પર્યન્ત તપ કરનારા परिहारी અથવા निर्विशमानक કહેવાય. વૈયાવચ્ચ કરનારા अनुपहारी કહેવાય અને ગુરુ તરીકે સ્થાપેલ मुनि वाचनाचार्य मुनि કહેવાય.

આ ચારિત્ર સ્ત્રીઓ [સાધ્વીઓ] અંગીકાર કરી શકતા નથી.

**✤ સૂક્ષ્મ સમ્પરાય ચારિત્રઃ-**

૧-જેમાં ક્રોધઆદિ કષાયો ઉદયમાં હોતાનથી, ફકત લોભનો અંશ અતિ સૂક્ષ્મપણે હોય છે તે સૂક્ષ્મ સમ્પરાય ચારિત્ર.

૨-સૂક્ષ્મ સમ્પરાય શબ્દમાં સૂક્ષ્મ અને સમ્પરાય બે શબ્દો છે सम्पराय એટલે લોભ. જયારે ચાર કષાયોમાં કેવળ લોભજ હોય અને તે પણ સૂક્ષ્મ હોય [-અતિ અલ્પ પ્રમાણમાં હોય] ત્યારે આ ચારિત્ર હોય છે. સૂક્ષ્મ લોભને કર્મગ્રન્થની પરીભાષામાં દશમુંગુણસ્થાનક કહ્યું છે. અત્યારે શ્રેણીનો અભાવ હોવાથી દશમું ગુણસ્થાનક કોઇને પ્રાપ્ત થતું નથી. માટે આ ચારિત્રનો પણ અભાવ વર્તે છે.

૩-આ ચારિત્રમાં સ્થૂળથી ક્રોધાદિ ચારે કષાયો અને સૂક્ષ્મથી ક્રોધ-માન-માયા એ ત્રણે કષાયોનો ઉદય હોતો નથી. એક માત્ર સૂક્ષ્મ લોભનો ઉદય વર્તે છે. એવી કક્ષાના સંયતોને સૂક્ષ્મ સમ્પરાય ચારિત્ર કહેલું છે. આ ચારિત્રનો કાળ માત્ર અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવો. આ ચારિત્ર ઉપશમ શ્રેણીએ ચઢતા કે પડતા જીવને તથા ક્ષપક શ્રેણીએ ચડતા જીવને હોય છે.

૪- सूक्ष्म એટલે ચૂર્ણરૂપ થયેલ જે અતિ જઘન્ય.

सम्पराय એટલે લોભ કષાય. તેના ક્ષય રૂપે જે ચારિત્ર તે सूक्ष्मसम्पराय चारित्र કહેવાય. મોહનીયની ૨૮ પ્રકૃત્તિ માંથી ૨૭ મોહનીય ક્ષય કે ઉપશમ થયો હોય, ફકત સંજ્વલન લોભનો ઉદય હોય, સંજ્વલન લોભ માં પણ બાદર સંજ્વલન લોભનો પણ ક્ષય કે ઉપશમ થયા બાદ ફકત એક સૂક્ષ્મ લોભનો જ ઉદયય વર્તતો હોય ત્યારે જીવને જે ચારિત્ર હોય છે તેને સૂક્ષ્મ સમ્પરાય ચારિત્ર કહેવામાં આવે છે.

જો ઉપશમ શ્રેણીએ થી જીવ પડતો હોય તો संक्लिश्यमान सूक्ष्मसम्पराय અને ક્ષપક શ્રેણીએ ચઢતા જીવને વિશુધ્ધ દશાના અધ્યવસાય હોવાથીविशुध्यमान सूक्ष्मसम्पराय ચારિત્ર હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**❖ યથાખ્યાત ચારિત્રઃ-**

૧-જેમાં કોઈપણ કષાય ઉદયમાં નથી જ હોતો તે યથાખ્યાત અર્થાત્ વીતરાગ ચારિત્ર. આ યથાખ્યાત ને અથાખ્યાતકે તથાખ્યાત નામે પણ ઓળખવામાં આવે છે.

૨- યથાખ્યાત એટલે જેવા પ્રકારનું કહ્યું હોય તેવા પ્રકારનું. જીનેશ્વર ભગવંતોએ જેવા પ્રકારનું ચારિત્ર કહ્યું છે તેવા પ્રકારનું ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર.

જિનેશ્વર ભગવંતોએ શ્રેષ્ઠ ચારિત્ર તરીકે અકષાય [-કષાય રહિત] ચારિત્રને કહ્યું છે આથી કષાયના ઉદયથી સર્વથા રહિત ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર.

ઉપશાંત મોહ [જેને કર્મગ્રન્થકારો ૧૧ મું ગુણઠાણું કહે છે] ત્યાં કષાયનો સર્વથા ઉપશમ હોય છે અને ક્ષીણમોહ,સયોગી કેવળી,અયોગી કેવળી [જેને કાર્મગ્રન્થિક પરીભાષામાં ૧૨મું, ૧૩મુ,૧૪મું ગુણસ્થાનક કહેવાય છે] આ કક્ષાએ કષાયનો સર્વથા ક્ષય થયો હોય છે. તેથી આ ચાર કક્ષાના સંયતો [-સાધુ] ને યથાખ્યાત ચારિત્ર હોય છે.

વર્તમાનમાં આ ચારે કક્ષા [ગુણ સ્થાનક]નો અભાવ હોવાથી યથાખ્યાત ચારિત્ર નો પણ અભાવ વર્તે છે.

૩- જેને સ્થૂલ થકી કે સૂક્ષ્મ ભાવથી પણ મોહનીયકર્મનો ઉદય નથી તેવાં ઉપશાંત મોહ સંયતને તેમજ જેમને મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરેલો છે તેવા ક્ષીણ મોહ,સયોગી કેવળી અને અયોગી કેવળી સંયતોને યથાખ્યાત ચારિત્ર હોય છે એમ જાણવું.

મોક્ષમાં ગયેલા આત્માઓને કોઈપણ પ્રકારની આત્મવિશુધ્ધિ કરવાની હોતી નથી. તેથી તેઓને આત્મવિશુધ્ધિ કરવા રૂપ ચારિત્ર હોતું નથી. તેઓને કેવળ આત્મ ભાવમાંજ રમણતા કરવાપણું છે. તેમને ઉપચારે ચારિત્ર જાણવું.

૪-જે ચારિત્ર સર્વ જીવલોકમાં ख्यात એટલે કે પ્રસિધ્ધ છે. તેને યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે: જેને આચરીને સુવિહિતો મોક્ષ તરફ જાય છે.

यथा- જેવું,જૈન શાસ્ત્રોમાં અર્હત્ ભગવંતો એ ख्यात અર્થાત્ કહ્યું છે, તેવું સંપૂર્ણ ચારિત્ર, તે यथाख्यात ચારિત્ર.

અથવા अथ એટલે સર્વજીવ લોકમાં ख्यात એટલે કે પ્રસિધ્ધ. તુરંત મોક્ષ આપનારું હોવાથી, મોક્ષના ખાસ કારણ તરીકે પ્રસિધ્ધ, अहक्खाय[अथाख्यत ]કહેવામાં આવે છે.

આ યથાખ્યાત ચારિત્રનું ચાર ભેદે કથન પણ જોવા મળે છે.

(૧)उपशान्त यथाख्यातः-ઉપશાન્ત મોહ-સંયતને મોહનીયકર્મો સત્તામાં હોય છે, પણ તદ્દન શાન્ત હોવાથી તેનો ઉદય હોતો નથી. તે વખતનું ચારિત્ર તે ઉપશાન્ત યથાખ્યાત ચારિત્ર.

(૨)क्षायिकयथाख्यातः-ક્ષીણમોહ અને સયોગી-અયોગી કેવળી અવસ્થામાં તો મોહનીયનો મૂળથી જ તદ્દન ક્ષય થવાથી જે ક્ષાયિક ભાવનું ચારિત્ર છે તે ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર.

(૩)छाद्मस्थिक यथाख्यातः-ઉપશાન્ત અને ક્ષીણ મોહ એ બંને કક્ષાના સંયતો ને માટે છદ્મસ્થવીતરાગ શબ્દ વપરાયો છે. તેથી તેને છાદ્મસ્થિક યથાખ્યાત ચારિત્ર પણ કહેવાય છે.

(૪)कैवलिक यथाख्यातः- સયોગી કે અયોગી કક્ષાના સંયતો કેવલી હોય છે. તેથી તેના ચારિત્રને કેવલિક યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫- કર્મગ્રન્થની પરીભાષામાં એમ કહેવાય કે યથાખ્યાત ચારિત્ર જીવને ૧૧ માંથી ૧૪માં ગુણ સ્થાનક પર્યન્ત હોયજ છે. કેમ કે તે વખતે ચારિત્ર મોહનીયકર્મની એક પણ પ્રકૃત્તિ ઉદયમાં ન હોવાથી આત્મામાં ચારિત્ર ગુણ પુરેપુરો ખીલી ઉઠેલો હોય છે.

ઉંચામાં ઉંચા ચારિત્ર ગુણ વિશે, જે પ્રમાણે જાહેર રીતે કહેવામાં આવ્યુ હોય છે, તેવી રીતે તે ચારિત્ર હોય છે.

**અંતે આ પાંચે પ્રકારના ચારિત્ર થી આત્મા સંવર કરે છે. દેશસંવર-સર્વસંવર થકી મોક્ષે પહોંચેછે તે વાત સ્મરણમાં રાખીને આ પાંચ ભેદોના સ્વરૂપને ચિંતવવું.**

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-**

सामाइयत्थ पढमं छेदोवट्ठावणं भवे बीयं परिहारविसुध्धीयं सुहुम तह संपरायं च अकसायमहक्खायं छउमत्थस्सजिणस्स वा, एवं चयरित्तकरं, चारित्तं होई आहियं

✤ **उत्त॰ अ.२८,गा. ३२,३३**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

सम्यग्दृष्टि श्रावकविरतानन्त वियोजक दर्शनमोह्क्षपकोपशमकोपशान्तमोह्क्षपकक्षीणमोहजिनाः ....સૂત્ર. ९:४७ થી સંયતની ભિન્નભિન્ન કક્ષા જણાવે છે.

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ પ્રકરણ ગાથાઃ૩૨,૩૩-મૂળ તથા વિવરણ
(૨)પંચ સંગ્રહ
(૩)વિશેષાવશ્યક ગાથા-૧૨૪૭ વૃત્તિ

❒ **[9]પદ્યઃ-**

(૧) પ્રથમ સામાયિક બીજું, ઉપસ્થાપન છેદ થી
પરિહાર શુધ્ધિ જાણીએ, શુભ ચરણ ત્રીજું ભેદથી
ચારિત્ર ચોથું નામ નિર્મળ સૂક્ષ્મ સમ્પરાય છે
સર્વ રીતે શુધ્ધ પંચમ યથાખ્યાત વિખ્યાત છે.

(૨) સામાયિકને છેદોપસ્થાપન પરિહાર વિશુધ્ધિ તથા
સૂક્ષ્મ સમ્પરાયો ત્યાં ચોથું યથાખ્યાત પાંચમુંયથા
એ પાંચે ચારિત્રો ક્રમથી મોક્ષમાર્ગ સોપાન બને
તપ પણ કર્મ ક્ષયે ઉપયોગી બાહ્યાભ્યંતર બેયરીતે

❒ **[10]નિષ્કર્ષઃ**-સંવર ના ઉપાય તરીકે એક ભેદ ચારિત્ર કહ્યો છે. જેમાં પાંચ ભેદ દર્શાવ્યા સામાયિક થી યથાખ્યાત પર્યન્તના. જો કે સામાયિક ચારિત્રતો બધાં ભેદોમાં વ્યાપ્ત જ છે. પણ પછી-પછીના ભેદો આત્મ વિકાસની કક્ષા અનુસાર દર્શાવ્યા .તેમાં વધતા આત્મં વિકાસ સાથે ચારિત્રની સુધારણા પણ સંકડાયેલી જ છે. નિષ્કર્ષ જન્ય વાત અહીં એક જ છે કે જો જિનાજ્ઞાનું સર્વથા પાલન કરવું હોય તો અંતેતો તેમને કહ્યા મુજબનું જ આચરણ કરવું પડશે. અને તેમના કહ્યા મુજબના આચરણની ચરમ સિમા તે યથાખ્યાત ચારિત્ર કે જે ચારિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી અવશ્ય મોક્ષ જ થાય. અને આરભંથી અંત્ય બિંદુ પર્યન્ત જો સંકડાયેલ હોય તો તે ચારિત્ર છે. સામાયિક ચારિત્ર.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ૧૯

❑ [1]**સૂત્રહેતુઃ**- સંવર તથા નિર્જરાના હેતુભૂત એવા તપધર્મ ના બાહ્ય તપના ભેદોને આ સૂત્ર થકી સૂત્રકાર જણાવે છે.

❑ [2]**સૂત્રઃમૂળઃ-अनशनावमौदर्यवृत्तिपरिसङ्ख्यानरसपरित्यागविविक्त शय्यासनकायक्लेशा बाहयं तपः**

❑ [3]**સૂત્રઃપૃથક્**ઃ-अनशन - अवमौदर्य - वृत्तिपरिसंख्यान - रसपरित्याग - विविक्तशय्यासन - कायक्लेशा बाहयं तपः

❑ [4]**સૂત્રસારઃ- અનશન,અવમૌદર્ય,વૃત્તિ પરિસંખ્યાન,રસપરિત્યાગ,વિવિક્ત શય્યાસન, કાયકલેશ [એમ છ પ્રકારે] બાહ્યતપ છે.**

❑ [5]**શબ્દજ્ઞાનઃ**-

**अनशन**-આહાર ત્યાગ **अवमौदर्य**-ઉણોદરી

**वृत्तिपरिसंख्यान**-દ્રવ્ય,ક્ષેત્ર,કાળ,ભાવથી વૃત્તિનો અભિગ્રહ

**रसपरित्याग**-વિગઇ,યુકત,સ્વાદિષ્ટ આહારનો ત્યાગ

**विविक्तशय्यासन**-એકાંત શય્યાસન-સંલીનતા

**कायक्लेश**-કાયાને કલેશ પહોંચે તેવો તપ તે કાયકલેશ

❑ [6]**અનુવૃત્તિઃ**- આ સૂત્રમાં કોઇ સ્પષ્ટ અનુવૃત્તિ નથી.

❑ [7]**અભિનવટીકાઃ**-વાસનાઓને ક્ષીણ કરવા માટે જોઇતું આધ્યાત્મિક બળ કેળવવા માટે શરીર, ઇન્દ્રિય અને મનને જે જે તાપણી માં તપાવાય છે તે તે બધું તપ છે. આ તપ બાહ્ય અને અભ્યંતર બે ભેદે કહેવાયેલ છે.

બે ભેદે કહેવાયેલ એવા तप શબ્દની વ્યાખ્યા આ પૂર્વે સૂત્ર ૯:૩ तपसानिर्जरा च માં કરાયેલી છે. નોંધપાત્ર વિશેષ વાત હોય તો એટલી જ કે અહીં પૂર્વસૂત્ર ૯:૪ ના सम्यग् શબ્દની અનુવૃત્તિ પણ જોડવાની છે. અર્થાત્ તપ શબ્દ થી सम्यगतप જ લેવાના છે જો સમ્યક્ તપ હોય તો જ તે સંવર અને નિર્જરાનું સાધન બની શકે છે. વળી સૂત્રકારે પણ સ્વોપજ્ઞ ભાષ્યમાં તપ કર્મ નિર્જરા માટે હોવો જોઇએ તેવું કહેલ છે.

✤ **બાહ્યતપઃ**-જેના છ ભેદ આ સૂત્રમાં કહેવામાં આવેલા છે તે તપને બાહ્યતપ કેમ કહ્યો છે?

✡ જેમાં શારીરિક ક્રિયાની પ્રધાનતા હોય અને જે બાહ્ય દ્રવ્ય અપેક્ષાવાળું હોવાથી બીજા વડે દેખી શકાય છે તે બાહ્યતપ.

✡ આ છ તપને બાહ્યતપ કહેવામાં આવે છે, કારણ કે તેનું આચરણ બહારથી જોઇ શકાય છે કયારેક અંદરની ઇચ્છા રહિત બહારથી બીજાને દેખાડવા માટે પણ કરી શકાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✤ **અનશનઃ-**

**૧**- મર્યાદિત વખત માટે કે કે જીવનના અંત સુધી સર્વે પ્રકારના આહારના ત્યાગ કરવો.

**૨**- अन् એટલે નહી, અને अशन એટલે આહાર.

સિધ્ધાન્ત વિધિએ આહારનો ત્યાગ કરવો તે अनशन તપ. પરંતુ વ્રત પ્રત્યાખ્યાનની અપેક્ષા રહિત ભૂખ્યા રહેવા માત્રથી અનશન તપ થતો નથી. તેને માત્ર લંઘન કહેવાય છે

**૩**- ચાર પ્રકારના આહારનો શકિત અનુસારે વિધિપૂર્વક ત્યાગ કરવો તે અમુક કાળ પર્યન્ત નો ઇત્વર કથિક અને જાવજજીવ સુધી કરવો તે યાવત્ કથિક તપ કહેવાય છે.

**૪**- સંયમની રક્ષાને માટે અને કર્મોની નિર્જરા ને માટે જે ઉપવાસ,છઠ,અઠમ વગેરે કરવા તેને સમ્યગ્ અનશન નામક તપ કહે છે.

**૫**- અનશન એટલે આહારનો ત્યાગઃ-નવકારશી,પોરસી,એકાસણુ,આયંબિલ, ઉપવાસ,છઠ,અઠમ,માસક્ષમણ યાવત્ છમાસ સુધીના ઉપવાસ [મધ્યના ૨૨ તીર્થંકરમાં આઠમાસના ઉપવાસ,પ્રથમ તીર્થંકરમાં ૧-વર્ષના ઉપવાસ પર્યન્ત] તપને **ઇત્વર કથિત** અનશન કહેવાય છે .-ચોવિહાર મુટ્ઠિસહિંયં પચ્ચક્ખાણ આદિનો સમાવેશ પણ ઇત્ત્વરકથિક માં થાય છે.

**યાવજજીવિક અનશન** ના ત્રણ ભેદો કહ્યા છે

**(૧)ભકતપ્રત્યાખ્યાનઃ**-જીવન પર્યતનું ભકત પ્રત્યાખ્યાન અર્થાત્ ત્રણ કે ચાર આહારનો ત્યાગ. આ તપમાં શરીર ઉઠવું,બેસવું વગેરે શારીરિક ક્રિયાઓ સ્વયં કરી શકે છે અને બીજા પાસે પણ કરાવી શકે છે તેમજ અમુક ચોક્કસ પ્રદેશમાં જ જઇ શકાય તેવો કોઇ નિયત પ્રતિબંધ નથી

**(૨)ઇંગિનીઃ**-ઇંગિની એટલે ચેષ્ટા. જેમાં પ્રતિનિયત અમુક જ ભાગમાં હરવું-ફરવું આદિ ચેષ્ટા થઇ શકે તે ઇંગિની અનશન. આ અનશનમાં ચારે આહારનો ત્યાગ હોય છે શરીર પરિકર્મ સ્વયં કરી શકે છે પણ બીજા પાસે કરાવી શકે નહીં .તેમજ નિયત કરેલા પ્રદેશની બહાર જઇ ન શકાય .

**(૩)પાદપોપગમનઃ**- પાદપ એટલે વૃક્ષ. ઉપગમન એટલે સમાનતા. જેમાં વૃક્ષની જેમ જીવનપર્યન્ત નિશ્ચલ રહેવાનું હોય તે પાદપોપગમન અનશન. જેમ પડીગયેલ વૃક્ષ જેમનું તેમજ રહે છે તેમ આ અનશનમાં પ્રથમ જેવી સ્થિતિ હોય તેવીજ સ્થિતિ જીવનપર્યન્ત રહે છે. અંગોપાંગનું પણ હલન ચલન કરી શકાતું નથી.

આ અનશનમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ રહે છે.

આ ત્રણે પ્રકારના અનશનમાં પૂર્વ-પૂર્વના અનશન કરતા પછી પછી નું અનશન અધિક શ્રેષ્ઠ કહ્યું છે જો કે આ ત્રણે અનશન ધૈર્યવાન સાધક જ સ્વીકારી શકે છે તો પણ પછી-પછીના અનશન સ્વીકારનાર અધિક ધૈર્યવાન હોય છે. આવુ અનશન સ્વીકારનાર વૈમાનિક - દેવલોકમાં કે મોક્ષમાં અવશ્ય જાય છે

**૬**- અશન,પાન,ખાદિમ,સ્વાદિમ એટલે કે ખાવા યોગ્ય,પીવા યોગ્ય,મુખવાસાદિક સ્વાદ યોગ્ય પદાર્થો તેમાંના બે-ત્રણ કે ચારેનો દેશથી કે સર્વથી ત્યાગ, તેને અનશન કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**✤ અવમૌદર્ય-ઉણોદરી તપઃ-**

૧- પોતાની ક્ષુધાની આવશ્યકતા કરતા ઓછો આહાર લેવો તે અવમૌદર્ય અર્થાત્ ઉણોદરી કહેવાય.

૨- अवम्-ઓછું औदर्य-ઉદર પૂર્તિ પણું.

द्रव्य થી ક્ષુધા કરતાં ન્યૂન આહાર કરવો અને ઉપકરણાદિની ન્યૂનતા કરવી તે અવમૌદર્ય કે ઉણોદરીકા

भांव થી રાગાદિ ને ન્યૂન કરવા તે ભાવઅવમૌદર્ય

આ તપમાં પુરુષનો આહાર ૩૨-કવલ-કોળીયા પ્રમાણે ગણી ને યથાયોગ્ય પુરુષનું અવમૌદર્ય ૮-૧૨-૧૬-૨૪ અને ૩૧ કવલ ભક્ષણથી પાંચ પ્રકારે છે. અને સ્ત્રીનું અવમૌદર્ય ૭-૮-૧૨-૨૦-૨૭ કવલ ભક્ષણ વડે પાંચ પ્રકારે છે.

૩-સામાન્યથી પુરુષનો આહાર ૩૨-કોળીયા અને સ્ત્રીનો આહાર ૨૮ કોળીયા કહેવાય છે એટલે કે પોતાને યોગ્ય આહારથી કંઇક ઓછો આહાર કરવો અથવા તો પોતાના ઉદર ને તેની આવશ્યકતા કરતા ઓછું ભરવું તે ઉણોદરી કે અવમૌદર્ય તપ.

૪- अवम શબ્દ उन કે न्यून શબ્દોનો પર્યાયવાચી છે જેનો અર્થ ઓછુંકે ખાલી એવો પણ અહીં સ્વીકારયેલો છે.

उदर નો અર્થ પેટ થાય છે અર્થાત્ ખાલી પેટને अवमोदर નામે સૂત્રકાર મહર્ષિ કહે છે.

अवमौदर्य-અવમોદર નો ભાવ. ખાલી પેટ રહેવા પણું.

જઘન્ય અને ઉત્કૃષ્ટ ને છોડીને મધ્યમ કવલની અપેક્ષાએ અવમૌદર્ય ત્રણ પ્રકારે કહ્યું છે (૧)અલ્પાહાર-અવમૌદર્ય, (૨)ઉપાર્ધ અવમૌદર્ય, (૩)પ્રમાણ પ્રાપ્ત થી કંઇક ન્યૂન અવમૌદર્ય

૫- ભૂલથી ઓછો આહાર લેવો તે અવમૌદર્ય [ઉણોદરી] તપ. કોને કેટલો આહાર લેવો. તેનો નિર્ણય તો તેની ભૂખનેઆધારે જ થઇ શકે છે. છતાં એક સામાન્ય માપ તરીકે પુરુષને ૩૨ કોળિયા અને સ્ત્રીનો ૨૮ કોળીયા આહાર ગણાવાય છે.

અહીં કોળીયાનું માપસામાન્ય થી મરઘીના ઇંડા જેટલું અથવા સુખપૂર્વક [-મુખને વધારે પહોળું કર્યા સિવાય]મુખમાં પ્રવેશે તેટલું ગણેલું છે.

જઘન્ય ઉણોદરી પુરુષને ૩૧ કવલ અને સ્ત્રીને ૨૭ કવલ છે.

ઉત્કૃષ્ટ ઉણોદરી પુરુષને ૮ કવલ અને સ્ત્રીને ૭ કવલ છે. અહીં આઠ કે સાત કોળીયા ના માપ કરતાં આપણી સ્વાભાવિક જરૂરીયાતનો ચોથો ભાગ તે ઉત્કૃષ્ટ ઉણોદરી સમજવી. ઉણોદરી તપથી શરીરમાં સ્ફુર્તિ રહે છે. પરિણામે સંયમમાં અપ્રમત્તત્તા, અલ્પનિદ્રા, સંતોષ આદિ ગુણો વિકસે છે, સ્વાધ્યાય આદિ સઘળી સાધના સુખપૂર્વક થાય છે.

**✤ વૃત્તિ-પરિસંખ્યાનઃ-**

૧-વિવિધ વસ્તુઓની લાલચને ટુંકાવવી તે વૃત્તિ પરિસંખ્યાન.

૨- દ્રવ્યાદિક ચાર ભેદે મનોવૃત્તિનો સંક્ષેપઅર્થાત્ દ્રવ્યથી અમુક વસ્તુનો, ક્ષેત્રથી અમુક સ્થાનનો, કાળથી અમુક કાળે અને ભાવથી રાગ-દ્વેષ સહિત પણે જ ભિક્ષાવગેરેના અભિગ્રહ ધારણ કરવાતે વૃત્તિ પરિસંખ્યાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩- જરૂરી ભોગ્ય વસ્તુઓ વિવિધ અભિગ્રહ પૂર્વક-નિયમ સ્વરૂપમાં ગ્રહણ કરવાની વાપરવાની વૃત્તિ -પ્રવૃત્તિ તે વૃત્તિ પરિસંખ્યાન.

૪-સ્વોપજ્ઞ ભાષ્યમાં જણાવે છે કે વૃત્તિ પરિસંખ્યાન અનેક પ્રકારે હોય છે. જેમ કે ઉત્ક્ષિપ્ત,અન્તપ્રાન્ત ચર્યા આદિમાંથી સંકલ્પ વાળી વસ્તુ મળે તોજ આહારાદિ ગ્રહણ કરવા અન્યથા ન કરવા. એ જ રીતે અડદ, મગ,કાંજી,સાથવો વગેરેમાંથી અભિગ્રહ કરેલ વસ્તુજ લેવી પણ અન્ય વસ્તુન લેવી તે વૃત્તિ પરિસંખ્યાન.

૫- વૃત્તિ એટલે આહાર, અને તેનું પરિસંખ્યાન એટલે ગણતરી. આહારની લાલસાને ઓછી કરવા માટેઅમુક જ પ્રકારનો આહાર લેવો એ પ્રમાણે આહારનું નિયમન કરવું તે વૃત્તિ પરિસંખ્યાન.

**द्रव्यवृत्तिपरिसंख्यानः**- મારે અમુક જ દ્રવ્યો લેવા તે સિવાયના દ્રવ્યોનો ત્યાગ અથવા અમુક સંખ્યામાંજ દ્રવ્યો લેવા તેથી વધારે સંખ્યાના દ્રવ્યોનો ત્યાગ તે દ્રવ્ય અભિગ્રહ.

**क्षेत्र वृत्तिपरिसंख्यानः**-અમુક ક્ષેત્ર સિવાયના ક્ષેત્રનો ત્યાગ. અમુક ઘરોની જ ગોચરી લેવી તે સિવાયના ઘરોનો ત્યાગ અથવા ક્ષેત્ર આશ્રિત કોઇ ચોક્કસ સ્થિતિ સ્વીકારવી તે સિવાયની સ્થિતિ કે સિવાયનું ક્ષેત્ર અથવા ઘર હોય તો ગોચરી ન લેવી. જેમ કે પ્રભુ મહાવીરે અભિગ્રહ ધારણ કર્યો ત્યારે એક પગ ઘરમાં અને એક પગ ઉંબર બહાર હોય તે સ્થિતિમાં વહોરાવે તો લેવું તેમ નકકી કરેલું.

**कालवृत्तिपरिसंख्यानः**- બપોરના જ સમયે ભિક્ષા ગ્રહણ કરવી. અમુક કાળે જ ભિક્ષા ગ્રહણ કરવી, અમુક સમય ગાળામાં જે અને જેટલું મળે તે જ લેવું વગેરે અભિગ્રહ તે કાળથી વૃત્તિ પરિસંખ્યાન.

**भाववृत्तिपरिसंख्यानः**- વહોરાવનાર વ્યકિતના અમુક કોઇ એક કે ચોક્કસ ભાવને આશ્રિને વૃત્તિનો અભિગ્રહ કરવો તે. જેમ કે હસતો પુરુષ વહોરાવેતો લેવું, માથુ ખંજવાડતો પુરુષ,પૂર્વાવસ્થા સંભારી રડતી રાજકુમારી વગેરે ભાવોછે. અને આ ભાવ પૂર્વક વહોરાવે તો લેવું એ **भाववृत्तिपरिसंख्यान**

આ તપથી આહારલાલસા કાબુમાં આવે છે. આપત્તિમાં ધીરતા રહે છે, અશુભ કર્મો નિર્જરે છે રસના ઇન્દ્રિય જન્ય આશ્રવોનો નિરોધ થઇ શકે છે તપ-સંયમની સાધનામાં ખૂબજ સહાયક બને છે.

**✤ रस परित्यागः-**

૧-ઘી,દુધ આદિ તથા દારૂ,મધ,માખણ આદિ વિકારક રસોનો ત્યાગ કરવો. તે

૨-રસ એટલે દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ-તળેલી વસ્તુ એ ૬ લઘુવિગઇ,તથા મદિરા-માંસ-માખણ-મધ એ ચાર મહાવિગઇ,ત્યાં મહાવિગઇ નો સર્વથા ત્યાગ અને લઘુ વિગઇનો દ્રવ્યાદિ ચાર ભેદે યથાયોગ્ય ત્યાગ કરવો તે રસત્યાગ.

૩-આત્મામાં વિકૃત્તિ ભોગાકાંક્ષા વધારે તેને વિગઇઓ કહી છે. જેથી આત્મામાં વિકાર જાગે તેવા પદાર્થો ન લેવા- વાપરવા તેને રસત્યાગ તપ કહ્યો છે.

૪- સ્વોપજ્ઞ ભાષ્યમાં રસપરિત્યાગ પણ અનેક ભેદે કહેલો છે. જેમ કે મદ્ય-માંસ-મધુ અને માખણ. એ ચાર જે રસવિકૃત્તિ છે તેનો પરિત્યાગ કરવો અથવા વિરસ-નીરસ રૂક્ષ આદિ પદાર્થ ને આહારમાં ગ્રહણ કરવો તે रसपरित्याग તપ કહ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫-મધુર-સ્વાદિષ્ટ રસવાળા પદાર્થો નો ત્યાગ એ રસપરિત્યાગ તપ, ઇન્દ્રિયોને અને સંયમોને દૂષિત કરનાર વિગઇઓનો ત્યાગ એ રસપરિત્યાગ.

અત્યાર સુધીની બધી વ્યાખ્યા રસત્યાગ તે વિગઇ ત્યાગ સ્વરૂપની છે. પણ વિશેષ ખુલાસો કરીએ તો એમ કહી શકાય કે રસના ઇન્દ્રિય ની રાગ-દ્વેષ જન્ય પરિણતિનો ત્યાગ કરવો તે રસપરિત્યાગ છે. કોઇપણ પદાર્થ પછી તે તીખો-કડવો -તુરો-ખાટો-મીઠો કે ખારો ગમે તેવો હોય તો પણ રાગ કે દ્વેષથી ગ્રહણ ન કરતાં સમચિત્ત બનીને ગ્રહણ કરવો અર્થાત્ તદ્જન્ય રતિ કે અરતિના વિષયમાં ન લેપાવું તે જ વાસ્તવિક રસપરિત્યાગ છે.

✤ **વિવિકત શય્યાસન સંલીનતાઃ-**

✤ **વિવિકત**

૧-બાધા વિનાના એકાંત સ્થાનમાં વસવું, તે વિવિકત શય્યાસન સંલીનતા તપ કહેવાય છે.

૨- વિવિકત શય્યાસન, આ તપ સંલીનતા નામે પણ પ્રસિધ્ધ છે ત્યાં સંલીનતા એટલે સંવરવું,સંકોચવું જેના ચાર ભેદ છે

**इन्द्रियसंलीनताः**-ઇન્દ્રિયો સંવરવી કે પાછી હઠાવવી તે.

**कषायसंलीनताः**- કષાયો રોકવા તે. ક્રોધાદિની વૃધ્ધિ ન થવાદેવી તે

**योगसंलीनता**-અશુભ યોગોથી નિવર્તવું તે.

**विविक्तचर्यासंलीनताः**-સ્ત્રી,પશુ,નપુંસકના સંસર્ગવાળા સ્થાનનો ત્યાગ કરી સારા સ્થાનમાં રહેવું તે.

૩-વિવિક્ત એટલે એકાંત, એકાંતમાં શય્યા આદિ રાખવું અર્થાત્ એકાંતમાં રહેવું તે વિવિકત શય્યાસન.

સ્ત્રી,પશુ,નપુંસક થી રહિત તથા સંયમમાં બાધા ન પહોંચે તેવા શૂન્યઘર, મંદિર વગેરે એકાંત સ્થળે જ્ઞાનાદિની આરાધનમાં લીન રહેવું એ વિવિકત શય્યાસન તપ છે.

આ સ્થળે જેઓ સંલીનતા તપનો નિર્દેશ કરે છે તે એકપ્રકારે પર્યાયવાચી શબ્દ જ છે.

સંલીનતાના ચારભેદ કહ્યા છે. (૧)ઇન્દ્રિય સંલીનતા,(૨)કષાય સંલીનતા, (૩)યોગ સંલીનતા (૪)વિવિકત ચર્યા સંલીનતા જેને બદલે સૂત્રકાર મહર્ષિ ફકત વિવિકત શય્યાસન શબ્દ વાપરે છે તે પણ સૂચક છે.

વિવિકત ચર્યા અને વિવિકત શય્યાસન બંને વ્યાખ્યાની દ્રષ્ટિએ સમાનર્થક શબ્દો છે. સંલીનતાની અપેક્ષાએ વિવિકત શય્યાસન એ એક પેટા ભેદ છે. પણ જયારે વિવિકત શય્યાસન શબ્દથી ઉલ્લેખ થાય ત્યારે ગર્ભિત રીતે ચારે પ્રકારની સંલીનતાનો નિર્દેશ થઇ જ જાય છે. કેમ કે ઇન્દ્રિય કષાય-યોગ-એ ત્રણે સંલીનતા વિનાની વિવિકત શય્યાસન સંલીનતા નિરર્થક છે. કેમ કે સંયમને બાધા ન પહોંચે તે રીતે એકાન્ત સ્થાનમાં રહેવું એ જેમ સંલીનતા છે તેમ આ સાથે ઇન્દ્રિય -કષાય અને યોગોનો સંયમ પણ આવશ્યક જ છે. જો ઇન્દ્રિય-આદિનો સંયમ ન જળવાય તો એકાન્ત સ્થાનમાં વસવાનો કોઇ અર્થ જ નથી. માટે વિવિકત શય્યાસન એ ચારે પ્રકારની સંલીનતા નો જ પરોક્ષ રીતે ઘોતક છે તેમ અહીં વિધાન કરેલું છે.

૪- સમ્યગ્દ્રષ્ટિ જીવને સ્વાધ્યાય,ધ્યાન વગેરેની પ્રાપ્તિ માટે કોઇ એકાંત નિર્દોષ સ્થાનમાં પ્રમાદ રહિત સૂવા બેસવાની વૃત્તિ તથા અંતરંગ પરિણામોની જે શુધ્ધતા તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવિકત શય્યાસન કહે છે.

**૫-સ્વોપજ્ઞ ભાષ્યઃ**- विविक्त शय्यासनता नाम एकान्ते अनाबाधेऽसंसक्ते स्त्रीपशुषण्ढक विवर्जिते शून्यागार देवकुलसमा पर्वतगुहादीनामन्यतमे समाधि अर्थ संलीनता ।

✤ **કાયકલેશઃ-**

૧-ટાઢમાં,તડકામાં વિવિધ આસન આદિ વડે શરીર ને કસવું તે કાયકલેશ.

૨- વીરાસન આદિ આસનોથી બેસવું, કાયોત્સર્ગ કરવો, કેશનો લોચ કરવો ઇત્યાદિ કાયકલેશ તપ છે.

૩-આત્માને શરીર સાથેનો સંબંધ ગાઢ હોવાથી આત્મા શરીરના દુઃખે દુઃખી થઇ જાય છે અને શરીરના સુખે પોતાને સુખી માનવા લાગી જાય છે. તેથી પોતાનો દેહજ આત્મા છે એવો મિથ્યા-આભાસ જીવમાં ઉભો થાય છે. પરીણામે આત્મા,આત્મ શુધ્ધિની સાધનાથી અળગો રહેતો હોય છે .આ માટે કાયાને કષ્ટ આપવા રૂપ વિવિધ પ્રકારના તપો વડે કાયા અને આત્મા બંનેનો ભેદ સ્પષ્ટ થાય તે માટે પ્રયત્નો કરવા તે કાયકલેશ તપ.

૪-कायक्लेशोऽनेकविधः । तद्यथा-स्थानवीरासनोत्कडुकासनैकपार्श्वदण्डायतशयनातापनाप्रावृत्तादीनि सम्यक् प्रयुक्तानि बाहयं तपः ।

૫- જેનાથી કાયાને કલેશ કે કષ્ટ થાય તે કાયકલેશ તપ. વીરાસન આદિ આસનો, કાયોત્સર્ગ,લોચ,ઉગ્રવિહાર આદિ કાયકલેશ તપ છે.

આ તપના સેવનથી શરીર ઉપરનો રાગ દૂર થાય છે, સહન કરવાનું સામર્થ્ય પ્રગટે છે. વીર્યાન્તરાય નો તીવ્ર ક્ષયોપશમ થાય છે.

**આ રીતે છ પ્રકારનો બાહ્યતપ કહેવાયો છે** તે દરેક તપનું ફળ સંગત્યાગ,શરીર લાઘવ,ઇન્દ્રિય વિજય,સંયમ-રક્ષણ અને કર્મ નિર્જરા છે. એટલે કે આ બાહ્યતપ કરવાથી શરીર પરત્વેની મૂર્છાનો ભાવ દૂર થાય છે અંતરંગ- બાહ્ય બધાં પરીગ્રહો છૂટી જવાથી નિર્મમ નિરહંકાર રૂપ પરીણામ સિધ્ધ થાય છે.

તપ ન કરવાથી શરીર ભારે બને છે, પ્રમાદની વૃધ્ધિ થાય છે જયારે આ તપોના નિમિત્તથી શરીરમાં લઘુતા આવે છે. જેથી પ્રત્યેક કાર્ય પ્રમાદ રહિત પણે થઇ શકે છે. આ તપના નિમિત્ત થી ઇન્દ્રિયો પણ ઉદ્વેગ ને પ્રાપ્ત કરતી નથી. પરીણામે સંયમની રક્ષા અને કર્મોની નિર્જરા થયા કરે છે.

આ છ પ્રકારનો બાહ્યતપ એ અભ્યંતર તપની પુષ્ટિ માટે એક મહત્વનું સાધન છે બાહ્યતપ શરીર અને આત્મા એ બંને વચ્ચેની ભેદ રેખા સ્પષ્ટ કરે છે. શરીર એ ફકત સંયમ નિર્વાહના સાધન રૂપ છે, તેમ સમજીને તેનું પોષણ કરવું પણ મુખ્યતા દેહનું લાલન પાલન નહી પણ તપ કરવા માટે દેહ એક સાધન ભૂત છે તે વાતની હોવી જોઇએ, એ જ્ઞાન અહીં બાહ્યતપ તપ થકી પ્રતિપાદિત થાય છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-** बाहिरए ावे छव्विहे पण्णत्ते तं जहा अणसण-उणोदरिया-भिक्खायरियाश्चरसपरिच्चाओ, काायकिलेसो पडिसंलिणया बज्झो (तवो होइ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✤ भग० श.१५,उ.७,सू.८०२-१

✡ તત્વાર્થ સંદર્ભઃ-

(૧)तपसा निर्जरा च सूत्र. ९:३ થી તપની વ્યાખ્યા

(૨)सम्यग्योगनिग्रहो० सूत्र. ९:४ सम्यग्‌થી શબ્દ

(૩)उत्तमः क्षमामार्दवार्जव० सूत्र. ९:६ थी तपस् શબ્દની વ્યાખ્યા

અન્યગ્રન્થ સંદર્ભઃ-

(૧)નવતત્વ ગાથા-૩૫ વિવરણ

(૨)અતિચાર વિચારણા [नाणंमिदंसणंमि]પ્રબોધટીકા ભા.૨

(૩)વંદિતુ સૂત્ર-ગાથા-૩૨ વિવરણ

[૯]પદ્યઃ-

(૧) પ્રથમ અનશન તપજ સારું ઉણોદરી બીજું કહે
વૃત્તિ તણો સંક્ષેપ ત્રીજું, ચોથું રસત્યાગ કહે
વિવિકત શય્યા અને આસન પાંચમું તપ એકદા
કાય કલેશ જ છઠ્ઠું મળતાં બાહ્યતપ એવું સદા

(૨) અનશન ઉણોદરી રસત્યાગી વૃત્તિ સંક્ષેપ વળી કરવો
કાયકલેશ એકાંત પ્રિયતા છયે ગણાતાં બાહ્યતપો

❒ **[10]નિષ્કર્ષઃ**-તપ એ કર્મ નિર્જરાનું અમોઘ સાધન તો છે જ વધારામાં અહીં સંવરના ઉપાય રૂપે પણ શાસ્ત્રકારો એ તપને અતિ અગત્યનું સાધન કહેલ છે એવા તપના જે બાહ્ય ભેદો અહીં જણાવ્યા, તેમાં મહત્વની વાત તો એ છે કે ફકત ઉપવાસ-આયંબિલ ને તપ માનનારની મિથ્યા માન્યતાનું નિરસન થઇ જાય છે.

સર્વ પ્રથમ ન ખાવારૂપ તપ કહ્યો, કદાચ ખાવું છે તો ઉદરને કંઇક ઉણું રાખવાનુ સૂચન કર્યુ. પણ ઉદર પૂર્તિ પણ પૂરી કરવી છે તો શું કરવું? જીભના રસનો ત્યાગ કરવો આ રીતે શરીરને પોષણ તો આપ્યું પણ છેવટે શરીર પણ સંયમ સાધના માટે જ છે ને? જો શરીરનો પોષ્યા પછી તે કાયા સંયમ આરાધના ઉપયોગી ન બને તો શી કામની? એટલે સંલિનતા અને કાય કલેશ તપ કહ્યો કેમ કે લાલન -પાલન પામેલ દેહને જો યોગ્ય બાહ્યતપ વડે તપાવવામાં ન આવે તો એ જ શરીર ઇન્દ્રિય ના વિષયોમાં ફસાઇ આશ્રવ શરૂ કરી દે છે, અસંયમમાં પ્રવર્તન કરી દે છે માટે છેલ્લા બે તપ કાયા પર અંકુશનું કામ કરે છે.

આ રીતે બાહ્યતપ થકી સંવર, નિર્જરાને છેલ્લે મોક્ષ સુધીનો પુરુષાર્થ તે જ આ સૂત્રનો નિષ્કર્ષ.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

## અધ્યાયઃ૯-સૂત્રઃ૨૦

❒ **[1]સૂત્રહેતુઃ**- આ સૂત્ર થકી સૂત્રકાર અભ્યંતર તપના છ ભેદો ને જણાવી રહ્યા છે.

❒ **[2]સૂત્રઃમૂળઃ**-**प्रायश्चितविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम्**

❒ **[3]સૂત્રઃપૃથક્ઃ**-प्रायश्चित -विनय -वैयावृत्त्य - स्वाध्याय-व्युत्सर्ग-ध्यानानि उत्तरम्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ **[4]સૂત્રસારઃ-પ્રાયશ્ચિત,વિનય,વૈયાવૃત્ય,સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ અભ્યંતર તપ છે.**

❑ **[5]શબ્દજ્ઞાનઃ-**

**प्रायश्चित्तः**-પ્રાયશ્ચિત,દોષશુધ્ધિ **विनय**-વિનય
**वैयावृत्य**:-વૈયાવચ્ચ,સેવા **स्वाध्याय**-સ્વાધ્યાય,અભ્યાસ
**व्युत्सर्ग**-ત્યાગ **ध्यान**-ધ્યાન,ચિત્તસ્થૈર્યમ્
**उत्तर**-અભ્યંતર - આ શબ્દ તપપદનું વિશેષણ છે

❑ **[6]અનુવૃત્તિઃ-**

(१) अनशनावमौदर्य० सूत्र. ९:१९ થી तपः ની અનુવૃત્તિ
(२)तपसानिर्जरा च सूत्र. ९:३ થી निर्जरा च ની અનુવૃત્તિ

❑ **[7]અભિનવટીકાઃ-** વાસનાઓને ક્ષીણ કરવા માટે જોઈતું આધ્યાત્મિક બળ કેળવવા માટે શરીર,ઇન્દ્રિય અને મનને જે જે તાપણીમાં તપાવાય છે, તે તે બધું તપ છે.

આ તપના બાહ્ય અને અભ્યંતર બે મુખ્ય ભેદ છે જેમાંના બાહ્ય તપ વિષયક ચર્ચા પૂર્વ સૂત્રઃ૧૯માં કરી આ સૂત્ર થકી સૂત્રકાર મહર્ષિ અભ્યંતર તપના ભેદોને જણાવે છે.

✤ **અભ્યંતરતપઃ-**

✡ જેમાં માનસસિક ક્રિયાની પ્રધાનતા હોય છે અને જે મુખ્યપણે બાહ્ય દ્રવ્યની અપેક્ષા ન રાખતું હોવાથી બીજાઓ વડે પણ ન દેખી શકાય તે અભ્યંતરતપ.

✡ જે તપ લોકો બાહ્ય દ્રષ્ટિથી જાણી શકતા નથી, જે તપથી લોકો તપસ્વી કહેતા નથી, જેનાથી બાહ્ય શરીર તપતું નથી પણ અભ્યંતર આત્માને અને મનને તપાવે છે. અને વિશેષતઃ જે તપ અંતરંગ પ્રવૃત્તિ વાળો હોય છે તેવા પ્રાયશ્ચિત આદિને અભ્યંતરતપ કહે છે.

✡ મુખ્યતયા આત્માની અંત્તરંગ પરિણતીની વિશુધ્ધિ વડે થતો હોવાથી તેને અભ્યંતર તપ કહ્યો છે તેમજ તપગુણ વડે જ અનુક્રમે આત્મા સર્વકર્મનો ક્ષય કરી મોક્ષપદ પ્રાપ્ત કરી શકે છે.

✤ **પ્રાયશ્ચિતઃ-**

✡ લીધેલ વ્રતમાં થયેલ પ્રમાદ જનિત દોષોનું જેના વડે શોધન કરી શકાય તે પ્રાયશ્ચિત.

✡ પ્રાયશ્ચિત શબ્દમાં પ્રાયઃ અને ચિત્ત એ બે શબ્દો છે प्रायः એટલે અપરાધ. चित्त એટલે વિશુધ્ધિ.

✡ જે અપરાધની શુધ્ધિ કરે તે આલોચનાદિને પ્રાયશ્ચિત કહેવામાં આવે છે. જેના નવભેદ હવેપછીના સૂત્ર.૯:૨૨ માં કહેવાયા છે -થયેલા અપરાધની શુધ્ધિ કરવી તે પ્રાયશ્ચિત.

✡ મૂળ અને ઉત્તર ગુણમાં થોડો પણ અતિચાર દોષ લાગ્યો હોય તેની જે કાંઇ પણ અનુષ્ઠાન કરીને શુધ્ધિ કરવી તે પ્રાયશ્ચિત.

मूलोत्तरगुणेषुस्वल्पोऽप्यतीचारः चित्तं मलिनयति इति तत्त्वप्रकाशनाय तच्छुध्यैव प्रायश्चित्तं विहितं.

पापच्छेदकारित्वात् प्रायश्चित्तम् इति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रायो बाहुल्येन चित्तविशुध्धिहेतुत्वात् प्रायश्चित्तम् ।

✤ **વિનયઃ-**

✡ જ્ઞાન આદિ સદ્ગુણો વિશે બહુમાન રાખવું તે 'વિનય'.

✡ ગુણ અને ગુણી પ્રત્યે આશાતાના ના ત્યાગ ભાવપૂર્વક બહુમાન તે વિનય.

✡ ગુણવંતની ભકિત-બહુમાન કરવું અથવા આશાતાના ન કરવી તે વિનય. જે ચારભેદે હવે પછીના સૂત્ર માં કહેવાશે.

✡ મોક્ષાનુફળ જ્ઞાન અને ઉચિત પ્રવૃત્તિ, તેના આચરનારા અને તેના સાધનો તરફ બહુમાન, અને તે સૂચવનારી પ્રવૃત્તિઓને વિનય કહેવામાં આવે છે.

✡ विनीयते येनाष्ट प्रकारं कर्म-अपनीयते स विनयः

✤ **વૈયાવૃત્યઃ-**

✡ યોગ્ય સાધનો પૂરા પાડીને પોતાની જાતને કામમાં લાવીને સેવા વગેરે કરવા તે વૈયાવૃત્ય.

✡ આચાર્ય આદિ મહાપુરુષોની સેવા એ વૈયાવૃત્ય કે વૈયાવચ્ચ કહેવાય છે. જેના દશ ભેદો હવે પછીના સૂત્ર માં સૂત્રકારે પોતે જ જણાવેલા છે.

✡ આચાર્યાદિ દશેનું યથાયોગ્ય આહાર, વસ્ત્ર, વસતિ, ઔષધ, પાત્ર, આજ્ઞાપાલન, ઈત્યાદિથી ભકિત-બહુમાણ કરવું તે વૈયાવૃત્ય.

✡ વૈયાવૃત્ય પણું, શાસ્ત્રના ઉપદેશે કરીને દોષોથી દૂર થઇ, સેવા-ભકિતની પ્રવૃત્તિ કરવી તે વૈયાવૃત્ય કે વૈયાવચ્ચ.

✡ श्रुतोपदेशेन व्यावृत्तो - व्यग्रस्तद्भावो वैयावृत्त्यम्

✤ **વિનય-વૈયાવૃત્યમાં તફાવતઃ-**

વિનયમાં હાર્દિક પરિણામ [આદર-બહુમાન]ની પ્રધાનતા છે જયારે વૈયાવૃત્યમાં બાહ્ય કાયચેષ્ટાની અને આહાર આદિ દ્રવ્યની પ્રધાનતા છે.

વૈયાવૃત્ય શબ્દ વ્યાવૃત્ત ઉપરથી બનેલો છે વ્યાવૃત્ત એટલે વ્યાપારમાં પ્રવૃત્ત. વ્યાવૃત્ત ભાવ-પરિણામતે વૈયાવૃત્ય અર્થાત્ આચાર્ય આદિની સેવા માટે જિનોકત શાસ્ત્રાનુસારે તે તે ક્રિયામાં પ્રવૃત્તિ તે વૈયાવૃત્ય.

✤ **સ્વાધ્યાયઃ-**

✡ જ્ઞાન મેળવવા માટે વિવિધ પ્રકારનો અભ્યાસ કરવો તે સ્વાધ્યાય.

✡ શ્રુતનો અભ્યાસ તે સ્વાધ્યાય, જે વાચનાદિ પાંચ ભેદે કહેવાયેલો છે, જેનું વર્ણન હવે પછીના સૂત્ર માં સૂત્રકારે પોતે જ કરેલું છે.

✡ વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ જ સ્વાધ્યાય નામનો તપ જાણવો.

✡ યોગ્ય સમયે વિધિ પૂર્વક પઠન પાઠન વગેરે કરવું અને અયોગ્ય સમયે ન પણ કરવું તે સ્વાધ્યાય છે.

✡ सुष्ठु मर्यादया कालवेलापरिहारेण पौरुष्यपेक्षया वाऽध्याय:स्वाध्याय:

✤ **વ્યુત્સર્ગ :-**

✡ અહંત્વ અને મમત્વ નો ત્યાગ કરવો તે વ્યુત્સર્ગ.

✡ વ્યુત્સર્ગ એટલે ત્યાગ સાધનામાં વિઘ્નભૂત કે બિનજરૂરી વસ્તુનો ત્યાગ એ વ્યત્સર્ગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ વ્યુત્સર્ગ એટલે ત્યાગ જે દ્રવ્ય અને ભાવ બે પ્રકારે કહેવાય છે દ્રવ્ય થી ગણ,કાયા,ઉપધિ,અશુધ્ધ ભકત-પાન નો ત્યાગ અને ભાવથી કષાય, ભવ અને કર્મનો ત્યાગ તેને શાસ્ત્રકારો ઉત્સર્ગ કહે છે.

✡ विविधस्यान्नपानवस्त्रपात्रादे: संसक्तस्यातिरिक्तस्य च परित्याग उत्सर्गो व्यत्सर्ग:

✤ ધ્યાનઃ-

✡ ચિત્તના વિક્ષેપોનો ત્યાગ કરવો તે ધ્યાન .

✡ ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા, વિવિધ વિષયોમાં ભટકતા ચિત્તની કોઇ એક વિષયમાં સ્થિરતા -એકાગ્રતા ધ્યાન છે.

✡ ધ્યાન એટલે યોગની એકાગ્રતા કે યોગનિરોધ એમ બે પ્રકારના અર્થો પ્રસિધ્ધ છે. જેના ચાર ભેદ પ્રસિધ્ધ છે. આર્ત્ત રૌદ્ર ધર્મ અને શુકલ. જેનું વિસ્તૃત વર્ણન સૂત્રકાર પોતે જ આગામી સૂત્રોમાં કરવાના છે.

અહીં આર્ત્ત-રૌદ્ર એ આશ્રવ કે સંસારવૃધ્ધિના કારણ છે માટે તેને તપ કે નિર્જરાના સાધનભૂત કહ્યા નથી. પણ ધર્મ અને શુકલ બે ધ્યાન જ તપરૂપ છે અને સંવર તથા નિર્જરાના હેતુભૂત કહ્યા છે.

✡ મન વચન કાયાના યોગોની આગમવિધિ પૂર્વક રૂકાવટ કરી આત્મામાં નિશ્ચળતા-સ્થિરતા લાવવી અર્થાત્ આત્મ પ્રદેશોમાં અચંચળતા સ્થાપિત કરવી તે ધ્યાન.

✡ वाक्कायचित्तानां आगमविधानेन निरोधो ध्यानम् ।

✤ **उत्तरम्:-**

✡ उत्तरम् इति पूर्वसूत्रोपन्यस्तबाह्यतपोऽपेक्षयासूत्रानु पूर्वी प्रमाण्यादुत्तरमिति अभ्यन्तरम्

✡ સૂત્રક્રમ ના પ્રામાણ્યથી 'બાહ્યતપ; પછી કહેવાયેલ હોવાથી તેનો ઉત્તર અર્થાત્ અભ્યન્તર તપ કહેવાય છે.

આ પ્રમાણે છ અભ્યન્તર તપોને સૂત્રકાર મહર્ષિ જણાવે છે. જેનું ભેદ-પ્રભેદ સહિતનું સુવિસ્તૃત વર્ણન હવે પછીના સૂત્રોમાં કહેવાયેલ છે. આ અભ્યન્તર તપ એ મુકિતનું અંતિમ પગથીયું પણ છે કેમ કે જીવને છેલ્લે શુકલ ધ્યાન જ હોય છે.

❒ [8]સંદર્ભઃ-

✡ **આગમ સંદર્ભઃ-** अब्भिंतरए तवे छव्विहे पण्णत्ते, तं जहा पायच्छित्तं विणओ वेयावच्चं तहेव सज्झाओ झाणं विउस्सग्गो ✤ **भग॰श.२५,उ.७,सू.८०२-२**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)પ્રાયશ્ચિત ભેદ-आलोचनप्रतिक्रमणतदुभयविवेक॰ सूत्र. ९:२२

(૨)વિનયભેદ-ज्ञानदर्शनचारित्रोपचारा - सूत्र-९:२३

(૩)વૈયાવચ્ચનાભેદ-आचार्योपाध्यायतपस्वि॰ सूत्र. ९:२४

(૪)સ્વાધ્યાયના ભેદ-वाचनापृच्छनानुप्रेक्षा॰ सूत्र. ९:२५

(૫)ઉત્સર્ગના ભેદ-बाह्याभ्यन्तरोपध्यो: सूत्र. ९:२६

(૬)ધ્યાનની વ્યાખ્યા-उत्तमसंहननस्य सूत्र. ९:२७

✤ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧)નવતત્વ ગાથા ૩૬ અભ્યન્તર તપ
(૨)અતિચાર વિચારણા સૂત્ર-પ્રબોધટીકા ભા.૨
(૩)વંદિતુ સૂત્ર -ગાથા ૩૨ પ્રબોધટીકા ભા.૨
(૪)વૈયાવચ્ચ ગરાણાંસૂત્રપ્રબોધટીકા ભા.૨
(૫)યોગશાસ્ત્ર
(૬)મન્નહજિણાણં સજ્ઝાય પ્રબોધટીકા ભા.૩

[9]પદ્યઃ-

(૧) પ્રાયશ્ચિત પ્રથમ ભાખ્યુ વિનય તપ બીજે ભલું
વૈયાવચ્ચ ત્રીજું તપ સ્વાધ્યાય ચોથું નિર્મળું
કાયોત્સર્ગ પાંચમું ને ધ્યાન છઠ્ઠું ધારીએ
ષટ્ભેદ અભ્યન્તર તણા તપ કરી ભવ વારીએ

(૨) પ્રાયશ્ચિત ને વિનય સૂસેવા સ્વાધ્યાય ને ધ્યાન તથા
કાયોત્સર્ગની સદા સજાવટ આભ્યન્તર તપ છ એ રહ્યા

❐ [10]નિષ્કર્ષઃ- આ અભ્યન્તર તપના છ ભેદો આ સૂત્ર થકી સૂત્રકારે જણાવેલ છે. બાહ્યતપ ને તપ રૂપે ગણતાં આપણે સૌ અભ્યન્તર તપને તપ ગણવા જ ટેવાયેલા નથી. કદાચ વર્તમાન યુગમાં અભ્યન્તર તપ શબ્દજ અપ્રસ્તુત થતો જાય છે પણ વાસ્તવિક રીતે મોક્ષનું પ્રધાન કારણ જ અભ્યન્તર તપ છે.

પ્રાયશ્ચિત વિના દોષોની શુધ્ધિ થતી નથી. પણ તે પ્રાયશ્ચિત ગ્રહણ વિનયતપ વિના સમ્યક પ્રકારે થઇ શકતું નથી. આ વિનય ગુણ તપથી યુકત આત્મા જસુંદર અને અપ્રતિમ વૈયાવચ્ચ તપ કરી શકે છે. વૈયાવચ્ચી-સેવાભાવી આત્માઓ ને સમ્યક જ્ઞાન હેતુ સ્વાધ્યાયની પણ આવશ્યકતા રહેવાની જં કેમ કે સ્વાધ્યાયથી સાચી સમજણ પામેલો જીવજ સાચુ ધ્યાન જેને ધર્મ કે શુકલ ધ્યાન કહે છે તે રૂપ તપાચાર આચરી શકે છે. છેવટે શુકલ ધ્યાન જ મોક્ષને દેનારું બને છે. આત્મશુધ્ધિ સુધીના પગથીયા ચઢી શકાતા હોવાથી મોક્ષના હેતુભૂત આ તપનો પૂર્ણ આદર કરવો એ જ આ સૂત્રનો નિષ્કર્ષ છે.

❐ ❐ ❐ ❐ ❐ ❐ ❐

## અધ્યાયઃ૯-સૂત્રઃ૨૧

❐ [1]સૂત્રહેતુઃ- ધ્યાન સિવાયના પ્રાયશ્ચિત આદિ અભ્યન્તર તપોના ભેદને જણાવતી સંખ્યાનો આ સૂત્ર થકી નિર્દેશ કરે છે.

❐ [2]સૂત્રઃમૂળઃ-*नवचतुर्दशपञ्चद्विभेदं यथाक्रमंप्राग्ध्यानात्

❐ [3]સૂત્રઃપૃથક્ઃ-नव - चतुः - दश - पञ्च - द्वि भेदं यथाक्रमं प्राग् - ध्यानात्

❐ [4]સૂત્રસારઃ-અભ્યંતર તપમાં ધ્યાન પૂર્વેના તપોના અનુક્રમે નવ,ચાર,દશ,પાંચ

*દિગમ્બર આમ્નાયના શ્લોકવાર્તિક અને સર્વાર્થસિધ્ધમાં नवचतुर्दश पञ्चद्विभेदायथाक्रमम् प्राग्ध्यानात् સૂત્ર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અને બે ભેદ છે [અર્થાત્-પ્રાયશ્ચિત તપના નવ ભેદ છે,વિનય તપના ચાર ભેદ ભે, વૈયાવચ્ચતપના દશ ભેદ છે, સ્વાધ્યાયતપના પાંચ ભેદ છે,વ્યુત્સર્ગ તપના બે ભેદ છે]**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**नवः**-નવ, પ્રાયશ્ચિતના ભેદ
**चतुः**-ચાર,વિનય ભેદ
**दशः**-દશ, વૈયાવચ્ચના ભેદ
**पञ्च**-પાંચ,સ્વાધ્યાય ભેદ
**द्विः**-બે,વ્યુત્સર્ગના ભેદ
**भेदं**-ભેદ
**यथाक्रम**-અનુક્રમે
**प्राग्ध्यानात्**-ધ્યાનપૂર્વે

❑ [6]અનુવૃત્તિઃ-प्रायश्चितविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्ग ध्यानान्युत्तरम् सूत्र.९:२०

❑ [7]અભિનવટીકાઃ-સૂત્રકાર મહર્ષિ એ આ સૂત્રમાં અભ્યંતરતપ ના છ ભેદોમાંથી ધ્યાન સિવાયના પાંચ ભેદ ના પેટા ભેદોની માત્ર સંખ્યા જણાવી છે.

✡ તો શું ધ્યાન ના પેટાભેદ નથી?

ના એવું નથી, પણ ધ્યાનના ભેદોના અવાન્તર ભેદો પણ હોવાથી તેનો અહીં સમાવેશ ન કરતાં પછીથી અલગ રૂપે જણાવેલા છે.

✡ ધ્યાન અન્ય ગ્રન્થોમાં પાંચમાં ક્રમે છે. પ્રસ્તુત ગ્રન્થમાં તેનો છઠ્ઠોક્રમ નિમ્નોકત બે કારણોસર જ જણાય છે.

(૧)ધ્યાનના અવાન્તર ભેદો વિશેષ હોવાથી તેનું છેલ્લે અલગ કથન છે.

(૨)મોક્ષમાં જતી વખતે જીવને છેલ્લે સમયે શુકલ ધ્યાનના ચોથા ભેદરૂપ તપ ચાલું હોય છે. અર્થાત્ તપના ૧૨ ભેદોમાં અંતિમ તપ ધ્યાન છેમાટે સૂત્રકારે ક્રમ પરિવર્તન સ્વીકાર્યુ હોય તેમ જણાય છે.

✡ यथाक्रमम्એટલે યથાસંખ્યમ્ કે અનુક્રમે સમજવું.

✡ પૂર્વ સૂત્રના ક્રમ સાથે આ નવઆદિ સંખ્યાને જોડવાથી પ્રાયશ્ચિતના નવ ભેદ વગેરે અર્થો સ્પષ્ટ થઇ શકયા છે.

❑ [8]સંદર્ભઃ-

✡ **આગમ સંદર્ભઃ**- હવે પછીના સૂત્ર સાથે આપેલ છે.

✡ **તત્વાર્થ સંદર્ભઃ**-

(૧)आलोचनप्रतिक्रमणतदुभयविवेक० सूत्र. ९:२२
(२)ज्ञानदर्शनचारित्रोपचारा सूत्र. ९:२३
(३)आचार्योपाध्यायतपस्विशैक्ष० सूत्र. ९:२४
(४)वाचनाप्रच्छनाऽनुप्रेक्षाऽऽम्नाय. सूत्र. ९:२५
(५)बाह्याभ्यन्तरोपध्योः सूत्र. ९:२६

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ**-

(૧)નવતત્વ ગાથા-૩૬ વિવરણ
(૨)અતિચાર આલોચના સૂત્ર પ્રબોધ ટીકા ભા. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ [9] પદ્યઃ-

(૧) પ્રાયશ્ચિત ના ભેદ નવ છે વિનયના ચાર વર્ણવ્યા
વૈયાવચ્ચના ભેદ દશને પાંચ સ્વાધ્યાયે કહ્યા
વ્યુત્સર્ગ તપના ભેદ બે, તત્વાર્થ સૂત્રે વાંચીએ
ચાર ભેદે ધ્યાન સમજી, શુધ્ધ ધ્યાને રાચીએ

(૨) ધ્યાન પેલાના પાંચ
અભ્યન્તર તપ તણા કહે ભેદો
નવ, ચાર, દશને પાંચ
અનુક્રમે ત્યાં વળી રહ્યા બે તો

❑ [10]નિષ્કર્ષઃ-આ સૂત્રનો નિષ્કર્ષ હવે પછીના અલગ અલગ સૂત્રોના અંતે આપેલ છે તેથી તેની અહીં ચર્ચા કરેલ નથી.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ૨૨

❑ [1]સૂત્રહેતુઃ- આ સૂત્ર થકી પ્રાયશ્ચિત તપના પેટા ભેદોનું વર્ણન કરી રહ્યા છે.

❑ [2]સૂત્રઃમૂળઃ- *आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेदपरिहारोपस्थापनानि ।

❑ [3]સૂત્રઃપૃથક્ઃ- आलोचन - प्रतिक्रमण - तदुभय - विवेक-व्युत्सर्ग- तपस् - छेद - परिहार - उपस्थापनानि

❑ [4]સૂત્રસારઃ-આલોચના,પ્રતિક્રમણ,તદુભય [-આલોચના તથા પ્રતિક્રમણ બંને] વિવેક,વ્યુત્સર્ગ,તપ,છેદ,પરિહાર,ઉપસ્થાપના [એમ પ્રાયશ્ચિતના નવ ભેદો છે]

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**आलोचना**-દોષોનું પ્રકાશન
**प्रतिक्रमण**-પાપથી પાછા હઠવું
**तदुभय**-આલોચના-પ્રતિક્રમણ
**विवेक** -અકલ્પ્યનો ત્યાગ
**व्युत्सर्ग**-વિશેષ પ્રકારે ત્યાગ
**तपः**-બાહ્ય -અભ્યંતરતપ
**छेद**-પર્યાય ભંગકરવો
**परिहार**- -દોષપાત્ર
**उपस्थापनाः**-પુનઃ આરોપણ

❑ [6]અનુવૃત્તિઃ-

(૧)प्रायश्चितविनयवैयावृत्त्य० સૂત્ર. ૯:૨૦ થી प्रायश्चित
(૨)नवचतुर्दशपञ्चद्विभेदं० સૂત્ર. ૯:૨૧ થી नव - भेदं

❑ [7]અભિનવટીકાઃ-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણે કરી આત્મશુધ્ધિ માટેના અનુષ્ઠાન કરતાં એવા આત્માને છદ્મ સ્થપણાને લઇને જે જે દોષો લાગવાથી આત્મામાં જે

*आलोचनाप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेद-परिहारोपस्थापनाःએ પ્રમાણે નું સૂત્ર દિગમ્બર આમ્નાયમાં છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપે મલિનતા થઇ હોય તેને શાસ્ત્રાનુસારે વિધિપૂર્વક દૂર કરવા માટે માયારહિત થઇને યથાયોગ્ય પ્રાયશ્ચિત કરવું તે પ્રાયશ્ચિત તપ.

આમ તો દોષ કે ભૂલનું શોધન કરવાના અનેક પ્રકારો છે તે બધા પ્રાયશ્ચિત છે. પણ ગ્રન્થકારે તેને મુખ્ય નવભેદ માં વિભાજીત કર્યા છે જે આ પ્રમાણે છે:-

**[૧]આલોચના:-**

✡ ગુરુસમક્ષ નિખાલસ ભાવે પોતાની ભૂલ પ્રકટ કરવી તે આલોચના.

✡ આત્મ સાધનામાં લાગેલા દોષો ગુરુ આદિની સમક્ષ પ્રગટ કરવા.

✡ आलोचनं प्रकटनं प्रकाशनम् आख्यानं प्रादुष्करणम् इति अनर्थान्तरम् ।

✡ પોતાથી કોઇ અપરાધ થઇ ગયો હોય ત્યારે ગુરુ સમક્ષ દોષ રહિત થઇ ને નિર્દોષ પણે પ્રગટ કરવો તેને આલો ચન પ્રાયશ્ચિત તપ કહેવામા આવે છે.

આ આલોચનાના પ્રકટન,પ્રકાશન,આખ્યાન અને પ્રાદુષ્કરણ એ બધાં પર્યાયો છે.

✡ પોતે લીધેલા વ્રત-નિયમમાં અતિચારાદિ દોષે કરીને જે રીતે મલિનતા થઇ હોય તેને યથાસ્થિત ગુરુ મહારાજની આગળ પ્રકાશિત કરવું તેનેઆલોચના પ્રાયશ્ચિત કહેવાય છે.

✡ દોષ સેવવાનો બનાવ જે રીતે હોય તે રીતે યર્થાથ સ્વરૂપમાં ગુરુ આગળ કહી બતાવવો, કેટલાક દોષો એવા હલકા પ્રકારના હોય છે કે પશ્ચાતાપપૂર્વક ખુલ્લા દિલથી ગુરુપાસે ખુલ્લી રીતે બરાબર જાહેર કરવાથી જ શુધ્ધ થઇ જતા હોય છે, તેવા દોષોને માટે આલોચના પ્રાયશ્ચિત જ સ્વતંત્ર રીતે પૂરતું છે.

**[૨]પ્રતિક્રમણ:-**

✡ થયેલ ભૂલનો અનુતાપ કરી તેથી નિવૃત્ત થવું અને નવી ભૂલ ન કરવા માટે સાવધાન થવું તે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત.

✡ લાગેલા દોષો માટે મિથ્યાદુષ્કૃત આપવું, અર્થાત્ ભૂલનો હાર્દિક સ્વીકાર કરવા પૂર્વક આ અયોગ્ય કર્યું છે, એવો પશ્ચાતાપ કરવો અને ભવિષ્યમાં તેવી ભૂલ ન કરવાનો નિર્ણય એ પ્રતિક્રમણ.

✡ प्रतिक्रमणं मिथ्यादुष्कृतसंप्रयुक्त: प्रत्यवमर्श: प्रत्याख्यानं कायोत्सर्गकरणं च ।

✡ પોતાનાથી થયેલા દુષ્કૃત અર્થાત્ પાપના વિષયમાં ''આ મારું દુષ્કૃત મિથ્યા થાઓ'' એ રીતે વચન દ્વારા પ્રયોજાયેલ વિચારોને પ્રતિક્રમણ કહે છે.

પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-કાયોત્સર્ગકરણ એ બધા શબ્દો એક અર્થના વાચક છે.

✡ શાસ્ત્ર નિર્દેશીત સૂત્ર- અર્થથી વિધિપૂર્વક પ્રતિક્રમણ કરવું તે. આ પ્રતિક્રમણ નો વર્તમાન વ્યવહાર વંદિતા સૂત્ર-નિર્દિષ્ટ ગાથાનુસાર ચાર કારણોથી ચાલે છે

पडिसिध्धाणं करणे किच्चाणं अकरणे असद्दहणे अ तहा विवरीय परुवणाए

✡ અતિચાર દોષોથી આગળ ન વધતાં તેનાથી પાછા ફરવું તે પ્રતિક્રમણ- પ્રાયશ્ચિત છે. એટલે કે કેટલાંક દોષો એવા હોય છે કે જે માત્ર આલોચના થી શુધ્ધ થતા નથી પરંતુ તે માત્ર પ્રતિક્રમણ થી શુધ્ધ થઇ શકે છે. તેને માટે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત જરૂરી છે.

પ્રતિક્રમણ એટલે એ મારી ભૂલ- દોષ થયેલ છે. પરંતુ તે ખોટું કામ થયું છે એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પશ્ચાતાપ પૂર્વક ભૂલની કબુલાત -સ્પષ્ટ શબ્દોમાં કરવી અને તે ભૂલ શુધ્ધ થઇ જાઓ અર્થાત્ મિથ્યામે દુષ્કૃતમ્ દઇ, ભાવિમાં ફરી આ ભૂલ ન કરવાની કબુલાત પ્રત્યાખ્યાન અને અતિચાર શુધ્ધિ અર્થે કાયોત્સર્ગ કરવા રૂપ જે સમગ્ર ક્રિયા તેને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત કહે છે.

✤ [૩]તદુભયઃ-

✡ ઉકત આલોચન અને પ્રતિક્રમણ બન્ને સાથે કરવામાં આવે ત્યારે તદુભય અર્થાત્ મિશ્ર પ્રાયશ્ચિત.

✡ આલોચના તથા પ્રતિક્રમણ ઉભયથી દોષોની શુધ્ધિ કરવી અર્થાત્ દોષોને ગુરુ આદિની સમક્ષ પ્રગટ કરવા અને અંતઃકરણથી મિથ્યાદુષ્કૃત આપવું.

✡ एतद् उभयम् आलोचन प्रतिक्रमणे ।

[૪]વિવેકઃ-

✡ ખાનપાન આદિ વસ્તુ જો અકલ્પનીય આવી જાય અને પછીથી ખ્યાલ આવે તો તેનો ત્યાગ કરવો તે 'વિવેક' પ્રાયશ્ચિત.

✡ વિવેક એટલે ત્યાગ. આહાર આદિ ઉપયોગ પૂર્વક લેવા છતાં અશુધ્ધ આવી જાય તો વિધિપૂર્વક તેનો ત્યાગ કરવો એ વિવેક છે.

✡ विवेको विवेचनं विशोधनं प्रत्युपेक्षणम् इति अनर्थान्तरम् । स एव संसक्तान्नपानोपकरणादिषु भवति ।

✡ વિવેક,વિવેચન,વિશોધન અને પ્રત્યુક્ષેણ આ બધા શબ્દો એકજ અર્થના વાચક છે. મળેલી વસ્તુને પૃથક્-પૃથક્ કરવી તે વિવેક છે .આ પ્રાયશ્ચિત મળેલ અન્ન-પાન-ઉપકરણ આદિ વસ્તુઓના વિષયમાં હોય છે.

✡ આધાકર્મ-આદિ દોષ યુકત ગ્રહણ કરાયેલા આહારનો ત્યાગ કરવા રૂપ જે પ્રાયશ્ચિત તે વિવેક પ્રાયશ્ચિત

✡ દોષિત અન્નપાન વિશે,ઔધિક અને ઉપગ્રહિત ઉપધિ-મુનિના સંયમ ધર્મના પાલન માટેના ઉપકરણો વિશે, શય્યા,ઉપાશ્રય,રાખ,કુંડી,ઔષધાદિક લેવામાં જે દોષ લાગ્યા હોય, તે ગુરુભગવંતને વિવેચના પૂર્વક જણાવવા અને દરેક નું વિગતવાર ગુરુદત્ત પ્રાયશ્ચિત કરવું તે વિવેક પ્રાયશ્ચિત.

✤ વ્યુત્સર્ગઃ-

✡ એકાગ્રતા પૂર્વક શરીરના અને વચનના વ્યાપારો છોડીદેવા તે વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત.

✡ વિશેષ પ્રકારે ત્યાગ તે વ્યુત્સર્ગ. અર્થાત્ ઉપયોગ પૂર્વક વચન અને કાયાના વ્યાપારોનો ત્યાગ તે વ્યુત્સર્ગ તપ છે.

✡ व्युत्सर्गः प्रतिष्ठापनम् इति अनर्थान्तरम् । स एव ससक्त अन्नपानउपकरणादिषु अशंकनीयविवेकेषु च भवति ।

✡ વિવેક પ્રાયશ્ચિત કરવા વિશેષ શુધ્ધિની જરૂર પડે ત્યારે આ વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત કરવાની આવશ્યકતા રહે છે. આને ઉત્તરીકરણ રૂપ પણ ગણવામાં આવેલ છે [આ અર્થ કાયોત્સર્ગને આશ્રીને કરાયો છે]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ નિયત કાળને માટે શરીર,વચન,મનનો ત્યાગ કરી દેવો તે વ્યુત્સર્ગ [અહીં ભાવથી મમત્વ ત્યાગ કરવો તે મુખ્ય વાત છે].

[૬]તપઃ-

✡ અનશન આદિ બાહ્ય તપ કરવું તે તપ પ્રાયશ્ચિત.

✡ પ્રાયશ્ચિતની શુધ્ધિ માટે બાહ્ય -અભ્યંતર તપનું સેવન કરવું તેને તપ પ્રાયશ્ચિત કહે છે.

✡ तपो बाह्यमशनादि, प्रकीर्णं चानेकविधं च चन्द्रप्रतिमादि ।

✡ ઉકત એકથી પાંચ પ્રકારના પ્રાયશ્ચિતતપ થકી પણ જેદોષો દૂર ન થયા હોય, અથવા ન થઇ શકે તેવા હોય તેને યથાસ્થિત વિધિપૂર્વક વિવિધ પ્રકારના તપ વિશેષે કરીને દૂર કરવા પ્રયત્ન કરવો તે તપ પ્રાયશ્ચિત.

✡ તપ પ્રાયશ્ચિત સ્વયં અભ્યંતર તપ છે વિશિષ્ટ દોષોની શુધ્ધિ માટે વિશેષ પ્રકારે ઉપવાસાદિક તપ કરવા તે તપ પ્રાયશ્ચિત.તે બાહ્ય હોવા છતાં અંશતઃઅભ્યંતર તપરૂપ બની જાય છે.

તપનું વિધાન ત્રણ સ્થાને આવેલ છે.

(૧)ક્ષમા આદિ દશવિધ યતિધર્મ માં તપ યતિધર્મ રૂપે કહેવાયો.

(૨)સંવર-નિર્જરાના સાધન રૂપે બાહ્ય તપ તરીકે પણ કહેવાયો .

(૩)અહીં તેનું ગ્રહણ પ્રાયશ્ચિત રૂપે છે.

આ ત્રણે સ્થાને કરાયેલ તપોલ્લેખના હેતુ આ પ્રમાણે છેઃ-

(૧)ક્ષમાદિકમાં મુનિ તરીકે ના જીવનની ફરજ તરીકે તપ છે

(૨)સંવર-નિર્જરામાં તમામ ધાર્મિક ક્રિયાઓમાં તે કર્મ રોકવા અથવા નાશ કરવાના સાધન તરીકે તપ છે.

(૩)પ્રાયશ્ચિતમાં,તપ એ લાગેલા તીવ્ર અતિચાર દોષોની શુધ્ધિ માટે છે.

[૭]છેદઃ-

✡ દોષ પ્રમાણે દિવસ,પક્ષ,માસ કે વર્ષની પ્રવજ્યા ઘટાડવી તે છેદ પ્રાયશ્ચિત.

✡ દીક્ષા પર્યાયના છેદથી થતી દોષોની શુધ્ધિ તે છેદ પ્રાયશ્ચિત.

✡ छेदोऽपवर्तनम् अपहारः इति अनर्थान्तरम् । स प्रवृज्या दिवसपक्षमाससंवत्सराणाम् अन्यतमानां भवति ।

✡ જે દોષની તપાદિ વડે શુધ્ધિ ન થઇ શકે તેવા મોટા દોષ માટે સાધુનો અમુક દિવસ-અમુક માસ કે અમુક વર્ષ ઇત્યાદિ સ્વરૂપે તેના ચારિત્ર-પર્યાયનો છેદ કરવો અર્થાત્ તેટલા દીવસ માસકે વર્ષ માટે તેને નાનો [લઘુ] બનાવવો તે છેદ પ્રાયશ્ચિત.

[૮]પરિહારઃ-

✡ દોષપાત્ર વ્યકિતને તેના દોષના પ્રમાણમાં પક્ષ,માસ,આદિ પર્યન્ત કોઇ જાતનો સંસર્ગ રાખ્યાવિના જ દૂરથી પરિહરવી તે પરિહાર-પ્રાયશ્ચિત.

✡ ગુરુદત્ત પ્રાયશ્ચિત જયાં સુધી પૂર્ણ ન થાયય ત્યાં સુધી દોષિતની સાથે જઘન્યથી એક માસ અને ઉત્કૃષ્ટ થી છ માસ પર્યન્ત વંદન,અન્નપાણીનું આદાન-પ્રદાન,આલાપ આદિનો પરિહાર અર્થાત્ ત્યાગ કરવો એ પરિહાર પ્રાયશ્ચિત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ પરિહાર એટલે પૃથક્-કરણ મહીનો, બે મહીના અથવા કેટલાંક પરિમિત કાળને માટે સંઘથી પૃથક્ કરી દેવા તેને પરિહાર પ્રાયશ્ચિત કહે છે.

✡ વ્રત ભંગ,ઉત્સૂત્ર પ્રરૂપણા આદિને માટે આ પ્રાયશ્ચિત અપાય છે. આ પ્રાયશ્ચિતમાં તેની સાથે વંદન,વાતચિત,ગોચરી પાણી આદિ ત્યાગ,વગેરે કરવામાં આવે છે, અર્થાત્ સંઘાડા/સમુદાય ની બહાર મુકવામાં આવે છે. નિયત કરેલા તપોડનુષ્ઠાન તથા કાળમર્યાદા પૂર્ણ થયે તેને પુનઃસંઘમાં સ્વીકારાય છે.

**[૯]ઉપસ્થાપના:-**

✡ અહિંસા,સત્ય,બ્રહ્મચર્ય આદિ મહાવ્રતોનો ભંગ થવાને લીધે ફરી પ્રથમ થી જ જે મહાવ્રતોનું આરોપણ કરવું તે ઉપસ્થાપન -

✡ દોષોની શુધ્ધિ માટે દીક્ષાના પૂર્વ પર્યાયનો ત્યાગ કરી બીજા નવા પર્યાયોમાં સ્થાપન કરવો અર્થાત્ ફરીથી પ્રવજયા આપવી એ ઉપસ્થાપન પ્રાયશ્ચિત.

✡ उपस्थापनं पुनर्दीक्षणं पुनश्चरणं पुनर्व्रतारोपणं इति अनर्थान्तरम् ।

✡ આ પ્રાયશ્ચિતનું બીજું નામ अनवस्थाप्य પણ છે. તેનાથી પણ ઉગ્ર કોટીનું पाराञ्चित પ્રાયશ્ચિત છે. વૃત્તિકાર સિધ્ધસેનગણિજીના જણાવ્યા અનુસાર તેનો ઉપસ્થાપના જોડે જ સમાવેશ થઇ જાય છે.

✡ **આ રીતે પ્રાયશ્ચિત તપના નવ ભેદ સૂત્રકાર મહર્ષિએ જણાવેલ છે.** આ પ્રાયશ્ચિતો દેશ,કાળ,શકિત,સંહનન તથા શરીર,ઇન્દ્રિય, જાતિ અને ગુણોત્કર્ષકૃત સંયમની વિરાધનાનુસાર તે-તે દોષોની શુધ્ધિ માટે અપાય છે અને આચરવામાં આવે છે.

આ કથનનો અર્થ એ છે કે એકજ અપરાધનું પ્રાયશ્ચિત દેશ કાળ આદિની અપેક્ષાએ હલકું-ભારે હોઇ શકે છે. અને સંયમની વિરાધના પણ તરતમરૂપથી અનેક પ્રકારની હોય છે.

જેમ કે સ્થાવર કરતા બે-ત્રણ કે ચાર ઇન્દ્રિય વાળાની વિરાધના ઉત્તરોત્તર ક્રમમાં વધારે હોય છે. પંચેન્દ્રિયમાં પશુકરતા મનુષ્યની વિરાધના વધુ છે. મનુષ્યમાં પણ સમ્યગ્દર્શનાદિ ગુણો ધરાવનાર ની વિરાધના વધુ છે. તેરીતે પ્રાયશ્ચિત પણ વધુ ઓછું હોઇ શકે.

✤ **વિશેષ:-** ગ્રન્થાન્તરમાં પરિહાર અને ઉપસ્થાપન એ બે છેદ પ્રાયશ્ચિતને બદલે મૂલ,અનવસ્થાપ્ય અને પારાંચિત પ્રાયશ્ચિત નું કથન જોવા મળે છે.

**મૂલ પ્રાયશ્ચિત:**-મૂળથી ચારિત્ર પર્યાયનો છેદ કરવો અર્થાત્ પુનઃ પ્રવજયા આપવી.

**અનવસ્થાપ્યપ્રાયશ્ચિત:**-શુધ્ધિ માટે ગુરદત્ત પ્રાયશ્ચિત ન કરે ત્યાં સુધી મહાવ્રતો ન ઉચ્ચારાવવા

**પારાંચિત્ત પ્રાયશ્ચિત:**-અતિ મોટા દોષોની શુધ્ધિ માટે ગચ્છ બહાર નીકળી ૧૨-વર્ષ સુધી છૂપા વેશમાં ફરે તથા શાસનની પ્રભાવના કરે પછી ફરી દીક્ષા લઇ ગચ્છમાં દાખલ થાય તે પારાંચિત પ્રાયશ્ચિત.

✤ **સૂચના:-** અહીં જે નવ પ્રકારના પ્રાયશ્ચિતનું વર્ણન કર્યુ તે, તથા ગ્રન્થાન્તરમાં દશ પ્રકારે પણ જે પ્રાયશ્ચિત કહેવાયુ છે તે, એ બંને રીતે ગણાવાયેલ પ્રત્યેક પ્રાયશ્ચિત કયા કયા દોષોને લાગુ પડે છે, કેવી કેવી જાતના દોષોને લાગુ પડે છે, તેનું વિશેષ સ્પષ્ટીકરણ વ્યવહારસૂત્ર,જીતકલ્પસૂત્ર,બૃહતકલ્પ સૂત્ર, નિશિથ સૂત્ર આદિ ગ્રન્થોમાં વિસ્તારથી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પષ્ટ રૂપે જણાવેલું છે.

❑ [8]સંદર્ભઃ-

✡ **આગમ સંદર્ભઃ**- णवविधे पायच्छित्ते पण्णत्ते, तं जहा आलोयणारिहे पडिक्कमणारिहे तदुभयारिहे विवेगारिहे विउस्सगारिहे तवारिहे छेदारिहे मूलारिहे अणवट्ठप्पारिहे ✤ **स्था.९- सू.६८८**

✡ **તત્વાર્થ સંદર્ભઃ**-

(१)उत्तमः क्षमामार्दवार्जवशौच. सूत्र. ९:६ - तप

(२)प्रायश्चितविनयवैयावृत्त्य. सूत्र. ९:२०-પ્રાયશ્ચિત

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ**-

(૧)નવતત્વ ગાથાઃ૩૬ -વિવરણ

(૨)પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધટીકા- અતિચાર વિચારણા સૂત્ર

(૩)પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધટીકા -તસ્સ ઉત્તરી સૂત્ર

❑ [9]પદ્યઃ-

આ પદ્ય સૂત્રઃ૨૨-૨૩ નું સંયુકત છે

(૧) આલોચન ને પ્રતિક્રમણ ઉભય અને વિવેક છે
વ્યુત્સર્ગ તપ ને છેદ અષ્ટમ પરિહાર અનેક છે
ઉપસ્થાપન એમ નવવિધ પ્રાયશ્ચિત પિછાણીએ
જ્ઞાન - દર્શન-ચરણ ઉપચારે વિનય વખાણીયે

(૨) આલોચન પ્રતિક્રમણ તદુભયે વિવેક વ્યુત્સર્ગ વળી
તપચ્છેદને પરિહાર એ ઉપસ્થાપન થાય ખરી
નવ પ્રકારના આ પ્રાયશ્ચિત ભૂલન થાયે ફરી જરી
તે માટે આ વ્યવસ્થિત છે આત્મ દર્દ ઔષધિમળી

❑ [10]નિષ્કર્ષઃ- અહીં સૂત્રકારે પ્રાયશ્ચિતના દશ ભેદ કહ્યા. આ દશ ભેદ નું મૂળ તત્વ તો પ્રાયશ્ચિત જ છે. આ જ પર્યન્ત જગત્‌નો કોઇપણ જીવ દોષની શુધ્ધિ વિના મોક્ષે ગયો નથી, જતો નથી અને ભાવિમાં જવાનો પણ નથી.

જીવને મોક્ષે જવું હોય તો સંપૂર્ણ દોષમુકત થવું જ પડે અને એ દોષ શુધ્ધિનો ઉપાય તે જ નિઃશલ્ય પ્રાયશ્ચિત કરણ. આ પ્રાયશ્ચિત થકી ચિત્તનું શોધન કરી ફરી પાપ ન કરવા રૂપ પ્રતિજ્ઞા કરવી, પૂર્વના દોષોની આલોચનાદિક થકી શુધ્ધિ કરવી તે પ્રાયશ્ચિત.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

**સૂત્રને અંતે એક મહત્વનની વાતઃ-**

આ સૂત્રના વિવેચના કરતી વેળા પંડિત શાંતિલાલ પ્રાયશ્ચિતના દશ ભેદ જણાવે છે, વિવેચન પણ તે રીતે જ દશ ભેદનું કરે છે. પૂ.શ્રી રાજશેખર વિજયજી કૃત વિવેચનમાં નવને સુસંગત જણાવતો એક તર્ક પણ મુકેલો છે.

આ તર્ક કે પ્રાયશ્ચિતના દશ ભેદ ની સુંસગતતા કરતા મહત્વની વાતે છે કે **શ્રી સ્થાનાંગ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સૂત્રમાં જણાવ્યા અનુસાર નવભેદની વાત આગમિક જ છે** તત્વાર્થ સૂત્રકાર પરત્વેની પૂર્ણ શ્રધ્ધા વ્યકત કરતા આવા કેટલાંયે આગમપાઠો અમે આ પૂર્વે પણ આપેલા છે. અલબત દશ ભેદનો પાઠ પણ શ્રી ભગવતીજી સૂત્રના ૨૫ મા શતક ના ૭મા ઉદ્દેશમાં છે તેનો ઇન્કાર અમે કરતાંજ નથી. પણ નવનો પાઠેય આગમિક જ છે માટે જ અહી કહેવાય છે તેથી કોઇ બીજા તર્ક કે દશભેદનીજ પ્રધાનતાની વાત અસ્થાને છે.

# અધ્યાયઃ૯-સૂત્રઃ૨૩

❒ [1]**સૂત્રહેતુઃ**- ''વિનય''નામક જે અભ્યંતર તપ,તેના પેટાભેદોને જણાવવા માટે આ સૂત્રની રચના થયેલી છે.

❒ [2]**સૂત્રઃમૂળઃ-ज्ञानदर्शनचारित्रोपचाराः**

❒ [3]**સૂત્રઃપૃથક્ઃ**-ज्ञान - दर्शन - चारित्र - उपचाराः

❒ [4]**સૂત્રસારઃ-જ્ઞાન,દર્શન,ચારિત્ર,ઉપચાર [એ ચાર પ્રકારે વિનય કહેલો છે]**

**[અર્થાત્ વિનયના ચાર ભેદો છે (૧)જ્ઞાન વિનય, (૨)દર્શન વિનય, (૩)ચારિત્ર વિનય, (૪)ઉપચાર વિનય**

❒ [5]**શબ્દજ્ઞાનઃ-**

**ज्ञान**-જ્ઞાનવિનય **दर्शन**-દર્શન વિનય

**चारित्र**-ચારિત્ર વિનય **उपचार**-ઉપચાર વિનય

❒ [6]**અનુવૃત્તિઃ-**

(૧)प्रायश्चित्तविनय वैयावृत्त्य० सूत्र. ९:२० થી विनय ની અનુવૃત્તિ

(૨)नवचतुर्दशपञ्चद्विभेदः सूत्र. ९:२१ થી चतुःभेदं ની અનુવૃત્તિ

❒ [7]**અભિનવટીકાઃ**-વિનય વસ્તુતઃ એક રૂપે જ છે છતાં અહીં તેના જે ભેદ પાડવામાં આવેલા છે તે માત્ર વિષયની દૃષ્ટિએ છે. વિનયના વિષયને મુખ્યપણે અહીં ચાર ભાગમાં વહેંચવામાં આવ્યો છે.

આ વિનયતપ માન કષાયના ત્યાગ વડે કરી શકાતો અને પ્રથમના પ્રાયશ્ચિત તપ પછી ઉત્પન્ન થતો તેમજ તીર્થંકર નામ કર્મના બંધનો હેતુ એવો અભ્યંતર તપ છે.

ગુણવંતની ભકિત-બહુમાન કરવું અથવા આશાતના ન કરવી તે विनय तप કહેવાય છે. જેના ચાર ભેદ સૂત્રકાર મહર્ષિ એ અહીં જણાવેલ છે.

[૧]**જ્ઞાનવિનયઃ-**

૧- જ્ઞાનનો વિનય નીમ્નોકત પાંચ પ્રકારે છે.☞

**भक्तिः**-જ્ઞાન તથા જ્ઞાનીની બાહ્ય સેવા કરવી તે ભકિત વિનય.

**बहुमानः**-અંતરંગ પ્રીતિકરવી તે બહુમાન વિનય.

**भावनाः**-જ્ઞાન વડે દેખેલા પદાર્થોનું સ્વરૂપ ભાવવું તે ભાવના વિનય.

**विधिः**- વિધિપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવું તે વિધિવિનય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અભ્યાસ**:-જ્ઞાનનો અભ્યાસ કરવોતે અભ્યાસ વિનય.

૨-જ્ઞાન મેળવવું, તેનો અભ્યાસ ચાલું રાખવો અને તે ભૂલવું નહીં એ જ્ઞાનનો ખરો વિનય છે.

૩-મતિ આદિ પાંચ પ્રકારના જ્ઞાનની તથા તે તે જ્ઞાનના તે-તે વિષયની શ્રધ્ધા કરવી,જ્ઞાન-જ્ઞાનીની ભકિત કરવી,બહુમાન રાખવું, જ્ઞેય પદાર્થોનું ચિંતન કરવું વિધિપૂર્વક અભિનવ જ્ઞાન પ્રાપ્ત કરવું અને ગ્રહણ કરેલા જ્ઞાનનું પરિશીલન કરવું, તે જ્ઞાન વિનય.

૪- ज्ञानविनय: पञ्चविध मतिज्ञानादि: અર્થાત્ વિનય પાંચ પ્રકારે છે. મતિ વિનય,શ્રુત વિનય,અવધિ વિનય,મન: પર્યાયવિનય, કેવળ વિનય, [મત્યાદિ જ્ઞાનોનું સ્વરૂપ પૂર્વે અ.૧- સૂ.૯ માં કહેવાયેલું છે. આ મત્યાદિ પાંચે જ્ઞાનોનો વિનય કરવો તે જ્ઞાનવિનય.

[૨]દર્શનવિનય:-

૧-દર્શનવિનય બે પ્રકારે કહ્યો છે

✡ **શુષશ્રા વિનય**:- દેવ,ગુરુની ઉચિત ક્રિયા સાચવવી તે શુશ્રુષા આ શુશ્રુષા વિનય દશ પ્રકારે છે.☞

**૧-સત્કાર**:- સ્તવના,વંદના કરવી તે સત્કાર.

**૨-અભ્યુત્થાન**:- આસનથી ઉભા થઇ જવું તે અભ્યુત્થાન.

**૩-સન્માન**:-વસ્ત્રાદિ આપવું તે સન્માન.

**૪-આસન પરિગ્રહણા**:- બેસવા માટે આસન લાવી ''બેસો'' કહેવું તે.

**૫-આસન પ્રદાન**:- આસન ગોઠવી આપવું તે આસન પ્રદાન.

**૬-કૃત્તિકર્મ**:- વંદના કરવી તે કૃત્તિકર્મ.

**૭-અંજલિ કરણ**:-સામે મળે ત્યારે કે જોતાની સાથે બે હાથ જોડવા તે.

**૮-સન્મુખ ગમન**:- આવે ત્યારે સામા જવું તે સન્મુખ ગમન.

**૯-પશ્ચાદગમન**:- જાય ત્યારે વળાવવા જવું તે પશ્ચાદગમન.

**૧૦-પર્યુપાસના**:- બેઠા હોય ત્યારે વૈયાવચ્ચ કરવું તે પર્યુપાસના.

✡ **અનાશાતના વિનય**:-આશાતના ન કરવારૂપ દર્શન વિનય તેઅનાશાતના વિનય.

આ અનાશાતના વિનયના ૪૫ ભેદ કહ્યા છે તે આ પ્રમાણે:-

૧- તીર્થંકર,૨-ધર્મ,૩-આચાર્ય, ૪-ઉપાધ્યાય, ૫-સ્થવિર, ૬-કુલ,૭-ગણ, ૮-સંઘ,૯-સાંભોગિક [-એક મંડલીમાં ગોચરીવાળા] તથા ૧૦-સમનોજ્ઞ ધાર્મિક [-સમાન સામાચારી વાળા] **આ દશ**

તથા -પાંચ જ્ઞાન-મતિ,શ્રુત,અવધિ,મન:પર્યાય, કેવળ એ પાંચ

**આ રીતે કુલ ૧૫** ની આશાતાનાનો ત્યાગ, એ ૧૫નું ભકિત બહુમાન અને ૧૫ની ગુણ પ્રશંસા એ ૪૫ ભેદે અનાશાતના નામક દર્શન વિનય જાણવો.

૨-તત્વની યર્થાથ પ્રતિતિ રૂપ સમ્યગદર્શન થી ચલિત ન થવું, તેમાં આવતી શંકાઓનું સંશોધન કરી નિ:શંક પણું કેળવવું, તે દર્શન વિનય.

૩-તત્વભૂત અર્થોની શ્રધ્ધા કરવી, શમ આદિ લક્ષણોથી આત્માને વાસિત કરવો અને ઉચિત સેવા ભકિત કરવી વગેરે દર્શન વિનય છે.

૪- दर्शनविनय एकविधएव सम्यग्दर्शनविनय: અર્થાત્ દર્શન વિનયનો એકજ ભેદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યગ્દર્શન વિનય-જે સમ્યગ્દર્શન ની વ્યાખ્યા અ.૧-સૂ.૧ માં અપાઇ ગઇ છે.

**[૩]ચારિત્ર વિનયઃ-**

૧-ચારિત્ર વિનય પાંચ પ્રકારે કહેવાયો છે☞

સામાયિક,છેદોપસ્થાપ્ય, પરિહાર વિશુધ્ધિ, સૂક્ષ્મ સમ્પરાય અને યથાખ્યાત આ પાંચ પ્રકારના ચારિત્રને વિશેઃ-

(૧)સદ્દહણા-અર્થાત્ શ્રધ્ધા કરવી.

(૨)સ્પર્શના-કાયાવડે ગ્રહણ કરવા પૂર્વકની સ્પર્શના કરવી.

(૩)આદર- પાંચ ચારિત્ર ની સુંદર પરિપાલના માટે ઉદ્યમ કરવો.

(૫)પ્રરૂપણ- આ પાંચે ચારિત્રની પ્રવચન થકી પ્રરૂપણા કરવી.

૨-સામાયિકાદિ પૂર્વોકત કોઇ પણ ચારિત્રમાં ચિત્તનું સમાધાન રાખવું તે 'ચારિત્રવિનય'.

૩-પાંચ પ્રકારના ચારિત્ર પરત્વેની શ્રધ્ધા રાખવી, યથાશકિત ચારિત્રનું પાલન કરવું, અન્યને ચારિત્રનો ઉપદેશ આપવો વગેરે ચારિત્ર વિનય છે.

૪- चारित्रविनय: पञ्चविध: सामायिकविनयादि: અર્થાત્ ચારિત્ર વિનય પાંચ પ્રકારે છે.

૧-સામાયિક વિનય, ૨-છેદોપસ્થાપનીય વિનય, ૩-પરિહાર વિશુધ્ધિ વિનય, ૪-સૂક્ષ્મ સમ્પરાય વિનય, ૫-યથાખ્યાત વિનય,

**[૪]ઉપ ચાર વિનયઃ-**

૧- આ વિનય સાત પ્રકારે છે.☞

૧- ગુર્વાદિની પાસે રહેવું, ૨- ગુર્વાદિની ઇચ્છાને અનુસરવું,

૩-ગુર્વાદિકનો આહાર લાવવો વગેરે પ્રત્યુપકાર કરવો,

૪આહારાદિ આપવો, ૫-ઔષાધાદિકની પરિચર્યા કરવી

૬-અવસરોચિત આચરણ કરવું, ૭-ગુર્વાદિકના કાર્યમાં તત્પર રહેવું

૨- કોઇપણ સદ્ગુણની બાબતમાં પોતાનાથી શ્રેષ્ઠ હોય તેના પ્રત્યે અનેક પ્રકારનો યોગ્ય વ્યવહાર સાચવવો, જેમ કે તેની સામે જવું,તે આવે ત્યારે ઉઠીને ઉભા થવું, આસન આપવું, વંદન કરવું વગેરે, તે ઉપાચાર વિનય.

૩-સમ્યગ્દર્શન આદિ ગુણોથી અધિક-મોટા આવે ત્યારે યથા યોગ્ય સન્મુખ જવું,અંજલિ જોડવી, ઉભાથવું, આસન આપવું,વંદન કરવું, પ્રાયોગ્ય વસ્ત્ર આદિ આપીને સત્કાર કરવો,અદ્ભુત ગુણોની પ્રશંસા કરવી આદિ ઉપાચાર વિનય છે.

૪- औपचारिकविनयोऽनेकविध: सम्यग्दर्शनज्ञानचारित्रादिगुणाधिकेष्वभ्युत्थानासनप्रदान वन्दनानुगमनादि: ।

અહીં જે જ્ઞાન-દર્શન ચારિત્ર અને ઉપાચાર વિનય સૂત્રકાર મહર્ષિ જણાવે છે તેનો બે ભેદમાં પણ સમાવેશ થતો જોવા મળે છે. જેમ કે વિનયના બે ભેદ (૧)તાત્વિક વિનય (૨)ઉપચારવિનય

**તાત્વિકવિનયઃ**-મોક્ષમાર્ગની-જ્ઞાન,દર્શન,ચારિત્રની સ્વયં આરાધના કરવી એ તાત્વિક વિનય, અહીં મોક્ષમાર્ગના ત્રણ ભેદ હોવાથી જ્ઞાનવિનય,દર્શનવિનય,ચારિત્રવિનય એવા ત્રણે ભેદો કહેવાયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉપચારવિનયઃ**-જ્ઞાનાદિ ગુણોથી યુકત અન્ય આરાધકનો યથા યોગ્ય વિનય કરવો તે ઉપાચારવિનય.

✤ **વિશેષઃ**- વિનય **સાત** પ્રકારે પણ કહેવાય છે

૧-ઉપરોકત જ્ઞાન,દર્શન,ચારિત્ર અને ઉપચાર એચાર ભેદ.

૨-તદુપરાંત મન, વચન,અને કાયા નો વિનય એ ત્રણ ભેદ. આ રીતે કુલ ભેદ સાત થાય પણ જો મન,વચન,કાયા અર્થાત્ યોગને ઉપરોક્ત જ્ઞાનાદિ ચારે વિનય સાથે જોડી દેવામાં આવે તો આ ત્રણે ભેદોનો ઉકત ચાર ભેદોમાં સમાવેશ થઇ જશે.

**-૫૨ ભેદે વિનયઃ**- ઉપરોકત જ્ઞાન-દર્શન-ચારિત્ર અને ઉપચાર એ ચાર વિનયને ૧૩ વ્યકિતના સંબંધે જોડવાનો તેથી ૧૩X૪ =૫૨ પ્રકારે વિનય ના ભેદો થશે.

(૧)અરિહંત, (૨)સિધ્ધ, (૩)કુળ, (૪)ગણ, (૫)સંઘ (૬)ક્રિયા, (૭)ધર્મ, (૮)જ્ઞાન (૯)જ્ઞાની (૧૦)આચાર્ય, (૧૧)સ્થવિર, (૧૨)ઉપાધ્યાય (૧૩)ગણિ - એ તેર

**૯૧-ભેદ વિનયઃ**-ઉપરોકત અરિહંતાદિ તેરનો જ્ઞાન,દર્શન,ચારિત્ર,ઉપચાર, મન,વચન,કાયા એ સાતે પૂર્વકનો જે વિનય તે અહીં ૧૩X૭=૯૧ ભેદે વિનય કહેવાશે.

**-વિનયના બે ભેદ અન્ય રીતેઃ**- પ્રશસ્ત વિનય અને અપ્રશસ્ત વિનય

-પ્રશસ્ત મનો યોગ,પ્રશસ્ત વચન યોગ અને પ્રશસ્તકાયયોગ

-અપ્રશસ્ત મનોયોગ,અપ્રશસ્ત વચન યોગ અને અપ્રશસ્ત કાયયોગ

-પ્રશસ્ત યોગ વિનય વડે જ્ઞાનાદિ ચારેભેદો ને આદરવા રૂપ વિનયતપ.

-અપ્રશસ્ત યોગ વિનય વડે જ્ઞાનાદિ ચારે ભેદોને આદરવારૂપ વિનયતપ.

આમાં પ્રથમ ભેદ સંવર અને નિર્જરાના હેતુ ભૂત છે. બીજો ભેદ અપ્રશસ્ત યોગ થકી નિર્જરા રૂપ બનતો નથી પણ વ્યવહાર રૂપ બને છે.

❐ **[8]**સંદર્ભઃ-

✡ **આગમસંદર્ભઃ**- (૧) विणए सत्तविहे पण्णत्ते णाणविणए,दंसणविणए, चरित्तविणए, मणविणए, वइविणए कायविणए लोगोवयारविणए **भग॰ श.२५,उ.७,सू.८०२-२६**

(२)दंसण नाण चरित्ते तवे अ तह ओवयारिए चेव
एसो अ मोक्ख विणओ पंचविहो होइ नायव्वो **दशवेयालिय निज्जुत्ति-**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)सम्यग्दर्शनज्ञानचारित्राणि॰ सूत्र. १:१ सम्यग्दर्शन

(૨)मतिश्रुतावधिमनःपर्यायकेवलानि॰ सूत्र. १:९ જ્ઞાન

(૩)सामायिकछेदोपस्थाप्यपरिहारविशुद्धि॰ सूत्र. ९:१८-ચારિત્ર

(૪)प्रायश्चितविनयवैयावृत्त्य॰ सूत्र. ९:२० વિનય

(૫)नवचतुर्दशपञ्चद्विभेदः सूत्र. ९:२१ चतुः भेदं

✤ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ ગાથાઃ૩૬ -વિવરણ

(૨)અતિચાર વિચારણા ગાથા-પ્રબોધટીકા ભા.૨

(૩)પ્રશમરતિ પ્રકરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ [9]પદ્યઃ-

(૧) આ સૂત્રનું પ્રથમ પદ્ય પૂર્વ સૂત્રઃ૨૨ માં કહેવાઇ ગયું છે

(૨) જે જ્ઞાનને દર્શન સાચવે યથા ચારિત્ર ને તેમજ જાળવે તથા
સદ્ગુણ શ્રેષ્ઠ ઉપચાર યોગ્ય જે ચાર પ્રકારે વિનયો ગણાય તે

❑ [10]નિષ્કર્ષઃ-પૂજયપાદ શ્રીમદ્ ઉમાસ્વાતિજી મહારાજાએ આ સૂત્રમાં મન-વચન-કાયાના સમ્યગ્ યોગ પૂર્વક વિનયતપ ના ચાર ભેદ જણાવ્યા તેનો નિષ્કર્ષ પણ તેઓશ્રીના પ્રશમરતિ પ્રકરણમાં કહ્યા પ્રમાણેજ અહીં જણાવીએ તોઃ-

'વિનયનું ફળ ગુરુ શુશ્રુષા છે, ગરુ શુશ્રુષાનું ફળ શ્રુતજ્ઞાન છે, શ્રુતજ્ઞાનનું ફળ વિરતિ છે, વિરતિનું ફળ આસ્રવ નિરોધ છે, આશ્રવ નિરોધનું ફળ સંવર છે. તેનું ફળ તપોબળ છે, તપોબળનું ફળ નિર્જરા છે. નિર્જરા વડે ક્રિયા નિવૃત્તિ થાય છે, ક્રિયા નિવૃત્તિ વડે અયોગિપણું પ્રાપ્ત થાય છે. અયોગિ પણાથી ભવ પરંપરાનો ક્ષય થાય છે. એ રીતે સર્વકલ્યાણોનું જો કોઇ ભાજન હોયતો વિનય છે. આમ વિનય નામનો અભ્યંતર તપ પરંપરા એ મોક્ષનું સાધન હોવાથી તેની યથા યોગ્ય આરાધનામાં ઉદ્યમનામાં ઉદ્યમવંત રહેવું.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ૨૪

❑ [1]સૂત્રહેતુઃ- વૈયાવચ્ચ નામક અભ્યંતર તપના દશ પેટા ભેદોને જણાવવા.

❑ [2]સૂત્રઃમૂળઃ-***आचार्योपाध्यायतपस्विशैक्षकग्लानगणकुल सङ्घसाधुसमनोज्ञानाम्**

❑ [3]સૂત્રઃપૃથક્ઃ-आचार्य - उपाध्याय - तपस्वि - शैक्षक - ग्लान - गण - कुल - सङ्घ - साधु - समनोज्ञानाम्

❑ [4]સૂત્રસારઃ-**આચાર્ય,ઉપાધ્યાય,તપસ્વી,શૈક્ષક,ગ્લાન,ગણ ,કુલ,સંઘ,સાધુ, સમનોજ્ઞ [એ દશની વૈયાવચ્ચને વૈયાવચ્ચ ના દશ ભેદ રૂપે કહેવાયેલ છે]**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**आचार्य**-આચાર પળાવે તે
**उपाध्याय**-શ્રુત પ્રદાન કરે તે
**तपस्वी**-તપ કરનારા
**शैक्षक**-નવદીક્ષિત
**ग्लान**-રોગ થી ક્ષીણ
**गण**-એકવાચનાવાળો સમૂહ
**कुल**-અનેક ગણોનો સમૂહ
**संघ** -સાધુ વગેરે ચાર ભેદે
**साधु**-સાધુ-મોક્ષનો સાધક
**समनोज्ञ** -સમાન શીલ

❑ [6]અનુવૃત્તિઃ-

(૧)प्रायश्चित्तविनयवैयावृत्त्य० सूत्र. ९:२० वैयावृत्त्य

(२)नवचतुर्दशपञ्चद्विभेदं सूत्र. ९:२१ दशनी અનુવૃત્તિ

*आचार्योपाध्यायतपस्विशैक्षग्लानगणकुलसंघसाधुमनोज्ञानाम् એ પ્રમાણેનું સૂત્ર દિગમ્બર આમ્નાયમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ **[7]અભિનવટીકાઃ**- વૈયાવૃત્ય એ સેવારૂપ હોવાથી, સેવાયોગ્ય હોય એવા દશ પ્રકારના સેવ્ય-સેવાયોગ્ય પાત્રને લીધે તેના પણ દશ પ્રકાર પાડવામાં આવ્યા છે. અર્થાત્ આચાર્ય આદિની યથાયોગ્ય સેવા એ અનુક્રમે આચાર્ય વૈયાવચ્ચ આદિ દશભેદ છે. તેથી સર્વ પ્રથમ આચાર્ય આદિ દશની વિવિધ વ્યાખ્યા કે સ્વરૂપને અત્રે નિરૂપીત કરીએ છીએઃ-

[૧]**આચાર્યઃ**-

✡ મુખ્યપણે જેનું કાર્ય વ્રત અને આચાર ગ્રહણ કરાવવાનું હોય તે 'આચાર્ય'.

✡ સાધુઓને ચારિત્રનું પાલન કરાવે તે આચાર્ય.

✡ આ આચાર્ય પાંચ પ્રકારે હોવાનું સ્વોપજ્ઞભાષ્યમાં કથન છે.

(૧)પ્રવાજકાચાર્યઃ-સામાયિક આદિ વ્રતોનું આરોપણ કરનારા.

(૨)દિગાચાર્યઃ-મુનિ જીવનમાં ઉપયોગી વસ્તુની સમજ આપનારા.

(૩)શ્રુતોપદેષ્ટાઃ- શાસ્ત્રના મૂળ પાઠ ભણાવનારા.

(૪)શ્રુત સમુપદેષ્ટાઃ- શ્રુતને ધીમે ધીમે સારી રીતે સમજાવેતે.

(૫)આમ્નાયાર્થ વાચકઃ- શાસ્ત્રના ઉત્સર્ગ -અપવાદ રૂપ રહસ્યો બતાવનારા.

✡ સમ્યગ્જ્ઞાન-આદિ ગુણોના આધાર ભૂત જે મહાપુરુષો પાસે ભવ્ય જીવો સ્વર્ગ અને મોક્ષના સુખને દેનારા વ્રતોને ધારણ કરીને આચરણ કરે છે તે મહાપરુષને આચાર્ય કહેવાય.

[૨]**ઉપાધ્યાયઃ**-

✡ મુખ્ય પણે જેનું કાર્ય શ્રુતાભ્યાસ કરાવવાનું હોયતે ઉપાધ્યાય.

✡ સાધુઓને જે શ્રુતનું પ્રદાન કરે તે ઉપાધ્યાય.

✡ વિનાયચાર શીખવે અથવા પાંચ પ્રકારનો સ્વાાધ્યાય કરાવે તે ઉપાધ્યાય, અથવા જેની નજીક રહીને અધ્યયન કરાય તે ઉપાધ્યાય.

✡ સંગ્રહ,ઉપગ્રહ અનુગ્રહ માટે જેની સેવા કરાય અથવા સંગ્રહ,ઉપગ્રહ,અનુગ્રહ કંરવાની કાળજી રાખે તે ઉપાધ્યાય.

સંગ્રહઃ- વસ્ત્ર,પાત્ર વગેરે આપવાનો અધિકાર.

ઉપગ્રહઃ- અન્ન,પાન ઔષધ આદિ આપવાનો અધિકાર.

અનુગ્રહઃ- યોગ્ય પણાની ખાત્રી થતાં સવિશેષપણે રત્નત્રયીના ગુણોમાં આગળ વધવાના ઉપાયોના લાભો કૃપાપૂર્વક આપવાનો અધિકાર.

એ ત્રણે અધિકારો બજાવનાર તે ઉપાધ્યાય છે.

**નોંધઃ**- ભાષ્યકાર મહર્ષિ અહીં બે વસ્તુની ખાસ નોંધ કરે છે.

(૧)કેટલાક મુનિઓ આચાર્ય તથા ઉપાધ્યાયની મર્યાદામાં મુકાયેલા હોય છે આવા સાધુઓને **દ્વિ સંગ્રહ નિગ્રન્થ** બે સંગ્રહવાળા નિગ્રન્થ કહે છે.

(૨)એ જ રીતે જે સાધ્વીઓ આચાર્ય-ઉપાધ્યાય અને પ્રવર્તિની એ ત્રણેના અધિકારમાં હોય છે. આવા સાધ્વીજીને **ત્રિસંગ્રહાનિર્ગન્થી** અર્થાત્ ત્રણ સંગ્રહવાળા નિર્ગ્રન્થી કહેવાય છે.

**પ્રવર્તિની એટલે કોણ?** જે હિત માર્ગમાં સ્વયં પ્રવૃત્ત હોય તથા બીજાને પણ પ્રવૃત્ત કરે તેને પ્રવર્તિની કહેવાય છે તે દિગાચાર્યની માફક સાધ્વી જીવનમાં ઉપયોગી વસ્તુની સમજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપનાર હોય છે

-જે વ્રત શીલ ભાવનાશાળી મહાનુભાવની પાસે જઇને ભવ્યજન વિનયપૂર્વક શ્રુતનું અધ્યયન કરે છે મહાનુભાવ ને ઉપાધ્યાય કહે છે.

[૩]**તપસ્વીઃ-**

✡ મોટા અને ઉગ્ર તપ કરનાર તે તપસ્વી

✡ ઉગ્ર તપશ્ચર્યા કરે તે તપસ્વી.

✡ ઉત્કૃષ્ટ અને ઉગ્ર તપ કરનારા એટલે કે ચાર ઉપવાસથી માંડી ને છમાસ પર્યન્તં નો તપ કરનાર કે શ્રેણીતપ, વર્ધમાન તપ, આવલી તપ વગેરે તપને કરનાર-આચરનારા તે તપસ્વી.

[૪]**શૈક્ષકઃ-**

✡ જેને ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા આપવાની જરૂર છે. તેવા નવદીક્ષિત સાધુને શૈક્ષક કહે છે.

✡ જે નવીન દીક્ષિત છે, જે શિક્ષા દેવાને યોગ્ય છે તેને શૈક્ષક કહે છે અથવા જેઓ શિક્ષા પ્રાપ્ત કરી રહ્યા છે તે શૈક્ષક.

✡ શ્રુત જ્ઞાનના શિક્ષણમાં તત્પર અને સતત વ્રત ભાવનામાં નિપુણતા પ્રાપ્ત કરવા પ્રયત્ન શીલ ને શૈક્ષક કહેવામાં આવે છે.

[૫]**ગ્લાનઃ-**

✡ રોગ વગેરેથી ક્ષીણ હોય તે ગ્લાન.

✡ જ્વર આદિ વ્યાધિ થી પરાભૂત હોય તે ગ્લાન.

✡ ગ્લાન શબ્દનો અર્થ પ્રસિધ્ધ છે ''રોગાદિ વડે સંકિલષ્ટ તે ગ્લાન. અર્થાત્ જે બિમાર છે. બાધાયુકત છે તે ગ્લાન છે.

✡ જેનું શરીર રોગાક્રાન્ત છે તે ગ્લાન-બિમાર કહેવાય છે.

[૬]**ગણઃ-**

✡ જુદા જુદા આચાર્યોના શિષ્યરૂપ સાધુઓ જે પરસ્પર સહાધ્યાયી હોવાથી સમાન વાચના વાળા હોય, તેમનો સમુદાય તે 'ગણ' કહેવાય.

✡ એક આચાર્યનો સમુદાય તે ગણ.

✡ સ્થવિર મુનિઓની સંતતિ ને ગણ કહે છે.

✡ સ્થવિરોના અધિકારમાં રહેલા મુનિઓનો સમુદાય તે ગણ.

[૭]**કુલઃ-**

✡ એક જ દીક્ષાચાર્યનો શિષ્ય પરિવાર તે 'કુલ'

✡ અનેક ગણોનો સમુદાય તે કુલ.

✡ આચાર્ય ની સંતતિ તે કુલ કહેવાય છે

✡ એકજ આચાર્યની મર્યાદમાં રહેલા ગણનો સમૂહ તે કુલ.

[૮]**સંઘઃ-**

✡ ધર્મના અનુયાયી તે સંઘ,એના સાધુ,સાધ્વી,શ્રાવક,શ્રાવિકા એ ચાર ભાગ પાડેલા છે.

✡ સંઘ એટલે સાધુ-સાધ્વી શ્રાવક,શ્રાવિકા ઓનો સમૂહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ ઘણા આચાર્યોની મર્યાદામાં વ્યવસ્થિત રીતે રહેલા સાધુ-સાધ્વી શ્રાવક,શ્રાવિકા ઓનો સમુહ તેમાં શ્રમણ મુખ્ય હોવાથી શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘ પણ કહેવાય છે.

[૯]સાધુઃ-

✡ પ્રવજ્યાવાન્ હોય તે સાધુ.

✡ મોક્ષની સાધના કરનાર પંચ મહાવ્રતધારી મુનિ તે સાધુ.

✡ સંયમ ને ધારણ કરેલા કોઈપણ સંયતને સાધુ કહે છે.

✡ જ્ઞાનાદિ લક્ષણ વડે, પૌરુષેય-અને-શકિત વડે જે મોક્ષની સાધના કરે છે તે સાધુ કે જે મૂળ ઉત્તરગુણ વડે પણ સંપન્ન હોય છે.

[૧૦]સમનોજ્ઞઃ-

✡ જ્ઞાન આદિ ગુણો વડે સમાન હોય, તે સમનોજ્ઞ-સમાનશીલ

✡ જેમનો પરસ્પર ગોચરી-પાણી આદિનો લેવા-દેવાનો વ્યવહાર હોય તેવા સાંભોગિક સાધુઓને સમનોજ્ઞ કહે છે.

✡ સમ્યગ્દર્શન,જ્ઞાન,ચારિત્રની સુંદર આરાધના કરનારા સાધર્મિકોને સમનોજ્ઞ કહેલા છે.

**આ રીતે અહીં જે આચાર્ય-ઉપાધ્યાય આદિ દશનું સ્વરૂપ જણાવવામાં આવેલ છે તે દશેની વૈયાવચ્ચ કઇ કરવી.**

**આ દશેની વૈયાવચ્ચ કઇ રીતે કરવી?** एषाम् अन्नपानवस्त्रपात्रप्रतिश्रयपीढफलक संस्तारादिभिधर्मसाधनैरुपग्रह: शुश्रूषाभेषजक्रियाकान्तारविषमदुर्गोपसर्गेषुअभ्युपपत्ति: इति एतद्आदि वैयावृत्यम्

આચાર્યાદિ દશેની વૈયાવચ્ચ માટે તેઓને - અન્ન,પાન,વસ્ત્ર,પાત્ર,પ્રતિશ્રય અર્થાત્ વસિત કે સ્થાન, પીઠફલક,સંથારો પાથરવાનું, આસન વગેરે ધર્મોપકરણ કે સાધનો આપવા થકી ઉપકૃત્ત કરવા જોઇએ.

વસ્તુઓ-ધર્મોપકરણો આપવા ઉપરાંત આ દશેની સેવા તથા ચિકિત્સા વગેરે કરવી-કરાવવી.

વનમાં,વિષમ સ્થાનમાં,ઉપસર્ગ થી આક્રાન્ત કે પીડીત હોય તે સ્થિતિમાં વિશેષ કરી ને સેવા ભકિત કરવી તે વૈયાવચ્ચ છે.

✤ પ્રશ્નઃ- તમે વૈયાવૃત્ય ને અભ્યંતર તપ ગણી સંવર-નિર્જરાનું સાધન કહો છો વળી તમે જ આ વૈયાવૃત્ય ને તીર્થંકરનામ કર્મના આસ્રવનું સાધન ગણોછો. તો આ બંને વાત કઇરીતે સંભવે છે?

**સમાધાનઃ**- તીવ્ર વૈયાવૃત્યના ભાવ સાથે અધ્યવસાયની કંઇક સંકિલષ્ટતા ભળેલી હોય અથવા સંકિલષ્ટ પરિણામોની વચ્ચે પણ તીવ્ર વૈયાવૃત્ય ના ભાવ વર્તતા હોય તો તે સ્થિતિમાં સંકલેશને કારણે થતા આસ્રવમાં તીર્થંકર નામ કર્માસ્રવનો સંભવ રહે છે. જયારે આત્મ શુધ્ધિ પૂર્ણ વૈયાવૃત્ય તપતો કર્મના સંવર અને નિર્જરા નો કારક બનવાનો જ છે.

❐ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ**- वेयावच्चे दसविहे पण्णत्ते तं जहा आयरियवेआवच्चे उवज्झाय वेआवच्चे सेहवे वेआवच्चे गिलाणवेआवच्चे तवस्सिवेआवच्चे थेरवेआवच्चे साहम्मि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वेआवच्चे कुल वेआवच्चे गणवेआवच्चे संघवेआवच्चे ❖ भग०श.२५,उ.७,सु.८०२-३१

✡ તત્વાર્થ સંદર્ભઃ-

(१)प्रायश्चितविनयवैयावृत्त्यस्वाध्याय-सूत्र. ९:२० थी वैयावृत्य

(२)दर्शनविशुद्धिर्विनयसंपन्नता-सूत्र. ६:२३ थी वैयावृत्त्यकरण

✡ અન્યગ્રન્થ સંદર્ભઃ-

(૧)નવતત્વ ગાથા-૩૬વિવરણ

(૨)વૈયાવચ્ચગરાંણ સૂત્ર-પ્રબોધટીકા ભાગ.૨

(૩)લલિત વિસ્તરા ચૈત્યવંદન વૃત્તિ

❒ [9]પદ્યઃ-

(૧) દશ ભેદ વૈયાવચ્ચ ના આચાર્યને વાચક વરા
તપસ્વીને શિષ્ય ચોથે ગ્લાન ગણ કુળ સુન્દરા
સંઘ ચાર પ્રકાર સાધુ દશમ સમશીલ જાણીએ
એ દશની સેવા કરી પાંચ પ્રકારથી સુખ માણીએ

(૨) ઉપાધ્યાયે જ્ઞાને ગણ વળી તપસ્વી પ્રતિ થતી
સમનોજ્ઞાનાદિ ગુણ વિષયમાં શૈક્ષજનની
સૂસેવા ગ્લાનોની જિનમુનિ સુ સંઘો તણી વળી
કુલેને આચાર્યે દીશવિધ થતી એવી રીતથી

❒ [10]નિષ્કર્ષઃ- આ દશે પાત્રોની વૈયાવચ્ચ મહાનિર્જરાનું કારણ બને છે, ઉત્તમ પાત્રો માટેની વૈયાવચ્ચ મોક્ષપ્રાપ્તિ માટેનું નિમિત્ત બને છે. આ વૈયાવચ્ચ થી જો આસ્રવ થાય તો પણ તીર્થંકર નામકર્મ બંધાય છે અને નીચ ગોત્ર કર્મના બંધને અટકાવે છે.

અપ્રતિપાતી એવા આ નિર્મલ વૈયાવચ્ચના ગુણને હૃદયમાં અવધારી મોક્ષના લક્ષ્ય પૂર્વક સાધુ માત્રની સેવા ભકિત કરવી, તે માટે આહાર-પાણી-વસ્ત્ર-સંથારો-દાંડો-દશી-દાંડી-મુહપત્તી-પેન-પેન્સીલ-કાગળ વગેરે ધર્મોપકરણો ને શકિત મુજબ વહોરાવવાદિ ભકિત કરીને, ઔષાદિ પૂર્વક પડીલભીને, સ્થાન આપવા થકી વસતિ દાન કરવા વડે ક્ષાયિક ચારિત્ર પ્રાપ્તિ ના ધ્યેયને હાંસલ કરવાની પ્રવૃત્તિનો આરંભ એ જ આ સૂત્રનો નિષ્કર્ષ.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

## અધ્યાયઃ૯-સૂત્રઃ૨૫

❒ [1]સૂત્રહેતુઃ- સ્વાધ્યાય નામક અભ્યંતર તપના પેટા ભેદોને આ સૂત્ર થકી જણાવે છે.

❒ [2]સૂત્રઃમૂળઃ- *वाचनाप्रच्छनानुप्रेक्षाम्नायधर्मोपदेशाः

❒ [3]સૂત્રઃપૃથકઃ-वाचना - प्रच्छना - अनुप्रेक्षा - आम्नाय- धर्मोपदेशाः

*દિગમ્બર આમ્નાયમાં वाचनात्पृच्छनानुप्रेक्षाम्नाय धर्मोपदेशा એ પ્રમાણે સૂત્ર છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❒ **[4]સૂત્રસારઃ-[સ્વાધ્યાય પાંચ પ્રકારે કહ્યો છે] વાચના,પ્રચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય,ધર્મોપદેશ**

❒ **[5]શબ્દજ્ઞાનઃ-**

**वाचना**-પાઠ લેવો તે **प्रच्छना** -પૃચ્છા કરવી તે

**अनुप्रेक्षा**-ચિંતન કરવું તે **आम्नाय**-પરાવર્તના

**धर्मोपदेश**-ધર્મનું કથન કરવું તે

❒ **[6]અનુવૃત્તિઃ-**

(૧) प्रायश्चितविनयवैयावृत्त्य० सूत्रः ९:२० स्वाध्याय

(२)नवचतुर्दशपञ्चद्विभेदं०-सूत्र. ९:२१ पञ्च....भेदं

❒ **[7]અભિનવટીકાઃ-** જ્ઞાન મેળવવાનો તેને નિઃશંક,વિશદ્ અને પરિપકવ કરવાનો તેમજ તેના પ્રચારનો પ્રયત્ન એબધું સ્વાધ્યાયમાં આવી જતું હોવાથી તેના પાંચ ભેદો અહીં અભ્યાસ શૈલીના ક્રમથી ગોઠવવામાં આવ્યા છે.

[૧]**વાચનાઃ-**

✡ શબ્દ કે અર્થનો પ્રથમ પાઠ લેવો તે વાચના.

✡ શિષ્ય આદિને આગમ-આદિ શ્રુતનો પાઠ આપવો તે વાચના.

✡ वाचनम् [इति] शिष्य-अध्यापनम् ।

✡ ગુરુ આદિ પાસેથી જ્ઞાનાચારના આઠ અતિચાર આદિ દોષોને ટાળીને વિધિપૂર્વક સમ્યક્ દ્રવ્ય શ્રુતજ્ઞાન લેવું તે વાચના.

✡ નિરપેક્ષ ભાવથી તત્વાર્થ દ્વારા પાત્રને નિરવદ્ય ગ્રન્થ,અર્થ કે ઉભયનું પ્રતિપાદન કરાવવું તે વાચના છે.

[૨]**પ્રચ્છનાઃ-**

✡ શંકા દૂર કરવા કે વિશેષ ખાતરી કરવા પૃચ્છા કરવી તે પ્રચ્છના.

✡ સૂત્ર અને અર્થ સંબંધિ પ્રશ્નો પુછવા.

✡ प्रच्छनं ग्रन्थार्थयोःગ્રન્થના અર્થને કે શબ્દપાઠને પૂછવા તેને પ્રચ્છના સ્વાધ્યાય કહ્યો છે.

✡ ગુરુઆદિ પાસેથી સમ્યક્પ્રકારે સૂત્ર-અર્થનુંગ્રહણ કર્યા પછી તેમાં કોઇક અર્થ વિશેષ સંબંધિ શંકા પડે તો તેને યથાતથ્ય વિનય સહિત પૂછીને શંકા રહિત થવું-અનિવાર્ય આવશ્યક છે. કેમ કે શંકા સહિત ધારણ કરેલું જ્ઞાન-સમ્યક્દર્શન ગુણમાં બાધા ઉપજાવેછે. તે દોષથી બચવું તે પ્રચ્છના સ્વાધ્યાય

✡ આત્મોન્નતિ,પરાતિસન્ધાન,પરોપહાસ સંઘષ અને પ્રહસન આદિ દોષોથી રહિત થઇ સંશય છેદ કે નિર્ણયની પુષ્ટિ ને માટે ગ્રન્થ અર્થ અથવા ઉભયની બીજાને પૃચ્છા કરવી તે પ્રચ્છના.

[૩]**અનુપ્રેક્ષાઃ-**

✡ શબ્દપાઠ કે તેના અર્થનું મનથી ચિંતવન કરવું તે અનુપ્રેક્ષા.

✡ ભણેલ શ્રુતનું મનમાં ચિંતન પરાવર્તન કરવું તે.

✡ अनुप्रेक्षा ग्रन्थार्थयोरेवमनसाभ्यासः-ગ્રન્થપાઠ અને તેને અર્થનો મના દ્વારા અભ્યાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો તેને અનુપ્રેક્ષા કહે છે

✡ ગ્રહણ કરેલ સૂત્ર-અર્થને પોતાના આત્મા પ્રતિ યથાર્થ વિધિ નિષેધે પ્રયુજવો જેથી શુધ્ધ અનુભવ જ્ઞાનની પ્રાપ્તિ થાય. કારણ કે અનુપ્રેક્ષા રહિત જ્ઞાન એ દ્રવ્ય-શ્રુત છે તેથી ચિંતન રૂપ અનુપ્રેક્ષા સ્વાાધ્યાય કરવો આવશ્યક છે.

✡ પદાર્થની પ્રક્રિયાને જાણીને ગરમ લોહપિણ્ડ ની માફક ચિત્તને તદ્રૂપ બનાવી દેવું અને તેનો વારંવાર મનથી અભ્યાસ કરવો તે અનુપ્રેક્ષા છે.

**[૪]આમ્નાયઃ-**

✡ શીખેલી વસ્તુના ઉચ્ચારનું શુધ્ધિપૂર્વક પુનરાવર્તન કરવું તે આમ્નાય અર્થાત્ પરાવર્તન.

✡ મુખના ઉચ્ચારપૂર્વક અભ્યાસ કરવો -નવું શ્રુત કંઠસ્થ કરવું કે કંઠસ્થ કરેલ શ્રુતનું પરાવર્તન કરવું.

✡ आम्नायो घोषविशुद्धं परिवर्तनं गुणनं रूपदानम्-આમ્નાય ઘોષિવિશુધ્ધિ-પરિવર્તન-ગુણન અને રૂપદાન આ બધાં શબ્દો પર્યાયવાચી છે.

શુધ્ધતાપૂર્વક પાઠને ગોખવો-કંઠસ્થ કરવો અથવા પુનઃપુનઃ પાઠ કરવો -પારાયણ કરવું તે આમ્નાય કહેવાય છે.

✡ પોતાને પ્રાપ્ત સૂત્ર-અર્થ અને અનુભવને વારંવાર સંભાળવો-પરાવર્તન કરવું તે આમ્નાય સ્વાધ્યાય.

✡ આચાર પારગામી વ્રતીનું લૌકિક ફળની અપેક્ષા રહિત પણે દ્રુત-વિલમ્બિત વગેરે પાઠદોષોથી રહિત થઇ ને પાઠને ફેરવવો -ગોખવો તે આમ્નાય સ્વાધ્યાય છે.

**[૫]ધર્મોપદેશઃ-**

✡ જાણેલ વસ્તુનું રહસ્ય સમજાવવું અથવા ધર્મનું કથન કરવું તેને ધર્મોપદેશ કહે છે.

✡ સૂત્રના અર્થનું વ્યાખ્યાન કરવું શિષ્ય વગેરેને ધર્મનો ઉપદેશ આપવો તે ધર્મોપદેશ છે.

अर्थोपदेशो व्याख्यानम् अनुयोग वर्णनं धर्मोपदेश इति अनर्थान्तरम् અર્થોપદેશ, વ્યાખ્યાન,અનુયોગ વર્ણન અને ધર્મોપદેશ આ બધા પર્યાયવાચી શબ્દો છે. અર્થાત્ તત્વાર્થ આદિનુ નિરૂપણ કરવું તેને ધર્મોપદેશ કહે છે.

✡સૂત્ર અર્થથી પ્રાપ્ત અનુભવ સહિતના અધ્યાત્મ જ્ઞાનને પર-હિતાર્થે તેમજ સ્વહિતાર્થે [નિર્જરાર્થે] ધર્મકથા સ્વરૂપે ઉપદેશ આપવો તે.-અહી કથા શબ્દ કથન અર્થમાં લેવાનો છે કથા શબ્દથી કથા કરવી એમ સમજવું નહી. માટે સૂત્રકારે ધર્મોપદેશ શબ્દ પ્રયોજેલ છે.

✡ લૌકિક ખ્યાતિ લાભ આદિ ફળી આકાંક્ષા વિના ઉન્માર્ગ ની નિવૃત્તિને માટે સન્દેહની વ્યાવૃત્તિ અને અપૂર્વ પદાર્થના પ્રકાશન ને માટે ધર્મકથા કરવી તે ધર્મોપદેશ છે.

✤ **સ્વાધ્યાયની આવશ્યકતા :-** વિશે राजवार्त्तिक માં સુંદર વાત કહી છે ''પ્રજ્ઞાનો અતિશય,પ્રશસ્ત અધ્યવસાયો, પ્રવચન ની સ્થિતિ,સંશય-ઉચ્છેદ,પરવાદિયોની શંકાનો અભાવ,પરમસંવેગ, તપોવૃધ્ધિ અને અતિચાર શુધ્ધિ આદિને માટે સ્વાધ્યાય-તપ નું આચરણ અત્યંત આવશ્યક છે.

✤ **ક્રમ અને નામ ભેદ સ્પષ્ટીકરણઃ-** નવતત્વ તથા અન્ય ગ્રન્થોમાં વાચના-પૃચ્છના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરાવર્તના-અનુપ્રેક્ષા અને ધર્મકથા એ રીતે પાંચનામો કહેવાયા છે-જેમાં વાચના અને પૃચ્છના એ બે નો ક્રમ તો સરખો છે.- આપણા સૂત્રમાં ત્રીજોક્રમ અનુપ્રેક્ષા છે જયારે અહીં અનુપ્રેક્ષાનો ક્રમ ચોથો છે. જો કે બંનેના અર્થોમાં તો સામ્ય જ છે. એ જ રીતે અહીં સૂત્રમાં ચોથો ક્રમ आम्नाय છે જયારે અન્યમતે ત્યાં परावर्तना શબ્દ છે આ રીતે નામ અને ક્રમ બંને જુદા છે જયારે પાંચમાં ક્રમમાં સૂત્રકારે धर्मोपदेश શબ્દ કહ્યો છે જયારે નવતત્વ આદિ धर्मकथा કહે છે જે બંનેનો અર્થ સમાન જ છે માત્ર નામ ભેદ છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-** सज्झाए पंचविहे पण्णत्ते तं जहा वायणा पडिपुच्छणा परिअट्टणा अणुप्पेहा धम्मकहा ✤ **भग० श.२५,उ.७,सू.८०२-४०**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)प्रायश्चित्तविनयवैयावृत्त्य० सूत्र. ९:२० स्वाध्याय

(२)नव चतुर्दशपञ्चद्विभेदं - सूत्र. ९:२१ पञ्च-भेदं

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ ગાથા-૩૬વિવરણ

(૨)મન્નહ જિણાણમાણં-સ્વાધ્યાય-વિવરણ

(૩)ઉપદેશ પ્રાસાદ -સ્વાધ્યાય-વિવરણ

❒ **[9]પદ્યઃ-**

✡ સૂત્ર-૨૫ તથા ૨૬નું સંયુકત પદ્ય છે

(૧) વાચના ને પૃચ્છના શુભ અનુપ્રેક્ષા ભાવના
પરાવર્તન કરી સૂત્રો ધર્મની ઉપદેશના
એમ પંચવિધ સ્વાધ્યાય સમજુ સર્વદાસેવો મુદા
બાહ્ય અન્તર ઉપધિ ત્યાગી વ્યુત્સર્ગ થી ટળે આપદા

(૨) આમ્નાય ને અનુપ્રેક્ષા,વાચના પ્રચ્છના અને
ધર્મોપદેશ એવા છે સ્વાધ્યાય ભેદ પાંચ તે

❒ **[10]નિષ્કર્ષઃ-** અભ્યંતર તપના આ ભેદને ઉત્તમોત્તમ તપ તરીકે પણ કહેવાયો છે. આ સ્વાધ્યાય તપના જે પાંચ ભેદ કહેવાયા તે જ્ઞાનાવરણીય કર્મોની નિર્જરા માટેના મહત્વના સાધન રૂપે પણ નિર્દેશાયેલા છે. વ્યવહારમાં પણ વાચનાદિ સ્વાધ્યાય શિક્ષણને દ્રઢ બનાવવા માટે ઉપયોગી છે. જેમ કેઃ-

-શાળામાં સર્વ પ્રથમ તો નવો પાઠ વિષય કે વિષયાંગ શીખે.

-શીખેલા જ્ઞાનને સંશય રહિત બનાવવા વિધાર્થી પ્રશ્નોતર કરે.

-સંશય રહિત થયેલા જ્ઞાનનું ચિંતન કરી તેને દ્રઢ બનાવે.

-દ્રઢી ભૂત થયેલા જ્ઞાનને પરાવર્તન થકી સવિશેષ દ્રઢ બનાવે .

-છેલ્લે આ જ્ઞાનને વ્યવહારમાં પ્રયોજે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ તબક્કા થી વ્યવહારું શીક્ષણ શુધ્ધ અને સાત્વિક બને છે. આધ્યાત્મિક દ્રષ્ટિએ સમ્યગ્જ્ઞાનની વિચારણા કરીએ તો આ જ સ્વાધ્યાયતપ જ્ઞાનાવરણીય આદિ કર્મોના ભુક્કા બોલાવી શકે છે. વળી પ્રથમ અને અંતિમ પહોરે જે સ્વાધ્યાય કરવાનો છે તેવી જિનાજ્ઞાનું પાલન થઇ શકે છે. અરે આ સ્વાધ્યાય તપ જ અંતે સ્વનું અધ્યયન કરાવનારો થાય છે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ૨૬

❑ [1]સૂત્રહેતુઃ- આ સૂત્ર થકી સૂત્રકાર મહર્ષિ વ્યુત્સર્ગ નામક અભ્યંતર તપના ભેદોને જણાવે છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-**बाह्याभ्यन्तरोपध्यो:**

❑ [3]સૂત્રઃપૃથક્:-बाह्य - अभ्यन्तर - उपध्यो:

❑ [4]સૂત્રસારઃ-બાહ્ય અને અભ્યન્તર ઉપધિનો [ત્યાગ એમ બે પ્રકારે વ્યુત્સર્ગ કહેલો છે]

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**बाह्य–उपधि**-બાહ્ય દ્રવ્ય રૂપ જે ઉપધિ ઉપકરણાદિ

**अभ्यन्तर-उपधि**-મમત્વ-આદિનો જે ત્યાગ તે

❑ [6]અનુવૃત્તિઃ-

(૧)प्रायश्चितविनयवैयावच्च० सूत्र.९:२० थी व्युत्सर्ग:

(२)नवचतुर्दशपञ्चद्विभेदं० सूत्र. ९:२१ थी द्वि-भेदं

❑ [7]અભિનવટીકાઃ- ખરી રીતે અહંત્વ-મમત્વ ની નિવૃત્તિ રૂપ ત્યાગ એકજ છે, છતાં ત્યાગવાની વસ્તુ બાહ્ય અને અભ્યન્તર એમ બે પ્રકારની હોવાથી, વ્યુત્સર્ગ પણ બે ભેદે કહેવાયો છે.

✤ બાહ્ય -ઉપધિ વ્યુત્સર્ગઃ-

✡ ધન,ધાન્ય,મકાન,આદિ બાહ્ય વસ્તુમાંથીમમતા ઉઠાવી લેવી તે બાહ્યોપધિવ્યુત્સર્ગ.

✡ સંયમના નિર્વાહ માટે જરૂરી પાત્ર આદિ ચૌદ પ્રકારની ઉપધિ થી અતિરિકત ઉપધિનો કે અકલ્પ્ય ઉપધિનો અને ઉપલક્ષણથી અનેષણીય કે જીવ-જંતુથી સંસકત આહાર-પાણી આદિનો ત્યાગ કરવો એ બાહ્યોપધિ વ્યુત્સર્ગ.

✡ શરીર સંબંધિ ચિંતા તથા ઉપકરણ સંબંધિ ચિંતાથી આત્મા ને અળગો કરવો તે બાહ્ય ઉપધિ વ્યુત્સર્ગ.

बाह्योद्वादशरूपकस्य: उपद्ये: । પાત્ર,પાત્રબન્ધ,પાત્ર સ્થાપનક વગેરે બાર પ્રકારની ઉપધિનો ત્યાગ તે બાહ્ય ઉપધિનો વ્યુત્સર્ગ.

✡ જે બાહ્ય પદાર્થ આત્માની સાથે એકત્વ અવસ્થાને પ્રાપ્ત કરતા નથી તેનો જે ત્યાગ તેને બાહ્યોપધિ વ્યુત્સર્ગ કહે છે.

✤ અભ્યન્તર-ઉપધિ વ્યુત્સર્ગઃ-

✡ શરીર ઉપરથી મમતા ઉઠાવવી તેમજ કાષાયિક વિકારોમાં થી તન્મયપણાનો ત્યાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો તે અભ્યન્તરોપધિ વ્યુત્સર્ગ.

✡ રોગાદિ થી સંયમનો નિર્વાહ ન થઇ શકે ત્યારે કે મરણ સમય નજીક આવે ત્યારે શાસ્ત્રોકત વિધિપૂર્વક કાયાનો અને કષાયો નો ત્યાગ એ અભ્યન્તરપધિ વ્યુત્સર્ગ છે.

✡ અભ્યન્તર વ્યુત્સર્ગ એટલે આંત્માંનેકષાય ભાવથી અળગો કરવો તે.

✡ आभ्यन्तर: शरीरस्य कषायाणाम् च-શરીર તથાકષાયોની સાથેનો સંબંધ છોડવો-મમત્વ પરિહારને -અભ્યન્તરઉપધિ વ્યુત્સર્ગ કહેવામાં આવેછે .

✡ ક્રોધ,માન,માયા,લોભ,મિથ્યાત્વ,હાસ્ય,રતિ,અરતિ,ભય,જુગુપ્સા આદિ અભ્યન્તર દોષોની નિવૃત્તિ તે અભ્યન્તરઉપધિ વ્યુત્સર્ગ કહેવાય છે.

✤ વ્યુત્સર્ગ:- विविधस्यउत्सर्ग: — व्युत्सर्ग:

✡ संसक्तासंसक्तपानादे: विधिना प्रवचनविहितेन उत्सर्ग: व्युत्सर्ग: ।

✡ વ્યુત્સર્ગ એટલે વ્યુત્સર્જન -ત્યાગ

✤ ઉપધિ:- જે પદાર્થ અન્યમાં બલાધાન ને માટે ગ્રહણ કરાય છે તે ઉપધિ છે. જેના ઉપર કહ્યા મુજબ બાહ્ય અને અભ્યન્તર બે ભેદો છે.

✡ उपधीयते बलाधानार्थम् इति उपधि: ।

✤ **વ્યુત્સર્ગ તપથી શો લાભ થાય છે?**

આ બાહ્ય-અભ્યન્તર વ્યુત્સર્ગ એ અભ્યન્તર તપ હોવાથી સંવર અને નિર્જરા તો થવાના જછે. તો પણ તેના બીજા લાભ ''સર્વાર્થ સિધ્ધ'' માં આ રીતે બતાવેલા છે

વ્યુત્સર્ગ થી નિર્મમત્વ,નિર્ભયતા, દોષોના નાશ, જીવવા માટેની આશાનો ત્યાગ અને મોક્ષમાર્ગમાં તત્પરતા આદિ આવે છે.

✤ **વ્યુત્સર્ગ તપના બીજી રીતે ભેદ:-**

વ્યુત્સર્ગતપ બે પ્રકારે છે (૧)દ્રવ્ય વ્યુત્સર્ગ (૨)ભાવ વ્યુત્સર્ગ

-(૧)દ્રવ્ય વ્યુત્સર્ગ:-પણ ચાર પ્રકારે કહ્યો છે. (૧)કાયાનો, (૨)ગણનો, (૩)ઉપધિનો, (૪)ભકતપાનનો.

-(૨)ભાવઉત્સર્ગ:- પણ ત્રણ પ્રકારે કહ્યો છે (૧)કષાય ત્યાગ,(૨)સંસાર ત્યાગ અને (૩)કર્મ ત્યાગ.

આરીતે દ્રવ્ય અને ભાવથી કુલ સાત ભેદે વ્યુત્સર્ગ કહેવાશે.

(૧)કાય-ઉત્સર્ગ:-કાયોત્સર્ગનો સામાન્ય અર્થ છે દેહ સંબંધિ મમત્વ ત્યાગ કરવો તે.

(૨)ગણ ઉત્સર્ગ:- સમુદાય કે ગચ્છને અહીં ગણ કહ્યો છે. છેલ્લે તો આ ગણનો પણ ત્યાગ કરવાનો જ છે. જેમ પ્રભુમહાવીરના ૧૧- ગણધર માંથી નવ ગણધરો પ્રભુની હાજરી માંજ પોતાનો ગણ શ્રી સુધર્માસ્વામી ગણધરને ભળાવી,અનશન કરી મોક્ષે ગયા. તો અહીં જે બીજાને ગણ ભળાવવો તે ગણ-વ્યુત્સર્ગ.

વ્યકિતગત રીતે કોઇ મુનિ ગણ કે ગચ્છનો ત્યાગ કરીને જિનકલ્પ આદિ અંગીકાર કરે તેને પણ વ્યુત્સર્ગ જ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૩)ઉપધિવ્યુત્સર્ગઃ**- ઉપધિ એ જૈન પારિભાષિક શબ્દ છે, જે બે પ્રકારે કહેવાય છે. (૧)ઔધિક -(૨)ઔપગ્રહિક

ઔધિક એટલે નિરન્તર ઉપયોગમાં લેવાતા એવા રજોહરણ, મુખવસ્ત્રિકા, ચોલપટ્ટ વગેરે બધી ઔધિક ઉપધિ.

-ઔપગ્રહિકઃ- એટલેજે પાસે હોય પણ ખરી અને ન પણ હોય તેવી ઉપધિ જેમ કે દણ્ડ,પાત્ર,પીષ્ટફલક વગેરે.

આ ઉપધિમાં મમત્વ રહિતતા કેળવવી તે ઉપધિ વ્યુત્સર્ગ.

**(૪)ભક્તપાન વ્યુત્સર્ગઃ**- અનશન કરતી વખતે, સંલેખણા કે સંથારો કરતી વખતે,ગંભીર બીમારી વખતે,મરણાંત ઉપસર્ગ સમયે જે ભોજન-પાન આદિનો ત્યાગ કરવો તે ભક્ત પાન વ્યુત્સર્ગ કહ્યો.

**(૫)કષાય વ્યુત્સર્ગઃ**- કષાયનું નિમિત્ત મળે તો પણ કષાયન કરવો કષાયના કારણોથી દૂર રહેવું, બીજાને કષાય ઉત્પન્ન કરાવવામાં પણ પ્રવૃત્ત ન થવું, તેમજ પ્રતિપક્ષી કષાય કરી રહ્યા હોય તો પણ શાન્ત રહેવું. આ રીતે ક્રોધ-માન-માયા-લોભ રૂપ ચારે કષાયનો વ્યુત્સર્ગ એટલે ત્યાગ કરવો.

**(૬)સંસાર ઉત્સર્ગઃ**-સંસાર એટલે આત્મા સાથે ચોંટેલા કર્મોને કારણે નરક-તિર્યંચ-દેવ અનેમનુષ્ય એ ચાર ગતિમાં પરિભ્રમણ.

મિથ્યાત્વ,અવિરતિ, કષાય,પ્રમાદ,યોગ માંના જે-જે કારણોથી સંસાર વધતો હોય તેતે સર્વે નિમિત્તોનો ત્યાગ કરવો અને કેવળ મોક્ષમાર્ગ પરત્વેનું લક્ષ રાખવું તે સંસાર વ્યુત્સર્ગ.

**(૭)કર્મ વ્યુત્સર્ગઃ**-કર્મ વ્યુત્સર્ગ એટલે કર્મ બંધનના કારણોનો ત્યાગ કરવો. જેમાં आस्रवो सर्वथा हेय । મુજબ આસ્રવોને સર્વથા અટકાવવાના ધ્યેય પૂર્વક અંતે સર્વકર્મના વ્યુત્સર્ગ મારફતે મોક્ષ મેળવવો તે કર્મ વ્યુત્સર્ગ.

કેટલાંક સ્થાનોએ ઉત્સર્ગ કે વ્યુત્સર્ગ નો અર્થમાત્ર કાયોત્સર્ગ જોવા મળે છે તે વ્યુત્સર્ગની પ્રાથમિક અંને મહત્વપૂર્ણ ભૂમિકા સ્વરૂપે વિચારવો. કેમ કે સંપૂર્ણ વ્યુત્સર્ગમાં કાયાનો વ્યુંત્સર્ગ એ ચાવીરૂપ ભૂમિકા છે. પણ માત્ર કાયાનો જ વ્યુત્સર્ગ એ પર્યાપ્ત અર્થ નથીઉકત વ્યુત્સર્ગ ને તેના ભેદ રૂપે જ સમજવાના છે.

❑ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ**- विउस्सग्गे दुविहे पण्णत्ते दव्व विउस्सग्गे य भाव विउस्सग्गे य

✤ **भग० श.२५,उ.७,सू.८०४**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(१)प्रायश्चितविनयवैयावृत्त्य० **सूत्र.९:२०** व्युत्सर्ग

(२)नवचतुर्दशपञ्चद्विभेदं **सूत्र. ९:२१** द्वि-भेदं

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ ગાથા-૩૬વિવરણ

(૨)અતિચાર વિચારણા ગાથા-પ્રબોધટીકા-૨

(૩)તસ્સ ઉત્તરી કરણ -પ્રબોધટીકા -૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❏ [9]પદ્યઃ-

(૧) આ સૂત્રનું પ્રથમ પદ્ય પૂર્વ સૂત્રઃ૨૫ માં કહેવાઇ ગયું છે.

(૨) આંતર બાહ્ય વસ્તુનો ત્યાગ સુત્યાગની સ્થિતિ
અહંતા મમતા બન્ને થાય નિવૃત્ત જેહથી

❏ [10]નિષ્કર્ષઃ-અભ્યંતર તપના ભેદ રૂપે કહેવાયેલા વ્યુત્સર્ગ તપ એ અતિ સુંદર વાત કહી જાય છે. કેમ કે એકતો તપ પોતેજ મૂળભૂત પણે સંવર અને નિર્જરાનું સાધન છે. વધારામાં અહીં વ્યુત્સર્ગ શબ્દથી જે અર્થ પ્રસિધ્ધ છે તેબધું જ છોડવાનું સૂચન કરે છે. જેમાં આદેહનો પણ ત્યાગ કરવાનો છે અને છેલ્લે કર્મોનો પણ ત્યાગ કરવાનો જછે અર્થાત્ જે તપનો હેતુ છે તે જ વ્યુત્સર્ગ નો અર્થ છે. તપ થકી પણ છેવટે તો કર્મોને છોડવાના જ છે અને વ્યુત્સર્ગ થી પણ કર્મોનો ત્યાગ જ કરવાનો છે. અને જો કર્મોનો ત્યાગ થઇ ગયો તો પછી ઉપધિ પછી તે બાહ્ય હોય કે અભ્યંતર હોય બન્નેનો ત્યાગ થઇ ગયો હોય. કેમ કે કર્મ જ ન હોય તો તદ્જન્ય શરીર પણ નહીં રહે અને શરીર નહીં રહેતો પછી તેને ઉપાધિ ઉપકરણની જરૂર પણ નહીં રહે. આત્માને આ બધી વળગણ છે તે તો માત્ર કર્મના સહઅસ્તિત્વના કારણે જ જોડાયેલી છે. જે દિવસે આત્મા કર્મથી સર્વથા મુકત થશે તે દિવસે કર્મજન્ય કોઇ ઉપધિ રહેવાની જ નથી.

જો કે પ્રાયશ્ચિત ના ભેદોમાં પણ વ્યુત્સર્ગ તપનોઉલ્લેખ હતો પણ ત્યાં વ્યુત્સર્ગ તપ પ્રાયશ્ચિત સ્વરૂપે કહેવાયેલો છે જયારેઅહીં વ્યુત્સર્ગ પોતે જ એક સ્વતંત્ર તપ છે. બંનેમાં નિર્જરા નો હેતુ હોવા છતાં પ્રાયશ્ચિત માં દોષ સુધારણાની મુખ્યતા છે અહીં સર્વસ્વ ત્યાગ થકી મુકિત એ જ મુખ્ય હેતુ છે.

❏ ❏ ❏ ❏ ❏ ❏ ❏

## અધ્યાયઃ૯-સૂત્રઃ૨૭

❏ [1]સૂત્રહેતુઃ- આ સૂત્ર થકી અભ્યંતર તપનાં એક ભેદ એવા ધ્યાન ના સ્વરૂપ કે લક્ષણ ને જણાવે છે

❏ [2]સૂત્રઃમૂળઃ-***उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधोध्यानम्**

❏ [3]સૂત્રઃપૃથક્ઃ-उत्तमसंहननस्य एकाग्र - चिन्ता निरोधः ध्यानम्

❏ **[4]સૂત્રસારઃ-ઉત્તમ સંહનન [-સંઘયણ] વાળાનું જે એક વિષયમાં અંતઃકરણની વૃત્તિનું સ્થાપન તે ધ્યાન**

**[અર્થાત્ કોઇ એક વિષયમાં ચિત્તની સ્થિરતા તે ધ્યાન આવું ધ્યાન ઉત્તમ સંઘયણ વાળાને હોય છે.]**

❏ [5]શબ્દજ્ઞાનઃ-

**उत्तमसंहननस्य**-ઉત્તમ સંઘયણ વાળાને

**एकाग्र**-એક વિષયમાં **चिन्तानिरोध** -ચિત્ત સ્થિરતા

**ध्यानम्**-ધ્યાન [અભ્યંતર તપનો એક ભેદ]

*उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानमान्तर्मुहूर्तात् એ મુજબનું સંયુકત સૂત્રદિગમ્બર આમ્નાયમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ **[6]અનુવૃત્તિઃ**-प्रायश्चित्तविनयवैयावृत्त्य० सूत्र.९:२० થી ધ્યાન શબ્દની અનવૃત્તિ

❑ **[7]અભિનવટીકાઃ**-અહીં સૂત્રકારે એક સાથે બે વસ્તુ સૂચવેલી છે

(૧)ધ્યાન ના અધિકારીકોણ? (૨)ધ્યાનનું સ્વરૂપ

**(૧)ધ્યાનના અધિકારી કોણ?**

-उत्तम संहनन-ઉત્તમ સંઘયણ વાળા

-ઉત્તમ સંઘયણ કોને કહેવા?

-સ્વોપજ્ઞ ભાષ્યમાં જણાવ્યા મુજબ उत्तमसंहननं वज्रषभानाराचं वज्रनाराचं नाराचंअर्धनाराचं च । અર્થાત્ છ પ્રકારના સંઘયણો માં પ્રથમના આ ચાર (૧) વજ્રૠષભનારચ (૨)વજનારચ (૩)નારાચ અને (૪)અર્ધ નારાચ

उत्तम-એટલે પ્રકૃષ્ટ કે ઉંચુ    संहनन-સંઘયણ- અસ્થિબંધ

वज्रं એટલે કીલિકા ખીલી    ऋषभ -પટ્ટ, પાટો

नाराच એટલે મર્કન્ટ બંધ- બે હાડકાંના છેડા એકબીજામાં ગોઠવવાતે

**(૧)વજ્રૠષભ નારાચઃ**-પ્રથમ સંઘયણમાં આત્રણે હોય છે, એટલે કે બે હાડકાના છેડા એક બીજાના ખાડામાં ગોઠવવામાં આવે, તે પ્રકારે ના સાંધા ઉપર હાડકાનો એક પટ્ટો આવે અને તે ત્રણે ને વીંધે એવો એક વજ્ર ખીલો ઉપર પરોવવામાં આવે તે વજ્રૠષભ નારાચ સંહનન.

**(૨)વજનારાચઃ**-બીજા સંહનન માં પટ્ટો હોતો નથી પણ બે હાડકાના છેડા એકબીજામાં ગોઠવીને તેને ખીલા વડે વીંધીને ગોઠવેલા હોય છે.

[**નોંધઃ**-નામકર્મ માં સંઘયણના ભેદ મુજબ તો અહીં ૠષભ નારાચ આવે કે જેમાં હાડકાને પટ્ટાથી વીંટેલા હોય પણ અમે સિધ્ધસેનીયવૃત્તિ અનુસાર ઉપરોકત બીજો ભેદ લખ્યો છે. જેમાં द्वितीय संहननेपट्टोनास्ति એવું સ્પષ્ટ વિધાન છે.

**(૩)નારચઃ**- ત્રીજા સંહનનમાં ખીલો અને પાટો બંને હોતોનથી.

ફકત નારાચ-અર્થાત્ મર્કટ બંધજ હોય છે જેમાં બે હાડકાના છેડા એકબીજાના ખાડામાં ગોઠવાયેલા હોય છે.

**(૪)અર્ધનારાચઃ**- જેની રચનામાં એક તરફ ખીલી અને બીજી તરફ મર્કટ બંધ હોય તે અર્ધનારાચ સંહનન કહેવાય.

**આવા ચાર સંઘયણો ને ઉત્તમ સંઘયણ કહ્યા છે.**

[નોંધઃ- પંડિત સુખલાલજી આ સૂત્રના વિવેચનમાં લખે છે કે દિગંબરીય ગ્રન્થોમાં ત્રણ ઉત્તમ સંહનનવાળાને ધ્યાન ના અધિકારી માન્યા છે ભાષ્ય અને તેની વૃત્તિ પ્રથમના બે સંહનન વાળાને ધ્યાન ના સ્વામી માનવાનો પક્ષ કરે છે.

-આમાં દિગમ્બર આમ્નાયમાં પ્રથમ ત્રણ સંહનન વાળાને ધ્યાનના અધિકારી માનવામાં આવ્યા છે તે વાત સત્ય છે.

-પણ ભાષ્ય અને તેનીવૃત્તિમાં પ્રથમ બે સંહનન વાળાને ધ્યાનના અધિકારી માનવામાં આવ્યા છે તે વિધાન ઉચિત્ત નથી કેમ કે ભાષ્યાનુસારી સિધ્ધસેનીય વૃત્તિમુજબનો અર્થ તો ઉપર જણાવેલા જ છે તેમાં उत्तमसंहननं चर्तुर्विधम् સ્પષ્ટ લખ્યું છે.

—હારિભદ્રિય વૃત્તિમાં સ્વીકારેલ ભાષ્ય પાઠ આ રીતે છે वज्रर्षभमर्धवज्रनाराचं च. જેની વૃત્તિમાં સ્પષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું છે કે नाराचं शब्द प्रत्येकं सम्बध्यते, तत्र वज्रर्षभ-नाराच,पुन: अर्द्ध-नाराचं तथा ऋषभनाराचं, तथा नाराचं च एते उत्तम संहननवाच्या:-આ રીતે બંને વૃત્તિમાં ચારે સંઘયણને ઉત્તમ સંઘયણ તરીકે સ્વીકારેલા છે. માટે પંડિત સુખલાલ નું વિવેચન અયોગ્ય છે.

**આવા ચારે ઉત્તમ સંઘયણ વાળાને જ ધ્યાનના અધિકારી માનવામાં આવેલા છે** કારણ કેધ્યાન કરવામાં જોઇતા માનસિક બળ માટે જે શારીરિકબળ જોઇએ તેનો સંભવ ઉકત ચાર સંહનનવાળા શરીરમાં છે. બાકીના બીજા બે સંહનન વાળા શરીરમાં નથી.

એ તો જાણીતું જ છે કે માનસિક બળનો એક મુખ્ય આધાર શરીર જ છે અને શરીર બળ તે શારીરિક બંધારણ ઉપર નિર્ભર છે. તેથી ઉત્તમ સંહનનવાળા સિવાયના સંહનનવાળાને ધ્યાનના અધિકારી ગણેલ નથી. જેટલે અંશે શારીરિક બંધારણ નબળું,તેટલે અંશે મનોબળ ઓછું,જેટલે અંશે મનોબળ ઓછું,એટલે અંશે ચિત્તની સ્થિરતા ઓછી. તેથી નબળા શારીરિક બંધારણ વાળા અર્થાત્ અનુત્તમ સંહનનવાળા લોકો પ્રશસ્ત કે અપ્રશસ્ત વિષયમાં જે એકાગ્રતા સાધીશકે છે તે એટલી બધી ઓછી હોય છે કે તેની ગણના ધ્યાન માં થઇ શકતી નથી

**✤ સ્વરૂપઃ-**

एकाग्र-એટલે એક આલંબન એક વિષય

चिन्ता-એટલે ચળચિત્ત निरोध-એટલે સ્થિરતા

चिन्तानिरोध-ચળચિત્તની કોઇ એક વિષયમાં સ્થિરતા [એ જ ધ્યાન]

સામાન્ય રીતે ક્ષણમાં એક, ક્ષણમાં બીજા અને ક્ષણમાં ત્રીજા એમ અનેક વિષયોને અવલંબી ચાલતી જ્ઞાનધારા ભિન્ન ભિન્ન દિશામાંથી વહેતી, હવાની વચ્ચે રહેલ દીપશિખાની પેઠે અસ્થિર હોય છે. આવી જ્ઞાનધારા અર્થાત્ ચિંતાને વિશેષ પ્રયત્ન વડે બાકીના બધા વિષયોથી હઠાવી કોઇ એક જ ઇષ્ટ વિષયમાં સ્થિર કરવી, અર્થાત્ જ્ઞાનધારાને અનેક વિષય ગામિની બનતી અટકાવીને એક વિષયનીગામિની બનાવી દેવી તે છે.

**✤ ધ્યાનનું આ સ્વરૂપ અને સંયતની કક્ષાઃ-**

કોઇ એક વિષયમાં ચિત્તની સ્થિરતા રૂપ ધ્યાન કહેવાયું તે ધ્યાનનું સ્વરૂપ અસર્વજ્ઞ કે છદ્મસ્થ સંયોતોને જ સંભવે છે [અર્થાત્ બારમાં ગુણ સ્થાનક સુધી જ આ ધ્યાન હોય છે].

સર્વજ્ઞત્વ પ્રાપ્ત થયા પછી અર્થાત્ સયોગી-અયોગી કક્ષાએ [અર્થાત્ તેરમાં અને ચૌદમા ગુણઠાણે] ધ્યાનનું ઉપરોકત સ્વરૂપ સ્વીકારવામાં આવેલ નથી. કેવળી ભગવંતોને યોગ-નિરોધ રૂપ ધ્યાન હોય છે, જેનું વર્ણન આ અધ્યાયના સૂત્ર :૪૦ તથા ૪૬ માં જણાવવામાં આવેલ છે.

✤ **પ્રશ્નઃ**- ચારે ગતિમાં નબળા સંઘયણ વાળા જીવોને પણ આરૌદ્ર આદિ ધ્યાન હોય છે. હવે અહીં સૂત્રોકત ધ્યાનની વ્યાખ્યા પ્રમાણે તો નબળા સંઘયણ વાળાને ધ્યાન હોઇ શકે નહીં તો પછી આ સૂત્ર કઇ રીતે ઘટાવવું ?

**સમાધાનઃ**- આ સૂત્રાનુસાર પ્રબળ કોટિના ધ્યાનને જ ધ્યાન તરીકે વિવક્ષિત કરાયું છે.સામાન્ય કોટીના ધ્યાનને ધ્યાન સ્વરૂપે ગણતરીમાં લેવાયેલ જ નથી.

-જેમ લોકમાં અધિક લક્ષ્મીવાળાને જ શ્રીમંત-ધનવાન કહેવામાં આવે છે તેમ અહીં પ્રબળ કોટીની એકાગ્રતાને ધ્યાન કહેવામાંઆવે છે. આથી ચારે ગતિમાં નબળા સંઘયણવાળાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ જે ધ્યાન હોય છે તે વાત સાથે કોઇ વિરોધ આવતો નથી.

**ભરતક્ષેત્રમાં સ્થિતિ** આ ભરત ક્ષેત્રમાં વર્તમાન કાળમાં સામાન્ય કોટિનું ધ્યાનછે, આ સૂત્રમાં કહેવાયેલ પ્રબળ કોટીનું ધ્યાન નથી કારણ કે આવા ધ્યાન માટે પ્રબળ માનસિક એકાગ્રતા જોઇએ પ્રબળ માનસિક એકાગ્રતા માનસિક બળ પર આધાર રાખે છે અને માનસિક બળ અમુક પ્રકારના શારીરિક બળ વિના ન આવી શકે. ધ્યાન માટે જરૂરી શારીરિકબરૂળ શરીરના મજબુત સંઘયણની અપેક્ષા રાખે છે માટે જ આ સૂત્રમાં ઉત્તમ સંઘયણ વાળાને આ ધ્યાન હોઇ શકે એમ કહ્યું છે.

જયારે વર્તમાન કાળમાં કેવળ સેવાર્તનામનું છઠ્ઠું સંઘયણ હોવાથી ઉત્તમ સંઘયણનો અભાવ છે, માટે આ કાળમાં પ્રસ્તુત સૂત્રોકત ધ્યાન સંભવતું નથી.

✤ **સૂત્રસારાંશઃ-**

૧-પ્રથમના ચાર ઉત્તમ સંઘયણ ધરાવતા આત્માઓ જયારે સમસ્ત પરભાવની ચિંતા છોડીને આત્મ સાધનામાં ઉપકારી એવા કોઈ ક સમ્યક્ દ્રવ્ય-ગુણ યા પર્યાય સ્વરૂપમાં તન્મય સ્વરૂપે મન,વચન, કે કાયાની સ્થિરતા વડે સ્થિર ચિત્તે તેની વિચારણા કરે, તેને સમ્યક્ ધ્યાન કહેવામાં આવે છે.

૨-સૂત્રમાં કહેવાયેલ चिन्तानिरोध એ ફકત તુચ્છ અભાવ રૂપ નથી કિન્તુ ભાવાન્તર રૂપ છે. કેમ કે અસત્ ધ્યાન-ચિન્તામાંથી સત્‌ના ભાવ તરફની ગતિ હોય છે અથવા મિથ્યા-મોહ જન્ય દુર્ધ્યાન માંથી સમ્યક-સુધ્યાન પ્રતિ ભાવાન્તર હોય છે.

૩-કેવળ આખો મીંચીને બેસવું કે શ્વાસોચ્છ્વાસનો નિરોધ કરવો તેને પણ ધ્યાન કહી શકાય નહીં. એ જ રીતે શ્વાસોચ્છ્વાસ ને ગણવા તે પણ ધ્યાન નથી કેમ કે ગણતરી સમયે એકાગ્રતાને બદલે વ્યગ્રતા વધી જવા સંભવ રહે છે.

૪- ધ્યાનની સિધ્ધિ માટે ગુપ્તિ-સમિતિ-પરીષહજય-ભાવના વગેરે ભૂમિકા રૂપ છે.

૫- કેવળી ભગવંતને વાક્કાયના યોગનો નિરોધ એ જ ધ્યાન કહેવાયું છે. કેમકે ભાવમનનો અભાવ હોય છે અર્થાત્ તેમને મનો વ્યાપારનો અભાવ હોય છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-**

(૧)अंतोमुहुत्तमंतं चित्तावत्थाणमेगवत्थुंमिछउमत्थाणं झाणं जोगनिरोहोजिणाणं तु

✤**સ્થાનાંગ વૃત્તિ**

(૨)આ સૂત્રનો બીજો આગમ સંદર્ભ હવે પછીના સૂત્ર-૨૮ માં સાથે મુકાયેલ છે.

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)સમય आमुहूर्तात- સૂત્ર૯:૨૮

(૨)ભેદ आर्तरौद्रधर्मशुक्लानि - सूत्र.९:२९

(૩)સૂચના સૂત્ર ૯:૩૦થી ૯:૪૬ સુધી હવે ધ્યાન વિષયક સૂત્રો જ આપેલા છે.

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)નવતત્વ ગાથાઃ૩૬- વિવરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨)કાળલોક પ્રકાશ-સર્ગ:૩૦ શ્લોક:૪૧૧

(૩)ધ્યાન શતક વૃત્તિ

❑ **[9]પદ્યઃ-**

(૧) પ્રથમ ના ત્રણ શરીરધારી જીવ જે વિચારતા
એકાગ્ર ચિત્તે યોગીની જેમ અન્યચિંતા રોધતા

(૨) સૂત્ર ૨૮-૨૯ નું સંયુકત પદ્ય
અર્ધ વજ્રઋષભને પૂરણ વજ્રઋષભનારચ ત્રણે
સંહનનો તે શ્રેષ્ઠ ગણાતાં તેના અધિકારી જનને
વધુમાં વધુ સ્થિર રહે એક વિષયે આંતરવૃત્તિ તે ધ્યાન બને
બાર ગુણ સ્થાન લગી રહે તે આંતર મુહૂર્ત કાળ ગણે

❑ **[10]નિષ્કર્ષઃ-** આ સૂત્રમાં કહેલી વાત માં બે સુંદર વસ્તુ રજૂ કરી શકાય છે. (૧)ઉત્તમ સંઘયણ વાળા સિવાય કોઇને આ ધ્યાન હોઇ શકે નહીં એટલે કે વર્તમાનકાળે ધ્યાન ની જે વાત થાય છે તે શાસ્ત્રીય રીતે ઉચીત જ નથી કેમ કે હાલ કોઇઉત્તમ સંઘયણ વાળો જીવ આ ભરત ક્ષેત્રમાં છે જ નહીં.

(૨)બીજી વાત એ છે કે ''એકાગ્ર ચિન્તા નિરોધ'' શબ્દ સૂત્રકારે મુકયો તેનો અર્થ પણ એ જ છે કે આકુળ વ્યાકુળ થતા કે સંકલ્પ વિકલ્પ કરતાં ચિત્તને રોકીને એક જ વિષય પરત્વે સ્થિર કરવુ.

વ્યવહારું જગતમાં પણ આવી ચિત્ત સ્થિરતા જરૂરી હોય તો મોક્ષમાર્ગમાં કેમ ન જોઇએ? એમ સમજી ચિત્તસ્થૈર્ય ગુણને ધારણ કરીઉત્તમોત્તમ ધ્યાન માટે પુરુષાર્થ કરવો જેવી પરંપરાએ શુકલ ધ્યાનનની ધારાએ ચઢી મોક્ષને પામી શકાય.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ૨૮

❑ **[1]સૂત્રહેતુઃ-** ધ્યાન કેટલા સમયનું હોઇ શકે ? તે વાતને જણાવવા છે.

❑ **[2]સૂત્રઃમૂળઃ-** ***आमुहूर्तात्***

❑ **[3]સૂત્રઃપૃથક્ઃ-**आ - मुहूर्तात्

❑ **[4]સૂત્રસારઃ-મુહૂર્ત સુધી -[અર્થાત્ આ ધ્યાન અંતર્મુહૂર્ત પર્યન્ત રહે છે અથવા લગાતાર આ ધ્યાન વધુમાં વધુ કંઇક ન્યુન-૪૮ મિનિટ પર્યન્ત રહે છે].**

❑ **[5]શબ્દજ્ઞાનઃ-**

**आ**-મર્યાદા સૂચવે છે **मुहूर्तात्**-અંતર્મૂહૂર્ત સુધી

❑ **[6]અનુવૃત્તિઃ-** उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधोध्यानम् સૂત્ર.૯:૨૭ થી ધ્યાન ની

❑ **[7]અભિનવટીકાઃ-**આ સૂત્રમાં સામાન્ય વાતતો એટલી જ છે કે પૂર્વસૂત્રમાં જે

*દિગમ્બર આમ્નાય મુજબ આ સૂત્ર પૂર્વ સૂત્રની સાથે સંયુકત પણે કહેવાઇ ગયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાન નું સ્વરૂપ કહેવામાં આવ્યુ તેવું એકાગ્ર ચિન્તા નિરોધ રૂપ ધ્યાન ફકત અંત મુર્હૂત પર્યન્ત રહે છે પણ વિશેષ થી સમજવા કેટલાંક મુદ્દા અત્રે રજૂ કર્યા છે.

૧-મુર્હૂત એટલે બે ઘડી.

૨- બે ઘડી એટલે ૪૮ મિનિટ.

૩-અહીં મુહૂર્ત શબ્દ થી "અંતર્મુહૂર્ત" અર્થ લેવાનો છે જો કે સ્વોપજ્ઞ ભાષ્યમાં તો तद् ध्यानम् आमुहूर्तात भवति એટલું જ કહ્યું છે તેનો અર્થ એટલો જ થાય કે સૂત્રઃ૨૭ માં કહેવાયેલ ધ્યાન વધુમાં વધુ એક મુહૂર્ત સુધી જ હોઇ શકે છે .પણ સિધ્ધસેનીય વૃત્તિમાં તેનો અર્થ સ્પષ્ટ કરતા अन्तमुहूर्तपरिमाणं લખેલું છે. માટે અહીં અંતમુહૂર્ત અર્થ લેવો.

૪-અંતમુહૂર્ત ના બે ભેદ છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ.

**જઘન્ય અંતમુહૂર્ત** નાનામાં નાનુ અંતમુહૂર્ત નવ સમયનું છે.

**ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત** - મોટામાં મોટુ અંતમુહૂર્ત એક સમયન્યૂન એક મુહૂર્ત -અર્થાત્ ૪૮ મિનિટથી એક સમય ન્યૂન કહેલું છે.

**૫-કાલપરિમાણઃ**- આરીતે એક ધ્યાન વધુમાં વધુ અંતર્મુહૂર્ત ના કાળ પરિણામવાળું કહ્યું તેના અર્થને વધુ સ્પષ્ટ કરતાં ભાષ્યકાર મહર્ષિએ આગળ કહી દીધુ કે परतः न भवति दुर्ध्यानत्वात् -આ ધ્યાન અંતર્મૂહૂર્ત થી વધુ રહી શકતું નથી. કેમ કે તેથી વધારે કાળ થવાથી દુર્ધ્યાન થઇ જાય છે.

આ રીતે અંતર્મૂહૂર્ત પછી અવશ્ય ચિત્ત ચલિત બને છે. તેથી આગળ તેને ટકાવવું મુશ્કેલ કે અસંભવ હોવાથી ધ્યાનનું કાલ પરિમાણ અંતર્મૂહૂર્ત જ માનવામાં આવેલ છે.

હા, ચિત્ત અંતર્મૂહૂર્ત પર્યન્ત સ્થિર રહી શકે છે. ફરી અંતર્મૂહૂર્ત થતા ચિત્ત ચલિત બને છે, પુનઃપુનઃ આ સ્થિરતા અને ચલિતતાનો ક્રમ ચાલુ રહી શકે છે. પણ કાળમર્યાદા સળંગતો અંતર્મૂહૂર્તની જ રહે છે.

સ્થૂળ દ્રષ્ટિએ આપણને લાગે કે કલાકો સુધી લગાતાર ધ્યાન ચાલે છે. પણ સૂક્ષ્મ દ્રષ્ટિ થી નિરીક્ષણ કરવામાં આવે તો અંતર્મૂહૂર્ત બાદ ચિત્ત સૂક્ષ્મ પણ અવશ્ય ચલિત થઇ જાય છે. જો કે એક વાત નોંધપાત્ર છે કે આ નિશ્ચય થી સૂક્ષ્મધ્યાનની વાતજ છે, સ્થૂળ થી તો કલાકો સુધી પણ ધ્યાન થતું જોઇ શકાય છે. પણ વાસ્તવિક સ્થિતિ એ છે કે અંતર્મૂહૂર્ત પછી સૂક્ષ્મ કાળ માટે પણ અવશ્ય દુર્ધ્યાન થાય છે.

❖ પ્રશ્નઃ- સ્વોપજ્ઞ ભાષ્યમાં दुर्ध्यान શબ્દ કહ્યો તેનો અર્થશો?

દુર્ધ્યાન શબ્દથીઆર્ત્ત અને રૌદ્ર ધ્યાન લેવામાં આવે છે પણ दुर्ध्यान શબ્દથી સિધ્ધસેનીય વૃત્તિમાં વિભિન્ન અર્થ જણાવેલા છે.

(૧)દુર્ધ્યાન એટલે ખરાબ ધ્યાન.

(૨)દુર્ધ્યાન એટલે ધ્યાનનો અભાવ.

(૩)દુર્ધ્યાન એટલે વિકૃત્ત ધ્યાન.

(૪)દુર્ધ્યાન એટલે સામર્થ્ય વિનાનું ધ્યાન.

(૫)દુર્ધ્યાન એટલે ના પસંદ કરવા યોગ્ય ધ્યાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दु:इति शब्दौ वैकृते वर्तते । विकृतं ध्यानं, विकारान्तरमापन्न दुर्ध्यानम् । अथवा ऋद्धिवियुक्ता -व्युद्धौ दु:शब्द: अनीप्सायां वा दु: शब्द: ।

**❖ સૂત્ર ૨૭-૨૮ નો સંયુકત અર્થ:-**

પ્રથમના ચાર ઉત્તમ સંઘયણ ધરાવતા આત્માઓ જયારે એક અંતર્મૂહૂર્ત કાળ સુધી સમસ્ત પરભાવની ચિંતાને છોડીને આત્મ સાધનમાં ઉપકારી એવા કોઈ ક સમ્યક્ દ્રવ્ય -ગુણ અથવા પર્યાય સ્વરૂપમાં તન્મય સ્વરૂપે મન-વચન-કાયા ની સ્થિરતા વડે અંતર્મૂહૂર્ત સુધી સ્થિર ચિત્તે તેની વિચારણા કરે તેને સમ્યક ધ્યાન કહેવામાં આવે છે.

❑ **[8]સંદર્ભ:-**

**✡ આગમ સંદર્ભ:-**

(૧)केवतियं कालं अवट्ठिय परिणामे होज्जा ? गोयमा ! जहन्नेणं एक्कं समयं उक्कोसेणं अन्तमुहूत्तं ❖ **भग० श.२६,उ.६,सू.७७०-८ एवं २०**

(२)अंतोमुहुत्तमित्तं चित्तावत्थाणमेग वत्थुम्मि

छउमत्थाणंझाणं जोग निरोहो जिणाणंतु **स्था०-४,उ.१,सूत्र.२४७ શ્રી અભયદેવ સૂરિકૃત્તિ વૃત્તિ શ્લોક ૧-પૃ. ૧૮૭-આગમોદય સમિતિ**

**✡ તત્વાર્થ સંદર્ભ:-**

આ ધ્યાન વિષયક ચર્ચા આ જ અધ્યાયયના સૂત્ર-૨૯ થી ૪૬ સુધી ચાલે છે.

**✡ અન્યગ્રન્થ સંદર્ભ:-**

(૧)કાળલોક પ્રકાશ-સર્ગ:૩૦ શ્લોક:૪૧૨

(૨)નવતત્વ ગાથા:૩૬- વિવરણ

(૩)ધ્યાન શતક

❑ **[9]પદ્ય:-**

(૧) કાળથી અંતર્મૂહૂર્ત પ્રમાણ ધ્યાન ધરે તદા
ધ્યાન તેને માનીએ એ સત્ય વસ્તુ સર્વદા

(૨) આ સૂત્રનું બીજું પદ્ય-પૂર્વસૂત્ર:૨૭ માં કહેવાયું છે.

❑ **[10]નિષ્કર્ષ:-** અહીં સૂત્રકાર મહર્ષિ ધ્યાનનું કાળ પ્રમાણ અંતર્મૂહૂર્ત જણાવે છે. કારણ કે આત્મામાં એકી વખતે સંકલેશ કે વિશુધ્ધિ અંતર્મૂહૂર્ત થી વધારે કાળ ટકી શકતા નથી. કર્મોથી આવૃત્ત થયેલો આત્મા કર્મોને કારણે એકાગ્રતાથી સ્ખલિત થઇ જાય છે. પરીણામે આ કાળ મર્યાદા પછી ધ્યાનની જરૂર નથી. કેમ કે ધ્યાન શબ્દનો વ્યવહાર પણ મોક્ષના કારણોના એક અંગ તરીકે અથવા મુખ્ય અંગતરીકે કરવામાં આવ્યો છે. કાર્ય સિધ્ધ થયા પછી કારણ ની અપેક્ષા રહેતી નથી.

આટલી વાતનો નિષ્કર્ષ એકજ છે કે મોક્ષના હેતુથી ધ્યાન અવશ્યક છે. પણ ધ્યાન એ પણ સાધન છે સાધ્ય નથી, સાધ્યતો મોક્ષ જ છે અને મોક્ષ મેળવવા માટે જ આ શાસ્ત્ર સમગ્રમોક્ષમાર્ગને આશ્રીને ઉપદેશાયેલું છે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાયઃ૯-સૂત્રઃ૨૯

❒ [1]સૂત્રહેતુઃ-આ સૂત્ર થકી સૂત્રકાર મહર્ષિ ધ્યાન ના ચાર ભેદોને જણાવે છે.

❒ [2]સૂત્રઃમૂળઃ-**आर्तरौद्रधर्मशुक्लानि**

❒ [3]સૂત્રઃપૃથક્ઃ-आर्त्त - रौद्र - धर्म - शुक्लानि

❒ [4]સૂત્રસારઃ-**આર્ત્ત,રૌદ્ર,ધર્મ,શુકલ [એ ચાર પ્રકાર ધ્યાનના છે.] [અર્થાત્ ધ્યાન. ચાર પ્રકારે છે, આર્ત્તધ્યાન,રૌદ્ર ધ્યાન,ધર્મધ્યાન અને શુકલધ્યાન]**

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**आर्त्त**-દુઃખ જન્ય **रौद्र** -ગાઢ પરિણામ જન્ય

**धर्म**-ક્ષમાદિ ધર્મયુકત **शुक्ल**-નિર્મળ-ધ્યાન

❒ [6]અનુવૃત્તિઃ- उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधोध्यानम् सूत्र. ९:२७ थी ध्यानम्

❒ [7]અભિનવટીકાઃ-ઉત્તમ સંહનનવાળાનો એકાગ્ર ચિન્તાનિરોધ તે ધ્યાન છે. આ ધ્યાન ના ચાર ભેદો કહ્યા છે.

[૧]આર્ત્તધ્યાનઃ-

✡ ઋત એટલે દુઃખ,દુઃખના કારણે થતું ધ્યાન તે આર્ત્તધ્યાન.

આ ધ્યાન સાંસારિક દુઃખોને કારણે ઉત્પન્ન થાય છે, અને પુનઃદુઃખનો અનુબંધ કરાવે છે.

✡ अर्ति એટલે દુઃખ અથવા પીડા. તેના સમ્બન્ધ થી ધ્યાન થાય છે. તે ધ્યાનને આર્ત્તધ્યાન કહેવાય છે.

આ ધ્યાન દુઃખમાંથી ઉભું થાય છે, દુઃખની પરંપરા વધારે છે. અણગમતી વસ્તુની પ્રાપ્તિ થવી તે દુઃખનું કારણ છે, કોઇ વેદના કે વ્યાધિ પણ દુઃખનું કારણ છે, પ્રિયવસ્તુ ચાલી જાય તો પણ દુઃખ થાય છે. નિયાણુ પણ પ્રાયઃ મનના કોઇ દુઃખમાંથી વિશેષ સુખ મેળવવાની ઇચ્છાથી જન્મે છે. માટે આ ધ્યાનમાં દુઃખ મુખ્ય છે.

✡ દુઃખાવસ્થાને પ્રાપ્ત જીવનું જે ધ્યાન-ચિન્તા છે. તેને આર્ત્તધ્યાન કહેવામાં આવે છે.

[૨]રૌદ્રધ્યાનઃ-

✡ રુદ્ર એટલે ક્રુર પરિણામથી યુકત જીવનું ધ્યાન તે રૌદ્રધ્યાન.

✡ અથવા રુદ્ર એટલે બીજાને દુઃખ આપનાર,બીજાના દુઃખમાં કારણ બને તેવા હિંસા,મૃષા,સ્તેય,પરીગ્રહ એ ચારેના પરિણામથી યુકત જીવનું જે ધ્યાન તે રૌદ્રધ્યાન.

✡ ક્રોધ-આદિયુકત ક્રુર ભાવોને રૌદ્ર કહે છે. આવા પ્રકારના પરિણામોથી યુકત જે ધ્યાન તે રૌદ્રધ્યાન કહેવાય છે.

✡ આ ધ્યાનમાંથી જન્મતા પરીણામો બીજાને રોવડાવે તેવા ભયંકર હોય છે. બીજાને દુઃખ આપવા કરેલું, કે દુઃખ આપનારા ભયંકર કાર્ય વખતે મનની એકાગ્રતા તે રૌદ્રધ્યાન છે.

[૩]ધર્મધ્યાનઃ- **[અથવા ધર્મ્ય ધ્યાન]**

✡ ક્ષમા આદિ દશ પ્રકારના ધર્મથી યુકત ધ્યાન તે ધર્મ ધર્મ્યધ્યાન કહેવાય છે. [ધર્મ અથવા ધર્મ્ય બે વિકલ્પે પાઠ છે]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ જે ધ્યાનમાં ધર્મની ભાવના કે વાસનાનો વિચ્છેદ જોવા ન મળે તે ધ્યાન ને ધર્મ ધ્યાન કહ્યું છે.

✡ ક્ષમા-માર્દવ-આર્જવ વગેરે ઉત્તમ ધર્મોને અનુકૂળ ધ્યાન તે ધર્મ ધ્યાન કે ધર્મ્યધ્યાન.

✡ તત્વના સ્વરૂપ માં ચિત્તને એકાગ્ર કરવું તે ધર્મધ્યાન છે.

[૪]શુકલધ્યાનઃ-

✡ શુકલ એટલે નિર્મલ. જે સઘળા કર્મોનો ક્ષય કરે તે ધ્યાન નિર્મલ- શુકલ છે.

યદ્યપિ ધર્મધ્યાન પણ નિર્મલ છે. પણ ધર્મધ્યાન આંશિક કર્મક્ષય કરે છે. જયારે શુકલ ધ્યાન સઘળાં કર્મોનો ક્ષય કરે છે. આથી શુકલ ધ્યાન અત્યંત નિર્મળ છે.

✡ ક્રોધ-આદિની નિવૃત્તિ થવાને કારણે જેમાં શુચિતા-અર્થાત્ પવિત્રતા નો સંબંધ જોવા મળે તેને શુકલધ્યાન કહે છે.

✡ સકળ કર્મના નાશના હેતુરૂપ હોવાથી આત્મા ને શુકલ,સફેદ,નિર્મળ બનાવનારું ધ્યાન તે શુકલ ધ્યાન.

અથવા शुच्-शोक: તે આઠ પ્રકારનું આત્માનું દુઃખ- તેને કરમાવે, નબળું પાડી દૂર કરે તેને શુકલ ધ્યાન કહેવાય છે.

✡ જીવોના શુધ્ધ પરિણામોથી કરાતુ ધ્યાન ને શુકલ ધ્યાન છે.

✡ જે રીતે મેલ ખસી જવાથી વસ્ત્ર પવિત્ર થવાથી શુકલ કહેવાય છે, તે રીતે નિર્મળ ગુણરૂપ આત્મ પરિણતિ પણ શુકલ છે.

**અહીં જે ચાર ધ્યાન કહેવાયા છે.** તે ચાર ધ્યાન માં પ્રથમના બે ધ્યાન પાપાસ્રવના કારણ હોવાથી અપ્રશસ્ત ધ્યાન કહેવાય છે. જયારે કર્મમળને નષ્ટ કરવામાં સમર્થ હોવાથી ધર્મ [-ધર્મ્ય]અને શુકલ ધ્યાન પ્રશસ્ત ધ્યાન કહેવાય છે.

જો કે આર્ત્ત અને રૌદ્ર એ બંને ધ્યાન તો સ્પષ્ટ તયા આસ્રવના જ હેતુભૂત છે. જયારે આ સંવર અને નિર્જરાનું પ્રકરણ હોવાથી તેમાં ધર્મ અને શુકલ ધ્યાનનો જ સમાવેશ થાય, છતાં,સૂત્રકાર મહર્ષિએ ચારે ધ્યાન ને અહીં જણાવ્યા તે આર્ષ-આગમ પરંપરાના અનુસરણ તથા સૂત્રની લાઘવતા માટે છે.

❐ [8]સંદર્ભઃ-

✡ **આગમ સંદર્ભઃ**- चत्तारि झाणा पण्णत्ता, तं जहा अट्टेझाणे, रोद्देझाणे, धम्मेझाणे, सुक्केझाणे ✤ **भग० श.२५,उ.७,सू. ८०३-१**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृत्ति...સૂત્ર ૯:૩૧

(૨)वेदनायाश्च - સૂત્ર ૯:૩૨

(૩)वीपरीतं मनोज्ञानाम्- સૂત્ર ૯:૩૩

(૪)नियाणं च - સૂત્ર ૯:૩૪

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)કાળલોક પ્રકાશ-સર્ગઃ૩૦ શ્લોકઃ૪૧૧

(૨)નવતત્વ ગાથાઃ૩૬- વિવરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩)ધ્યાન શતક

(૪)શ્રમણ સૂત્ર-અવચૂરી

❒ [9]પદ્યઃ-

(૧) આર્ત્ત રૌદ્ર શુકલ ભેદ ચારે ધ્યાનના
પ્રથમના જે ધ્યાન બે છે. તેથી ભવ-વિટંબના

(૨) સૂત્ર-૨૯ તથા ૩૦ બંનેનું સંયુકત પદ્યઃ-
આર્ત રૌદ્ર અને ધર્મ, શુકલ એ ધ્યાન ચાર છે
તેમાંય ધર્મને શુકલ, મોક્ષ કારણ તો બને.

❒ [10]નિષ્કર્ષઃ-અહીં સૂત્રકાર મહર્ષિ ધ્યાનના ચાર ભેદોનો નિર્દેશ કરે છે. જેના પેટા ભેદો વગેરે હવે પછીના સૂત્રમાં જણાવવાના છે. પણ મુખ્યવૃત્તિ એ વિચારીએ તો ક્રૂર અને સંકિલષ્ટ પરિણામો કે દુઃખોનો ત્યાગ કરી ક્ષમાદિ ધર્મ આદરના પરમ નિર્મળતાની પવિત્રતાની પ્રાપ્તિ થવી અર્થાત્ આત્મા સંપૂર્ણ શ્વેત કે શુકલ બની જવો તે શુકલ ધ્યાનના ચરમ સિમા અથવા ધ્યાનતપનું ઉત્કૃષ્ટ ફળ છે. આ રીતે આર્ત્ત રૌદ્ર ને છોડીને -ધર્મ શુકલ આદરવા થકી ઉત્કૃષ્ટ ધ્યાન તપ થકી ઉત્કૃષ્ટ ફળની પ્રાપ્તિ કરવી.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

## અધ્યાયઃ૯-સૂત્રઃ ૩૦

❒ [1]સૂત્રહેતુઃ-ઉપરોકત જે ચાર ધ્યાન જણાવેલા છે. તેમાં છેલ્લા બે ધ્યાન નો હેતુ આ સૂત્ર થકી જણાવવો છે.

❒ [2]સૂત્રઃમૂળઃ- **परे मोक्षहेतू**

❒ [3]સૂત્રઃપૃથક્ઃ- परे मोक्ष - हेतू

❒ [4]સૂત્રસારઃ-**છેલ્લા બે ધ્યાન મોક્ષના હેતુછે. [અર્થાત્-ધર્મધ્યાન અને શુકલ ધ્યાન એ બે મોક્ષના હેતુ છે.]**

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**परे**-પર,પછીના બે **मोक्षहेतू**-મોક્ષના હેતુભૂત

❒ [6]અનુવૃત્તિઃ-

(૧)उत्तमसंहननस्यैकाग्र० सूत्र. ९:२७ થીધ્યાન ની અનુવૃત્તિ લેવ

(૨)आर्तरौद्रधर्मशुक्लानि सूत्र. ९:२९

❒ [7]અભિનવટીકાઃ- સૂત્રકાર મહર્ષિ આ સૂત્ર થકી ધ્યાનના ફળને જણાવે છે. તે હેતુથી ધ્યાનને બે ભાગમાં પણ વહેંચી દે છે.

✤ **परे**-પર એટલે પછીના, છેલ્લા કે અંતિમ.

અહીં पर શબ્દ દ્વિવચનમાં પ્રયોજાયેલ હોવાથી परे નો અર્થ છેલ્લા બે એવા કર્યો છે. પણ છેલ્લા બે એટલે? -ધર્મધ્યાન અને શુકલ ધ્યાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ **મોક્ષહેતુ**:- મોક્ષના હેતુ, મોક્ષના કારણ, - જેનું ફળ મોક્ષ છે તે.

મોક્ષનો હેતુ કઇરીતે છે? - બે રીતે.

(૧)ધર્મધ્યાન એ પરંપરાએ શુક્લ ધ્યાનની પ્રાપ્તિ કરાવનાર હોવાથી મોક્ષનું કારણ બને છે.

(૨)શુકલ ધ્યાન એ સાક્ષાત્ મોક્ષનું કારણ કહેલું છે.

❖ **વિશેષ**:-સૂત્ર સંબંધિ અન્ય વિશેષતા

**(૧)સંસારહેતુ**:- સૂત્રકાર મહર્ષિ એ છેલ્લા બે ધ્યાનને મોક્ષના હેતુ કહ્યા તેથી પૂર્વના બે ધ્યાન (૧)આર્ત્તધ્યાન, (૨)રૌદ્ર ધ્યાન એ બંને સંસારના હેતુ ભૂત સમજવા. તેથીજ સ્વોપજ્ઞ ભાષ્યમાં જણાવેલ છે કે -पूर्वे तु आर्त्तरौद्रा संसारहेतू इति ।

**(૨)હેયોપાદેયતા**:- આર્ત્ત અને રૌદ્ર બંને સંસારના કારણ હોવાથી દુર્ધ્યાન હોઇ હેય અર્થાત્ ત્યાજય છે. જયારે ધર્મ અને શુકલ એ બે મોક્ષના કારણ હોવાથી સુધ્યાન હોઇ ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય કહેવાયા છે.

**(૩)વચન**:- અહીં 'બે' ની સંખ્યાનો અર્થ જણાવવા દ્વિ વચનનો પ્રયોગ કરેલો છે. જેમ કે परे-એ દ્વિ વચન છે. અને हेतू પણ દ્વિ વચનમાં જ પ્રયોજાયેલ શબ્દ છે.

(૪)પરમાર્થથી તો રાગ-દ્વેષ-મોહ એ સંસારનો હેતુ છે. પરંતુ તેની સાથે સંકડાયેલ આર્ત્ત-રૌદ્રરૂપ જે ચિંતન/ધ્યાન તેને પ્રકૃષ્ટતમ રાગ-દ્વેષ-મોહના ભાજક હોવાથી સંસાર પરિભ્રમણ હેતુ કહ્યા છે.

❒ **[8]સંદર્ભ**:-

✡ **આગમ સંદર્ભ**:- झाएज्जा सुसमाहिए धम्मसुक्काइं झाणाहिं ❖ **उत्त॰अ.३०,गा.३५**

❖ **સૂત્રપાઠ સંબંધ**:-સુસમાધિને માટે ધર્મ શુકલ ધ્યાન ધ્યાતા યોગ્ય છે. અર્થાત્ મોક્ષનું કારણ હોવાથી આ બે ધ્યાનને જ ધ્યાનરૂપ ગણી શકાય છે.

✡ **તત્વાર્થ સંદર્ભ**:-

(૧)आज्ञाऽपायविपाकसंस्थानविचयायधर्म्मप्रमत्तसंयतस्य-सूत्र. ९:३७-ધર્મધ્યાન

(૨)पृथक्त्वैकत्ववितर्कसूक्ष्म क्रियाऽप्रतिपाति व्युपरतक्रियानिवृत्तीनी-सूत्र.९:४१-શુકલધ્યાન

✡ **અન્યગ્રન્થ સંદર્ભ**:-

(૧)કાળલોક પ્રકાશ-સર્ગ:૩૦ - શ્લોક: ૪૩૭

(૨)નવતત્વ-ગાથ:૩૬-વિવરણ

(૩)પાક્ષિક સૂત્ર વૃત્તિ-

❒ **[9]પદ્ય**:-

(૧) ધ્યાન છેલ્લા ભેદ બે તે મોક્ષ હેતુ સાધના
આદરે ભવિ પ્રાણિઓ વિરમે વિષયની વાસના

(૨) આ સૂત્રનું બીજું પદ્ય પૂર્વસૂત્ર:૨૯ સાથે અપાઇગયું છે

❒ **[10]નિષ્કર્ષ**:-આ સૂત્ર પ્રથમના બે ધ્યાનને સંસારના કારણરૂપ અને પછીના બે ધ્યાનને મોક્ષને હેતુ ભૂત જણાવે છે. એ રીતે આ સૂત્રનો નિષ્કર્ષ સ્પષ્ટ જ છે કે- જો સંસારની વૃધ્ધિ કરવી હોયતો પ્રથમ બે ધ્યાન ધ્યાવવા અને મોક્ષની ઇચ્છા હોય તો અંતિમ બે ધ્યાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ને ધ્યાવવા જોઇએ.

જીવને પોતાને સંસારમાં રસ છે કે મોક્ષમાં તે જીવે પોતે વિચારવાનું છે. અહીં તો મોક્ષનો રાજમાર્ગ દેખાડી દીધો છે. કે જો મોક્ષે જવું છે તો ધર્મ-શુકલ ધ્યાનો સાધનભૂત અભ્યંતર તપ કહ્યા છે.

❐ ❐ ❐ ❐ ❐ ❐ ❐

# અધ્યાયઃ૯-સૂત્રઃ ૩૧

❐ [1]સૂત્રહેતુઃ-આ સૂત્ર થકી સૂત્રકાર મહર્ષિ આર્ત્તધ્યાનના પ્રથમ ભેદને જણાવે છે.

❐ [2]સૂત્રઃમૂળઃ- ***आर्त्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगायस्मृतिसमन्वाहारः**

❐ [3]સૂત્રઃપૃથક્:- आर्त्तम् - अमनोज्ञानां - सम्प्रयोगे - तद् - विप्रयोगाय स्मृति-समन्वाहारः

❐ **[4]સૂત્રસારઃ- અનિષ્ટ વસ્તુનનો સંયોગ થાય ત્યારે તે [અનિષ્ટ વસ્તુ] ના વિયોગને માટે સ્મૃતિ સમન્વાહાર [-ચિંતા કરવી] તે આર્ત્ત [ધ્યાન નો પ્રથમ ભેદ જાણવો]**

❐ [5]શબ્દજ્ઞાનઃ-

**आर्त्तम्**-આર્ત્તધ્યાન　　**अमनोज्ञ**-અનિષ્ટ,અપ્રિય
**सम्प्रयोग**-સંયોગ,પ્રાપ્તિ　　**तद्**-તે અપ્રિયવસ્તુનો
**विप्रयोग**-વિયોગ　　**स्मृत्तिसमन्वाहार**-ચિંતાનું સાતત્ય.

❐ [6]અનુવૃત્તિઃ- उत्तम संहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् - सूत्र. ९:२७

❐ [7]અભિનવટીકાઃ- આર્ત્તધ્યાનની વ્યાખ્યા આ પૂર્વે કરાયેલી છે. તે આર્ત્તધ્યાન ના ચાર ભેદ અનુક્રમે જણાવવા માટે સૂત્રકાર મહર્ષિએ સૌપ્રથમ અનિષ્ટ સંયોગરૂપ એવા આ પ્રથમ ભેદને આ સૂત્ર થકી જણાવેલ છે.

✤ **आर्त्तम्**:-આર્ત્તધ્યાન, अर्ति ધાતુ દુઃખ અર્થની દ્યોતક છે.

-अर्ति શારીરિક દુઃખ,માનસિક દુઃખ,એવા અનેક પ્રકારના દુઃખ તત્સમ્મબન્ધી જે એકાગ્ર ચિન્તા નિરોધ તે આર્ત્ત ધ્યાન અર્થાત જેમાં દુઃખના ચિંતનનું સાતત્ય હોય તે આર્ત્તધ્યાન છે.

✤ **अमनोज्ञ**:- અમનોજ્ઞ, અપ્રિય,અનિષ્ટ વગેરે.

અનિષ્ટ એવા શબ્દાદિ જે વિષયો, તેઓને ઇન્દ્રિય સાથે સમ્પર્ક થવો. તે થવાથી શબ્દ,સ્પર્શ,રસ,ગન્ધ અપ્રિય કે ''ઇષ્ટ ન'' હોવા છતાં જે પ્રાપ્ત થાય છે તે अमनोज्ञ .

સરળ ભાષામાં કહીએ તો મનને ન ગમતા એવા શબ્દ, સ્પર્શ,રસ,ગન્ધ તે अमनोज्ञ કહેવાય.

✤ **सम्प्रयोग**:- સમ્પ્રયોગ એટલે સંયોગ કે પ્રાપ્તિ થવી તે .

આ શબ્દ ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણ જણાવે છે. તેના વડે એમ સમજવાનું કે અમનોજ્ઞ એવા શબ્દાદિ વિષયોની પ્રાપ્તિ થવી. જેમ કે ગધેડાનો શબ્દ [-અવાજ] ન ગમતો હોવા છતાં તે સાંભળવાનો પ્રસંગ આવે તો તેને અનિષ્ટ શબ્દ-વિષય સંયોગ કહેવાય.

तद्-તે,તેના,

*દિગમ્બર આમ્નાયમાં आर्तममनोज्ञस्यसम्प्रयोगेतद्विप्रयोगाय स्मृत्तिसमन्वाहारः એ પ્રમાણે સૂત્ર રચના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં तद् શબ્દ સર્વનામ છે. આ શબ્દથી अमनोज्ञ નો સંબંધ જોડવાનો છે. એટલે કે ''જે અમનોજ્ઞ વિષય નો સંયોગ થયો છે તે ''અમનોજ્ઞ વિષયના'' એવો અર્થ થશે.

✤ **विप्रयोगाय**-વિપ્રયોગ એટલે વિયોગ. વિયોગને માટે.

અનિષ્ટ એવા જે શબ્દાદિ વિષયોનો સંયોગ થયો છે તેને દૂર કરવાને માટે, અથવા તેને પરિહરવાને માટે,

✤ **स्मृतिसमन्वाहार**::- ''સ્મૃતિ સમન્વાહાર'' એટલે

(૧) હું કયારે આ અમનોજ્ઞ વિષયના સંયોગથી વિમુકત થઇશ.

(૨)અનિષ્ટ શબ્દાદિ વિષયના પરિહાર ને માટે જે જે ઇચ્છારૂપ, આત્માનું પ્રણિધાન વિશેષ. તે સ્મૃતિ સમન્વાહાર.

(૩)સ્મૃતિ ને બીજા પદાર્થ તરફ ન જવા દઇને વારંવાર વિયોગ નિવારણ પ્રતિ રાખવી તે સ્મૃત્તિ સમાન્વાહાર.

स्मृत्ति-स्मर्यतेऽनेन इति स्मृत्ति- સ્મૃતિ એટલે મન.

तस्या: स्मृते: प्रणिधानरूपाया: समन्वाहरणं-समन्वाहार:

અમનોજ્ઞ વિષયના વિયોગને માટે જે ઉપાયો કે વ્યવસ્થાને વિશે મનથી નિશ્ચલ એવું જે આર્ત્તધ્યાન કરવું કે ''કયા ઉપાય વડે આ વિયોગ થાય'' એ રીતે એક ચિત્તે મનોનિવેશ તે આર્ત્તધ્યાન.

✤ **આર્ત્તધ્યાનના પ્રથમ વિકલ્પ સંબંધે ભિન્ન ભિન્ન અર્થો**

✡ અનિષ્ટ વસ્તુનો સંયોગ થતાં તેને દૂર કરવાનો તથા દૂર કરવાના ઉપાયોનો એકાગ્ર ચિત્તે વિચાર એ આર્ત્તધ્યાનનો અનિષ્ટ વિયોગ ચિંતા, રૂપ પ્રથમ ભેદ છે-જેમ કે નવું મકાન લીધું હોય પણ તે પ્રતિકુળ હોય ત્યારે તે મકાન બદલવાના વિચાર કે મકાન બદલવા માટેના ઉપાયના વિવિધ વિચારો તે આર્ત્તધ્યાન છે.

✡ જયારે અનિષ્ટ વસ્તુનો સંયોગ થાય ત્યારે, તદ્દ્ભવ દુ:ખથી વ્યાકુળ થયેલો આત્મા તેને દૂર કરવા તે વસ્તુ કયારે પોતાની પાસેથી ખસે તે માટે જે સતત ચિંતા કર્યા કરેછે, તે ચિંતા સાતત્ય ને અનિષ્ટસંયોગરૂપ આર્ત્તધ્યાન કહે છે.

✡ અનિષ્ટ વસ્તુના સંયોગે- તે વસ્તુનો વિયોગ કયારે થાય એમ જે મનોમન વિચારણા કર્યા કરવી, તેને અનિષ્ટ સંયોગ આર્ત્તધ્યાન કહેવામાં આવે છે.

✡ અણગમતા પદાર્થોનો સંબંધ થાય ત્યારે તેનાથી છુટવા માટે મથામણ તે પ્રથમ પ્રકારનું આર્ત્તધ્યાન.

✡ ઝેર, કાંટા, શત્રુ અને શસ્ત્ર વગેરે બાધાકારી અપ્રિય વસ્તુઓ પ્રાપ્ત થાય ત્યારે આ મારાથી કઇ રીતે દૂર થાય તેની સબળચિંતા એ આર્ત્તધ્યાન છે.

❑ **[8]સંદર્ભ:-**

✡ **આગમ સંદર્ભ:**- अट्टेझाणे चउव्विहे पण्णत्ते, तं जहा अमणुन्न संपयोग संपउत्ते तस्स विप्पयोग सति समन्नागए याविभ वइ -✤ **भग० श.२५,उ.७,सू.८०३-१,१**

✡ **તત્વાર્થ સંદર્ભ:-**

(૧)आर्त्तरौद्रधर्मशुक्लानि -सूत्र.९:२९ થી आर्त्त

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) उत्तमसंहननस्य० सूत्र. ९:२७ थी ध्यान

✡ અન્યગ્રન્થ સંદર્ભઃ-

(૧)નવતત્વ-ગાથાઃ૩૬-વિવરણ

(૨)કાળલોક પ્રકાશ-સર્ગઃ૩૦ - શ્લોકઃ ૪૩૯

(૩)પાક્ષિક સૂત્ર વૃત્તિ-

❒ [9]પદ્યઃ-

સૂત્ર ૩૧,૩૨ બંનેનું સંયુકત પદ્ય છે.

(૧) અમનોજ્ઞ વિષય મળતાં તદ્‌વિયોગે ચિંતના
દુઃખવેદન ભેદ થાતાં તદ્‌વિયોગે ભાવના

(૨) સૂત્ર ૩૧,૩૨,૩૩,૩૪ નું સંયુકત પદ્ય
અપ્રિય ચીજ છૂટે ત્યમ ચિંતવે પ્રિય વિયોગ ન હો નહીં દુઃખ કે
વળી અપ્રાપ્તિની પ્રાપ્તિ થવાપણું સતત આર્ત્તજ ધ્યાન ગણ્યુંબધું

❒ [10]નિષ્કર્ષઃ-અહીં આર્ત્તધ્યાનનો પ્રથમ ભેદ કહ્યો છે, જેમાં અનિષ્ટ સંયોગના વિયોગને આર્ત્તધ્યાન રૂપે જણાવેલો છે. જીવ માત્ર એ અહીં વાસ્તવિક વિચારણા કરવા જેવી હોયતો એ છે કે ઇષ્ટ-અનિષ્ટ ની પ્રાપ્તિતો કર્મ સંયોગે થાય છે. આપણા ઇચ્છવા માત્રથી કંઇ વિયોગ થવાનો નથી. અને જો ખરેખર વિયોગ માટે જ આર્ત્તધ્યાન કરવું હોય તો અનિષ્ટ જન્માવનારા કર્મના જ વિપ્રયોગની ચિંતા શામાટે ન કરવી કે જે વાસ્તવમાં અનિષ્ટ ના સંયોગ નું કારણ છે. અને તે દૂર થતા અનિષ્ટ સંયોગ ચાલ્યોજ જવાનો છે. અર્થાત્ કર્મનો સંવેગ જ અનિષ્ટ છે તેમ ચિંતવી તેના જ વિપ્રયોગની વિચારણા કરવી એ આ સૂત્ર થકી નિષ્કર્ષ વિચારવો.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

## અધ્યાયઃ૯-સૂત્રઃ ૩૨

❒ [1]સૂત્રહેતુઃ-આ સૂત્ર થકી આર્ત્ત ધ્યાનના બીજા ભેદને સૂત્રકાર મહર્ષિ જણાવી રહ્યા છે.

❒ [2]સૂત્રઃમૂળઃ-वेदनायाश्च

❒ [3]સૂત્રઃપૃથક્ઃ- वेदनायाः च

❒ [4]સૂત્રસારઃ-**વેદના [પ્રાપ્ત થાય ત્યારે તેના વિયોગ ]ની [ચિંતા કરવી તે આર્ત્તધ્યાન છે.] [અથવા-દુઃખ આવ્યે તેને દૂર કરવાની જે સતત ચિંતા તે બીજું ધ્યાન કહેલું છે].**

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**वेदनाया:**-વેદના-રોગની -[અહીં નિવારણ ઇચ્છા શબ્દ અધ્યાહાર સમજવો]

**च**-અહીં च કાર ઉપરોકત સૂત્રની અનુવૃત્તિ માટે છે.

❒ [6]અનુવૃત્તિઃ-

(૧)आर्त्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृति समन्वाहारः सूत्र. ९:३१ आर्त्तम् - सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृति-समन्वाहारः-એટલા પદોની અનુવૃત્તિ લેવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષ્યકાર અમનોજ્ઞ પદ ની અનુવૃત્તિ પણ લેવાનું સૂચવે છે.

(૨)उत्तमसंहनस्य० सूत्र.૯:૨૭ થી ध्यानम् ની અનુવૃત્તિ.

❑ **[7]અભિનવટીકાઃ**-ધ્યાન ના ચાર ભેદો હોવાનું કથન સૂત્રકાર મહર્ષિએ આ પૂર્વે કરેલું છે. તેમાંના આર્ત્તધ્યાન નામક પ્રથમ ભેદના ચાર પેટાભેદો માંના બીજા ભેદને અહીં જણાવે છે.

✤ **વેદનાઃ**-રોગ,વ્યાધિ વગેરે.

જેમકે-વાયુનો પ્રકોપ,પિત્તનો પ્રકોપ,કફનો પ્રકોપ, કોઇ નિમિત્ત થી ઉત્પન્ન થયેલ શૂળ,માથું દુઃખવું કેકંપવું,તાવ,આંખ કાન-દાંત વગેરેનું દુઃખવું-ખટકવું વગેરે વેદના છે.

આ વેદના સાથે विप्रयोग આદિ પદો જોડવાનાં છે.

✤ **च**-અનન્તર અનુવર્તતા સૂત્રનો સંબંધ જોડવા માટે છે.

✤ **સંકલિત અર્થઃ-**

સૂત્રના પદ સાથે અનુવૃત્તિને જોડ્યા પછી જ સંકલિત અર્થ સ્પષ્ટ થઇશકે તેમ છે. તે સ્પષ્ટીકરણ માટે સૂત્રકાર પોતેજ સ્વોપજ્ઞભાષ્યમાં જણાવે છે કેઃ-

वेदनायाश्च अमनोज्ञायाः सम्प्रयोगे तद् विप्रयोगाय स्मृति समन्वाहारः आर्त्तम्--અર્થાત્

-અમનોજ્ઞ વેદનાનો સંયોગ થાય ત્યારે તેના વિયોગ ને માટે જે પુનઃપુનઃ વિચાર કે ચિંતાવન કરવું તેને ''બીજું'' વેદના-નિવારણ ઇચ્છાર્થે આત્માની પરિણતી રૂપ આર્ત્તધ્યાન કહેવામાં આવે છે.

-વેદના અર્થાત્ પીડા થી છૂટવાને માટે જે ચિત્તની એકાગ્રતા હોવી તે ''પીડા'' નિવારણ ચિન્તન ''રૂપઆર્ત્તધ્યાન.

✤ **वेदना**

વેદના બે પ્રકારે કહી છે. (૧)સુખા (૨)દુઃખા .

જેને આપણે શાતા વેદના તથા અશાતા વેદના ને નામે ઓળખીએ છીએ.

સ્વોપજ્ઞ ભાષ્યમાં સૂત્રકારે કરેલ સ્પષ્ટતા મુજબ અહીં अमनोज्ञ વેદના નું જ ગ્રહણ કરવાનું છે. એટલે કે દુઃખા કે અશાતા વેદના નું જ અહીં वेदना શબ્દ થી ગ્રહણ થશે.

✤ **આ સૂત્ર સંબંધે અન્ય વ્યાખ્યા કે-સ્પષ્ટી કરણો**

✡ શારીરિક કે માનસિક પીડા થાય ત્યારે તેને દૂર કરવાની વ્યાકુળતામાં જે ચિંતા, તે રોગ-ચિંતા આર્ત્તધ્યાન.

✡ રોગથી થતી વેદનાને દૂર કરવાનો અને તેનાઉપાયનો એકાગ્ર ચિત્તે વિચાર એ 'વેદના વિયોગ ચિન્તા' રૂપ આર્ત્તધ્યાનનો બીજો ભેદ છે.

જો કે'વેદના વિયોગ ચિંતા'' એક પ્રકારની અનિષ્ટ વિયોગ ચિંતારૂપ હોવાથી તેનો આર્ત્તધ્યાનના પ્રથમ ભેદમાં સમાવેશ થઇ જ જાય છે. છતાં તેની અધિક સંભાવના ને લક્ષ્યમાં લઇને અહીં જુદો જુદો ભેદ પડેલો છે. કારણ કે જીવોને અન્ય પદાર્થો કરતાં શરીર ઉપર વધારે મમત્વ હોય છે. આથી રોગ તેને સૌથી વધુ અનિષ્ટ લાગે છે. વળી બીજાં અનિષ્ટો કરતાં રોગ વધારે સંતાપ કરાવે છે. તદુપરાંત વિવિધ અનિષ્ટમાં શબ્દાદિ બધાં અનિષ્ટો જીવોને ન પણ હોય જ્યારે વેદના રૂપ અનિષ્ટ નો સંયોગ તો પ્રત્યેક જીવને પ્રાયઃ કરીને વત્તે-ઓછે અંશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસ્તિત્વ ધરાવતો જોવા મળે છે. માટે તેને અલગ ભેદ તરીકે આર્ષ-આગમ પરંપરા માં સ્વીકારેલું છે. જેનું સૂત્રકાર મહર્ષિ એ અત્રે અનુસરણ કર્યુ છે.

✡ વેદના આવી પડયે તેનાથી છુટવા મનમાં મથામણ કરવી તે આ બીજા પ્રકારનું આર્ત્તધ્યાન છે.

✡ વેદના અર્થાત્ દુઃખવેદનાના થવા પર તેને દૂર કરવાને માટે ધૈર્ય છોડીને જે શોક,આક્રન્દન,અશ્રુપાત,વગેરે યુક્ત જે વિકળતા કે ચિન્તા થાય છે તે વેદનાજન્ય આર્ત્તધ્યાન છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-** आयंक संपओग संपउत्ते तस्स विप्पओग सति समण्णागए याविभवति। ✤ **भग० श.२५,उ.७,सु.८०३-१ थी ३**

**સૂત્રપાઠ સંબંધઃ-** आयंक संपओग ''દુઃખ કે કષ્ટ પડવુ''

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)उत्तम संहननस्यैकाग्र चिन्तानिरोधो ध्यानम् सूत्र. ९:२७

(૨)आर्त्तरौद्रधर्मशुक्लानि-सूत्र. ९:२७ आर्त्त ની વ્યાખ્યા

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)કાળલોક પ્રકાશ-સર્ગઃ૩૦ - શ્લોકઃ ૪૪૧-પૂર્વાર્ધ

(૨)નવતત્વ-ગાથાઃ૩૬-વિવરણ

(૩)પાક્ષિક સૂત્ર વૃત્તિ-

❒ **[9]પદ્યઃ-**

આ સૂત્રના બંને પદ્યો પૂર્વ સૂત્રઃ૩૧ સાથે કહેવાઇ ગયા છે.

❒ **[10]નિષ્કર્ષઃ-**શાતા અને અશાતા અથવા સુખા અને દુઃખા બે પ્રકારે વેદના કહેવાઇ છે. જેમાં અશાતા કે દુઃખા વેદનાના નિવારણને માટે જ જીવ પ્રયત્નશીલ હોય છે. સાધારણ તયા શાતા વેદનાના નિવારણનો પ્રયત્ન જીવ કરતો ન હોવાથી તેના નિવારણ કરવા ને વેદનારૂપે કહેવાયેલ નથી. ઉલટું શાતા કે સુખ તો ટકી રહે તેવી જ જીવને ઇચ્છા હોય છે.

આ અશાતા વેદનીય કે અમનોજ્ઞ વેદનાના નિવારણને માટે જે આર્ત્તધ્યાન થાય છે ત્યાં પણ જીવે વિચારવા જેવું તો એ છે કે, આ અમનોજ્ઞ વેદનાનું મૂળ કારણ શું છે?

જેમ તાવ એ કોઇ રોગ નથી,પણ રોગની નિશાની છે તેમ અમનોજ્ઞ વેદના એ કોઇ રોગ નથી, પણ અશાતા વેદનીય નામના કર્મનો વિપાક છે. અર્થાત્ અમનોજ્ઞ વેદના નું હોવું એ વેદનીય કર્મનામક રોગને જણાવતું ચિહ્ન છે.

તત્વ શ્રધ્ધાળું મનુષ્યએ મૂળ રોગના નાશને માટે જ પુરુષાર્થ કરવો જોઇએ. નહીં કે લક્ષણના નાશને માટે. અને જો મૂળરોગ નાશ કરવો હોય તો અશાતા વેદનીય કર્માસ્રવનો છેદ કરવો કે તેથી આગળ વધીને કહીં તો કર્મબંધના દ્વારજ અટકાવી દેવા તે ઉપાય છે. જો સર્વથા આ બંધદ્વારો અટકાવાશે તો એક દિવસ જરૂર જીવની મુકિત થવાની છે.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અધ્યાયઃ૯-સૂત્રઃ ૩૩

❑ [1]સૂત્રહેતુઃ-આર્ત્તધ્યાનના ભેદના ત્રીજા પેટાભેદને આ સૂત્ર થકી જણાવે છે.

❑ [2]સૂત્રઃમૂળઃ- **विपरीतं मनोज्ञानाम्**

❑ [3]સૂત્રઃપૃથક્ઃ-સૂત્ર સ્પષ્ટ પૃથક્ જ છે.

❑ [4]સૂત્રસારઃ-**મનોજ્ઞ વેદનાનું વિપરીત [ધ્યાન સમજવું] [અર્થાત્ મનોજ્ઞ વિષયનો વિયોગ થયે છતે તેની પ્રાપ્તિ ને અર્થે ચિંતા કરવી તે આર્ત્તધ્યાન જાણવું].**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**विपरीतं**-ઉલટું,વિયોગ થયેલાના સંયોગની ચિંતા,

**मनोज्ञानाम्**-મનોજ્ઞ,ઇષ્ટ કે પ્રિય વિષયોના

❑ [6]અનુવૃત્તિઃ-

(૧)आर्त्तममनोज्ञानां संप्रयोगे तद्विप्रयोगायस्मृतिसमन्वाहारः સૂત્ર. ૭:૩૧થી आर्तम् स्मृति समन्वाहारः બંને પદોની અનુવૃત્તિ લેવી તેમજ विपरीतं શબ્દ થી विप्रयोगे तद् संप्रयोगाय ની

(૨) उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् સૂત્ર. ૯:૨૭

❑ [7]અભિનવટીકાઃ-સૂત્રકાર મહર્ષિ અહીં આર્ત્તધ્યાન ના ચાર ભેદમાંના ત્રીજા ભેદ ને જણાવે છે.

✤ **मनोज्ञानाम्**-મનોજ્ઞ-અર્થાત્ પ્રિય ,અભિરૂચિવાળા કે ઇષ્ટ વિષયોના.

✤ **विपरीतं**-અર્થાત્ ઉલટું. આ શબ્દનો અર્થ સમજવા પૂર્વ સૂત્રની અનુવૃત્તિ કરવી પડશે. પૂર્વસૂત્રમાં सम्प्रयोगे तद् विप्रयोगाय પદ હતું કેમ કે ત્યાં અમનોજ્ઞ વિષયનો સંયોગ થયો હોય ત્યારે તેના વિયોગની ચિંતા મુખ્ય હતી. જયારે અહીં વિપરીત અર્થ ઘટાવવા એમ કહી શકાય કે મનોજ્ઞ વિષયનો વિયોગ થયો હોય ત્યારે તેના સંયોગની ચિંતા હોવી તે.

✤ **ભાષ્યાનુસારી અર્થઃ-**

✡ मनोज्ञानां विषयाणां मनोज्ञायाश्च वेदनाया विप्रयोगे तत्सम्प्रयोगाय स्मृतिसमन्वाहारः आर्तम् ।

✡ જે મનને હરણ કરનારા એવા પ્રિય,ઇષ્ટ, રમણીય વિષયોનો સંયોગ થઇને વિયોગ થયો હોય અથવા સંયોગ ન થયો હોય તેમજ મનોજ્ઞ વેદનાનો પણ વિયોગ થયો હોય ત્યારેતેના સંયોગ ને માટે જે પુનઃપુનઃ વિચારણા કરવી અથવા તે તરફજ ચિત્તનું સંલગ્ન રહેવું તેને આર્ત્તધ્યાન કહ્યું છે.

આ આર્ત્તધ્યાન ઇષ્ટવિયોગ ના નામથી પણ ઓળખાય છે.

✤ **સૂત્રની અન્ય વ્યાખ્યા કે સ્પષ્ટીકરણોઃ-**

✡ તે મનોજ્ઞ વિષયનો મને કઇ રીતે સંયોગ થાય, એ રીતે મનનું જે દ્રઢ પ્રણિધાન, તેને પણ આર્ત્તધ્યાન કહે છે.

✡ કોઇ ઇષ્ટ વસ્તુ ચાલી જાય ત્યારે તેની પ્રાપ્તિ માટેની સતત ચિંતા, તે ઇષ્ટ વિયોગ આર્ત્તધ્યાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ ઇષ્ટ વસ્તુ મેળવવાનો અને મેળવવાનો ઉપાયનો એકાગ્ર ચિત્તે વિચાર તે આર્ત્તધ્યાનનો 'ઇષ્ટ સંયોગ ચિંતા' રૂપ ત્રીજો ભેદ કહેવાયો છે. જેમ કે ધન મેળવવાનો વિચાર-ઇચ્છા તથા ધન મેળવવાના વિવિધ ઉપાયોનો વિચાર તે આર્ત્તધ્યાન છે. આ પ્રમાણે સઘળી ઇષ્ટ વસ્તુઓ વિશે સમજી લેવું.

✡ મનગમતા પદાર્થો અને મનગમતી વેદના ન મળતી હોય ત્યારે તેને મેળવવા માટેની મનમાં મથામણ તે આ ત્રીજા પ્રકારનું આર્ત્તધ્યાન સમજી લેવું.

✡ મનોજ્ઞ વિયોગે સંપ્રયોગ-ચિન્તા આર્ત્તધ્યાન.

✡ સ્વજનાદિ ઇષ્ટ વસ્તુનો વિયોગ થવાથી જે ચિંતા, શોક વગેરે થાય તે ઇષ્ટ વિયોગ આર્ત્તધ્યાન કહેવાય છે. જે આ ત્રીજા ભેદને પ્રતિપાદિત કરતી જ વ્યાખ્યા છે. પણ ગ્રન્થાન્તરમાં તેનુંનામ इष्टवियोगआर्त्तध्यान કહેવામાં આવેલ છે.

✡ મનોજ્ઞ વસ્તુનો વિયોગ થયો હોય ત્યારે તેની પુનઃપ્રાપ્તિ ને માટે જે અત્યધિક ચિન્તાધારાનું સાતત્ય તે પણ આર્ત્તધ્યાન છે.

✡ સ્ત્રી, પુત્ર, ધાન્ય આદિ ઇષ્ટ પદાર્થનો વિયોગ થાય ત્યારે તેની પ્રાપ્તિને માટે વારંવાર વિચાર કરવો તેને ઇષ્ટ સંયોગજ નામક આર્ત્તધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો છે.

✤ પ્રશ્નઃ- ગ્રન્થાન્તરમાં અનિષ્ટ સંયોગ -ઇષ્ટ વિયોગ નો ક્રમ સાથે મુકેલો છે. જયારે અહીં સૂત્રકારે વેદના-રોગજન્ય આર્ત્તધ્યાન વચ્ચે મુકયુ તેનું રહસ્ય શું છે?

સમાધાનઃ- અહીં સૂત્રકારનો હેતુ લાઘવતાનો છે. તેથી તેઓશ્રી એ બીજાક્રમમાં वेदनाया મૂકી તેની અનુવૃત્તિ ત્રીજા સૂત્રમાં જોડી દીધેલ છે.

અહીં બે-ત્રણ વાત સમજવી પડે તેમ છે.

(૧) ગુજરાતી વિવેચનોમાં પડિત પ્રભુદાસભાઇ સિવાયના વિવેચકો તથા દિગમ્બરીય ટીકા ગ્રન્થો એ ઇષ્ટ વેદનાની વિચારણા કરી નથી, પરીણામે આવો પ્રશ્ન ઉભો થાય એ સ્વાભાવિક છે. પણ સૂત્રકાર મહર્ષિ એ તથા તદનુસારીણી સિધ્ધસેનીય અને હારિભદ્રીય ટીકામાં તો વેદનાના અમનોજ્ઞ અને મનોજ્ઞ ભેદ સ્પષ્ટજ છે.

(૨) ઇષ્ટના સંયોગની ચિંતામાં સૂત્રકાર સ્વોપજ્ઞ ભાષ્યમાં બે વાતનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. કે એક તો મનોજ્ઞ વિષય અને બીજું મનોજ્ઞ વેદના [શાતા-વેદના] એ બંનેના સંયોગને માટે ચિત્તની જે સંલગ્નતા તેને ત્રીજા પ્રકારનું આર્ત્તધ્યાન કહ્યું છે.

(૩) આ રીતે ઇષ્ટ વેદનાને સમાવવાની હોવાથી સૂત્રકાર મહર્ષિ એ ક્રમ બદલેલો છે

❒ [8] સંદર્ભઃ-

✡ આગમ સંદર્ભઃ- मणुन्न संपओग संपउत्ते तस्स अविप्पओग सति समण्णागते यावि भवती । ✤ भग० श.२५,उ.७,सूत्र. ८०३-१,२

✡ તત્વાર્થ સંદર્ભઃ-

(૧) उत्तम संहननसस्यैकाग्रचिन्तानिरोधो-ध्यानम्-सूत्र. ९:२७

(२) आर्त्तरौद्रधर्मशुक्लानि-सूत्र. ९:२९थी आर्त नी व्याख्य

✡ અન્યગ્રન્થ સંદર્ભઃ-

(૧) કાળ લોકપ્રકાશ-સર્ગઃ૩૦ શ્લોક-૪૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨)નવતત્વ ગાથા-૩૬ વિવરણ

(૩)પાક્ષિક સૂત્ર-વૃત્તિ

❑ **[9]પદ્યઃ-**

(૧) સૂત્રઃ૩૩ અને સૂત્રઃ૩૪ નું સંયુકત પદ્યઃ-
મનોવાંછિત વિષય મળતાં રહે નિત્ય સ્થાનમાં
નિદાન નો છે ભેદ ચોથો આર્ત્તધ્યાન યોગમાં

(૨) આ સૂત્રનું બીજી પદ્ય પૂર્વસૂત્રમાં કહેવાઇ ગયું છે.

❑ **[10]નિષ્કર્ષઃ-** આ સૂત્રમાં સૂત્રકાર ઇષ્ટનો સંયોગ ટકી રહે તે રૂપ આર્ત્તધ્યાનું કથન કરે છે. જીવને ખરેખર શું ઇષ્ટ છે? તો જવાબ એકજ મળશે-'સુખ'

જો ખરેખર સુખ ઇષ્ટ હોય અને ઇષ્ટના સંયોગ ને ટકાવી રાખવા રૂપ આર્ત્તધ્યાન કરવુંજ હોય તો શામાટે શાશ્વત સુખ ના સંયોગ રૂપ આર્ત્તધ્યાન ન કરવું?

જો કે શાશ્વત સુખ જેને ઇષ્ટ હોય તે તો આર્ત્તધ્યાન નો ત્યાગ કરી ધર્મ અને શુકલ ધ્યાનમાં જ પ્રવર્તતા હોય છે, છતાં સૂત્રના નિષ્કર્ષ રૂપે આપણે અહીં કથન કરીએ છીએ કે ઇષ્ટનો સંયોગજ ચિંતવવો હોય તો ઇષ્ટ શું છે? તે સમજી ને મોક્ષમાટે જ પુરુષાર્થ કરવો.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ ૩૪

❑ **[1]સૂત્રહેતુઃ**-ધ્યાન ના ચાર ભેદમાંના આર્ત્તધ્યાન નામક ભેદના ચોથા પ્રકાર એવા ''નિદાન'' નામક આર્ત્તધ્યાનને જણાવે છે.

❑ **[2]સૂત્રઃમૂળઃ- निदानं च**

❑ **[3]સૂત્રઃપૃથક્ઃ**-સૂત્ર સ્પષ્ટતયા પૃથક્ જ છે

❑ **[4]સૂત્રસારઃ-**નિયાણું પણ [આર્ત્તધ્યાન છે.]

❑ **[5]શબ્દજ્ઞાનઃ-**

**निदान**-નિયાણું,અપ્રાપ્ત વસ્તુને મેળવવાનો તીવ્ર સંકલ્પ.

**च**-આ શબ્દ સમુચ્ચયને માટે છે.

❑ **[6]અનુવૃત્તિઃ-**

(૧)आर्त्तममनोज्ञानां सम्प्रयोगे० सूत्र. ९:३१ आर्त्तम्

(૨)उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधोध्यानम् सूत्र. ९:२७

❑ **[7]અભિનવટીકાઃ**-આર્ત્તધ્યાનના ચોથા ભેદને જણાવવા માટે સૂત્રકાર મહર્ષિ અહીં निदानं च એવું વિધાન કરે છે. પણ निदान એટલે શું? એ એક જ પ્રશ્નનો જવાબ અહીં જુદી જુદી રીતે અપાયેલો છે. જે ક્રમાનુસાર નીચે મુજબ છે.

[૧]**સ્વોપજ્ઞ ભાષ્યઃ-** कामोपहतचित्तानां पुनर्भवविषयसुखगृद्धानां निदानम् आर्त्तध्यानं भवति।

[૨]કામથી-અર્થાત્ વાસનાથી દૂષિત કે પીડિત ચિત્તવાળાને જે પુનર્ભવ એટલે કે હવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછીના જન્મોના માટે તે તે વિષયસુખની જેતૃષ્ણા એ નિદાન નામક ચોથું આર્ત્તધ્યાન છે.

[૩]નહીં પ્રાપ્ત થયેલી વસ્તુની પ્રાપ્તિનો સંકલ્પ કરવો કે સતત ચિંતા કરવી, તે ચોથું આર્ત્તધ્યાન.

[૪]ભોગની લાલચની ઉત્કટતાને લીધે અપ્રાપ્ત વસ્તુ મેળવવાનો જે તીવ્ર સંકલ્પ તે નિદાન આર્ત્તધ્યાન.

[૫]કામ વડે કરીને ઉપહત છે ચિત્ત જેનું એવા જીવો પુનર્જન્મમાં તેવા વિષયો મેળવવા માટે જે નિયાણું કરે તે આર્ત્તધ્યાન છેં.

[૬]ભવિષ્યના સુખની ચિંતા કરવી અને કરેલી તપશ્ચર્યાનું નિયાણું કરવું તે નિદાન-આર્ત્તધ્યાન. જેને अग्रशोच आर्त्तધ્યાન પણ કહે છે.

[૭]નિદાન એટલે કાપવાનું સાધન.

જેના વડે આત્મ સુખ કપાઇ જાય તે નિદાન.

ધર્મના ફળ રૂપે આ લોકના કે પરલોકના સુખની ઇચ્છા રાખવાથી આત્મસુખ કપાઇ જાય છે. માટે ધર્મના ફળરૂપે આ લોક કે પરલોકના ભૌતિક સુખોની ઇચ્છા એ નિદાન છે.

[૮]નિદાન એ પારિભાષિક શબ્દ છે. તપ,ત્યાગ,સંયમ વગેરેનું મુખ્ય ફળ મોક્ષ છે. અને કદાચ મોક્ષ ન મળે તો મોક્ષ તરફના પ્રયાણમાં વચ્ચે આવતાં બીજા સહાયક ફળો સહજ રીતે મળે, તે નિદાન ન કહેવાય. પરંતુ મોક્ષની ક્રિયા કરીને તેનાથી મોક્ષફળ ન માંગતા રાગ-દ્વેષ થી ઘેરાઇને સાંસારિક સુખની તીવ્ર ઇચ્છા કરવી. તેને નિદાન કેનિયાણું કર્યુ તેમ કહેવાય.

જેમ કે કોઇ ઉગ્રતપસ્વી તપ કરી રહ્યા હોય,તેનું તપ મોક્ષના ફળને અપવી શકે તેવી તીવ્ર કક્ષાનું હોય. એ સમયે કોઇ પરત્વે તીવ્ર દ્વેષ ઉત્પન્ન થાય તેવું નિમિત્ત મળતા વીરપ્રભુના પૂર્વભવની માફક ''આ તપના પ્રભાવે હું આ બધાં ને ખતમ કરી શકું તેવા બળવાળો થાઉં'' તેમ નિદાન કર્યુ ત્યારે તપશકિતના પ્રભાવે નિયાણું સફળ જતાં તેઓ વાસુદેવ બન્યા, તેમ અન્ય તપસ્વી પણ જો તપ દરમ્યાન નિદાન કરે તો તે આત્માના શાશ્વત સુખને છેદનારા થાય.

એ જ રીતે બ્રહ્મદત્ત ચક્રીના પૂર્વભવની માફક ''સ્ત્રીરત્ન'' ને પામવાની જે ઇચ્છા તેનાથી પૂર્વ તપના પ્રભાવે નિદાન ફળી જતાં તે બ્રહ્મદત્ત ચક્રી તો બન્યો, પણ અંતે આત્મ સુખને કાપીને સાતમી નરકે જઇ ચડયો.

સામાન્યતયા આવું નિયાણું દુન્યવી સુખ મેળવવાની તીવ્ર આકાંક્ષા માંથી ઉત્પન્ન થાય છે. અથવા તો કયારેક જે- તે સમયે આવી પડેલા દુઃખના નિવારણની ઇચ્છામાંથી પણ ઉદ્ભવી શકે છે. માટે પણ તે આર્ત્તધ્યાન જ છે.

આવા નિદાન ને શલ્ય કહેલ છે. માયા શલ્ય,મિથ્યાત્વ શલ્યની માફક નિદાનને પણ શલ્ય એટલે કે સાલ કહ્યું છે. આ શલ્ય [અર્થાત્ સાલ] કાઢયા વગર મોક્ષનું શાશ્વત સુખ પામી શકાતું જ નથી.

[૯]પ્રીતિ વિશેષ અથવા તીવ્ર કામાદિ વાસનાથી હવે પછીના ભવમાં પણ આ કાયકલેશાદિ તપના બદલામાં વિષયસુખોની જે આકાંક્ષા કરવી તે નિદાન છે. અહીં પારલૌકિક વિષયસુખ ની લાલસાથી અનાગત અર્થપ્રાપ્તિ આદિની સતત ચિંતા રહે છે.

[૧૦]દેવેન્દ્ર કે ચક્રવર્તી વિગેરેની ગુણ ઋધ્ધિ ની પ્રાર્થનારૂપ અધમ નિયાણાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાનથી ચિંતવવું તે ચોથું આર્ત્તધ્યાન છે.

❑ [8]સંદર્ભઃ-

✡ **આગમ સંદર્ભઃ-** परिजुसित कामभोग संपओग संपउत्ते तस्स अविप्पओग सति समण्णा गते याविभवति । ✤ **भग० श.२५,उ.७, सू.८०३-१थी४**

**સૂત્રપાઠ સંબંધઃ-** અનુભવેલા કે ભોગવેલા કામભોગોના અવિયોગ માટે ચિંતા [તે પુનઃજન્મમાં પ્રાપ્ત થવાની વિચારણા તે નિદાન છે.]

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)आर्तरौद्रधर्म्मशुक्लानि - **सूत्र. ९:२९**

(२)उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् **सूत्र. ९:२७**

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)કાળ લોકપ્રકાશ-સર્ગઃ૩૦ શ્લોક-૪૪૨,૪૪૩

(૨)નવતત્વ ગાથા-૩૬ વિવરણ

(૩)પાક્ષિક સૂત્ર-વૃત્તિ

❑ [9]પદ્યઃ-આ સૂત્રના બંને પદ્યો પૂર્વ સૂત્રોમાં કહેવાઇ ગયા છે. પ્રથમ પદ્ય માટે જુઓ સૂત્રઃ૩૩, બીજા પદ્ય માટે જુઓ સૂત્રઃ૩૧

❑ [10]નિષ્કર્ષઃ-નિદાન રૂપ આર્ત્તધ્યાનનો સાર એ છે કે - આ નિયાણું કરીને આતસુખને કાપવું જોઇએ નહીં. છતાં નિયાણું કરવું જ છે તોજયવીયરાય સૂત્રને યાદ કરવું ''જો કે હે વીતરાગ તમારા સિધ્ધાન્તાનુસાર તો નિયાણું કરવાની જ મનાઇ છે. તો પણ ભવો ભવ મુજને તુમ ચરણોની સેવા, દુઃખક્ષય,કર્મક્ષય,સમાધિ મરણ અને બોધિલાભ, હે નાથ! તમને પ્રણામ કરવાથી આ બધું પ્રાપ્ત થજો.

આ પ્રાર્થનાનુસાર નિયાણું કરવું જ હોય તો આવું નિયાણું કરવું.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

**કંઇક-આર્ત્તધ્યાનના ચાર ભેદને અંતે -કથન**

ચારે પ્રકારનું આર્ત્તધ્યાન દુઃખમાંથી જન્મે છે. પ્રથમના બે ભેદોમાં તો સ્પષ્ટ દુઃખનો સંયોગ છે જ. ત્રીજા ભેદમાં ઇષ્ટ વસ્તુના વિયોગનું માનસિક દુઃખ છે. ચોથા ભેદમાં ઇષ્ટ વસ્તુની અપ્રાપ્તિનું દુઃખ છે.

આ રીતે દુઃખના કારણે થતી અશુભ વિચારણા પુનઃદુઃખ પ્રાપ્ત થાય તેવા અશુભ કર્મોનો બંધ કરાવે છે. માટે આ ધ્યાન દુઃખનો અનુબંધ કરાવે છે.

આમ આર્ત્તધ્યાન માં આરંભે અને અંતે દુઃખજ છે.

આ ચારે આર્ત્તધ્યાન ના સ્વામી કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યા વાળા હોય છે. આ ધ્યાન અજ્ઞાનમૂલક,તીવ્રપરુષાર્થ જન્ય, પાપપ્રયોગ-અધિષ્ઠાન,વિવિધ સંકલ્પોથી આકુળ,વિષય તૃષ્ણાથી પરિવ્યાપ્ત, ધર્માશ્રય પરિત્યાગી,કષાય સ્થાનોથી યુકત, અશાન્તિ વર્ધક, પ્રમાદ મૂળ, અકુશળ કર્મનું કારણ અસાતાવર્ધક,તિર્યંચ ગતિમાં લઇ જનારું છે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાયઃ૯-સૂત્રઃ ૩૫

❒ [1]સૂત્રહેતુઃ-આ સૂત્ર થકી સૂત્રકાર મહર્ષિ આર્ત્તધ્યાન ના સ્વામી ક્યા કયા જીવો હોઇ શકે તેનું કથન કરે છે.

❒ [2]સૂત્રઃમૂળઃ-तदविरतदेशविरतप्रमत्तसंयतानाम्

❒ [3]સૂત્રઃપૃથક્ઃ- तद् - अविरत - देशविरत - प्रमत्तसंयतानाम्-

❒ [4]સૂત્રસારઃ-તે [આર્ત્તધ્યાન] અવિરત,દેશવિરત અને પ્રમત્ત સંયતને જ સંભવે છે.

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**तद्**-તે, આર્ત્તધ્યાન **अविरत**-અવિરતિ જીવો

**देशविरति**-દેશ વિરતિ જીવો, શ્રાવકો,આગારી વ્રતીઓ

**प्रमतसंयत**-સર્વવિરતિ ધર, પણ પ્રમત્ત કક્ષાના સંયમી

❒ [6]અનુવૃત્તિઃ-

(૧) आर्त्तममनोज्ञानां सम्प्रयोगे० सूत्र. ९:३१ थी आर्त्तम्

(२)उत्तमसंहनस्यैकाग्र० सूत्र. ९:२७ थी ध्यानम्

❒ [7]અભિનવટીકાઃ-આ પૂર્વે સૂત્ર ૯:૩૧ થી ૯:૩૪ માં આર્ત્તધ્યાનના જે ચાર ભેદ કહેવાયા, એ ચાર ભેદ કોને કોને સંભવે શકે? તે જીવોની કક્ષાને આ સૂત્ર થકી જણાવવામાં આવેલી છે.

સામાન્યથી બધા ટીકાકાર-વિવેચક આદિએ અહીં ગુણસ્થાનક કક્ષાને આશ્રીને જ આ સૂત્રને ઘટાવેલ છે, તે વાત સંપૂર્ણ યોગ્ય પણ છે, છતાંયે ગુણસ્થાનક ની શ્રેણીનો ઉલ્લેખ તત્વાર્થ સૂત્રકારો ક્યાંય સૂત્ર સ્વરૂપે કરેલ ન હોવાથી અમે બે રીતે આ સૂત્રને અહીં રજૂ કરીએ છીએ.

(૧)આ સૂત્ર અનુસાર આર્ત્તધ્યાન ચાર પ્રકારના જીવોને સંભવે છે. તેવું સ્પષ્ટ કથન થઇ શકે.

(૧)अविरति-જે જીવો સૂત્ર ૭:૧ મુજબ હિંસાદિ પાંચે દોષોથી વિરમેલા હોય તેને વિરતિ કહ્યા છે, પણ જેઓ સર્વથા આ દોષોથી વિરમેલા ન હોય તેને અવિરતિ જીવો કહ્યા છે.

(૨)सम्यक्दृष्टि- આ જીવો અવિરતિ હોય દેશથી કે સર્વથી વિરત ન થયા હોય છતાં તેની કક્ષા અલગ દર્શાવવાનું કારણ એ છે કે સૂત્રકારે સૂત્ર૯:૪૭ માં सम्यगदृष्टि ની અલગ કક્ષા કહેલી છે. તેમને અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ કહેવાય છે.

(૩)देशविरति-સમ્યગ્દ્રષ્ટિ કરતા કંઇક વિશેષ કક્ષાના એવા આ જીવો જેને ઓળખવા માટે સૂત્ર ૯:૪૭માં તેની કક્ષા श्रावकની કહી છે તેવા અગારી વ્રતી જીવોનો સમાવેશ થાય છે.

(४)प्रमत्तसंयत:- જેને માટે સૂત્ર ૯:૪૭ માં विरतશબ્દ વપરાયો છે. તેવા સર્વવિરતિ ધર પણ અપ્રમત્ત નહીં એવા સંયમી જીવો.

-ગુણસ્થાનકને આધારેઃ-

પ્રથમ ગુણસ્થાનક થી આરંભીને છઠ્ઠા ગુણસ્થાનક સુધીના જીવો ને આર્ત્તધ્યાન હોઇ શકે છે. સાતમા ગુણસ્થાનક થી અપ્રમત્ત સંયત જીવો હોવાથી તેમને આર્ત્તધ્યાન સંભવતું નથી,

**સારાંશઃ**- એ કે અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ સુધીના ૧ થી ૪ ગુણસ્થાનક વર્તી જીવો, દેશવિરતિ એવા પાંચમા ગુણસ્થાનક વર્તી જીવો પ્રમત્ત સંયત સર્વવિરતિ એવા છઠ્ઠા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાનક વર્તી જીવોને આર્ત્તધ્યાન સંભવે છે.

❑ [8]સંદર્ભઃ-

✡ **આગમ સંદર્ભઃ- अट्टरुद्दाणि वज्जिता झाएज्जा सुसमाहिये ✤ उत्त॰अ.३,गा.३५**

✡ **સૂત્રપાઠ સંબંધઃ**-આ પાઠ અર્થથી સૂત્રની સંગતતા દર્શાવે છે. મૂળ સૂત્ર રૂપે તેની સંગતતા જણાતી નથી કેમ કે આ પાઠનો અર્થ છે. સુ સમાધિ ને માટે આર્ત્ત-રૌદ્ર છોડીને ધ્યાન કરવું-હવે ઉત્તમ સમાધિ સાતમા ગણુઠાણાથી હોય છે માટે તે પૂર્વે આર્ત્ત રૌદ્ર ધ્યાન હોઇ શકે એ રીતે અર્થથી સંગત છે.

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)આર્ત્તધ્યાન ને જણાવતા ઉકત સૂત્ર ૯:૩૧ થી ૯:૩૪ નો સંદર્ભ અહીં લેવાનો છે.

(૨)सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजक॰ सूत्र. ९:४७

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)કર્મગ્રન્થ બીજો ગાથા-૨ નું વિવેચન -ગુણસ્થાનક

(૨)ધ્યાન શતક

❑ [9]પદ્યઃ-

(૧) અવિરતિ ને દેશ વિરતિ સર્વ વિરતિ પ્રથમમાં
ધ્યાન આર્ત્ત સંભવે છે હીન હીનતર યોગમાં

(૨) આ સૂત્રનું બીજું પદ્ય-હવેપછીનું સૂત્રઃ૩૬માં કહેવાશે

❑ [10]નિષ્કર્ષઃ-સૂત્રમાં આર્ત્તધ્યાનની કક્ષા-છઠ્ઠા ગુણસ્થાનક સુધીની કહી છે. વળી આર્ત્તધ્યાન-તિર્યંચ ગતિમાં લઇ જનારું છે. હવે જો તિર્યંચ ગતિમાં નજવું હોય તો આર્ત્તધ્યાન રોકવું પડે. જો આર્ત્તધ્યાન રોકવું હોય તો સંયમની ઉચ્ચત્તમ કક્ષાએ પહોંચવું પડે તેથી સૂત્રને આધારે કહી શકાય કે જીવે અપ્રમત્ત બનવા શકય પ્રયત્ન કરવો જેટલી અપ્રમત્તતા કેળવાશે તેટલે અંશે આર્ત્તધ્યાન બંધ થશે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ ૩૬

❑ [1]સૂત્રહેતુઃ-રૌદ્ર ધ્યાન ના ચાર ભેદ તથા આ ધ્યાન કોને હોય તે જણાવવા માટે આ સૂત્રની રચના થયેલી છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-**हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्योरौद्रम-विरतदेशविरतयोः**

❑ [3]સૂત્રઃપૃથક્ઃ-हिंसा - अनृत - स्तेय - विषयसंरक्षणेभ्यः रौद्रम् - अविरत - देशविरतयोः

❑ [4]સૂત્રસારઃ-**હિંસા,અસત્ય,ચોરી,વિષય સંરક્ષણ માટે જે સતત ચિંતા, તે રૌદ્ર ધ્યાન છે. તે અવિરત અને દેશ વિરત જીવોમાં સંભવે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**हिंसा**-હિંસા **अनृत**-અસત્ય, જૂઠ
**अस्तेय**-ચોરી **विषयसंरक्षण**-વિષય કે તેના સાધનનું રક્ષણ
**रौद्रम्**-રૌદ્ર ધ્યાન **अविरत**-વિરતિ રહિત જીવો
**देशविरत**-દેશથી વિરત, અગારી વ્રતી કે શ્રાવક

❑ [6]**અનુવૃત્તિઃ**- उत्तमसंहननस्य० सूत्र. ૯:૨૭ ध्यानम् શબ્દની અનુવૃત્તિ લેવી.

❑ [7]**અભિનવટીકાઃ**-પ્રસ્તુત સૂત્રમાં રૌદ્ર ધ્યાનના ભેદો અને તેના સ્વામિઓનું વર્ણન છે. રૌદ્ર ધ્યાનના ચાર ભેદો, તેના કારણો ઉપરથી આર્ત્તધ્યાન ની પેઠે પાડવામાં આવ્યા છે.

જેનું ચિત્તક્રુર કે કઠોર હોય તે રૂદ્ર. અને તેવા આત્માનું જે ધ્યાન તે રૌદ્ર ધ્યાન. જેના ચાર ભેદ અત્રે કહેવામાં આવે છે. તે આ પ્રમાણે (૧)હિંસાનુંબંધી (૨)અસત્યાનુંબંધી, (૩)સ્તેયાનુબંધી અને (૪)વિષયસંરક્ષણાનુબંધી.

**[૧]હિંસાનુંબંધી-રૌદ્રધ્યાનઃ-**

✡ હિંસા કરવાની વૃત્તિમાંથી જે ક્રુરતા કે કઠોરતા આવે છે, એને લીધે જે જે સતત ચિંતા થયા કરે તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન.

✡ હિંસા કેવી રીતે કરવી. કયારે કરવી, તેનાં સાધનો કયાં કયાં છે, સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો ઇત્યાદિ હિંસાના એકાગ્ર ચિત્તે થતાં વિચારો તે હિંસાનુંબંધી રૌદ્રધ્યાન છે.

✡ જીવહિંસા માટેના સંકલ્પ-વિકલ્પો કરવા તે હિંસાનુંબંધી રૌદ્રધ્યાન છે.

✡ હિંસા માટે મનમાં મથામણ, કોઇને મારી નાંખવાની ઘટનાના વિચારમાં એકતાન થઇ લીન થવું તે હિંસાર્થ રૌદ્રધ્યાન.

✡ हिंसार्थम् स्मृति समन्वाहारो रौद्रध्यानम्

✡ હિંસા કર્મને માટે જે પુનઃપુનઃ વિચાર કરવો અથવા આ જ વિષયો તરફ ચિત્તને ચોંટાડી રાખવું તે રૌદ્રધ્યાન છે.

✡ હિંસાનંદ કે હિંસાનુંબંધી રૌદ્ર ધ્યાન, પ્રાણીઓને દાહ દેવો, વધ કરવો, બંધન કરવું ઇત્યાદિ ચિંતનરૂપ છે.

**[૨]અસત્યાનુંબંધી રૌદ્રધ્યાનઃ-** જેને મૃષાનુબંધી રૌદ્રધ્યાન પણ કહે છે.

✡ જુઠું બોલવાની વૃત્તિમાંથી ક્રૂરતા કે કઠોરતા આવે છે. એને લીધે જે સતત ચિંતા થયા કરે છે તેને અસત્યાનુંબંધી રૌદ્ર ધ્યાન કહેવામાં આવે છે.

✡ અસત્ય કેવી રીતે બોલવું, કેવી કેવી રીતે અસત્ય બોલવાથી છૂટી જવાશે, કેવી કેવી રીતે અસત્ય બોલવાથી અન્યને છેતરી શકાશે વગેરે અસત્યના એકાગ્રચિત્તે થતા વિચારો તે અસત્યાનુંબંધી રૌદ્રધ્યાન છે.

✡ જુઠું બોલવા માટેના સંકલ્પ-વિકલ્પો કરવા તે મૃષાનુંબંધી રૌદ્રધ્યાન છે.

✡ જુઠ માટે મનમા મથામણ, કોઇપાપ છુપાવવા કે બીજા કોઇ કારણોસર એક જુઠાણા માંથી અનેક જુઠાણા ઘડવાના વિચારમાં એકતાન થઇ લીન થવું તે અસત્યાર્થ રૌદ્રધ્યાન.

✡ अनृत वचनार्थ स्मृति समन्वाहारो रौद्रध्यानम्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ અનૃત વચન અર્થાત્ મિથ્યા ભાષણ કરવાને માટે જે પુનઃપુનઃ વિચાર કરવો અથવા તે જ વિષયો તરફ ચિત્તને ચોંટાડી રાખવું તેને અસત્યાનુંબંધી રૌદ્રધ્યાન કહ્યું છે.

✡ અન્ય ઉપરની દ્રોહ બુધ્ધિ વડે પૈશુન્ય, અસભ્ય,અસત્ય વચન બોલવા સંબંધિ જે ચિંતન કરવું તે બીજું મૃષાવાદાનુબંધી કે મૃષાનંદ નામક રૌદ્રધ્યાન છે.

[૩] સ્તેયાનુબંધી રૌદ્ર ધ્યાનઃ-

✡ ચોરી કરવાની વૃત્તિમાંથી ક્રુરતા કે કઠોરતા આવે છે. એને લીધે જે સતત ચિંતા થયા કરે છે તેને સ્તેયાનુબંધી રૌદ્ર ધ્યાન કહ્યું

✡ ચોરી કેવી રીતે કરવી, કેવીરીતે ચોરી કરવાથી પકડાઇ ન જવાય, ચોરીનાં સાધનો કયાં કયાં છે, ચોરીના સાધનો કયાં મળે છે? કેવી રીતે મેળવવા, કયાં કેવી રીતે ચોરી કરવી, વગેરે ચોરીના એકાગ્રચિત્તે થતા વિચારોને સ્તેયાનુબંધી રૌદ્ર ધ્યાન છે.

✡ ચોરી કરવા સંબંધિ સંકલ્પ વિકલ્પો કરવા તે સ્તેયાનુબંધી રૌદ્ર ધ્યાન છે.

✡ ચોરી માટે મનમાં મથામણ, કોઇનું ચોરી લાવવા, પડાવી લેવા, લુંટી લેવા, માટેની ઘટના ઘડતાં ઘડતાં વિચારોમાં એકતાન થઇ લીન થવું તે સ્તેયાર્થ રૌદ્ર ધ્યાન.

✡ स्तेयार्थ स्मृति समन्वाहरो रौद्रध्यानम्

✡ સ્તેયકર્મ અર્થાત્ ચોરીને માટે જે પુનઃપુનઃ વિચાર કરવો અથવા એ જ વિષયો તરફ ચિત્તને ચોંટાડી રાખવું તે સ્તેયાનુબંધી રૌદ્ર ધ્યાન છે.

✡ તીવ્ર રોષથી પરદ્રવ્યના અપહરણનું તેમ જ તેના સ્વામીના ઉપઘાતાદિનું જે ચિંતવન કરવું તે સ્તેયાનુબંધી અથવા સ્તેયાનંદ રૌદ્ર ધ્યાન છે.

[૪]વિષય સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાનઃ-

✡પ્રાપ્ત વિષયોને સાચવી રાખવાની વૃત્તિમાંથી ક્રુરતા કે કઠોરતા આવે છે, એને લીધે જે સતત ચિંતા થયા કરે છે. તેને વિષય સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાન કહે છે.

✡રૂપ આદિ ઇષ્ટ વિષયોનું કે વિષયના સાધનોનું રક્ષણ કરવાના એકાગ્રચિત્તે થતા વિચારો તે વિષય સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાન છે.

-વિષયો અને વિષયોનાં સાધનોને મેળવવાનો વિચાર તે આર્ત્તધ્યાન છે અને સાચવી રાખવાના વિચાર તે રૌદ્ર ધ્યાન છે

-વિષયોની પ્રાપ્તિમાં અને સેવનમાં આનંદ એ આર્ત્તધ્યાન છે પણ તેને પ્રાપ્ત કરવા સંબંધિ સતત વિચારણાને રૌદ્ર ધ્યાન છે.

✡સચિત્ત યા અચિત્ત પરદ્રવ્ય સંબંધિ પરિગ્રહનું રક્ષણ એટલે કે સાચવણી કરવા રૂપ સંકલ્પ-વિકલ્પો ને રૌદ્ર ધ્યાન છે.

✡વિષયોને પૂરા કરવા માટેની સામગ્રી રાખી મૂકવા-સાચવી રાખવા માટે મનમાં મથામણ રૂપ રૌદ્ર ધ્યાન -જેમાં ઇન્દ્રિયોને તે તે વિષયો પૂરા પાડવા માટે સ્ત્રી આદિ મેળવવાના તથા ધન,ધાન્ય અને મોજશોખની બીજી વસ્તુઓ વગેરે મેળવવાના, તથા સંગ્રહ કરવાના, સાચવી રાખવાના, સુરક્ષિત રાખવાના, વિચારોમાં એકતાન થઇ લીન થવું તે વિષય સંરક્ષણાર્થ રૌદ્ર ધ્યાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡विषयसंरक्षणार्थस्मृति समन्वाहारो रौद्रध्यान

✡ વિષય સંરક્ષણ-પાંચ ઇન્દ્રિયોના વિષયોની રક્ષા કે પુષ્ટીને માટે પુનઃપુનઃ જે વિચાર કરવો અથવા એ જ વિષય તરફ ચિત્તને ચોટાંડી રાખવું તે વિષય સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાન છે.

✡ પોતાન દ્રવ્યના રક્ષણને માટે ચારે તરફથી શંકિત ચિત્ત વાળાનું પરોપઘાતનું જે ચિંતવન તે સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાન છે.

✡ શબ્દાદિ વિષયના સાધનભૂત ધનના સંરક્ષણમાં પરાયણનું અનિષ્ટ અને સર્વ તરફથી આકુળ જે ચિત્ત તે સંરક્ષંણાનુંબંધી છે.

✤ **રૌદ્ર ધ્યાનના સ્વામીઃ-**

-તત્વાર્થ સૂત્રાનુસાર રૌદ્ર ધ્યાનના સ્વામી દેશ વિરત કક્ષા સુધીના જીવો જ હોય છે.

-ગુણસ્થાનકની દૃષ્ટિ એ એકથી પાંચ ગુણસ્થાનક વાળા આધ્યાન ના સ્વામીઓ કહ્યા છે.

અર્થાત્ આ ધ્યાન અવિરતિ જીવો, અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ જીવો, દેશવિરતિ જીવોને એટલે કે શ્રાવકની કક્ષા સુધીના જીવોને અથવા પાંચમાં ગુણઠાણા સુધીના જીવોને સંભવે છે.

✤ **પ્રશ્નઃ-**છઠ્ઠા ગુણસ્થાનકેસંયત-સર્વવિરતિધરછેતેનેરૌદ્ર ધ્યાનમાંગણના કેમ નથી કરી?

**સમાધાનઃ-**સર્વવિરતિધરનેરૌદ્ર ધ્યાન ન હોય કેમ કે રૌદ્ર ધ્યાન ના ભાવમાંસંયમ ટકી શકે જ નહીં.

✤ **વિશેષઃ-**

✡ હિંસાનન્દ,અનૃતાનન્દ,સ્તેયાનન્દ અને પરિગ્રહાનન્દ આ ચારે રૌદ્ર ધ્યાન અતિકૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા વાળાને કહ્યું છે.

✡ સામાન્યથી રૌદ્રધ્યાનનેપ્રમાદ-અધિષ્ઠાન અને નરકગતિ માં લઇ જનારું કહયું છે.

✡ આત્મા આવા ભયંકરકે અશુભ ધ્યાનથી સંકિલષ્ટ થઇ ને જેમ તપેલું લોઢું પાણીને ખેંચીલેતેમ આવું ધ્યાન કર્મોને ખેંચે છે.

✡ રૌદ્ર ધ્યાન ઘણુંજ ભયંકર ધ્યાન કહેવાયેલું છે. કમનસીબે આપણે સૌ હિંસા જન્ય ભંયકર પરીણામો ને જ રૌદ્ર ધ્યાન માનવાનું આરંભી દીધું છે. પણ વાસ્તવમાં હિંસા-મૃષા-સ્તેય અને વિષયસંરક્ષણ કે પરીગ્રહ એ ચારે ભેદોને ધ્યાનમાં લેવો જોઇએ.અન્યથા હિંસાનુબંધી કે ક્રોધાવેશ જન્ય ક્રુર પરીણામોને જે રૌદ્ર ધ્યાન માની લેવાથી મૃષા-સ્તેય કે વિષય સંરક્ષણ સંબંધિ થતા સંકલ્પ વિકલ્પોને રૌદ્ર ધ્યાન માનવા સમજવાની વિચારણાનોજ લોપ થઇ જાય છે.

❑ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-**

(१)रोद्दज्झाणे चउव्विहे पण्णत्ते, तं जहा हिसाणुबंधी, मोसाणुबंधी, तेयाणुबंधी सारक्खाणुबंधी ✤ **भग॰ श.२५,उ.७,सू.८०३-२**

(२) झाणाणं च दुयं तहा जे भिक्खु वज्जई निच्चं ✤ **उत्त॰अ.३१,गा.६**

**સૂત્રપાઠ સંબંધઃ-**ચારે ભેદે રૌદ્ર ધ્યાન જણાવી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું કે સાધુઓ તે ધ્યાન નો નિત્ય ત્યાગ કરે છે, અર્થાત્ છઠ્ઠે ગુણઠાણે રહેલા એવા સાધુની પૂર્વેના પાંચ ગુણઠાણા સુધી જે તે ધ્યાન હોય અને તેથી દેશ વિરતિ સુધી તે ધ્યાન છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)आर्त्तरौद्रधर्मशुक्लानि-सूत्र-९:२९-રૌદ્ર વ્યાખ્યા

(૨)उत्तमसंहननस्य० सूत्र. ९:२७ ધ્યાનની વ્યાખ્યા

✡ **અન્યગ્રન્થ સંદર્ભઃ-**

(૧)કાળ લોકપ્રકાશ-સર્ગઃ૩૦ શ્લોક-૪૪૭ થી ૪૫૭

(૨)નવતત્વ ગાથા-૩૬ વિવેચન

(૩)પાક્ષિક સૂત્ર-વૃત્તિ

❒ **[9]પદ્યઃ-**

(૧) હિંસા,અસત્ય ચોરમાંહિ,વિષય સંરક્ષણ તણા
ધ્યાન રૌદ્ર ચાર ભેદે સુણજો તે એકમના
અવિરતિ ને વિરતિ દેશે રૌદ્ર ધ્યાની સંભવે
પ્રમત્ત સાધુ સર્વવિરતિ ધ્યાન રૌદ્ર ન લેખવે

(૨) સૂત્ર-૩૫,૩૬નું સંયુકત પદ્ય
આર્ત્તધ્યાન દેશવિરતિ અવિરતિ પ્રમત સંયતમાં વસતું
દેશ વિરતિને અવિરતિમાં રૌદ્ર ધ્યાન નિત સંભવતું
હિંસા અસત્ય ચોરી વિષયની રક્ષા ચિંતા સતત થતી
પાંચ ગુણ સ્થાનોમાં એમજ રૌદ્ર ધ્યાન રહે ગતિ

❒ **[10]નિષ્કર્ષઃ**-આ સૂત્રના હિંસાનુબંધી આદિ ચાર અર્થો કરતા પણ તેના સ્વામીની વિચારણા નિષ્કર્ષ માટે વધુ યોગ્ય લાગે છે કેમ કે આ મોક્ષ શાસ્ત્ર છે.તેનો અંતિમ નિષ્કર્ષનો મોક્ષ કેમોક્ષ માર્ગ જ હોય. એ દ્રષ્ટિએ વિચારીએ તો રૌદ્ર ધ્યાન શ્રાવક સુધીનાને અર્થાત્ દેશ વિરતિ પર્યન્ત ની કક્ષાના જીવોને જ હોય છે. મતલબ કે જો રૌદ્ર ધ્યાન ને નિશ્ચયથી છોડવું જ છે તો સર્વવિરતિધર રૂપ છઠ્ઠા ગણુ સ્થાનક પર્યન્ત આત્મ વિકાસ સાધવો જોઇએ આ રીતે જે આત્મ વિકાસ સાધના તે પરંપરા બધાં ધ્યાન છોડાવનારી અને તે જ સાચો નિષ્કર્ષ.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

## અધ્યાયઃ૯-સૂત્રઃ૩૭

❒ **[1]સૂત્રહેતુઃ**-ધ્યાન ના ચાર ભેદોમાંના ત્રીજા ભેદ ''ધર્મધ્યાન'' નેઆ સૂત્રથકી જણાવે છે.

❒ **[2]સૂત્રઃમૂળઃ-*आज्ञापायविपाकसंस्थानविचयायधर्ममप्रमत्तसंयतस्य**

❒ **[3]સૂત્રઃપૃથક્**:-आज्ञा - अपाय - विपाक - संस्थान विचय धर्मम्-अप्रमत्तसंयतस्य

❒ **[4]સૂત્રસારઃ-આજ્ઞા,અપાય,વિપાક અને સંસ્થાન ની વિચારણા માટે[જે એકાગ્રમનોવૃત્તિ કરવી તે] ધર્મધ્યાન છે.**

**[આ ધર્મધ્યાન] અપ્રમત સંયતને સંભવે છે.**

*દિગમ્બર આમ્નાયમાં आज्ञापायविपाकसंस्थानविचयाय એ પ્રમાણે નું સૂત્ર જોવા મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[અથવા -(૧)આજ્ઞાવિચય,(૨)અપાય વિચય, (૩)વિપાક વિચય, (૪)સંસ્થાન વિચય ને અર્થે જે વિચારણા તે ધર્મધ્યાન કહેવાય છે. - જે અપ્રમત સંયતને હોય છે.]**

❑ **[5]શબ્દજ્ઞાનઃ-**

**आज्ञा**-જિનાજ્ઞા **अपाय**- દુઃખ

**विपाक**-ફળ **संस्थान**-લોકાકૃત્તિ

**विचय**-ચિંતન,વિવેક **धर्मम्**-ધર્મધ્યાન

**अप्रमत्तसंयतस्य**-સંયતની અપ્રમત્ત અવસ્થા

❑ **[6]અનુવૃત્તિઃ**- उत्तमसंहननस्य॰ सूत्र. ૯:૨૭ ध्यान શબ્દની અનુવૃત્તિ અહીં લેવી.

❑ **[7]અભિનવટીકાઃ**-ધ્યાન ચાર પ્રકારે કહેવાયું છે. પણ જેને અભ્યંતર તપ કહી શકાય તેવા સુધ્યાન ના બે ભેદ છે. જેમાંનું એક ધર્મધ્યાન.

આ સૂત્રમાં સૂત્રકાર મહર્ષિ એ બે વાત આવરી લીધી છે..

(૧)ધર્મધ્યાન ના ભેદો (૨)ધર્મધ્યાનના અધિકારી

✤ **विचय**-સૂત્રમાં ચતુર્થી વિભકત્યન્ત એવો વિચય શબ્દ છે.

-આ શબ્દ आज्ञा વગેરે ચારે સાથે જોડવાનો છે.

-विचय એટલે-ચિંતન,પર્યાલોચન, વિવેક, વિચારણા

✤ **आज्ञाविचय:-**

✡ આજ્ઞા વિચય એટલે જિનાજ્ઞાનો વિવેક તે અર્થે જે વિચારણા.

✡ વીતરાગ-સર્વજ્ઞપુરુષની આજ્ઞા શી છે? તે જાણી-શોધી તેના રહસ્ય સંબંધિ જે વિચારણા કરવી તે આજ્ઞા વિચય ધર્મધ્યાન.

✡ જિનેશ્વર પરમાત્માની આજ્ઞા સકલ જીવોને હિતકારી છે. સર્વ પ્રકારના દોષોથી રહિત છે. એમની આજ્ઞામાં ઘણા ગૂઢ રહસ્યો રહેલાં છે. આથી અતિ લઘુકર્મી નિપુણ પુરુષોજ એમની આજ્ઞાને સમજી શકે છે. ઈત્યાદિ ચિંતન તથા સાધુઓના માટે અને શ્રાવક આદિના માટે ભગવાનની કઇ કઇ આજ્ઞા છે એ વિશે એકાગ્રતા પૂર્વક પર્યાલોચન એઆજ્ઞા વિચય ધર્મધ્યાન છે.

✡ સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વિતરાગ પરમાત્માની આજ્ઞા સર્વ ભવ્ય જીવોને ઉત્તરોત્તર આત્મસાધક હોવાથી તેમની આજ્ઞાને અનુસરવા માટેની ઉત્કૃષ્ટ ઉત્કંઠા તે આજ્ઞા વિચય ધર્મધ્યાન સમજવું.

✡ आज्ञाविचयाय स्मृत्ति समन्वाहारो धर्मध्यानम् ।

✡ આજ્ઞા વિચયને માટે જે પુનઃપુનઃ વિચારણા આજ્ઞાના વિષયમાં જ ચિન્તાનો નિરોધ કરવો તે ધર્મધ્યાન છે.

✡ આજ્ઞાના પર્યાલોચન રૂપે પરિણામ પામતી એકાગ્ર ચિન્તા તે ધર્મધ્યાન કહેવાય છે.

✡ પ્રભુની આજ્ઞાના પર્યાલોચન મય આત્માને બનાવે, ત્યારે તે આજ્ઞા વિચય ધર્મધ્યાને લીન છે તેમ કહેવાય છે. આજ્ઞા રહિત ધર્મપાલન અશકય હોવાથી આ ધ્યાનને પ્રથમ જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ આપ્ત વકતાના ન હોવાથી, સ્વયં મંદબુધ્ધિ હોવાથી, પદાર્થો ના અત્યન્ત સૂક્ષ્મ પણાને કારણે તેમજ હેતું-દ્રષ્ટાન્ત આદિનો અભાવ હોવાથી, જે આસન્ન ભવ્ય જીવ સર્વજ્ઞ પ્રણિત શાસ્ત્રને પ્રમાણ માની એ સ્વીકાર કરે છે કે જૈનાગમમાં વસ્તુનું જે સ્વરૂપ દર્શાવેલું છે તેવું જ સ્વરૂપ વાસ્તવિક છે. જિનેન્દ્ર ભગવંતનો ઉપદેશ મિથ્યા હોઇ શકે જ નહી. આ રીતે અત્યન્ત સૂક્ષ્મ -પદાર્થ ના વિષયમાં જિનેન્દ્ર આજ્ઞાને પ્રમાણ માની, અર્થના સ્વરૂપ નો નિશ્ચય કરવો તે આજ્ઞા વિચય-ધર્મધ્યાન છે.

અથવા વસ્તુના તત્વને યથાવત્ જાણ્યા પછી તે વસ્તુને પ્રતિપાદન કરવાની ઇચ્છા સુધી,પ્રમાણ અને નય ના દ્વારા તે વસ્તુ સ્વરૂપનું ચિન્તવન કે પ્રતિપાદન કરવું તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે.

✤ **અપાય વિચયઃ-**

✡ સન્માર્ગથી પડવા વડે થતી પીડાનો વિવેક તે સંબંધિ જે વિચારણા તે અપાય વિચય.

✡ દોષના સ્વરૂપનો અને તેમાંથી કેમ છુટાય એનો વિચાર કરવા માટે જે મનોયોગ આપવો તે અપાય વિચય ધર્મધ્યાન.

✡ અપાય એટલે દુઃખ. સંસારના જન્મ,જરા,મરણ,આધિ,વ્યાધિ,ઉપાધિ વગેરે શારીરિક અને માનસિક દુઃખોનો,દુઃખોના કારણો એવા અજ્ઞાન, અવિરતિ,કષાય વગેરેનો એકાગ્રચિતે વિચાર તે અપાય વિચય ધર્મધ્યાન.

✡ સંસારમાં સર્વદુઃખનું મૂળ દરેક દરેક આત્માને પોતાપોતાના રાગ-દ્વેષ રૂપ પરિણામ જ છે. એમ વિચારી રાગદ્વેષનો ત્યાગ કરવા માટેના યથાશકિત વિરતિના પરિણામ સહ ઉત્કંઠા તે અપાય વિચયરૂપ ધર્મધ્યાન સમજવું.

✡ अपायविचयायस्मृत्तिसमन्वाहार: धर्मध्यानम् ।

✡ અપાયવિચય ને માટે જે પુનઃપુનઃ વિચાર કરવો તથા અપાયના વિષયમાં જ ચિન્તાનો નિરોધ કરવો તેને ધર્મધ્યાન કહે છે.

✡ અપાય પર્યાલોચન રૂપે પરિણામ પામતી એકાગ્રચિન્તાતે અપાય વિચય ધર્મધ્યાન.

✡ અપાયના પર્યાલોચનમાં આત્માને પરોવવાનું કારણ શું?

સંસારમાં અપાય,હડધુતપણું, ઠોકરો,હાનિ,નુકસાન,દુઃખો, વિપત્તિઓ, વિનિપાતો ઠામ ઠામ દેખાય છે. આત્માને પોતાને કયાંય પોતાનું સુખ દેખાય નહીં, તેથી આત્મા માં અપાયોની પર્યાલોચનના ચાલે. જેથી તેનાથી દૂર રહેવાના ઉપાયરૂપ આજ્ઞામાં વધારે સ્થિર થવાય માટે,સંસારના અપાયોની પર્યાલોચના કરે,તે અપાય વિચય ધર્મધ્યાન.

✡ ''મિથ્યાદ્રષ્ટિ જીવ જન્માન્ધ ની સમાન છે. તેઓ સર્વજ્ઞ વીતરાગ પ્રણીત માર્ગથી પરાઙ્મુખ રહેવા હોવા છતાં જો મોક્ષની ઇચ્છા કરે તો પણ તેઓ માર્ગને નહીં જાણતા હોવાથી સન્માર્ગ થી દૂર જ ભટકતા રહે છે. પણ સંસારનો અપાય જાણતા નથી'' એ પ્રકારે જે વિચારણા કરવી તે અપાય વિચય ધર્મધ્યાન.

અથવા તો આ પ્રાણીઓને મિથ્યાદર્શન,મિથ્યાજ્ઞાન,અને મિથ્યાચારિત્રનો વિનાશ કઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે થાય તે બાબત વિચાર કરવો તે અપાય વિચય ધર્મધ્યાન.

✤ **વિપાક વિચયઃ-**

✡ કર્મફળના અનુભવનો વિવેક તે અર્થે જે વિચારણા તે વિપાક વિચય.

✡ ''અનુભવમાં આવતા વિપાકોમાંથી કયો કયો વિપાક કયા કયા કર્મ આભારી છે તેનો, તથા અમુક કર્મોનો અમુક વિપાક સંભવે તેનો વિચાર કરવા મનોયોગ આપવો તે ''વિપાક વિચય ધર્મધ્યાન.

✡ વિપાક એટલે ફળ. તે તે કર્મના ઉદયથી તે તે ફળનો વિચાર તે વિપાક વિચય, તે આ પ્રમાણેઃ- જ્ઞાનાાવરણ કર્મના ઉદયથી જીવ અજ્ઞાન રહે છે. દર્શનાવરણ ના ઉદયથી વસ્તુને જોઇ શકાય નહી, નિદ્રા આદિનો ઉદય થાય. સાતાવેદનીય થી સુખ-વેદના અને અસાતા વેદનીયથી દુઃખ વેદના નો અનુભવ થાય. વિપરીત જ્ઞાન, અવિરતિ,રતિ, અરતિ વગેરે મોહનીય કર્મના ઉદયથી થાય છે. આયુષ્કના ઉદયથી નરક આદિ ગતિમાં જકડાઇ રહેવું પડે છે. નામ કર્મના ઉદયથી શુભ કે અશુભદેહ આદિ મળે છે. ગોત્રકર્મના ઉદયથી ઉચ્ચ કે નીચગોત્ર જન્મ થાય છે. અંતરાયકર્મના ઉદયથી દાન,લાભ આદિમાં અંતરાય-વિઘ્ન થાય છે. આ બધી વિચારણા તે વિપાક વિચય ધર્મધ્યાન.

✡ વિપાક વિચય નામનું ત્રીજું ધર્મધ્યાન,તેમાં પૂર્વકર્મના ઉદયે જે જે પરીષહો-ઉપસર્ગો-દુઃખો આદિ સહન કરવા પડે તેને તેને પૂર્વકર્મના વિપાક સ્વરૂપે વિચારી તેમાં મનોયોગને એકાગ્ર કરવો તેને સમાવેશ થાય છે.

✡ विपाकविचयाय स्मृत्ति समन्वाहारो धर्मध्यानम् ।

✡ વિપાક વિચયને માટે જે પુનઃપુનઃ વિચાર કરવો, તેનો વિપાક વિચય ના વિષયમાં જ ચિન્તા નિરોધ કરવો તે ધર્મધ્યાન છે.

✡ સંસારમાં વેઠવા પડતાં અપાયોનું મુખ્ય કારણ તો કર્મના ઉદય -વિપાકો છે. તેથી કર્મો પોતાના કેવા કેવાં વિપાકો બતાવે છે? તેની પર્યાલોચનમાં -વિચારણામાં આત્મા એકાગ્રતાથી લીન થાય. જેથી અપાયો સ્પષ્ટ થતાં, આજ્ઞાના પાલનમાં અને પર્યાલોચનમાં વધારે દ્રઢ થવાય છે. માટે વિપાક વિચય એટલે કર્મોના વિપાકોનું પર્યાલોચન.

✡ દ્રવ્ય,ક્ષેત્ર,કાલ,ભાવ અને ભવ અનુસાર થનારા જ્ઞાનાવરણ આદિ આઠ કર્મોના ફળનો વિચાર તે વિપાક વિચય.

✤ **સંસ્થાન વિચયઃ-**

✡ લોકની આકૃત્તિનો વિવેક- તે અર્થે જે વિચારણા તે સંસ્થાન વિચય ધર્મધ્યાન.

✡ લોકના સ્વરૂપ નો વિચાર કરવા મનોયોગ આપવો તે સંસ્થાન વિચય ધર્મધ્યાન

✡ સંસ્થાન એટલે આકાર. લોકના તથા લોકમાં રહેલા દ્રવ્યોના આકારનું કે સ્વરૂપનું પર્યાલોચન એ સંસ્થાન વિચય.

લોક,જગત,વિશ્વ,દુનીયા વગેરે શબ્દો એકાર્થક છે.

લોક ચૌદ રજ્જુ પ્રમાણે છે, અર્થાત્ લોકને ઉપરના છેડાથી નીચેના છેડા સુધી માપવામાં આવે તો ૧૪ રજ્જુ પ્રમાણ થાય છે. તેના આકાર પગ પહોળા કરી કેડે હાથ દઇ ઉભા રહેલા પુરુષ સમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેના ઉર્ધ્વ, અધો,તીર્છા એમ ત્રણ વિભાગ છે. અધોલોક ઉંધા પડેલા કુંડાના આકાર સમાન છે. તિર્ચ્છાલોક થાળી ની આકૃત્તિ સમાન છે. ઉર્ધ્વલોક મૃદંગ સમાન છે.

તીર્છાલોકના નીચેના ભાગમાં વ્યંતર તથા ઉપરના ભાગમાં જયોતિષ્ક જાતિના દેવો રહે છે. મધ્યભાગમાં બંગડીના આકારે અસંખ્ય દ્વીપો અને સમુદ્રો આવેલા છે. પ્રારંભમાં અઢી દ્વીપમાં મનુષ્યો અને તિર્યંચોનો વાસ છે. ઉર્ધ્વલોકમાં વૈમાનિક જાતિના દેવો રહે છે. અધોલોકમાં ભવનપતિ દેવો અને વ્યન્તરો રહે છે. આ પ્રમાણે જિનોપદિષ્ટ શાસ્ત્રોના આધારે લોકના આકાર સ્વરૂપ વગેરેનો વિચારં તે સંસ્થાન વિચય ધર્મધ્યાન છે.

✡ સંસ્થાન વિચય એ ધર્મધ્યાનનો ચોથો ભેદ છે. જેમાં સંસ્થાન ના પર્યાલોચન રૂપે પરિણામ પામતી એકાગ્રચિન્તાનો સમાવેશ થાય છે.

આજ્ઞા,અપાય અને વિપાક એ ત્રણના પર્યાલોચનમાં ઉંડા ઉતરતા ઉતરતાં સમગ્ર વિશ્વ વ્યવસ્થાની જિજ્ઞાસા સહજ રીતે જ મનમાં ઉભરાવા લાગે છે. અને તે ઉપરથી વિશ્વની ઘટના કેવી અદ્ભુત છે? તેના પર્યાલોચનમાં આત્મા લીન થાય છે. અને વિશ્વના સર્વ સ્થાનોમાં સિધ્ધશીલા જ વસવા યોગ્ય સ્થાન જણાય છે. એજ સંસ્થાન વિચય ધ્યાન થી શુકલધ્યાન તરફ જવાનો માર્ગ છે.

✡ संस्थान विचयाय स्मृत्तिसमन्वाहारो धर्मध्यानम्

✡ સંસ્થાન વિચયને માટે જે પુનઃપુનઃ વિચાર કરવો તેને, અથવા સંસ્થાન વિચયના વિષયમાં જે ચિન્તાનો નિરોધ કરવો તેને ધર્મધ્યાન કહ્યું છે.

✡ સંસ્થાન વિચય એટલે ત્રણ લોકના આકારનો વિચાર કરવો તે. અર્થાત્ એકાગ્રચિત્તે લોકના સંસ્થાન સંબંધિ વિચારણા તે જ સંસ્થાન વિચય ધર્મધ્યાન.

✤ **ધર્મધ્યાન ના સ્વામીઃ-**

આ ધર્મધ્યાન કોને કહેવાય? આ પ્રશ્નનો ઉત્તર સૂત્રકાર મહર્ષિએ એટલો જ જણાવ્યો છે કે अप्रमत्तसंयतस्य-અર્થાત્ અપ્રમત્ત સંયત કક્ષાના જીવોને હોય છેં. આ રીતે સૂત્રકારના કથન મુજબ ધર્મધ્યાન ના સ્વામી સાતમા ગુણઠાણા કે તેથી ઉપરની કક્ષાના [બાર માં ગુણઠાણા સુધી] ના જીવો કહેવાય છે. કેમ કે સર્વવિરતિ ધરથી સયોગી કેવળી વચ્ચેની કક્ષા સંયતોને અપ્રમત સંયત આદિ કક્ષા કહેલી છે.

આ દ્રષ્ટિએ છઠ્ઠા સુધીના ગુણઠાણાના જીવો અર્થાત્ પ્રમત્ત સંયત કક્ષા સુધીના જીવોને તાત્ત્વિક ધર્મધ્યાન ન હોય, એ સિધ્ધ થાય છે. અર્થાત્ તેઓને અભ્યાસ રૂપ ધર્મધ્યાન હોય છે. પણ પારમાર્થિક ધર્મધ્યાન ન હોય.

❑ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-** આ સૂત્રનો આગમ સંદર્ભ હવે પછીના સૂત્ર ૯:૩૮ માં કહેવાયેલ છે.

✡ **તત્ત્વાર્થ સંદર્ભઃ-**

(૧)आर्त्तरौद्रधर्मशुक्लानि-सूत्र. ९:२९ થી ધર્મ- ની વ્યાખ્યા

(२)उत्तमसंहननस्यैकाग्र० सूत्र. ९:२७ થી ધ્યાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✤ અન્ય ગ્રન્થ સંદર્ભઃ-

(૧)કાળલોક પ્રકાશ સર્ગઃ૩૦ શ્લોકઃ૪૫૮ થી ૪૬૨

(૨)નવતત્વ ગાથાઃ ૩૬ -વિવરણ

(૩)પાક્ષિક સૂત્ર વૃત્તિ

❒ [9]પદ્યઃ-

સૂત્ર ૯:૩૭ અને ૯:૩૮ નું સંયુકત છે.

(૧) આજ્ઞા અપાય વળી વિપાકે વિષય સંસ્થાન જે કર્યા
ચાર ભેદો ધર્મધ્યાને અપ્રમત્ત મુનિ વર્યા
ઉપશાંત મોહી ક્ષીણમોહી ઉકત ધ્યાને રહી મુદા
કર્મપશો છેદકરતા ધર્મધ્યાન રહી મુદા

(૨) આજ્ઞા અપાય જ વિપાક જ ધર્મધ્યાન
સંસ્થાન વિચય જ ચાર પ્રકાર જાણ

❒ [10]નિષ્કર્ષઃ-આ સૂત્રમાં જણાવેલા ચારે ભેદ સુંદર નિષ્કર્ષને પાત્ર જ છે. છતાં ચારેનો કડીબધ્ધ વિચાર કરીએ તો સર્વ પ્રથમ જિનાજ્ઞા સંબંધિ વિચારણાથી આરંભ થાય છે. જિનાજ્ઞા રૂપ એકાગ્ર ચિન્તા નિરોધમાં વર્તતા જીવને સંસારથી અપાયનું ચિંતન તો થવાનું જ અને અપાય વિચય ધર્મ ધ્યાનને પામેલો જીવ,કર્મના વિપાકને ફળ ને સમજવાનો જ છે. કર્મના વિપાકને સમજેલો-સંસારને અપાયરૂપ જાણતો અને આજ્ઞા વિચય ધ્યાન ધરતો જીવ, છેલ્લે સંસ્થાન વિચય ધ્યાનમાં પ્રવેશે ત્યારે સમગ્ર લોક સ્વરૂપનું ચિંતન કરતા કરતા છેલ્લે સિધ્ધશીલાને જ સ્થિત થવા યોગ્ય સ્થાન છે તેવું સમજે છે.

જયારે જીવ સંસ્થાન વિચય ધ્યાનમાં સિધ્ધશીલા ઉપર ધ્યાન ને કેન્દ્રિત કરે છે. ત્યારે સંપૂર્ણ જિનાજ્ઞાને પાળવાની વૃત્તિસાથે સર્વથા કર્મ વિપાકોને વિફળ બનાવવાની પ્રવૃત્તિ કરતો જીવ સર્વથા મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

## અધ્યાયઃ૯-સૂત્રઃ૩૮

❒ [1]સૂત્રહેતુઃ-ધર્મધ્યાન ના સ્વામી તરીકે અપ્રમત્તસંયત ને કહ્યા છે. તદુપરાંત આ સૂત્ર થકી તેના અન્ય અધિકારીનો નિર્દેશ કરે છે.

❒ [2]સૂત્રઃમૂળઃ-*उपशान्तक्षीणकषाययोश्च

❒ [3]સૂત્રઃપૃથકઃ-उपशान्त - क्षीण - कषाययो: च

❒ [4]સૂત્રસારઃ-ઉપશાન્ત કષાય અને ક્ષીણ કષાય [સંયત અર્થાત્ મુનિ] ને પણ [ધર્મધ્યાન સંભવે છે.]

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**ઉપશાન્ત**-જેમાં કષાયોનો ઉપશમ થયો હોય તેવી આત્મ વિકાસ ની સ્થિતિ

*દિગમ્બર આમ્નાય મુજબ-આ સૂત્રનો નિર્દેશ જોવા મળેલ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**क्षीण**-જેમાં કષાયો નો ક્ષય થયો હોય તેવી આત્મવિકાસની સ્થિતિ

**कषाय**-ક્રોધ,માન,માયા,લોભ રૂપ કષાય

**च**-ઉપરોકત સૂત્રના સંબંધ જોડવા

❒ **[6]અનુવૃત્તિઃ-**

(૧)आज्ञापायविपाक० સૂત્ર. ૯:૩૭ धर्ममप्रमत्तसंयतस्य પદોની અનુવૃત્તિ અહીં કરેલ છે.

(૨)उत्तमसंहननस्य० सूत्र. ९:२७ ध्यान

❒ **[7]અભિનવટીકાઃ**-ધર્મધ્યાન ના સ્વામી કે અધિકારી ને જણાવવા માટે સૂત્રકાર મહર્ષિ એ સંયતોની ત્રણ કક્ષા જણાવેલી છે. જેમાં अप्रमत्तसंयत ની કક્ષા પૂર્વ સૂત્રમાં કહીઆ સૂત્રમાં उपशान्त कषाय અને क्षीणकषाय એ બે કક્ષાને જણાવે છે.

સંયતો ની આ બંને કક્ષાને ગુણ સ્થાનક ની પરિભાષામાં ૧૧મું અને ૧૨મું ગુણ સ્થાનક કહેવામાં આવે છે. ૧૧ મે ગુણઠાણે ઉપશાંત કષાય અને ૧૨ મે ગુણઠાણે ક્ષીણ કષાયની આત્મ વિકાસની કક્ષાએ ધર્મધ્યાન હોય છે. એટલે કે સાતમાથી બારમાં ગુણસ્થાનક પર્યન્ત ધર્મધ્યાન હોય છે એ સિધ્ધ થાય છે.

✤ **कषायः**કષાય શબ્દનો સંબંધ પૂર્વના બંને પદો સાથે છે. અર્થાત્ उपशान्तकषाय અને क्षीणकषाय એવા બે પદો તૈયાર થશે.

✤ **उपशान्त कषायः**- જેઓના કષાય ઉપશાન્ત થયા છે તેવા[અર્થાત્ અગીયારમાં ગુણસ્થાનક વર્તી જીવો].

✤ **क्षीणकषायः**- જેઓના કષાય ક્ષીણ થાય છે. તેવા [અર્થાત્ બારમાં ગુણસ્થાનક વર્તી] જીવો.

✤ **च**-પૂર્વની અનુવૃત્તિ લેવી અને अप्रमत्तसंयत નો સમુચ્ચય કરવાને માટે च શબ્દ મુકાયેલો છે.

✤ **વિશેષઃ**- ઉપશાન્ત-ક્ષીણ કષાયના ગ્રહણ થી તથા પૂર્વના અપ્રમત્ત સંયતના ગ્રહણથી અહીં મધ્યનું ગ્રહણ થઇ જશે. અર્થાત્ ૭મા અને ૧૧-૧૨ માં ગુણઠાણાના ગ્રહણથી મધ્યના ૮,૯,૧૦ માં ગુણઠાણા નો પણ સમાવેશ થઇ જાય છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-**

(૧)धम्मेझाणे चउव्विहे पण्णत्ते, तं जहा आणाविजए अवायविजए विवागविजए संठाणविजए ✤ **भग० श.२५,उ.७,सू. ८०३-३**

(२)झाएज्जा सुसमाहिए ✤ **उत्त० अ.३०, गा.३५**

**સૂત્રપાઠ સંબંધઃ**-અહીં પાઠમાં ધર્મધ્યાનના ચાર ભેદો જણાવી બીજો પાઠ મુકયો સુસમાધિને માટે ધ્યાવા જોઇએ .કેમ કે ઉત્તમ સમાધિની પ્રાપ્તિ સાતમા ગુણઠાણાથી હોય માટે આ ધ્યાન બહુલતા એ અપ્રમત્ત સંયમીને જે સમજવું. વળી ઉપશાન્ત અને ક્ષીણ કષાય ૧૧મું-૧૨મું ગુણઠાણું છે માટે તે પણ ૭મા પછી જ આવશે તે સ્પષ્ટ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❒ [9]પદ્યઃ-

(૧) આ સૂત્રનું પ્રથમ પદ્ય આ પૂર્વના સૂત્ર-૯:૩૭ માં કહેવાઇ ગયેલ છે.

(૨) તે ક્ષીણ મોહ ગુણ સ્થાનક ઉપશાંત
મોહે જ સંભવતું એઉભભયે નિતાંત

❒ [10]નિષ્કર્ષઃ- સૂત્રકાર મહર્ષિ આત્મ વિકાસની ઉપશાંત કષાય તથા ક્ષીણ કષાય એ બે કક્ષાએ ધર્મધ્યાનના અસ્તિત્વ ને જણાવે છે. આપણે આર્ત્ત-રૌદ્ર ધ્યાન છોડવું અને ધર્મ- શુકલ ને આદરવાની વાત ઘણી કરીએ છીએ. પણ ખરેખર જો ધર્મધ્યાન આદરવું હોય તો આત્મ વિકાસની કઇ કક્ષા હોવી જોઇએ તેનો ચિતાર આ સૂત્ર થકી મળે છે.

જીવે ઓછામાં ઓછું પણ ચારિત્રનું ગ્રહણ કરવું જોઇએ ,ચારિત્ર ગ્રહણ પછી અપ્રમત્ત અવસ્થા કેળવવી જોઇએ અને ત્યારપછી આ ધ્યાનની પ્રાપ્તિ થાય છે. માટે ધર્મધ્યાનના અભિલાષી એ સંયમ વિશુધ્ધિ અર્થે પુરુષાર્થ કરવો.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

## અધ્યાયઃ૯-સૂત્રઃ ૩૯

❒ [1]સૂત્રહેતુઃ-આ સૂત્ર થકી શુકલ ધ્યાનના પૂર્વના બે ભેદને સ્વામી કે અધિકારી નું નિરૂપણ કરે છે.

❒ [2]સૂત્રઃમૂળઃ-शुक्लेचाद्ये[पूर्वविदः]

❒ [3]સૂત્રઃપૃથક્ઃ-शुक्ले च आद्ये पूर्वविदः

❒ [4]સૂત્રસારઃ-(૧) **શુકલ ધ્યાનના પહેલાં બે ભેદ [ઉપશાન્ત કષાયી અને ક્ષીણ કષાયી મુનિને હોય છે.**

(૨)પહેલાં બંને શુકલ ધ્યાન પૂર્વધર ને હોય છે.

❒ [5]શબ્દજ્ઞાનઃ-

(૧)**शुक्ले**-શુકલ ધ્યાનના બે ભેદ **आद्ये**-પહેલાના બે ભેદ
બંને શબ્દો દ્વિવચનાન્ત હોવાથી અહીં ''બે ભેદ'' અર્થ કર્યો છે.

(૨)**पूर्वविदः**- પૂર્વના જાણકાર, પૂર્વધર.

❒ [6]અનુવૃત્તિઃ- उपशान्तक्षीणकषाययो:

❒ [7]અભિનવટીકાઃ-

ભૂમિકાઃ- અહીં સૂત્રને નિમ્નોકત કારણે બે ભાગમાં વહેંચેલ છે.

(૧)કેટલાંક વિવેચકો તથા દિગમ્બર માં शुक्लेचाद्ये पूर्वविदः એવું એક જ સૂત્ર આપેલ છે.

(૨)સ્વોપજ્ઞ ભાષ્ય જોતાં शुक्ले चाद्ये અને पूर्वविदः બંને સ્પષ્ટ અલગ સૂત્રો જ છે.તેવું માલુમ પડે છે.

(૩)સિધ્ધસેનીય વૃત્તિમ સૂત્રા ૯:૩૯ અને ૯:૪૦ એમ બંને અલગ સૂત્રો,અલગ ભાષ્ય અને અલગટીકા છે. તે વાત સ્પષ્ટ છે. [જુઓ-હીરાલાલ રસિકદાસ સંશોધીત પુસ્તક]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪)સિધ્ધસેનીય વૃત્તિમાં પાછું એમ પણ લખે છે. કે न तु परमार्थतः पृथक् सूत्रम् ।

(૫)હારિભદ્રીય વૃત્તિ માત્ર ''शुक्ले चाद्ये'' એટલું જ સૂત્ર જણાવે છે. જયારે पूर्वविदः ની ટીકા તેઓ આ સૂયમાંજ સમાવેલી છે. પણ અલગ સૂત્ર નોંધેલ નથી.

**ઉપરોકત કારણોને લઇને બંને સૂત્ર સાથે નોંધેલ છે. છતાં તેના પૃથક્કરણ,સૂત્રસાર, અભિનવટીકાદિ અલગ-અલગ નોંધેલ છે.** -વિશેષ નિર્ણયતો બહુશ્રુત પાસેથી જ મળી શકે. પણ માત્ર અભ્યાસકને તત્વતઃ કોઇ ફરક પડતો નથી.

**[૧]शुक्ले चाद्ये ની અભિનવ ટીકાઃ-**

-શુકલ ધ્યાનના ચારે પ્રકારે કહેવાયું છે. [જુઓ સૂત્રઃ૪૧]

-જેમાંના પ્રથમ બે ભેદ -પૃથકત્વ વિતર્ક અને એકત્વ વિતર્ક છે.

-પૂર્વ સૂત્રની અનુવૃત્તિ લેતાં એ સ્પષ્ટ થાય છે કે શુકલ ધ્યાનના આ પ્રથમ બે ભેદોના સ્વામી ઉપશાન્ત કષાયી અને ક્ષીણ કષાયી [સંયતો] કહ્યા છે.

-આ રીતે પૃથકત્વ વિતર્ક સવિચાર અને એકત્વ વિર્તક અવિચાર એ પ્રથમના બે શુકલ ધ્યાનો (૧)મોહ ઉપશમાવી ચૂકેલ અને (૨) મોહનો ક્ષય કરી ચૂકેલાને હોય છે.

-ગુણસ્થાનક ની દ્રષ્ટિએ કહીએ તો શુકલ ધ્યાનના ચાર ભેદોમાંથી પહેલા બે ભેદના સ્વામી અગિયાર-બારમા ગુણઠાણા વાળા જીવો હોય છે.

**-આ સૂત્રના બીજા ભાગની વ્યાખ્યા મુજબ ઉક્ત શુકલ ધ્યાન પૂર્વધર-પૂર્વના જાણકાર જીવોને હોય છે.**

**[૨]पूर्वविदः ની અભિનવટીકાઃ-**

શુકલ ધ્યાનના ના પહેલા બે ભેદો માત્ર પૂર્વધરો ને જ હોય છે.

-અર્થાત્ પૂર્વધર એવા ઉપશાન્ત કષાયી અને ક્ષીણ કષાયી જીવોને જ શુકલ ધ્યાનના પ્રથમ બે ભેદના સ્વામી ગણવા.

-પૂર્વોધરોને તો શુકલ ધ્યાન ૧૧ મે, ૧૨-મે ગુણઠાણે અવશ્ય હોય જ, પણ પૂર્વધર સિવાયના જીવોને ધર્મધ્યાન સંભવે છે. સંભવ છે કે આ પ્રથમના બે શુકલ ધ્યાન ની પ્રક્રિયા ફકત પૂર્વધરો જ જાણતા હોય.

-જો કે પૂર્વધર સિવાયના ને ઉપશાન્ત તથા ક્ષીણ કષાય ની સ્થિતિમાં ધર્મધ્યાન હોય તે સામાન્ય વાતનો એક અપવાદ એ છે કે માષતુષમુનિ તથા મરુદેવી માતા જેવા આત્મા ઓ પૂર્વધર ન હોવા છતાં તેઓને આ સ્થિતિમાં શુકલ ધ્યાનનો સંભવ હોઇ શકે છે. તેમ સમજવું.

**✤ સૂત્રના પહેલા અને બીજા હિસ્સાની સંયુકત વિચારણાઃ-**

-ઉપશાન્ત અને ક્ષીણ કષાયી મુનિ જો પૂર્વધર હોય તો શુકલ ધ્યાનના પ્રથમ બે ભેદ હોય.

-ઉપશાન્ત અને ક્ષીણ કષાયી મુનિ જો પૂર્વધર ન હોયતો ધર્મધ્યાન હોય.

-જોપૂર્વસૂત્ર ૩૮અનેસૂત્રઃ૩૯નાભાષ્યનેતથાભાષ્યાનુસારીટીકાનેજોવામાંઆવેતોઉપશમ અને ક્ષપક એ બંને પ્રકારની શ્રેણીમાં ધર્મ અને શુકલ એ બંને પ્રકારના ધ્યાન હોયછે.

અર્થાત્ ઉપશમ શ્રેણીમાં ધર્મ અને શુકલ બંને પ્રકારના ધ્યાન હોય છે. અને ક્ષપક શ્રેણીમાં પણ ધર્મ અને શુકલ બંને પ્રકારના ધ્યાન ખેંચે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો કે ઉપશમ અને ક્ષપક શ્રેણીનો આરંભ આઠમા ગુણસ્થાનક થી થાય છે. પરંતુ કર્મોના ઉપશમનો કે ક્ષયનો પ્રારંભ નવમા ગુણસ્થાનક થી થાય છે.

વળી ૧૧માં ગુણઠાણે ઉપશમ શ્રેણીની સમાપ્તિ થાય છે.અને બારમા ગુણઠાણે ક્ષપક શ્રેણીની સમાપ્તિ થાય છે.

આ રીતે આઠમું,નવમું અને દશમું ગુણસ્થાનકતો બંને શ્રેણીમાં હોય જ છે. અને આ ત્રણે ગુણસ્થાનકોમાં ધર્મ ધ્યાન જ હોય તે વાતતો સૂત્રઃ૩૮-સૂત્ર ૩૯ પૂર્વે સ્પષ્ટ થયેલી જ છે. જયારે અગીયાર માં બારમા ગુણઠાણે અર્થાત્ ઉપશાન્ત કષાયી અને ક્ષીણકષાયી મુનિને તો સૂત્રઃ૩૮ મુજબ ધર્મધ્યાન અને સૂત્રઃ૩૯ અનુસાર શુકલધ્યાન એમ બંનેનો સંભવ હોઈ શકે છે.

શ્રેણીએ ચઢનાર જીવો બે પ્રકારના હોય છેઃ-

(૧)પૂર્વધર-અર્થાત્ શ્રુત કેવલી કે ચૌદ પૂર્વધર મુનિઓ

(૨)અપૂર્વધરઃ- અર્થાત્ ચૌદપૂર્વથી ન્યુન-ન્યુનતર શ્રુતનાજ્ઞાતા.

આ બંનેમાં જે પૂર્વધર છે. તેઓને શુકલધ્યાનના પ્રથમ બે ભેદો વર્તે છે. જયારે બીજા પ્રકારના -અપૂર્વધર ને ધર્મધ્યાન હોય છે. તેમ પ્રસ્તુત સૂત્રના બંને હિસ્સા પરથી જણાય છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-**

सुहुमसंपरायसराग चरित्तारिया य, बायरसंपरायसरागचरित्तारिया य,...उवसंतकसाय वीयराय चरितारियाय, रवीणकसायवीयराय चरित्तारिया य ✤ **प्रज्ञा०प.१,सू.३७-२७**

सुक्के झाणे चउव्विहे...पुहुत्त वियक्केसविचारी...एगंतवियक्के अवियारी... सुहुमकिरिए अनियट्टी...समोच्छिन्न किरए अप्पडिवाइ ✤ **भग०श.२५,उ.७,सू.८०३-४**

**સૂત્રપાઠ સંબંધઃ-** પ્રથમ પાઠમાં ઉપશાન્ત અને ક્ષીણ કષાયવાળા આર્યોના ઉલ્લેખ છે. બીજા પાઠમાં શુકલ ધ્યાનના ભેદોના નામ છે. તે સિવાયં સ્પષ્ટ ઉલ્લેખ અમારાથી મેળવી શકાયો નથી.

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧)પૃથકત્વૈકત્વવિતર્કરસૂક્ષ્મક્રિયાऽપ્રતિપાતિ વ્યુપરતક્રિયા નિવૃતીનિ-સૂત્ર ૯ઃ૪૧

(૨)તત્ત્રેક કાયયોગાયોગાનામ્-સૂત્ર ૯ઃ૪૩

(૩)અવિચારં દ્વિતીયમ્-સૂત્ર ૯ઃ૪૪

❒ **[9]પદ્યઃ-**

(૧) પ્રથમ બીજા શુકલ ભેદે ધ્યાન પૂર્વધર ધરે
ચરમ શુકલ ભેદ બેમાં કેવળ જ્ઞાનજ લહે

(૨) સૂત્ર ૯ઃ૩૯ અને ૯ઃ૪૦ નું સંયુકત પદ્ય
શુકલ ધ્યાનો પહેલાં બે હોય પૂર્વધરો વિષે
બંને પાછળના હોયે કેવળી જ્ઞાનીઓ વિષે.

❒ **[10]નિષ્કર્ષઃ**-શુકલ ધ્યાનનો અર્થ આ પૂર્વે સૂત્ર ૯ઃ૨૯માં કહેવાયો છે. અને તેના ભેદોનું વર્ણ સૂત્ર-૯ઃ૪૧ માં હવે પછી કહેવાશે. આ સૂત્રતો શુકલધ્યાનના પ્રથમ બે ભેદોના સ્વામીને જણાવવા પુરતું જ છે. છતાં એક વાતતો નિષ્કર્ષ ને યોગ્ય અહીં છે જ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વધર એવા ઉપશાન્ત કે ક્ષીણ કષાયી ને શુકલ ધ્યાનના પ્રથમ બે ભેદ વર્તે છે. જયારે અપૂર્વધરને ધર્મધ્યાન વર્તે છે.

આત્મવિકાસની કક્ષા સાથે સમ્યક્ શ્રુત પણ કેટલું ઉપયોગી કે જરૂરી છે. તેનો આદર્શ સાક્ષીપાઠ આ સૂત્રમાંથી આપણને મળે છે. કેમ કે ઉપશાન્ત કે ક્ષીણ કષાયી મુનિની આત્મવિકાસની કક્ષાતો ૧૧ મું કે ૧૨મું ગુણસ્થાનક હોવાથી સમાન જ છે. પરંતુ પૂર્વને ધારણ કરવા કે ન કરવાને કારણ તેઓને શુકલ કે ધર્મ ધ્યાન અનુક્રમે કહ્યું છે.

આ વિધાનોનો અર્થ જ એ છે કે સમ્યક જ્ઞાન પણ ધ્યાનની ધારાને વધુ શુધ્ધ બનાવવા માટેનું એક અતિ ઉપયોગી પરીબળ છે. માટે આત્મ વિકાસની સાથે સાથે સમ્યક્જ્ઞાનમાં પણ વૃધ્ધિ થવી આવશ્યક છે. છેલ્લે તો બંને પુરુષાર્થ કેવળ જ્ઞાન અને મોક્ષમાં જ પરીણમવાના છે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ ૪૦

❑ [1]સૂત્રહેતુઃ-શુકલ ધ્યાનના છેલ્લા બે ભેદના સ્વામીને આ સૂત્ર થકી જણાવે છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-परे **केवलिनः**

❑ [3]સૂત્રઃપૃથક્ઃ-સૂત્ર સ્પષ્ટ પૃથક્ જ છે.

❑ [4]સૂત્રસારઃ-પછીના બે, કેવળીને હોય છે.

**[અર્થાત્ -શુકલધ્યાનના છેલ્લા બે ભેદો -(૧)સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી અને (૨)વ્યુપરત ક્રિયા નિવૃત્તિ એ બંનેના સ્વામી કે અધિકારી કેવળી ભગવંતો હોય છે.]**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**परे**-પછીના બે, સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી અને વ્યુપરત ક્રિયા નિવૃત્તિ.

**केवलिन**-કેવળી,કેવળ જ્ઞાની આત્માઓ

❑ [6]અનુવૃતિઃ- (૧)સૂત્ર ૯:૩૯ शुक्ले चाद्ये

(૨)સૂત્ર ૯:૨૭ उत्तमसंहननस्यै० થી ध्यान ની અનુવૃત્તિ.

❑ [7]અભિનવટીકાઃ-સૂત્રકાર મહર્ષિ મૂળ કથન તો એટલું જ કરે છે કે શુકલધ્યાનના ત્રીજા-ચોથાભેદના સ્વામી કેવલી ભગવંતો જ હોય છે. આ સિવાય કોઇ જ વિશેષ વાત આ સૂત્રમાં સૂત્રકાર મહર્ષિ એ કરી નથી. છતાં કેટલીક મહત્વની બાબતોનો અત્રે નિર્દેશ નિમ્નોકત મુદ્દામાં કરેલ છે.

✡ **સ્વોપજ્ઞ ભાષ્યઃ**- परे द्वे शुक्ले ध्याने केवलिन एव भवतः न छपद्मस्थस्य।

**परे**-પરશબ્દને દ્વિ વચનમાં મુકેલ છે. તેવાત ભાષ્યમાં વધુ સ્પષ્ટ કરવા परे द्वे પદોથી જણાવી છે. તેનો અર્થ જ ''પછીના બે'' એવો થાય છે.

**शुक्लेध्याने**:- શુકલધ્યાન, જેની વ્યાખ્યા આ પૂર્વે સૂત્ર ૯:૨૯ आर्त्तरौद्रधर्मशुक्लानि માં કરી છે. અને જેના ચાર ભેદ હવે પછીના સૂત્રમાં કહેવાના છે, તે શુકલધ્યાન.

અહીં પણ દ્વિવચન જ મુકેલ છે. કેમ કે તેના બે ભેદો ને અહીં ધ્યાનમાં લેવાના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**केवलिन:**- પદ મુકવાથી પૂર્વે જણાવેલા ઉપશાન્ત અને ક્ષીણ કષાય પદની અનુવૃત્તિ આપોઆપ અટકી જાયછે. કેમકે છેલ્લા બે શુકલ ધ્યાનના સ્વામી કેવલી ભગવંતનો છે. એવું અહીં સ્પષ્ટ કરેલ છે.

✤ **વિશેષઃ-**

(૧)કેવળીને આ બે ધ્યાન છે તેમ કહેવાથી, એ સ્પષ્ટ સમજી જ લેવાનું કે છદ્મસ્થોને કદાપી આ બે જ્ઞાન હોય જ નહીં.

(૨)આ વાત ગુણસ્થાનકને આધારે મૂલવીએ તો શુકલધ્યાનના છેલ્લા બે ભેદોના સ્વામી કેવળી ભગવંત અર્થાત્ ૧૩મા, ૧૪મા ગુણસ્થાનકે રહેલા જીવો હોય છે.

(૪)તેરમા ગુણઠાણે સૂક્ષ્મક્રિયા પ્રતિપાતિ અને ચૌદમે ગુણઠાણે વ્યુપરત ક્રિયા નિવૃત્તિ નામક શુકલ ધ્યાન વર્તે છે. તે આ રીતે

તેરમાં ગુણઠાણે અંતિમ અંતર્મુહુર્તમાં મન-વચન એ બે યોગો તો સર્વથા નિરોધ થયા બાદ બાદર કાયયોગનો નિરોધથતાં, કેવળ સૂક્ષ્મ કાયયોગની ક્રિયા હોય છે. ત્યારે આ ત્રીજો ભેદ વર્તે છે. જયારે સંપૂર્ણ યોગ નિરોધ થાય ત્યારે ચૌદમાં ગુણઠાણે આત્માની નિષ્પ્રકંપ અવસ્થા રૂપ વ્યુપરત ક્રિયા નિવૃત્તિ રૂપ ચોથો ભેદ હોય છે.

❏ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-**

सुक्केझाणे चउव्विहे...पुहुत्त वियक्के...एगंत वियक्के...सुहुमकिरिए अनियट्टी समोच्छिन्न किरिए अपडिइवाई-✤ **भग०श.२५,उ.७,सू.८०३-४**

सजोगि केवलि रवीणकषाय वीयराय चरित्तारीयाय,अजोगिकेवलिरवीणकसायवीय राय चरित्तारिया य ✤ **प्रज्ञा.प.१,सू.३७ चारित्रार्यविषय**

झाणेणं उत्तमेणं सुक्केणं अप्पमत्तो...गच्छयमोक्खंपरंपदं ✤ **भग०श.९,उ.३३,सू.३८५**

**સૂત્રપાઠ સંબંધઃ**- ત્રણે પાઠનો સંયુકત અર્થ વિચારીએતો તાર્કિક રીતે પ્રસ્તુત સૂત્રનો પાઠ થઇ જશે. પણ સંપૂર્ણ સંવાદી પાઠ મળેલ નથી.

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

पृथक्त्वैकत्ववितर्क सूक्ष्मक्रियाऽप्रतिपाति व्युपरतक्रियानिवृत्तीनि--सूत्र ९:४१

❏ **[9]પદ્યઃ-**

આ સૂત્રનું બંને પદ્ય આ પૂર્વેના સૂત્રઃ૪૦ માં કહેવાઇ ગયા છે.

❏ **[10]નિષ્કર્ષઃ**-શુકલધ્યાનના ચાર ભેદો હવે પછી કહેવાશે. તેમાના છેલ્લા બે અર્થાત્ ત્રીજો અને ચોથો ભેદ ફકત કેવળી મહાત્માઓને જ સંભવે. અહીં મહત્વની વાતએ છે કે જે કોઇ મોક્ષે જાય છે તે શુકલધ્યાન ચોથા ભેદમાં વર્તતો હોય તે સ્થિતિમાં જ મોક્ષે જાય છે. હવે જો મોક્ષે જવું હશે, તો શુકલધ્યાન ના ચોથા ભેદ સુધીનો અભ્યંતર તપ કરવો પડશે. પણ આ અભ્યંતર તપ થાય કયારે? જો કેવળ જ્ઞાન થયુ હોય તો.અર્થાત્ તપ થકી નિર્જરા કરવા દ્વારા જીવ કેવળજ્ઞાન પામી ધ્યાન ના ચતુર્થભેદ રૂપ તપમાં વર્તતો મોક્ષને પ્રાપ્ત કરે છે.

❏ ❏ ❏ ❏ ❏ ❏ ❏

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાયઃ૯-સૂત્રઃ ૪૧

❑ [1]સૂત્રહેતુઃ-શુકલ ધ્યાનના ચાર ભેદોને જણાવવા માટે પ્રસ્તુત સૂત્રની રચના થયેલી છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-*पृथकत्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रियानिवृतीनि

❑ [3]સૂત્રઃપૃથક્ઃ-पृथकत्व - एकत्व- वितर्क,सूक्ष्मक्रिया-अप्रतिपाति-व्युपरतक्रियानिवृत्तीनि-

❑ [4]સૂત્રસારઃ-પૃથક્ત્વ વિતર્ક,એકત્વ વિતર્ક,સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને વ્યુપરક્રિયા નિવૃત્તિ [એમ ચાર પ્રકારે શુકલ ધ્યાન જાણવું]

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**पृथकत्व**-ભેદ,જુદાપણું **एकत्व**- અભેદ
**वितर्क**-પૂર્વાગત શ્રુત **सूक्ष्मक्रिय**-અતિઅલ્પ ક્રિયા
**अप्रतिपाती**-પતન થી રહિત **व्युपरतक्रिय**-ક્રિયા અટકી જવી
**अनिवृत्ति**-જેમાં પતન નથી તે

[6]અનુવૃતિઃ-

(૧)आर्त्तरौद्रधर्मशुक्लानि-સૂત્ર ૯:૨૯ થી शुक्लानि

(૨)उत्तमसंहननस्यैकाग्र॰ સૂત્ર ૯:૨૭ થી ध्यानम्

❑ [7]અભિનવટીકાઃ- આર્ત્ત, રૌદ્ર અને ધર્મની માફક શુકલધ્યાન ના પણ ચાર ભેદો કહેવાયા છે. જેનું આ સૂત્રમાં વર્ણન કરવામાં આવેલ છે.

[૧]પૃથક્ત્વ વિતર્ક (સવિચાર)

૧- પૃથક્ત્વ એટલે ભેદ, જુદાપણું વીતર્ક એટલે પૂર્વગત શ્રુત

વિચાર એટલે દ્રવ્ય-પર્યાયની, અર્થ-શબ્દની, કે મન આદિ ત્રણ યોગની સંક્રાન્તિ-પરાવર્તન.

સવિચાર એટલે વિચારથી સહિત. [આ શબ્દ મૂળ માં છે નહીં. પણ હવે પછીના સૂત્ર-૯:૪૪ માં બીજા ભેદને વિચારથી રહિત કહ્યો છે. માટે પ્રથમ ભેદ વિચારથી સહિત એ પ્રમાણે એમ અર્થાપત્તિ થી સિધ્ધ થાય છે.

વિચાર નો અર્થ છે. વ્યંજન અને યોગની સંક્રાન્તિ. જુઓ હવે પછીના સૂત્ર ૯:૪૬માં.

અહીં पृथकत्व,वितर्क,सविचारએ ત્રણ શબ્દોથી ત્રણ હકીકતો જણાવવામાં આવી છે.

(૧)પૃથક્ત્વ શબ્દ થી ભેદ (૨)વિતર્ક શબ્દથી પૂર્વગત શ્રુત

(૩)સવિચાર શબ્દથી દ્રવ્ય-પર્યાય આદિનું પરાવર્તન, જણાવવામાં આવેલ છે. જયારે ''એકાગ્રતા પૂર્વક ચિંતન'' એ અર્થતો પૂર્વ સૂત્રથી ચાલું જ છે.

આથી ''પૃથક્ત્વવિતર્ક સવિચાર'' ધ્યાનનો અર્થ આ પ્રમાણે થઇ શકે - ''જે ધ્યાનમાં પૂર્વગત શ્રુતના આધારે, આત્મા આદિ કોઇ એક દ્રવ્યને આશ્રયીને ઉત્પાદાદિ અનેક પર્યાયોનું એકાગ્રતા પૂર્વક ભેદ પ્રધાન [દ્રવ્ય-પર્યાય નો ભેદ ] ચિંતન થાય અને સાથે દ્રવ્ય-પર્યાય આદિનું પરાવર્તન થાય તે પૃથક્ત્વ સવિચાર ધ્યાન.

આ વ્યાખ્યાનો ભાવાર્થ આ પ્રમાણે કરી શકાય.

*पृथकत्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रिया निवर्तीनि-દિગમ્બર આમ્નાયમાં સૂત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વધર મહાત્મા-પૂર્વગત શ્રુતના આધારે-આત્મા કે પરમાણુ આદિ કોઇ એક દ્રવ્યને આશ્રયીને-વિવિધ નય અનુસારે-ઉત્પાદ,વ્યય,ધ્રૌવ્ય,મૂર્તત્વ, અમૂર્તત્વ, નિત્યત્વ,અનિત્યત્વ આદિ પર્યાયોનું ભેદથી ચિંતન કરેછે. - આ વખતે એક દ્રવ્યનો ત્યાગ કરી અન્ય દ્રવ્યનું કે પર્યાયનું અથવા એક પર્યાયનો ત્યાગ કરી અન્ય પર્યાયનું કે અન્ય દ્રવ્યનું અવલંબન લે છે.

-તથા શબ્દ ઉપરથી અર્થ ઉપર અને અર્થ ઉપર શબ્દ ઉપર જાય છે. - તેમજ કાયયોગનો ત્યાગ કરી વચનયોગ કે મનો યોગનું અવલંબન લે છે. અથવા વચનયોગનો ત્યાગ કરી કાયયોગ કે મનોયોગ નું અવલંબન લે છે અથવા મનોયોગ નો ત્યાગ કરી કાયયોગ કે વચનયોગ નું અવલંબન લે છે.

આ પ્રમાણે અર્થ-વ્યંજન અને યોગોનું પરાવર્તન કરે છે.

૨-પૃથકત્વ એટલે ભિન્નતા. તે જે દ્રવ્ય-ગુણ અથવા પર્યાય નું ધ્યાન ચાલુ હોય તે જ દ્રવ્ય ગુણ પર્યાય માં સ્થિર ન રહેતાં, તે ધ્યાન અન્ય દ્રવ્ય, ગુણ પર્યાયમાં ચાલ્યુ જાય છે માટે પૃથક્ત્વ.

તથા પૂર્વધર શ્રુતજ્ઞાનીને જ આ ધ્યાન પૂર્વગત શ્રુતના ઉપયોગવાળું હોય છે માટે वितर्कश्रुतम्- એ વચન થી वितर्क કહેવાય.

અને -એક યોગથી બીજા યોગમાં, એક અર્થથી બીજા અર્થમાં, એક શબ્દથી બીજા શબ્દમાં અથવા શબ્દથી અર્થમાં અને અર્થથી શબ્દમાં આ ધ્યાનનો विचार એટલે સંચાર થાય, માટે विचारोऽर्थव्यंजनयोगसंक्रान्ति વચનથી सविचार માટે પૃથકત્વ વિતર્ક સવિચાર કહેવાય છે.

૩- એક દ્રવ્યમાં વર્તતા ઉત્પાદાદિ પર્યાયો તેનો અનેક પ્રકાર ના નયને અનુસરનારા પૂર્વગત શ્રુતને અનુસારે પૃથક્ ભેદ વડે વિસ્તારથી વિતર્ક-વિકલ્પન જે ધ્યાનમાં હોય તે પૃથકત્વ વિતર્ક કહેવામાં આવે છે.

અહીં વ્યંજનથી અર્થ અને અર્થ થી વ્યંજનમાં જે વારંવાર વિચાર થાય તે વિચરણને સવિચાર કહેલ છે.

મન વિગેરે યોગોનું એકમાંથી બીજામાં જે વિચરવું તે વિચરણ તેને પણ સવિચાર કહેલ છે.

એવી રીતે પૃથકત્વના વિતર્ક સહિત અને વિચાર સહિત જે ઉભય ધર્મવાળું હોય તે પ્રથમ શુકલધ્યાન કહ્યું છે.

[૨]એકત્વ વિતર્ક (અવિચાર)

૧-એકત્વ એટલે અભેદ શુકલધ્યાનના આ ભેદમાં દ્રવ્ય-પર્યાય નું અભેદ રૂપે ચિંતન હોય છે.

વિતર્ક એટલે પૂર્વગતશ્રુત વિચાર એટલે દ્રવ્ય-પર્યાય આદિનું પરાવર્તન.

અવિચાર એટલે વિચારનો અભાવ.

જે ધ્યાનમાં પૂર્વગત શ્રુતના આધારે, આત્મા કે પરમાણુ આદિ કોઇ એક દ્રવ્યને આશ્રયીને, ઉત્પાદ આદિ કોઇ એક પર્યાયનું અભેદથી ચિંતન થાય, અર્થ-વ્યંજન યોગનો પરાવર્તનનો જેમાં અભાવ હોય તે એકત્વવિતર્ક અવિચાર ધ્યાન.

આ ધ્યાન વિચાર રહિત હોવાથી પવન રહિત સ્થાને રહેલા દીપકની જેમ નિષ્પ્રકંપ-સ્થિર હોય છે.

૨- ઉપર કહેવાયેલ પૃથકત્વવિતર્ક અવિચાર નામક તપના ભેદ થી વિપરીત લક્ષણ વાળું, વાયુરહિત દીપક પેઠે નિશ્ચલ, એકજ દ્રવ્યાદિકના ચિંતન વાળું હોવાથી अपृथक्त्व એટલે એકત્વપણું. પરંતુ આ ધ્યાન પણ પૂર્વધરને શ્રુતાનુસારી ચિંતનવાળું હોવાથી वितर्क

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહિત, અને અર્થ, વ્યંજન અને યોગની પૂર્વે કહ્યા મુજબ સંક્રાન્તિ કે સંચરણ ન હોવાથી અવિચાર વાળું છે. માટે આ બીજા શુકલધ્યાનને एकत्व वितर्क अविचार કહેવાય છે. આ ધ્યાન ને અન્તે કેવળજ્ઞાન થાય છે.

૩- એક દ્રવ્યાવલંબી અનેક પર્યાયોમાંથી એક પર્યાયનો જ વિર્તક પૂર્વગત શ્રુતને આશ્રીને કરવામાંઆવે, તેવિચાર પણ વ્યંજન રૂપ કેઅર્થરૂપેજ હોય, તેએકત્વ વિર્તક નામનુંબીજુંશુકલધ્યાન કહ્યુંછે. તેમાં વ્યંજનથી અર્થમાં કે અર્થથી વ્યંજનમાં વિચારનોફેરફાર થતો નથી. તેથી તે એકત્વ વિર્તક અવિચાર કહેવાયછે. એમાં મન વગેરે યોગનો પણ એકમાંથી બીજામાં ફેરફારં રૂપ વિચાર વર્તતો નથી. તેનો પણ એકત્વવિર્તક અવિચાર માં જ સમાવેશ થાય છે.

**[૩]સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતીઃ-**

૧-સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતી શબ્દમાં સૂક્ષ્મક્રિય અને અપ્રતિપાતી એ બે શબ્દો છે.

-સૂક્ષ્મક્રિય એટલે જેમાં ક્રિયા સૂક્ષ્મ-અતિઅલ્પ હોય તે.

-અપ્રતિપાતિ એટલે પતનથી રહિત. જેમાં માત્ર શ્વાસોચ્છ્વાસ રૂપ સૂક્ષ્મક્રિયા જ રહી છે. અને ધ્યાન કરનારના પરિણામ વિશેષનું પતન નથી, તે ધ્યાન સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતી.

પોતાનું આયુષ્ય એક અંતમુહૂર્ત જેટલું જ બાકી રહે છે. ત્યારે કેવળી યોગ નિરોધની ક્રિયા શરૂ કરે છે. તેમાં વચનયોગઅને મનોયોગનો સર્વથા નિરોધ થઇ જતાં માત્ર શ્વાસોચ્છ્વાસ રૂપ સૂક્ષ્મ કાયયોગ બાકી રહે ત્યારે આ ધ્યાન હોય છે.

યોગ નિરોધ તેરમાં ગુણઠાણાને અંતે [અંતિમ અંતર્મુહૂર્તમાં] થાય છે. માટે આ ધ્યાન તેરમા ગુણઠાણાના અંતે હોય છે. તેમ સમજી લેવું.

૨-તેરમે ગુણઠાણે મન,વચન યોગ રુંધ્યા બાદ કાયયોગ રૂંધતી વખતે સૂક્ષ્મ કાયયોગી કેવલીને સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતી નામનું ત્રીજું શુકલ ધ્યાન હોય છે. અર્થાત્ આ ધ્યાનમાં સૂક્ષ્મ કાય યોગ રૂપ ક્રિયા હોય છે. આ ધ્યાન પાછું પાડનારું ન હોવાથી અને સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી કહ્યું છે.

૩-જે ધ્યાનમાં કાયા સંબંધિ સૂક્ષ્મ ક્રિયા વર્તે છે. અને જે અટકતી નથી તે સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતી નામક ત્રીજું શુકલ ધ્યાન છે. આ ધ્યાનમાં ક્ષણે ક્ષણે પરિણામ વર્ધ્ધમાન હોય છે, પણ હીયમાન હોતા નથી.

આ ધ્યાન નિર્વાણ ગમણ કાળે કેવળીઓને હોય છે, કે જેમણે વગ્યોગ અને મનો યોગ પૂરા રોકેલ હોય છે. જયારે કાય યોગ અર્ધો રોકેલો હોય છે. કેમ કે કહ્યું છે કે-

''નિર્વાણ ગમન કાળે અર્ધકાય યોગ જેણે રુંધ્યો હોય છે. એવા સૂક્ષ્મ કાયની ક્રિયાવાળા કેવળીને સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતી નામનું ત્રીજું શુકલ ધ્યાન હોય છે.

**[૪]વ્યુપરત ક્રિયા નિવૃત્તિઃ-**

૧- વ્યુપરત ક્રિયા નિવૃત્તિ શબ્દમાં વ્યુપરત ક્રિયા, અનિવૃત્તિ એ બે શબ્દો છે.

-જેમાં ક્રિયા સર્વથા અટકી ગઇ છે તે વ્યુપરત ક્રિયા .

-જેમાં પતન નથી તે અનિવૃત્તિ.

-જેમાં મન આદિ ત્રણે યોગોનો સર્વથા નિરોધ થઇ જવાથી કોઇપણ જાતની ક્રિયા નથી, તથા ધ્યાન કરનાર પરિણામ વિશેષનું પતન નથી તે ધ્યાન, વ્યુપરત ક્રિયા નિવૃત્તિ.

આ ભેદે ચૌદમે ગુણઠાણે હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨- જે ધ્યાનમાં યોગ નિરોધ વડે કાયિકી વિગેરે ક્રિયા જેમની સંપૂર્ણ અટકી ગઇ હોય છે. અને જે અનિવૃત્તિ છે, તે ચોથું વ્યુપરત ક્રિયા નિવૃત્તિ નામનું શુકલ ધ્યાન કહેવાય છે.

-આ શુકલ ધ્યાન શૈલેષી અવસ્થાને પ્રાપ્ત થયેલા અને સમસ્ત યોગના નિરોધક એવા કેવળીને હોય છે.

-સિધ્ધત્વ પામ્યા બાદ પણ આ ધ્યાન સ્થિર જ રહે છે. ન્યૂનાધિક થતું નથી તેથી આ ધ્યાનને અનિવૃત્તિ કહ્યું છે.

-આ શુકલ ધ્યાનની નિશ્ચિત ઉત્કૃષ્ટ કોટિ છે. આથી અધિક કાંઇપણ નથી, તેથી આને પરમ શુકલ કહે છે.

-કહ્યું છે કે પર્વત જેવા સ્થિર તથા શૈલશી અવસ્થા ને પ્રાપ્ત થયેલા એવા મહાત્માને વ્યુપરત ક્રિયા નિવૃત્તિ નામનું પરમ શુકલ ધ્યાન હોય છે.

૩- શૈલેશી અવસ્થામાં-ચૌદમા ગુણ સ્થાને અયોગીને સૂક્ષ્મ કાય ક્રિયાનો પણ વિનાશ થાય છે. અને ત્યાંથી પુનઃપડવાનું પણ નથી, માટે તે અવસ્થામાં વ્યુપરત ક્રિયા નિવૃત્તિ નામક ચોથું શુકલ ધ્યાન હોય છે.

આ ચોથું શુકલ ધ્યાન પૂર્વ પ્રયોગથી થાય છે. જેમ દંડ વડે ચક્ર ફેરવી દંડ કાઢી લીધા બાદ પણ ચક્ર ફરતું રહે છે. તેમ આ ધ્યાન વિશે પણ જાણવું.

✤ **વિશેષઃ-**

✡ શુકલ ધ્યાનના ચાર ભેદમાં પેલા બે શુકલ ધ્યાન છદ્મસ્થને, અને છેલ્લા બે શુકલ ધ્યાન કેવળી ભગવંતને હોય છે. [જુઓ સૂત્રઃ ૯:૩૯ અને સૂત્રઃ ૯:૪૦]

✡ પહેલા ત્રણ ધ્યાન સયોગીને અને છેલ્લું ધ્યાન અયોગી હોય છે. [જુઓ સૂત્ર ૯:૪૨]

✡ આ ચારે ધ્યાનનો પ્રત્યેક કાલ અંતર્મુહૂર્ત પ્રમાણનો હોય છે.

✡ છદ્મસ્થ ધ્યાન યોગની એકાગ્રતા રૂપ છે અને કૈવલિક ધ્યાન યોગ નિરોધ રૂપ છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-** सुक्केझाणे चउव्विहे पण्णत्ते, तं जहा पुहुत्तवितक्केसविचारी एगत्तवितक्के अवियारि सुहुमकिरिते अणियट्टि समुच्छिन्नकिरिए अप्पजीवाती ✤ **भग० श.२५,उ.७,सू.८०२-४**

✡ **तत्वार्थ संदर्भः-**

(१)तत्त्रैक काययोगायोगानाम्-सूत्र-९:४

(२)एकाश्रये अवितर्के पूर्वेसूत्र-९:४३

(३)अविचारं द्वितीयम्-सूत्र-९:४४

(४)वितर्कः श्रूत-सूत्र-९:४५

(५)विचारोऽर्थव्यञ्जनयोगसंक्रान्ति-सूत्र-९:४६

✡ **અન્ય ગ્રન્થ સંદર્ભઃ-**

(૧)કાળલોક પ્રકાશ-સર્ગઃ૩૦ શ્લોક ૪૮૧ થી ૫૦૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨)નવતત્વ ગાથા:૩૬ વિવરણ
(૩)પાક્ષિક સૂત્રવૃત્તિ

❑ [9]પદ્યઃ-

(૧) પ્રથમ શુકલ ધ્યાન સારું નામથી હું વર્ણવું
પૃથકત્વ શબ્દ વિર્તક સાથે સવિચાર જ જોડવું
એકત્વ શબ્દ વિતર્ક યોગે અવિચારજ જાણવું
એમ શુકલના બે ભેદ સ્થિર થઇ આત્મતત્વ પિછાણવું
સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતી નામે ભેદ સાંભળો
વ્યુપરત ક્રિયા નિવૃત્તિને નામથી ચોથી ગણો.

(૨) પૃથકત્વએકત્વ વિર્તક સંગે
સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી અંગે
ક્રિયા નિવૃત્તિ સમુચ્છિન્ન ત્યારે
એ શુકલ ધ્યાન સ્વ પ્રકાર ચારે

❑ [10]નિષ્કર્ષઃ-અહીં સૂત્રકાર મહર્ષિ શુકલ ધ્યાનના ચાર ભેદોને જણાવે છે. જે સમજવા અઘરા લાગે તેવા છે. તો તેનો અમલ કે આચરણમાં મુકવાનું તો કેટલું વધુ મુશ્કેલ હોય તે સ્વાભાવિક છે. તો પણ આત્મ વિકાસની ઉચ્ચતમ કક્ષાને સિધ્ધ કરવા કે હાંસલ કરવા માટે અભ્યંતર તપ રૂપ આ ધ્યાન તપ સુધી પહોચ્યા વિના બીજો કોઇ વિકલ્પ જ નથી.

પહેલા વિચારો યુકત ધ્યાન, પછી વિચાર રહિત ધ્યાન, પછી સૂક્ષ્મક્રિયા રૂપ અને છેલ્લે સર્વથા વ્યુપરત-ક્રિયારહિત પણું એ રીતે કેવી સુંદર સંકલના કરી છે. આત્મા પ્રથમ વિચારો વિકલ્પો છોડે, પછી સૂક્ષ્મ ક્રિયામાં પ્રવેશે અને છેલ્લે સૂક્ષ્મ ક્રિયાનો પણ ત્યાગ કરી નિશ્ચલ બની જાય છે. આ નિશ્ચલ પણું તે જ મોક્ષ. એ મોક્ષનું સાધન તે અભ્યંતર ધ્યાન તપ.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાયઃ૯-સૂત્રઃ૪૨

❑ [1]સૂત્રહેતુઃ- ધ્યાના "યોગની વિચારણા ને જણાવવા માટે સૂત્રની રચના થઇ છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-**तत्र्यैककाययोगायायोगानाम्**

❑ [3]સૂત્રઃપૃથક્‌ઃ-तत् - त्रि - एक - काययोग - अयोगानाम्

❑ [4]સૂત્રસારઃ-**તે [શુકલધ્યાન અનુક્રમે] ત્રણ યોગવાળા, કોઇપણ એક યોગવાળા, કાયયોગવાળા અને યોગ વિનાનાને હોય છે.**

**[અહીં અનુક્રમ શબ્દથી શુકલ ધ્યાન ના ચાર ભેદ સાથે પ્રત્યેક યોગનો સંબંધ જોડવાનો છે.]**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**तत्**-તે શુકલ ધ્યાન
**त्रि**-ત્રણ [યોગ]
**एक**-કોઇપણ એક યોગ
**काययोग**-કાયયોગ
**अयोगानाम्**-અયોગીઓને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❒ **[6]અનુવૃત્તિઃ**- पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रिया निवृत्तीनि

❒ **[7]અભિનવટીકાઃ**-સૂત્રકાર મહર્ષિ આ સૂત્ર થકી યોગ નાસ્વામી ઓને જણાવે છે. તે આ રીતે છે.

**(૧)પૃથકત્વ વિતર્ક સવિચારઃ**- પહેલા પ્રકારનું શુકલ ધ્યાન મન,વચન,કાયા એ ત્રણે યોગવાળાને હોય છે.

**(૨)એકત્વ વિતર્ક અવિચારઃ**- બીજા પ્રકારનું શુકલ ધ્યાન મન- કે- વચન- કે-કાયા એ ત્રણે માંથી કોઇ પણ એકજ યોગવાળાને હોય છે.

**(૩)સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિઃ**- ત્રીજા પ્રકારના શુકલ ધ્યાન ના સ્વામી ફકત કાયયોગ વાળા જીવોને જ કહ્યા છે.

**(૪)વ્યુપરત ક્રિયા નિવૃત્તિઃ**- ચોથા પ્રકારના શુકલ ધ્યાનના સ્વામી અયોગી એટલે કે યોગ વ્યાપાર રહિત જીવો જ હોય છે.

**આ રીતે** -શુકલ ધ્યાન ના પ્રથમ ભેદમાં ત્રણે યોગોનો વ્યાપાર,બીજા ભેદમાં ત્રણમાંથી કોઇપણ એકયોગનો વ્યાપાર,ત્રીજા ભેદમાં ફકત કાયયોગનો વ્યાપાર અને ચોથામાં યોગ વ્યાપારનો સર્વથા અભાવ જ હોય છે.

❒ **[8]સંદર્ભઃ**-

✡ **આગમ સંદર્ભઃ**-

अथ शुक्लमाह...मन:प्रभृतिनां योगानाम्- ✤ **स्था०४,उ.१,सू.२४७-१** ની અભયદેવ સૂરિકૃત વૃત્તિમાં આ પાઠ છે. જુઓ આગમોદય સમિતિ પ્રકાશીત પ્રતનું પૃષ્ઠ-૧૯૦

निर्वाणगमणकाले केवलिनो निरुद्ध मनोवाग्ययोगस्यार्द्ध निरुद्ध काययोगस्यैतद् (शुक्ल ध्यान) ✤ **स्था०४,उ.१,सू.२४७-१** તેની અભયદેવ સૂરિકૃત્-વૃત્તિ, આગમોદય સમિતિ પ્રત્ત -પૃ-૧૯૧

शैलेषीकरणं निरुद्ध योगत्वेन यस्मिंस्तत्तथा....झाणं...सुक्कं ✤ **स्था०४,उ.१,सू.२४७-१** અભયદેવ સૂરિકૃત્-વૃત્તિ પ્રતનું પૃષ્ઠ ૧૯૧

✡ **તત્વાર્થ સંદર્ભઃ**- पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाऽप्रतिपाति व्युपरतक्रियानिवृतीनि-

✡ **અન્ય ગ્રન્થ સંદર્ભઃ**-

(૧)કાળલોક પ્રકાશ-સર્ગઃ૩૦,શ્લોક-૪૯૮,૪૯૯

(૨)નવતત્વ ગાથા-૩૬ વિવરણ

❒ **[9]પદ્યઃ**-

(૧) એમ ચાર ભેદો યોગત્રિકે એક યોગે વર્તતા
કાયયોગી વળી અયોગી અનુક્રમે તે સાધતા

(૨) પૃથકત્વ ને એકત્વ વિતર્ક અગિયાર બારમા ગુણસ્થાને
સવિચાર નિર્વિચાર રૂપે બે અપૂર્વધરમાં અપવાદે
યોગ હિસાબે પ્રથમ શુકલ છે. ત્રિયોગ વાળાને જાણો
ત્રિયોગમાંથી એક હોય ત્યાં બીજા ભેદના સ્વામી ગણો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ [10]નિષ્કર્ષઃ-વર્તમાનકાળમાં જે યોગની વાતો ચાલે છે તેઓને માટે આ આદર્શરૂપ સૂત્ર જણાય છે. કેમ કે યોગ માત્ર મન-વચન-કાયાનો જ ગણેલ છે. જેમાં વિશેષતા એ છે કે આત્મા જેમ જેમ અધ્યાત્મના પથ ઉપર આગળ વધે તેમ તેમ તેના યોગ ઘટતા જાય છે. અને આત્માની સર્વોચ્ચ વિકાસ કક્ષા એ અયોગી અવસ્થા જ હોય છે. અર્થાત્ ચોથા શુક્લ ધ્યાનથી તો આત્માને એક પણ યોગ રહેતો નથી.

આ રીતે યોગનું સ્વરૂપ સમજી યોગ નિરોધ થકી અયોગી અવસ્થાને પામવું એ જ નિષ્કર્ષ.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

# અધ્યાયઃ૯-સૂત્રઃ૪૩

❑ [1]સૂત્રહેતુઃ- શુકલ ધ્યાન ના પ્રથમ બે ભેદોને આશ્રીને રહેલી વિશેષતા કહે છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-*एकाश्रयेसवितर्के पूर्वे

❑ [3]સૂત્રઃપૃથક્ઃ-સ્પષ્ટ પૃથક્ જ છે.

❑ [4]સૂત્રસારઃ- [શુકલધ્યાન ના] **પૂર્વના બે ભેદો એક આશ્રય વાળા અને સવિતર્ક છે.**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**एकाश्रय**-કોઇ એક આલંબન સહિત

**सवितर्क**-શ્રુતસહિત **पूर्वे**-પૂર્વના બે [શુક્લ ધ્યાન]

❑ [6]અનુવૃત્તિઃ-

(૧)पृथक्त्वैकत्ववितर्क॰ सूत्र.९:४१

(૨)शुक्ले चाद्ये-सूत्र. ९:३९ थी शुक्ल

(૩)उत्तमसंहननस्यै॰ सूत्र. ९:२७ ध्यान

❑ [7]અભિનવટીકાઃ-આ સૂત્રમાં શુકલ ધ્યાનના પહેલા બીજા ભેદને આશ્રીને એક મહત્વનું લક્ષણ જણાવાયેલું છે. અને તે લક્ષણ છે. एकाश्रय-सवितर्क જો કે પૂર્વસૂત્રઃ૪૧ ની વ્યાખ્યા કરતી વખતે આ બંને પદોના અર્થો ત્યાં જણાવેલા છે. તો પણ અહીં સૂત્રને આશ્રીને સ્વતંત્રરૂપે વ્યાખ્યા કરેલી છે.

✤ **एकाश्रये:-**

✡ આત્મા કે પરમાણું આદિ કોઇ આલંબન તે એકાશ્રય.

✡ જીવ કે અજીવ દ્રવ્ય આશ્રયી હોવાથી એકાશ્રયી કહેવાય છે.

✡ पूर्वविदारभ्ये मतिगर्भश्रुतप्रधानव्यापारात् च एकाश्रयतापरमाणु द्रव्यम् एकम् आलम्ब्य आत्मादि द्रव्यं वा ।

✤ **सवितर्के:-**

✡ સવિર્તક એટલે વિર્તક સહિત.

✡ વિર્તક એટલે શ્રુત - [જુઓ -સૂત્રઃ૯-૪૪]

*દિગમ્બર આમ્નાયમાં एकाश्रये सवितर्कवीचारे पूर्वे એ પ્રકારની સૂત્ર રચના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ પૂર્વગત શ્રુતના આધાર વાળું તે સવિતર્ક.

✡ सहवितर्केण सवितर्क पूर्वगतश्रुतानुसारिणीत्यर्थः

✤ **पूर्वे**-પૂર્વના બે ભેદો- બેની સંખ્યા દર્શાવવા જ દ્વિવચન મુકેલ છે.

અહીં શુકલ ધ્યાન ની અનુવૃત્તિ ચાલે છે. તેથી શુકલ ધ્યાન ના પ્રથમ બે ભેદો એ અર્થ સ્પષ્ટ છે. જેની વિગત સૂત્ર ૯:૪૧ માં આવી ગઇ છે. તે મુજબ (૧)પૃથકત્વ વિર્તક (૨)એકત્વ વિર્તક - આ બંને ભેદો -એકાશ્રય અને સવિર્તક હોય છે.

✤ **સંકલિત અર્થ:-**

-શુકલ ધ્યાન પ્રારંભના બે ભેદોમાં આત્મા કે પરમાણુ આદિ કોઇ એક દ્રવ્યનું આલંબન હોય છે. અર્થાત્ કોઇ એક દ્રવ્ય સંબંધિ ધ્યાન કરવામાં આવે છે. તથા પૂર્વગત શ્રુતનો આધાર હોય છે અર્થાત્ પૂર્વગત શ્રુતના આધારે આ ધ્યાન કરવામાં આવે છે.

❒ **[8]સંદર્ભ:-**

**આગમ સંદર્ભ:-** पुव्वगय सुयालंबणमेगत्त वियक्कम्-✤ **स्था.स्था.४,उ.१,सू.२४७-१** અભયદેવ સૂરિકૃત વૃત્તિ,આગમોદય સમિતિ પ્રકાશીત પ્રતનું પૃષ્ઠ-૧૯૦

✡ **તત્વાર્થ સંદર્ભ:-**

(૧)पृथक्त्वैकत्ववितर्क॰ સૂત્ર ૯:૪૧

(૨)वितर्कःश्रुतम्-સૂત્ર ૯:૪૫

❒ **[9]પદ્ય:-**

(૧) આશ્રય એક છે વિર્તકિ પૂર્વધર બે આદરે
સવિચાર પ્રથમ કહ્યું અવિચાર બીજું સાંભરે
ઉપરોકત પદ્ય સૂત્ર ૯:૪૩,૯:૪૪ નું સંયુકત છે.

(૨) આ સૂત્રનું બીજું પદ્ય આ પૂર્વેના સૂત્ર ૯:૪૨ માં કહેવાયું છે.

❒ **[10]નિષ્કર્ષ:-**આ સૂત્ર થકી મૂળતો પૂર્વસૂત્ર:૪૧માં કહેવાયેલા પહેલા બે ભેદની વિશેષ વ્યાખ્યાજ જણાવવામાં આવી છે. અર્થાત્ પૂર્વસૂત્રની સ્પષ્ટતા કરવામાટે જ આ બે લક્ષણો કહેવાયા હોવાથી તત્સમ્બન્ધે કોઇ વિશેષ નિષ્કર્ષ કે તારણ અહીં કાઢવાનું રહેતું નથી.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

# અધ્યાય:૯-સૂત્ર:૪૪

❒ **[1]સૂત્રહેતુ:-** શુકલ ધ્યાન ના પહેલા અને બીજા ભેદો વચ્ચે નો મહત્વનો તફાવત જણાવવા, બીજા ભેદની વિશેષતા કહે છે.

❒ **[2]સૂત્ર:મૂળ:-अविचारं द्वितीयम्**

❒ **[3]સૂત્ર:પૃથક્:-**સ્પષ્ટ પૃથક્ જ છે.

❒ **[4]સૂત્રસાર:-** **[શુકલધ્યાન નો] બીજા ભેદ अविचार -વિચાર થી રહિત છે. [આથી પ્રથમ ભેદ-સવિચાર- વિચાર સહિત છે.]**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❐ [5]શબ્દજ્ઞાનઃ-

**अविचारं**-વિચાર થી રહિત **द्वितीयम्**-(શુકલ ધ્યાનનો ) બીજો ભેદ

❐ [6]અનુવૃત્તિઃ-

(૧)पृथक्त्वैकत्ववितर्क० સૂત્ર ૯:૪૧

(૨)एकाश्रये सवितर्के पूर्वे-સૂત્ર ૯:૪૩

❐ [7]અભિનવટીકાઃ-સૂત્રકાર મહર્ષિ એ આ સૂત્રમાં માત્ર એટલું જ કથન કર્યુ છે કે ''બીજું અવિચાર'' છે.

અહીં શુક્લ ધ્યાનનું પ્રકરણ ચાલે છે. તેના ચારભેદો પૂર્વે જણાવ્યા. તેની અનુવૃત્તિ ચાલે છે. તદુપરાંત પહેલા બે ભેદની વિશેષતા જણાવતુ एकाश्रये सवितर्केસૂત્ર પણ આ પૂર્વે કહ્યું છે. ત્યાર પછી અનુસંધાને આ સૂત્રમાં શુક્લ ધ્યાનના બીજા ભેદોનું લક્ષણ કહ્યું. તેને આધારે સંકલિત અર્થ આ રીતે થઇ શકેઃ-

(૧)શુકલ ધ્યાન નો પ્રથમ ભેદ એકાશ્રય-પૃથક્ત્વ-સવિર્તક -સવિચાર કહ્યો.

(૨)શુકલ ધ્યાન નો બીજો ભેદ એકાશ્રય-એકત્વ-સવિર્તક અવિચાર કહ્યો.

-આ રીતે એકાશ્રય અને સવિર્તક પણું બંનેમાં સમાન છે.

-જયારે પૃથક્ત્વ અને વિચાર સંબંધે બંનેમાં ભેદ છે.

-પહેલો ભેદ -પૃથક્ત્વ અને સવિચાર છે.

-બીજો ભેદ એકત્વ અને અવિચાર છે.

✤ **વિચાર એટલે શું?**

✡ દ્રવ્ય અને પર્યાય, શબ્દ અને અર્થ, મન-વચન-કાયના યોગોનું પરસ્પર સંક્રમણ કે પરાવર્તન તે વિચાર.

✡ વિચાર એટલે કે સંક્રમ. જેમ કે કોઇ એક પૂર્વધર પૂર્વગત શ્રુતને આધારે ધ્યાન-એકાગ્ર ચિન્તાનિરોધ-કરતા હોય ત્યારે કોઇ એક દ્રવ્યરૂપ અર્થ ઉપરથી બીજા દ્રવ્યરૂપ અર્થ ઉપર, કોઇ એક દ્રવ્ય ઉપરથી પર્યાય રૂપ અન્ય અર્થ ઉપર, એક પર્યાયરૂપ અર્થ ઉપરથી બીજા પર્યાયરૂપ અર્થ ઉપર ચિંતન માટે પ્રવૃત્ત થાય તેને 'વિચાર' કહે છે.

આ જ રીતે શબ્દ થી અર્થ ઉપર કે અર્થ થી શબ્દ ઉપર ચિંતન કરવું, મન-વચન-કાયાદિ યોગમાં એક ઉપરથી અન્ય યોગ ઉપર અવલંબવું તે सविचार કહેવાય છે.

અને જો આ રીતે ન વિચારતા શબ્દ કે અર્થમાંથી કોઇએક, યોગમાંથી કોઇ એક અને દ્રવ્ય-પર્યાય માંથી કોઇ એક ઉપરજ ચિંતન કરે અને વિચારોનું સંક્રમણ ન થાય તો તેને अविचार કહે છે.

-અહીં વિચારનો આપણો પરિચિત અર્થ વિચારવું એવો નથી કર્યો, પણ ''વિશેષે કરીને ચાર'' એક સ્થિતિમાંથી બીજી સ્થિતિ માં ચાલવું એપ્રમાણે કરેલો છે. જેની સ્પષ્ટ વ્યાખ્યા સૂત્ર ૯:૪૭માં અપાયેલી છે. विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः ९:४६

✤ પ્રશ્નઃ-પ્રથમ ભેદને કેમ सविचार કહ્યો ?

✡ શુકલ ધ્યાન પૂર્વના બે ભેદની અનુવૃત્તિ છે. જેમાં બીજા ભેદ अविचार છે. એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવાથી પ્રથમભેદ સવિચાર છે તે અર્થાપત્તિથી સિધ્ધ થાય છે.

✤ નોંધઃ- સિધ્ધસેનીય ટીકા [હિરાલાલ રસિકલાલ સંપાદિત] માં આ સૂત્ર નોંધેલ નથી. તેના ભાષ્ય અને વૃત્તિને एकाश्रयेसवितर्केपूर्वे માં સમાવેલ છે.

❒ [8]સંદર્ભઃ-

✡ આગમ સંદર્ભઃ- अवियारमत्थ वंजणजोगंतरओ तयं बीइयं सुक्कं

✤ स्था०४,उ.१,सू.२४७-१-તેની અભયદેવસૂરિ કૃત વૃત્તિમાં આ પાઠ છે. જુઓ આગમોદય સમિતિ પ્રકાશીત પ્રતનું પૃષ્ઠ-૧૯૦

તત્વાર્થ સંદર્ભઃ-

(૧)विचारोऽर्थव्यञ्जनयोगसंक्रान्तिः સૂત્ર ૯:૪૬

(૨)पृथक्त्वैकत्ववितर्क० સૂત્ર ૯:૪૧

❒ [9]પદ્યઃ

૧- સૂત્ર ૯:૪૪, ૯::૪૫ નું સંયુકત પદ્ય
વિર્તક શબ્દે શ્રુત ભણવું કરું હું વિચારણા
અર્થ વ્યંજન યોગ સાથે વિચારની તે ધારણા

૨- આ સૂત્રનું બીજું પદ્ય પૂર્વ સૂત્ર ૯:૪૨માં કહેવાઇ ગયું છે

❒ [10]નિષ્કર્ષઃ- શુકલ ધ્યાન ના પ્રથમ ભેદમાં વિચારોનો સંક્રમ હોવાથી તેમાં વિચારોનું પરિવર્તન થાય છે પણ બીજો ભેદ વિશેષ શુધ્ધ હોવાથી તેમાં વિચારોનો સંક્રમ થતો નથી. અર્થાત્ આત્માની જેમ જેમ શુધ્ધિ થાય તેમ તેમ તેના વિચારોમાં સ્થિરતા વધતી જાય છે. પરિણામે વિચારોને સ્થિર કરતા જવું તે આત્માના વિકાસનો એક ઉપાય છે તેમ સમજી મનોયોગમાં સ્થિરતા આણવી.

❒ ❒ ❒ ❒ ❒ ❒ ❒

## અધ્યાયઃ૯-સૂત્રઃ૪૫

❒ [1]સૂત્રહેતુઃ- સૂત્રઃ૪૧ તથા સૂત્રઃ૪૩ માં આવતા શબ્દના અર્થને જણાવવા

❒ [2]સૂત્રઃમૂળઃ-वितर्कः श्रुतम्

❒ [3]સૂત્રઃપૃથક્ઃ-સ્પષ્ટ પૃથક્ જ છે.

❒ [4]સૂત્રસારઃ-વિતર્ક એટલે શ્રુત.

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**वितर्क**-વિકલ્પ,શ્રુત **श्रुत** -શ્રુતજ્ઞાન, પૂર્વગત શ્રુત

❒ [6]અનુવૃત્તિઃ-કોઇ સ્પષ્ટ અનુવૃત્તિ આ સૂત્રમાં આવતી નથી.

❒ [7]અભિનવટીકાઃ-પૂર્વે સૂત્રઃ૪૧ તથા સૂત્રઃ૪૩ માં પ્રયોજાયેલवितर्क શબ્દની વ્યાખ્યા કે અર્થ જણાવવાને માટે જ આ સૂત્રની રચના થયેલી છે. જો કે સૂત્રમાં તો वितर्क એટલે श्रुत એટલો જ અર્થ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ यथोक्तं श्रुतज्ञानं वितर्को भवति ।-**સ્વોપજ્ઞ ભાષ્ય**

✡વિતર્ક એટલે વિકલ્પ-ચિંતન वितर्क्यते જેનાવડે પદાર્થોની આલોચના થાય તે વિતર્ક. અથવા તેને અનુસરતું જે શ્રુત, તેને પણ વિકલ્પ કહે છે.

✡ જેમાંથી તર્ક ચાલ્યો ગયો છે તે વિતર્ક અથવા સંશય વિપરીત એવું જે શ્રુતજ્ઞાન તે વિતર્ક આ જ સત્ય છે એવો જે અવિચલિત સ્વભાવ

✡ यथोक्तं-એટલે પૂર્વગત શ્રુત જ બીજું એક પણ નહીં. શ્રુતજ્ઞાન કે આપ્ત વચન ને વિતર્ક કહેવાય છે.

✡ જોકે વિતર્કનો અર્થ વિકલ્પ કે ચિંતન થાય છે. અહીં વિતર્ક-વિકલ્પ પૂર્વગત શ્રુતના આધારે વિવિધ નયના અનુસારે કરવાનો હોવાથી તે વિકલ્પ માં પૂર્વગત શ્રુતનું આલંબન લેવું પડતું હોવાથી ઉપચારથી વિતર્કનો અર્થ શ્રુત કરવામાં આવ્યો છે આ શ્રુત શબ્દથી પૂર્વગત શ્રુત લેવું.

✡ वितर्को विकल्पः पूर्वगतश्रुतालम्बनो नानानयानुसरण लक्षणोयस्मिंस्तत्तथा पूज्यैस्तु वितर्कः श्रुतालम्बनतयाश्रुतमिति उपचारात् अधीतः- **સ્થાનાંગ-પદઃ૪ સૂત્રઃ૨૪૭**

✡ પ્રથમ અધ્યાયમાં સૂત્ર ૧:૨૦ द्र्यनेकद्वादशविधं श्रुतम् એ પદો થકી દ્વાદશાંગી આદિરૂપ શ્રુતજ્ઞાન સ્વરૂપ બતાવેલ છે. તે શ્રુતજ્ઞાન -એટલે કે પૂર્વોનું જ્ઞાન અહીં સમજવાનું છે. અર્થાત્ અહીં वितर्कશબ્દથી વિશિષ્ટ પ્રકારનું શ્રુત સમજવાનું છે.

અહીં એમ પણ કહી શકાય કે શુક્લ ધ્યાન માં ઉપયોગી શ્રુતને માટે ધ્યાન શાસ્ત્રમાં वितर्क એ પારિભાષિક શબ્દ છે. તેથી તેની વ્યાખ્યા પણ વિશિષ્ટ અર્થ ધરાવતી હોય તે સ્વાભાવિક છે.

❒ **[8]સંદર્ભ:-**

✡ **આગમ સંદર્ભ:-** एक द्रव्याश्रितानाम् उत्पादादि पर्यायेण भेदेन पृथुत्वेन वा विस्तीर्णभावेन इति अन्ये वितर्कः पूर्वगत श्रुतालम्बनः ✤ **સ્થા.૪,ઉ.૧,સૂ.૨૪૭-૧**-ની અભયદેવ સૂરિકૃત વૃત્તિ જુઓ આગમોદય સમિતિ પ્રકાશીત પ્રતનું પૃષ્ઠ-૧૯૦

✡ **તત્વાર્થ સંદર્ભ:-**

(૧)पृथक्त्वैकत्ववितर्क॰-સૂત્ર ૯:૪૧

(૨)एकाश्रये सवितर्के॰સૂત્ર ૯:૪૩

(૩)श्रुतमतिपूर्वं द्वयनेकद्वादशभेदम्- સૂત્ર૧:૨૦

✡ **અન્યગ્રન્થ સંદર્ભ:-**

(૧)નતતત્વ ગાથા -૩૬ વિવરણ

(૨)પાક્ષિક સૂત્ર વૃત્તિ

❒ **[9]પદ્ય:-**

(૧) આ સૂત્રનું પ્રથમ પદ્ય પૂર્વસૂત્ર ૪૪ માં કહવાઇ ગયું છે.

(૨) સૂત્ર ૪૫ તથા સૂત્રઃ૪૬નું સંયુકત પદ્ય
અર્થ વ્યંજન ને યોગ ત્રણે સંક્રાંત થાય તે
તે કહેવાય વિચાર શ્રુત વિતર્ક એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ [10]નિષ્કર્ષઃ-વિતર્ક શબ્દનો અર્થ શ્રુત-શ્રુતજ્ઞાન કે પૂર્વગત શ્રુત એવો કરેલો છે. વળી શુકલ ધ્યાનના પ્રથમ ભેદ ના સ્વામી સંબંધિ કથનમાં ''પૂર્વગત શ્રુત'' અર્થાનુસાર જ વ્યાખ્યા કરાઇ છે. એનો અર્થ એ કે શુકલ ધ્યાનના પ્રથમ બંને ભેદોમાં શ્રુતજ્ઞાન નિતાન્ત આવશ્યક છે. આટલી વાતનો નિષ્કર્ષ એ કે જો અભ્યંતર તપ રૂપ ધ્યાન તપમાં આગળ વધવું હોય તો તેના આરંભના તબક્કે શ્રુતજ્ઞાન જરૂરી છે. તેથી મોક્ષના ઇચ્છુક અભ્યંતરતપસ્વીઓએ શ્રુતજ્ઞાન માટે સમ્યક્ પુરુષાર્થ કરવો જોઇએ.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

# અધ્યાયઃ૯-સૂત્રઃ૪૬

❑ [1]સૂત્રહેતુઃ- પૂર્વે સૂત્રઃ૪૪ માં अविचार શબ્દ હતો અહીં વ્યાખ્યા કરાઇ છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-**विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्ति:**

❑ [3]સૂત્રઃપૃથક્ઃ-विचार: अर्थ - व्यञ्जन योग सङ्क्रान्ति:

❑ [4]સૂત્રસારઃ-**વિચાર એટલે અર્થ, વ્યંજન અને યોગની સંક્રાન્તિ**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**विचार**-અર્થ,વ્યંજન યોગની સંક્રાન્તિ.

**अर्थ**-દ્રવ્ય કે પર્યાય **व्यञ्जन** -અર્થ-શબ્દ

**योग**-મન,વચન,કાયા **सङ्क्रान्ति**-પરાવર્તન

[6]અનુવૃત્તિઃ-કોઇ સ્પષ્ટ અનુવૃત્તિ અહીં આવતી નથી.

[7]અભિનવટીકાઃ-

(૧)अर्थ એટલે ધ્યેય, દ્રવ્ય કે પર્યાય.

(૨)व्यञ्जन એટલે ધ્યેય પદાર્થનો અર્થવાચક શબ્દ-શ્રુત વચન.

(૩)योग-મન,,વચન અને કાયાનો વ્યાપાર કે પ્રવૃત્તિ.

(૪)संक्रान्ति:-સંક્રમણ અથવા પરાવર્તન.

✡ કોઇ એક દ્રવ્યનું ધ્યાન કરી તેના પર્યાયનું ધ્યાન કરવું અથવા કોઇ એક પર્યાયના ધ્યાનનો ત્યાગ કરી દ્રવ્યનું ધ્યાન કરવું, એ પ્રમાણે દ્રવ્ય પર્યાયનું પરાવર્તન એ **અર્થ સંક્રાન્તિ છે.**

✡ કોઇ એક શ્રુત વચન ને અવલંબીને ધ્યાન કર્યા પછી અન્ય શ્રુત વચનનું અવલંબન કરીને ધ્યાન કરવું એ **વ્યંજન સંક્રાન્તિ** છે.

✡ કાયયોગનો ત્યાગ કરી વચનયોગનો કે મનોયોગનો સ્વીકાર કરવો ઇત્યાદિ યોગ પરાવર્તન કરીને ધ્યાન કરવું એ **યોગ સંક્રાન્તિ** છે.

**આ પ્રમાણે અર્થ-વ્યંજન-યોગની સંક્રાન્તિ તે વિચાર છે.** આવો વિચાર શુક્લ ધ્યાનના પ્રથમ ભેદમાં હોય છે માટે તેને सविचार ધ્યાન કહે છે. અને શુકલ ધ્યાનના બીજા ભેદમાં આવો વિચાર ન હોવાથી તને अविचारધ્યાન કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❑ [8]સંદર્ભ:-

✡ આગમ સંદર્ભ:-अर्थाद् व्यञ्जने व्यञ्जनादर्थे तथा मन: प्रभृतीनां योगानामन्यतरस्मादन्यतरस्मिन्न....विचार: ✤ स्था० ४,उ.१,सु.२४७-१ તેની અભયદેવ સુરિજી કૃત વૃત્તિમાં આ પાઠ છે.. જુઓ આગમોદય સમિતિપ્રકાશીત પ્રતનું પૃષ્ઠ-૧૯૦

✡ તત્વાર્થ સંદર્ભ:- अविचारं द्वितीयम् -सूत्र. -९-४४

✡ અન્યગ્રન્થ સંદર્ભ:-

(૧)કાળ લોકપ્રકાશ-સર્ગ:૩૦ શ્લોક ૪૮૭-૪૮૮

(૨)પાક્ષિક સૂત્ર વૃત્તિ

❑ [9]પદ્ય:-

(૧) આ સૂત્રનું પ્રથમ પદ્ય પૂર્વસૂત્ર ૪૪ માં કહવાઇ ગયું છે.

(૨) આ સૂત્રનું બીજું પદ્ય પૂર્વ સૂત્રઃ ૪૫ માં કહેવાઇ ગયું છે.

❑ [10]નિષ્કર્ષ:-આ સૂત્ર સંબંધિ વિચારણા આ પૂર્વે સૂત્ર:૪૪ માં પણ થયેલી છે તેથી વિશેષ નિષ્કર્ષ જેવું કશું અહીં નોંધવાની આવશ્યકતા જણાતી નથી.

**તપ વિષયક સૂત્રોને અંતે સ્વોપજ્ઞ ભાષ્ય:-**

तद् अभ्यन्तरं तप: संवरत्वात् अभिनवकर्मोपचय प्रतिषेधकं निर्जरणफलत्वात् कर्मनिर्जरकम्। अभिनव कर्मोपचयप्रतिषेधकत्वात् पूर्वोपचितकर्मनिर्जरकत्वाच्चनिर्वाणप्रापकम् ईति ।

અહીં પ્રાયશ્ચિત આદિ જે છ તપ કહેવાયા, તે સંવર અને નિર્જરા ના કારણ છે. નવીન કર્મોનું રોકવું તે સંવર છે. અને પહેલેથી સંચિત કર્મોનો આંશિક કે આત્યન્તિક ઉચ્છેદ તે નિર્જરા છે આ અભ્યન્તર તપ બંને કાર્યોનો સાધક છે. આ તપ કરવાવાળા ને નવીન કર્મોનો સંચય થતો નથી અને સંચિત કર્મનો આત્માથી સંબંધ છુટી જતા ખરી જાય છે.

આ રીતે નવા કર્મોના આવવાનો પ્રતિષેધ થતા અને સંચિત કર્મોની નિર્જરા થતા નિર્વાણ પ્રાપ્તિપણ સિધ્ધ થાય છે.

આ રીતે અભ્યંતર તપના સાક્ષાત્ ફળને દર્શાવતા સૂત્રકાર મહર્ષિ સ્વોપજ્ઞ ભાષ્યમાં જણાવે છે કે અભ્યંતર તપ ના ફળ ત્રણ પ્રકારે છે.

(૧)સાક્ષાત્ ફળ -સંવર

(૨)ઉત્તર ફળ-નિર્જરા

(૩)પારંપરિક ફળ-નિર્વાણ.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

## અધ્યાય:૯-સૂત્ર:૪૭

❑ [1]સૂત્રહેતુ:-આત્મ વિકાસની વિભિન્ન કક્ષાએ કોને કેટલી નિર્જરા થાય છે તેનો નિર્દેશ આ સૂત્રમાં કરેલ છે.

❑ [2]સૂત્ર:મૂળ:-**सम्यगृदृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशान्तमोहक्षपकक्षीणमोहजिना: क्रमशोऽसंख्येयगुणनिर्जरा:**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❒ [3]સૂત્રઃપૃથક્ઃ-सम्यग्दृष्टि - श्रावक - विरत-अनन्तवियोजक - दर्शनमोहक्षपक - उपशमक - उपशान्तमोह - क्षपक - क्षीणमोह - जिना: क्रमश: असङ्ख्येयगुणनिर्जरा:

❒ [4]**સૂત્રસારઃ- (૧)સમ્યગ્દષ્ટિ(૨)શ્રાવક, (૩)વિરત, (૪)અનંતાનુબંધિ વિયોજક, (૫)દર્શનમોહ ક્ષપક, (૬)મોહોપશમક, (૭)ઉપશાંતમોહ,(૮)મોહક્ષપક, (૯)ક્ષીણમોહ, (૧૦)જિન [આ દશ] અનુક્રમે-પૂર્વ પૂર્વથી અસંખ્યેય ગુણ નિર્જરા-વાળા હોય છે.**

❒ [5]શબ્દજ્ઞાનઃ-

**सयग्दृष्टि**-મિથ્યાદ્રષ્ટિ ટળી સમ્યક્ત્વ પ્રગટે તે

**श्रावक**-દેશથી વિરતિ ધારણ કરનાર **विरत**-સર્વથી વિરતિ ધારણકરનાર

**अनंतवियोजक**-અનંતાનુ બંધી કષાય ક્ષય કર્તા

**दर्शनमोहक्षपक**-દર્શનમોહ ક્ષય કર્તા

**मोहोपशमक**-મોહની શેષ પ્રકૃત્તિ ઉપશમ કર્તા

**उपशान्तमोह**-ઉપશમને પૂરો કરનાર

**मोहक्षपक**-મોહની શેષ પ્રકૃત્તિનો ક્ષય કર્તા

**क्षीणमोह**-મોહની સર્વ પ્રકૃત્તિનો ક્ષયકર્તા

**जिन**-કેવળી,સર્વજ્ઞ. **असङ्ख्येयगुण**-અસંખ્યાત ગણી

**निर्जरा**-પૂર્વ પૂર્વથી અસંખ્યાત ગણી કર્મ નિર્જરા -કર્મનો ક્ષયથવો તે

❒ [6]અનુવૃત્તિઃ- આ સૂત્રમાં કોઇ પૂર્વ અનુવૃત્તિ આવતી નથી.

❒ [7]અભિનવટીકાઃ- આ સૂત્રમાં અભિનવટીકા સ્વરૂપને આશ્રીને બે પ્રકારે સૂત્રને વિભાજીત કરવું પડશે - એકતો અસંખ્યેય ગુણ નિર્જરા-કઇ રીતે અને બીજું આ દશે કક્ષાઓ નું સ્વરૂપ શું?

### ✤ असङ्ख्येयगुणनिर्जरा:-

આ શબ્દ સૂત્રમાં છેલ્લે હોવા છતાં તેની મુદ્દાસર સ્પષ્ટતા કરવા માટે તેમજ સૂત્રના ધ્યેયલક્ષી મહત્વના મુદ્દા તરીકે તેનો ક્રમ બદલી ને પહેલો મુકેલ છે.

✡ સર્વકર્મ બંધનો જે સર્વથા ક્ષય તેને મોક્ષ કહે છે. જો અંશથી કે દેશથી ક્ષય થાય તો તેને નિર્જરા કહીછે.

આ બંને લક્ષણ જોતા એક વાત સ્પષ્ટ બને છે કે નિર્જરા એ મોક્ષનું પૂર્વગામી અંગ છે.

✡ પ્રસ્તુત શાસ્ત્રનું મુખ્ય પ્રતિપાદ્ય તત્વ મોક્ષ છે. પરિણામે તેના અંગભૂત એવી જ નિર્જરાનો વિચાર કરવો તે અહીં વિષયક્ષેત્ર છે.

✡ જો કે સમગ્ર સંસારી આત્માનો કર્મનિર્જરાનો ક્રમ ચાલુ હોય છે છતાં અહીં વિશિષ્ટ આત્મા અથવાતો સમ્યગ્દ્રષ્ટિ જીવોની કર્મ નિર્જરાનો જ વિચાર કરવાનો છે. કેમ કે પૂર્વ કહ્યું તેમ આ શાસ્ત્ર મોક્ષનું શાસ્ત્ર છે. પરિણામે મોક્ષના અંગભૂત એવી નિર્જરાનોજ વિચાર કરવાનો હોવાથી સમ્યક્ત્વ રહિત આત્મા ની કર્મ નિર્જરા સંબંધિ વિચારણા અહીં કરવાની જ નથી.

✡ આ રીતે વિશિષ્ટ આત્માનો અર્થ અહીં મોક્ષાભિમુખ આત્માઓ જ કરવાનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરી મોક્ષાભિમુખતા સમ્યગ્દ્રષ્ટિની પ્રાપ્તિથી શરૂ થાય છે અને જિન અર્થાત્ સર્વજ્ઞ અવસ્થામાં પૂરી થાય છે.

✡ આથી સ્થૂળ દ્રષ્ટિએ આત્મ વિકાસની દશ કક્ષાને અહીં જણાવવામાં આવી છે. અર્થાત્ મોક્ષાભિમુખતાના દશ વિભાગો કરવામાં આવ્યા છે. એમાં પૂર્વ પૂર્વ થી ઉત્તર ઉત્તર વિભાગમાં પરિણામની વિશુધ્ધિ સવિશેષ હોય છે.

✡ પરિણામની વિશુધ્ધિ જેટલી વધારે તેટલી કર્મનિર્જરા પણ વિશેષ થાય છે. તેથી અહીં સૂત્રકાર મહર્ષિએ असङ्ख्येयगुणनिर्जरा શબ્દ પ્રયોજ્યો તેનો અર્થ એ છે કે -સમ્યગ્દ્રષ્ટિ જેટલી નિર્જરા કરે છે તેના કરતા શ્રાવક અસંખ્યેયગુણ નિર્જરા કહે છે, શ્રાવક જેટલી નિર્જરા કરે છે તેનાથી અસંખ્યેયગુણ નિર્જરા વિરત કરે છે. વિરતમુનિ કરતા અસંખ્યેયગુણ નિર્જરા-અનન્ત વિયોજક કરે છે. આ રીતે પૂર્વ પૂર્વકરતા ઉત્તરઉત્તરનીકક્ષાના સમ્યગ્દ્રષ્ટિ જીવો અસંખ્યેયગુણ નિર્જરા કહે છે.

✡ આ રીતે પ્રથમ પ્રથમની અવસ્થામાં જેટલી કર્મ નિર્જરા થાય તેના કરતા ઉપર ઉપરની અવસ્થામાં પરિણામ વિશુધ્ધિની વિશેષતા હોવાથી અસંખ્યેયગુણ નિર્જરા થાય છે. આ રીતે વધતાં વધતાં છેવટે સર્વજ્ઞ અવસ્થામાં નિર્જરાનું પ્રમાણ સૌથી વધારે થાય છે.

✡ કર્મનિર્જરાના પ્રસ્તુત તરતમ ભાવમાં સૌથી ઓછી નિર્જરા સમ્યગ્દ્રષ્ટિની હોય છે. અને અસંખ્યેય ગુણ વધતા-વધતા સૌથી વધુ નિર્જરા સર્વજ્ઞની હોય છે.

**આ રીતે જે કર્મનિર્જરા થાય તે બધાંજીવોને એક સરખી નથી થતી. પણ જીવે જે આત્મવિકાસની કક્ષા હાંસલ કરી હોય, તે કક્ષા અનુસાર કર્મનિર્જરા થાય છે. તેવાત અહીં સ્પષ્ટ થાય છે.**

**✤ આત્મવિકાસની સમ્યગ્દ્રષ્ટિ આદિ દશ કક્ષાઓઃ-**

[૧]**સમ્યગ્દ્રષ્ટિઃ-**

✡ જે અવસ્થામાં મિથ્યાદ્રષ્ટિ ટળી સમ્યક્ત્વ પ્રગટે છે, તે સમ્યગ્દ્રષ્ટિ.

✡ સમ્યગ્દર્શનથી યુકત પણ વિરતિથી રહિત જીવ.

✡ તત્વાર્થશ્રધ્ધાન રૂપ સમ્યગ્દર્શન,તેનાથી જે યુકત તે સમ્યગ્દ્રષ્ટિ, સમ્યગ્દર્શન માત્ર ને ભજનારો તે.

[૨]**શ્રાવકઃ-**

✡ સમ્યગ્દર્શન તથા અણુવ્રતો થી યુકત તે શ્રાવક.

✡ જેમાં અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી અલ્પાંશે વિરતિ અર્થાત્ ત્યાગ પ્રગટે છે તે 'શ્રાવક'.

✡ આચાર્યાદિક ની પર્યુપાસના કરતો અને પ્રવચન સારને સાંભળતો તે શ્રાવક, સાંભળીને સકળ ચારિત્રને ગ્રહણ કરવામાં અક્ષમ એવો તે ગૃહસ્થયોગ્ય અણુવ્રત-ગુણવ્રત-શીક્ષાવ્રત લક્ષણ ધર્મમાં સ્થિર અથવા તો બારવ્રતમાંથી યથા શકિત ધર્મના કોઈ એક દેશના અનુષ્ઠાનને કરતો એવો તે શ્રાવક કહેવાય.

[૩]**વિરતઃ-**

✡ મહાવ્રતો ધારણ કરનાર મુનિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✡ જેમાં પ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી સર્વાશે વિરતિ પ્રગટે છે તે વિરત.

✡ સાધુધર્મ અનુષ્ઠાયી તે વિરતિ, પ્રાણાતિપાતાદિ પાંચેથી જાવજ્જીવને માટે સર્વથા વિરમેલ જીવો.

**[૪]અનંતાનુબંધી-વિયોજનઃ-**

✡ અનંતાનુબંધી ચાર કષાયોનો વર્તમાનમાં ક્ષય કરનાર.

✡ જેમાં અનંતાનુબંધી કષાયોનો ક્ષય કરવા જેટલી વિશુધ્ધિ પ્રગટે છે તે 'અનંત વિયોજક'.

✡ અનંત એવા સંસારનો અનુબંધ કરાવનાર અનન્ત-ક્રોધ વગેરે ચાર તેને જીંતનાર અર્થાત્ તેનો ક્ષય કે ઉપશમ કરનાર તે અનંત વિયોજક કહેવાય. જેને ભાષ્યમાં અનંતાનુબંધી વિયોજક કહ્યો છે.

**[૫]દર્શનમોહક્ષપકઃ-**

✡ દર્શનમોહનો વર્તમાનમાં ક્ષય કરનાર, [અનંતાનુ બંધી ચાર કષાયો, સમ્યક્-મિશ્ર-મિથ્યાત્વ ત્રણ મોહનીય એ સાતે પ્રકૃત્તિઓ દર્શનમોહની પ્રકૃત્તિઓ છે.]

✡ જેમાં દર્શનમોહનો ક્ષય કરવા જેટલી વિશુધ્ધિ પ્રગટે છે તે દર્શન મહોક્ષપક.

✡ દર્શનમોહ એટલે અનંતાનુબંધી ચાર તથા મોહનીય ત્રણ એ સાત દર્શનમોહનો ક્ષપક.

**[૬]મોહોપશમકઃ-**

✡ મોહની પ્રકૃત્તિઓનો વર્તમાનમાં ઉપશમન કરનાર.

✡ જે અવસ્થામાં મોહની શેષ પ્રકૃત્તિઓનો ઉપશમ ચાલતો હોય તે મોહોપશમક.

**[૭]ઉપશાંત મોહઃ-**

✡ જેણે મોહનીય ની સર્વે (૨૮)પ્રકૃત્તિઓનો ઉપશમ કરી દીધો છે તે મોહની શેષ પ્રકૃત્તિઓનો ઉપશમ જેમાં પૂર્ણ થયો હોય તે ઉપશાંત મોહ.

✡ મોહના ૨૮ ભેદ-૧૬ કષાય તથા હાસ્ય,રતિ,અરતિ,ભય,શોક,જુગુપ્સા,ત્રણ વેદ મળીને ૨૫ તથા મોહનીયની ત્રણ પ્રકૃત્તિ મળીને ૨૮ આ ૨૮ ના ઉપશમનથી, ઉપશાંત મોહ કહેવાય છે.

**[૮]મોહક્ષપકઃ-**

✡ મોહની પ્રકૃત્તિઓનો વર્તમાનમાં ક્ષય કરનાર.

✡ જેમાં મોહની શેષ પ્રકૃત્તિઓનો ક્ષય ચાલતો હોય તે ક્ષપક.

**[૯]ક્ષીણમોહઃ-**

✡ જેણે મોહની સઘળી પ્રકૃત્તિઓનો ક્ષય કરી નાખ્યો છે તે

✡ જેમાં મોહનીયની શેષ પ્રકૃત્તિઓનો પણ ક્ષય પૂર્ણ સિધ્ધ થાય તે ક્ષીણમોહ.

✡ क्षपित निरवशेष मोह: क्षीणमोह: ।

**[૧૦]જિનઃ-**

✡ જમણે ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી દીધો છે તે કેવલી.

✡ જેમાં સર્વજ્ઞપણું પ્રગટયું હોય તે જિન.

✡ મોહનીય, જ્ઞાનવરણ,દર્શનાવરણ, અંતરાય કર્મનો આત્યન્તિક છેદ કરે તે જિન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✤ **આત્મ વિકાસની આ દશ કક્ષાનું સંકલિત વિવરણ**

✡ જીવ સર્વપ્રથમ સમ્યકત્વની પ્રાપ્તિનું નિમિત્ત મળવાથી સમ્યગ્દૃષ્ટિ થતા ૧ અસંખ્યેયગુણ કર્મ નિર્જરા વાળો થાય છે.

✡ ફરી તે જ જીવ ચારિત્ર મોહનીય કર્મના એક ભેદ સ્વરૂપ એવી અપ્રત્યાખ્યાનાવરણની ચાર પ્રકૃત્તિના ક્ષયોપશમ નિમિત્તક પરિણામોની પ્રાપ્તિને સમયે વિશુધ્ધિનો પ્રકર્ષ થવાથી શ્રાવક થતા સમ્યગ્દૃષ્ટિ કરતા અસંખ્યેયગુણ કર્મનિર્જરા વાળો થાય છે.

✡ તે જ જીવ પ્રત્યાખ્યાનાવરણના ક્ષયોપશમના નિમિત્ત થકી પરિણામોની વિશુધ્ધિ પૂર્વક વિરતિ સંજ્ઞાને પ્રાપ્ત થઇને શ્રાવક કરતા અસંખ્યેય ગુણ કર્મ નિર્જરાવાળો થાય છે.

✡ તે જ જીવ જયારે અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભની વિસંયોજના કરે છે. ત્યારે પરિણામોની વિશુધ્ધિના પ્રકર્ષ થી, વિરત કરતા અસંખ્યેયગુણ નિર્જરા વાળો થાય છે.

✡ ફરી તે જ જીવ દર્શનમોહનીય ત્રિક રૂપી તૃણ સમુહને ભસ્મસાત્ કરતો પરિણામની વિશુધ્ધિથી અતિશયવશ દર્શન મોહક્ષપક સંજ્ઞાને પ્રાપ્ત કરી, પહેલાથી અસંખ્યેયગુણ નિર્જરા વાળો થાય છે.

✡ આ રીતે તે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ થઇ શ્રેણી પર ચઢવા માટે સન્મુખ થઇ તથા ચારિત્ર મોહનીયના ઉપશમને માટે પ્રયત્ન કરતા વિશુધ્ધિના પ્રકર્ષવશ ઉપશમક સંજ્ઞાનો અનુભવ કરતો દર્શનમોહ ક્ષપક કરતા અસંખ્યેય ગુણ નિર્જરા કરે છે.

✡ ફરી તે જીવ સમસ્ત ચારિત્ર મોહનીય ના ઉપશમનું નિમિત્ત મળે ત્યારે ઉપશાન્ત મોહ સંજ્ઞાને પ્રાપ્ત થઇ, મોહોપશમક કરતા અસંખ્યેય ગુણ નિર્જરા કરે છે.

✡ ફરી તે જ જીવ ચારિત્ર મોહનીયની ક્ષપણાને માટે સન્મુખ થઇ, તથા પરિણામોની વિશુધ્ધિ ની વૃધ્ધિને પ્રાપ્ત થઇ મોહક્ષપક સંજ્ઞા નો અનુભવ કરતો ઉપશાંત મોહ કરતા અસંખ્યેયગુણ નિર્જરાવાળો થાય છે.

✡ ફરી તે જ જીવ સમસ્ત ચારિત્ર મોહનીયની ક્ષપણાના કારણો થી પ્રાપ્તં થયેલ પરિણામોની અભિમુખ થઇને ક્ષીણમોહ સંજ્ઞા ને પ્રાપ્ત કરતો મોહક્ષપક કરતા અસંખ્યેયગુણ નિર્જરાવાળો થાય છે.

✡ ફરી તે જ જીવ શુકલધ્યાન રૂપી અગ્નિ વડે મોહનીય-જ્ઞાનાવરણ-દર્શનાવરણ અને અંતરાય કર્મના નાશ કરીને જિન સંજ્ઞાને પ્રાપ્ત થઇ ક્ષીણમોહ કરતા અસંખ્યેયગુણ નિર્જરા વાળો થાય છે.

✤ **ગુણ સ્થાનક સાથે આ દશ કક્ષાને સબંધઃ-**

ગુણ સ્થાનક ૧૪ કહેવાય છે. અહીં આત્મવિકાસની ૧૦ કક્ષા બતાવી છે. કેમ કેઃ-

(૧)મિથ્યાદ્રષ્ટિ,સાસ્વાદન,મિશ્રદ્રષ્ટિ આ ત્રણે ગુણસ્થાનક ને સૂત્રકાર મહર્ષિ એ સ્પર્શેલ નથી. કેમ કે મોક્ષાભિમુખ એવા જીવોની લાયકાત મુખ્ય-તયા સમ્યક્ત્વ જ હોવાથી તેઓએ સમ્યક્ત્વ થી આરંભ કર્યો જણાય છે. વળી સકામ નિર્જરાની દ્રષ્ટિએ પણ સમ્યકદ્રષ્ટિ પણું અપેક્ષિત હોવાનું જણાય છે

(૨)ચૌદમા-અયોગિ કેવળી ગુણઠાણને સૂત્રકારે લક્ષમાં લીધું નથી કેમકે તેરમા ગુણઠાણા સુધી જ અસંખ્યેયગુણ નિર્જરાનો સંબંધ છે. ચૌદમાં અને છેલ્લા ગુણઠાણે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વકર્મનો ક્ષય થવાથી મોક્ષ થઇ જાય છે. [सर्वकर्मनिर्जरत्वात्]

અર્થાત્ ત્યાં સર્વકર્મ નિર્જરી જ જાય છે. તેથી અસંખ્યેયગુણપણું વિચારવું અસ્થાને છે.

(૩)પાંચમું ગુણઠાણું દેશવિરતિ છે. તેને સૂત્રકાર શ્રાવક કહે છે,છઠ્ઠાગુણઠાણુ પ્રમત્ત સંયત છે, જેને અહીં વિરતિધર-વિરત કહ્યા છે. પછી સાતમા બારમા ગુણ સ્થાનક પર્યન્ત નીકક્ષા અને અહી સૂત્રકાર જણાવેલ આત્મવિકાસની કક્ષા નામ તથા વિવક્ષા ભેદ જણાય છે. છતાં બારમું ગુણ સ્થાનક -ક્ષીણ કષાય અને આત્મવિકાસની કક્ષા ક્ષીણમોહ, બંનેના અર્થમાં ઘણીજ સામ્યતા જોવા મળે છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-** कम्मविसोहिमग्गणं पडुच्च चउदसजीवट्ठाणा पण्णत्ता, तं जहा...अविरयसम्मदिट्ठि विरयाविरए पमत्तसंजए अप्पमत्तसंजए निअट्टीबायरे अनियट्टिबायरे सुहुमसंपराए उवसामए वा खवएवा उवसंतमोहे खीणमोहे संजोगीकेवली..✤ **सम॰१४/५**

**સૂત્રપાઠ સંબંધઃ-** અહીં પૂર્વે ગુણઠાણા તથા આત્મવિકાસની કક્ષા ની તુલના જણાવી તે મુજબ પહેલા ત્રણ અને ચૌદમા ગુણઠાણાને આ સૂત્રમાં જણાવેલ છે. મધ્યના દશમાં વિશિષ્ટ તાત્વિક તફાવત નથી.

✡ **અન્ય ગ્રન્થ સંદર્ભઃ-**

(૧)કર્મગ્રન્થ-બીજો ગાથાઃ૨ -વિવરણ - ચૌદગુણઠાણા

(૨)ગુણ સ્થાનક ક્રમારોહ

❒ **[9]પદ્યઃ-**

(૧) સમકિત ધારી શ્રાવકોને વિરતિને ત્રીજા સુણો
અનંતાનુબંધી વિયોજક સૂત્ર થી ચોથા ભણો
દર્શન મોહે ક્ષપક કહેવા વળી ઉપશમી સાધવા
ઉપશાંત મોહી ક્ષપક ક્ષીણ પછી જિનવરોતે માનવા
એ સ્થાન દશમાં ક્રમથી ચઢતી અસંખ્યેય ગણી નિર્જરા
કરત ધ્યાને વધતમાને ક્ષમા ધારી મુનિવરા

(૨) સમ્યગ્દ્રષ્ટિ ને શ્રાવક વિરત અનંત વિયોજક ચાર થશે
દર્શન મોહ ક્ષપક ઉપશામક ઉપશાંત મોહે જ્ઞાત થશે
ક્ષપક અને ક્ષીણમોહ જિનેશ્વર કુલ્લે એમ દશ કક્ષાઓ
ક્રમે અસંખ્યેય ગુણ વધી નિર્જરા મોક્ષનો મારગ ખરો.

❒ **[10]નિષ્કર્ષઃ-** આ સૂત્રમાં સૂત્રકાર મહર્ષિ આત્મવિકાસની વિભિન્ન કક્ષાએ થતી કર્મ નિર્જરાનો નિર્દેશ કરે છે. જેમાં પ્રત્યેક વધતી જતી વિકાસ કક્ષાએ પૂર્વ-પૂર્વ કરતાં ઉત્તર-ઉત્તર કક્ષામાં અસંખ્યેયગુણ નિર્જરા થતી જાય છે. અર્થાત્ જેમ જેમ આત્મા સ્વવિકાસની એકૈક કક્ષામાં આગળ વધે છે તેમ તેમ તેને થતી નિર્જરા પણ અસંખ્યેયગુણ પ્રમાણ વૃધ્ધિ પામતી જાય છે. તેથી પ્રત્યેક જીવ કે જે મોક્ષાભિમુખ કહ્યો છે. તેને જો કર્મ નિર્જરા કરવી હોય તો કઇ રીતે થાય તેનો રાહ અહીં સૂત્રકાર મહર્ષિએ દેખાડેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે સૂત્રના મર્મને સમજીને પ્રત્યેક જીવ આત્મવિકાસ ની કક્ષા ઉંચે ને ઉંચે લઇ જઇ શકાય તે માટે પુરુષાર્થ કરવો જેથી તેના થકી થતી દેશ નિર્જરા છેવટે સર્વનિર્જરામાં પરીણમે છે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

# અધ્યાયઃ૯-સૂત્રઃ૪૮

❑ [1]સૂત્રહેતુઃ- ચારિત્રની તરતમતાની દ્રષ્ટિએ નિર્ગન્થના ભેદોને આ સૂત્ર થકી જણાવે છે.

❑ [2]સૂત્રઃમૂળઃ-**पुलाकबकुशीलनिर्गन्थस्नातकानिर्ग्रन्था**

❑ [3]સૂત્રઃપૃથક્ઃ-पुलाक - बकुश - कुशील - निर्ग्रन्थ - स्नातका: निर्ग्रन्था:

❑ [4]સૂત્રસારઃ-**પુલાક,બકુશ,કુશીલ,નિર્ગન્થ અને સ્નાતક [એપાંચ પ્રકારના ] નિર્ગ્રન્થો-સાધુઓ છે.**

❑ [5]શબ્દજ્ઞાનઃ-

**पुलाक**-જિનકથિત આગમથી પતિત ન થનાર.

**बकुश**-આચારમાં શિથિલ પણ જિન શાસન પર પ્રીતિર્વત

**कुशील**-સંયમ પાલનમાં પ્રવૃત્ત,પણ ઉત્તરગુણ ન પાળી શકે

**निर्गन्थ**-વિચરતા વિતરાગ છદ્મસ્થ

**स्नातक**-સયોગી કેવળી, શૈલીશી-પ્રતિપન્ન કેવળી

❑ [6]અનુવૃત્તિઃ- કોઇ સૂત્ર અહીં અનુવર્તતુ નથી.

❑ [7]અભિનવટીકાઃ- અહીં નિર્ગ્રન્થ શબ્દ સામાન્ય થી જ લેવાનો છે. વિશેષ થી તો નિર્ગ્રન્થ શબ્દના નિશ્ચય અને વ્યવહારથી ભિન્ન ભિન્ન અર્થો કહેલા છે.

-નિશ્ચયથી -'' જેમાં રાગ દ્વેષની ગાંઠ બિલકુલ ન જ હોય તે નિર્ગ્રન્થ.

-વ્યવહારથી - જે અપૂર્ણ હોવા છતાં ઉકત તાત્વિક નિર્ગન્થપણાનો ઉમેદવાર હોય અર્થાત્ ભવિષ્યમાં એવી સ્થિતિ મેળવવા ઇચ્છતો હોય તે વ્યવહારિક નિર્ગ્રન્થ.

અહીં જે પાંચ ભેદ કહેવાયા છે તેમાં ઉક્ત નિશ્ચય સિધ્ધ કે વ્યવહાર સિધ્ધ ભેદ ન લેતાં સામાન્ય નિર્ગ્રન્થ એટલો જ શબ્દગ્રહણ કરવો - આ રીતે વિધિપૂર્વક ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરેલા સર્વે મુનિઓ નિર્ગ્રન્થો જ કહેવાય છે. નિર્ગ્રન્થ એટલે ગ્રન્થી-ગાંઠ રહિત મુનિઓ એવો અર્થ પણ થાય છે.

આવા નિર્ગ્રન્થોના પાંચ પ્રકાર અહી સૂત્રકારે કહેલા છે. તેનું સ્વરૂપ નીચે મુજબ જણાવી શકાય.

[૧]પુલાક નિર્ગન્થઃ-

✡ મૂળગુણ અને ઉત્તરમાં ગુણ પરિપૂર્ણતા પ્રાપ્ત નકર્યા છતાં વીતરાગ પ્રણીત આગમથી કદી પણ ચલિત ન થાય તે પુલાક નિર્ગન્થ.

✡ પુલાક એટલે નિઃસાર ગર્ભ કે સારથી રહિત ફોતરાં કે છાલ જેમ નિઃસાર હોય છે તેમ જે સાધુ જ્ઞાન,દર્શન અને ચારિત્ર માં અતિચારો લગાડવાથી જ્ઞાન,દર્શન અને ચારિત્ર ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સારથી રહિત બને છે તે પુલાક નિર્ગન્થ

✡ આ સાધુઓ જિન કથિત આગમથી પતિત નહીં થવાવાળા હોવા છતાં સંયમના સારની અપેક્ષાએ-પુલાક એટલે સડેલા દાણાની પેઠે અથવાતો ડાંગરના ફોતરાની પેઠે સંયમને અસાર કરનારા હોય છે. કેમ કે જ્ઞાનાદિકના અતિચાર સહિત લબ્ધિ ફોરવનારા હોય છે. પણ જિનાજ્ઞા પાળવામાં અપ્રમત્ત રહેવાની સાવધાની પુરેપુરી હોય છે.

✡ પુલાક એટલે ફોતરું કંમોદમાંથી ચોખાનો દાણો કાઢી લઈએ અને બાકી ફોતરું રહે , તેનું નામ પુલાક કહેવાય છે. એ રીતે બીજા મુનિની અપેક્ષાએ જે ફોતરા જેવા અસાર છે તે પુલાક નિર્ગન્થ આ મુનિઓ જિનેશ્વરના આગમ-મોક્ષના કારણ ભૂત છે તેવી દ્રઢ શ્રધ્ધાવાળા હોય છે.

**પુલાકના બે ભેદ કહ્યા છે (૧)લબ્ધિપુલાક (૨)સેવાપુલાક**

**(૧)લબ્ધિપુલાકઃ-** લબ્ધિપુલાક અનેક પ્રકારની લબ્ધિઓને ધારણ કરે છે. તે ધારે તો ચક્રવર્તી ના સકળ સૈન્યને ચૂર્ણ કરી શકે છે. તે તપ અને શ્રુતના પ્રભાવથી ઉત્પન્ન થયેલી લબ્ધિઓનો નિષ્કારણ પોતાની મહત્તા બતાવવા કે ખ્યાતિ વધારવાથી સંયમરૂપ સારથી રહિત બને છે. તેનામાં શ્રધ્ધા પૂર્ણ હોય છે. ચારિત્રના પરિણામ પણ હોય છે છતાં પ્રમાદ વશ બની લબ્ધિનો ઉપયોગ કરી આત્માને-ચારિત્રને સારથી રહિત કરે છે.

**(૨)સેવાપુલાકઃ-** સેવા પુલાકના પાંચ ભેદ છે.

**(૧)જ્ઞાનપુલાકઃ-** કાળે ન ભણે, અવિનય થી ભણે, વિદ્યાદાતાનું બહુમાન ન કરે, યોગો દ્વહન કર્યા વિના ભણે ઇત્યાદિ જ્ઞાન પુલાક.

**(૨)દર્શન પુલાકઃ-** શંકા આદિ દોષોથી દર્શન ગુણમાં અતિચાર લગાડે તેવા સાધુને દર્શન પુલાક કહેવાય છે.

**(૩)ચારિત્ર પુલાકઃ-** મૂળ ગુણ તથા ઉત્તરગુણમાં અતિચાર લગાડે તેને ચારિત્ર પુલાક કહે છે.

**(૪)લિંગ પુલાકઃ-** નિષ્કારણ શાસ્ત્રોકત લિંગથી અન્યલિંગ વેશને ધારણ કરે તે લિંગ પુલાક.

**(૫)સૂક્ષ્મ પૂલાકઃ-**સૂક્ષ્મ અતિચારો લગાડે તેં સૂક્ષ્મ પુલાક.

**[૨]બકુશ પુલાકઃ-**

✡ જેઓ શરીર અને ઉપરકરણના સંસ્કારોને અનુસરતા હોય,ઋધ્ધિ અને કીર્તિ ચાહતા હોય, સુખશીલ હોય, અવિવિક્ત-સસંગ પરિવાર વાળા હોય અને છેદ તથા શબલ દોષોથી યુકત હોય તે બકુશ

✡ બકુશ એટલે શબલ-ચિત્રવિચિત્ર. વિશુધ્ધિ અને અવિશુધ્ધિ થી જેનું ચારિત્ર ચિત્ર-વિચિત્ર બને તે બકુશ.

બકુશ એટલે ચિત્ર વિચત્ર રંગ બેરંગી. અર્થાત્ ચિત્ર વિચત્ર વસ્ત્રમાં કયાંક ધોળું કયાંક રાતું-પીળું-લીલુ વગેરે હોય છે. તેમ આ નિર્ગ્રન્થનું જીવન પણ ચિત્ર વિચત્ર હોય છે. તેમા ચારિત્ર રૂપી વસ્ત્ર શુધ્ધિ-અશુધ્ધિ વડે રંગ-બેરંગી બનાવી દે છે માટે તેને બકુશ કહેવાય છે.

**બકુશ નિર્ગન્થ ના બે ભેદો છે.** (૧)શરીર લકુશ (૨)ઉપકરણ બકુશ

**(૧) શરીર બકુશઃ-**હાથ પગ ધોવા, શરીર ઉપરથી મેલ ઉતારવો, મોઢું ધોવું, દાંત સાફ કરવા, વગેરે પ્રકારે શરીરની વિભુષા કરવી તે શરી બકુશ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૨)ઉપકરણ બકુશઃ-**

✡ વિભુષા માટે દંડ,પાત્ર વગેરેને રંગ,તેલ આદિથી ચળકતાં કરવાં, કપડાં ઉજળા રાખવા,સગવડતા માટે અધિક ઉપકરણો રાખવા, વગેરે તરફ લક્ષ્ય રાખે છે.

✡ અનેક પ્રકારે વિશિષ્ટ ઉપકરણો રાખવામાં ઉદ્યત.

**આ બંને પ્રકારના** બકુશ-નિર્ગન્થો ક્રિયામાં શિથિલ હોય છે, એમનું ચિત્ત શરીર અને ઉપકરણની વિભૂષા તરફ હોય છે. બાહ્યાડંબર,માન-સન્માન અને ખ્યાતિ વગેરેની કામાના વાળા હોય છે. સુખ અને આરામની ઇચ્છાવાળા હોય છે. તેમનો પરિવારપણ દેશછેદ અને સર્વછેદ પ્રાયશ્ચિત ને યોગ્ય હોય છે.

**બકુશના પાંચ ભેદ અન્ય રીતેઃ-**

**(૧)આભોગ બકુશઃ-** જાણવા છતાં દોષોનું સેવન કરે

**(૨)અનાભોગ બકુશઃ-** અજાણતા દોષોનું સેવન કરે

**(૩)સંવૃત્ત બકુશઃ-** અન્યના દેખતાં દોષોનું સેવન કરે

**(૪)અસંવૃત્ત બકુશઃ-** કોઇ ન દેખે તેમ છુપી રીતે દોષોનું સેવન કરે

**(૫)સૂક્ષ્મ-બકુશઃ-** થોડો પ્રમાદ કરનાર સાધુ

**[૩]કુશીલ નિર્ગ્રન્થઃ-**

✡ કુશીલ એટલે અયોગ્ય આચરણ વાળા ઉત્તરગુણના દોષો થી કે સંજ્વલન કષાયના ઉદયથી જેમનું ચારિત્ર દૂષિત હોયતે કુશીલ નિર્ગન્થ કહેવાય છે.

✡ કુશીલ બે પ્રકારે કહેવાય છે (૧)પ્રતિસેવનાકુશીલ (૨)કષાય કુશીલ

**(૧)પ્રતિ સેવનાકુશીલઃ-**

✡ જેઓ ઇન્દ્રિયને વશવર્તી હોવાથી, કોઇ પ્રકારની ઉત્તર ગુણોની વિરાધના કરવા પૂર્વક પ્રવર્તે તે પ્રતિસેવના કુશીલ.

✡ પિંડ વિશુધ્ધિ, ભાવના આદિ ઉત્તરગુણોમાં અતિચારનું પ્રતિસેવન કરે અર્થાત્ અતિચાર લગાડે તે પ્રતિસેવના કુશીલ.

✡ તેઓ ઇન્દ્રિયોને વશવર્તી હોવાથી ઉત્તરગુણોની વિરાધના કરવા પૂર્વક પ્રવર્તન કરતા હોય છે.

**(૨)કષાય કુશીલઃ-**

✡ જેઓ તીવ્રકષાયને વશ ન થતાં માત્ર મંદ કષાયને કયારેક વશ થાય તે કષાય કુશીલ.

✡ સંજ્વલન કષાયના ઉદયથી ચારિત્રને દુષિત કરે તે કષાય કુશીલ. તેના જ્ઞાન કુશીલ,દર્શનકુશીલ,ચારિત્રકુશીલ,લિંગ કુશીલ,સૂક્ષ્મકુશીલ એ પાંચ ભેદ છે. [જેનું સ્વરૂપ સેવા પુલાકના પાંચ ભેદ અનુસાર સમજી લેવું]

**[૪]નિર્ગન્થ નિર્ગન્થઃ-**

✡ જેમાં સર્વજ્ઞપણું ન હોવા છતાં રાગદ્વેષનો અત્યંત અભાવ હોય અને અંતર્મૂહૂર્ત જેટલા વખત પછી જ સર્વજ્ઞત્વ પ્રગટ થવાનું હોય તે નિર્ગન્થ નિર્ગન્થ કહેવાય છે.

✡ ગ્રંથ એટલે ગાંઠ,ગાંઠથી રહિત તે નિર્ગન્થ. જેની મોહની ગાંઠ છેદાઇ ગઇ છે . તે નિર્ગન્થ અર્થાત્ જેના મોહનો સર્વથા ક્ષય કે ઉપશમ થઇ ગયો છે તે નિર્ગન્થ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫]સ્નાતક નિર્ગન્થઃ-

✡ જેમાં સર્વજ્ઞ પણું પ્રગટયું હોય તે સ્નાતક.

✡ સ્નાતકએટલેમલનેદૂરકરનાર. જેણેરાગાદિદોષોરૂપમળનેદૂરકરીનાખ્યોછેતેસ્નાતક.

✡ જે આત્માઓએ ચારે આત્મગુણના ઘાત કરનારા કર્મના ક્ષય કરી પોતાના અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર, અનંતવીર્ય ગુણોને ક્ષાયિક ભાવે સ્વાધીન કર્યા છે. તેવા સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ પરમાત્મઓને સ્નાતક જાણવા.

**સ્નાતકના બે ભેદ** :- સયોગી સ્નાતક અને અયોગી સ્નાતક

**(૧) સયોગી સ્નાતકઃ**-જેમને મન વચન કાયાદી વ્યાપાર રૂપ યોગ વર્તે છે તેવા. પણ રાગાદિ દોષોને સર્વથા દૂર કર્યા હોય તેવા સ્નાતકને સયોગી સ્નાતક કહેવામાં આવે છે

**(૨)અયોગી સ્નાતકઃ**- જેમ ને યોગનો સર્વથા નિરોધ કરેલો છે તેવા [અર્થાત્ ચૌદમાં ગુણઠાણે રહેલા જીવોને અયોગી સ્નાતક કહેવામાં આવે છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ**- पंच णियंठा पन्नता, तं जहा पुलाए बउसे कुसीले णियंठे सिणाए

✤ **भग॰श.२५,उ.६,सू.७५१-१**

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(૧) संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्ग॰ સૂત્ર ૯:૪૯

(૨)सामायिकछेदोपस्थाप्यपरिहार॰ સૂત્ર ૯:૧૮

❒ **[9]પદ્યઃ-**

(૧) પુલાક બકુશ કુશીલને વળી નિર્ગન્થ સ્નાતક મહાવ્રતી
નિર્ગન્થનું તે ભેદ પંચક ધારવું ધરી શુભ મતિ

(૨) સૂત્રઃ૪૮ તથા સૂત્રઃ૪૯નું સંયુકત પદ્ય
પુલાક બકુશ કુશિલ નિર્ગન્થ સ્નાતક પાંચ એ નિર્ગન્થો
સંયમ શ્રુત પ્રતિ સેવન તીર્થ લિંગ લેશ્યા ઉપપાત સ્થળો
એવા આઠ પ્રકારથી સહુની કક્ષા વિધવિધ બની જતી
સાધુતા દ્રવ્યેને ભાવે અથવા ભાવથી હોય કહીં.

❒ **[10]નિષ્કર્ષઃ**-સૂત્રકાર મહર્ષિ એ અહીં પુલાકાદિ પાંચભેદ થકી સાધુના ભેદ સાથે સાધુની કક્ષા પણ દર્શાવી દીધી છે. કેવા કેવા સ્વરૂપકે લક્ષણ વાળો સાધુને કઇ કઇ કક્ષામાં મુકી શકાય અથવા તો તેને કયાનામ થી ઓળખી શકાય. તે આ સૂત્ર થકી સ્પષ્ટ થાય છે.

કોનું શું સારું? એટલી જ વિચારણા કરવી હોય તો અહીં નિમ્નોકત મુદ્દા અતિ મનનીય બનશે.

પુલાક-જિનકથિત આગમ પરત્વેની અવિહળ શ્રધ્ધા

બકુશ-નિર્ગન્થ શાસન પરત્વે પ્રીતિ

કુશીલ-મૂળ વ્રતના અર્થાત્ સંયમ પાલને પ્રવૃત્ત

નિર્ગન્થ-અંતર્મૂહૂર્તમાં સર્વજ્ઞ પણાની પ્રાપ્તિના સંભવવાળા

સ્નાતક-સયોગી કેવળી, આ પાંચે ગુણ અનુમોદના રૂપે વિચારણા તેમજ સર્વે નિર્ગન્થો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્-સાધુઓએ બકુશ આદિના જણાવેલા દોષો નિવારવા યથા શકિત પ્રયત્ન કરવો તે જ આ સૂત્રનો આચારણીય નિષ્કર્ષ કહી શકાય.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

# અધ્યાયઃ૯-સૂત્રઃ૪૯

❑ **[1]સૂત્રહેતુઃ**- પુલાક આદિ પાંચેપ્રકાર ના નિર્ગન્થો સંબંધિ આઠ પ્રકારે વિશેષ વિચારણા કરવા માટે આ સૂત્રની રચના થયેલી છે.

❑ **[2]સૂત્રઃમૂળઃ**-***संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपातस्थानविकल्पत:साध्या:**

❑ **[3]સૂત્રઃપૃથક્**:- संयम - श्रुत - प्रतिसेवना - तीर्थ - लिङ्ग - लेश्या - उपपात-स्थान - विकल्पत: साध्या:

❑ **[4]સૂત્રસારઃ**-**સંયમ,શ્રુત,પ્રતિસેવના,તીર્થ,લિંગ,લેશ્યા,ઉપપાત,સ્થાન (એ આઠ)ભેદ વડે [નિર્ગન્થો સંબંધિ વિશષ] વિચારણા કરવી જોઇએ.**

❑ **[5]શબ્દજ્ઞાનઃ**-

**संयम**-સામાયિક આદિ પાંચ ચારિત્ર
**श्रुत**-શ્રુતજ્ઞાન
**प्रतिसेवना**-વિરાધના
**तीर्थ**-શાસન
**लिङ्ग**-ચિહ્ન
**लेश्या**-લેશ્યા
**उपपात**-ઉત્પત્તિસ્થાન
**स्थान**-સંયમના પ્રકારો
**विकल्पत:**-વિકલ્પે, ભેદથી
**साध्या**-વિચારણા કરવી.

❑ **[6]અનુવૃત્તિઃ**- पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातकानिर्ग्रन्था।

❑ **[7]અભિનવટીકાઃ**- પૂર્વ સૂત્રઃ૪૮માં પાંચ નિર્ગન્થોનું જે સ્વરૂપ દર્શાવાયું છે. એ પાંચે નિર્ગન્થો આંઠ-આઠ ભેદે વિચારવા યોગ્ય છે. તેથી અહીં સૂત્ર માં જણાવેલી સંયમ આદિ આઠ વસ્તુઓ પુલાક આદિ પાંચેના સંબંધમાં વિચારવામાં આવી છે.

**[૧]સંયમઃ**-

સામાયિક,છેદોપસ્થાપ્ય,પરિહાર વિશુધ્ધિ,સૂક્ષ્મ સમ્પરાય અને યથાખ્યાત એ પાંચે પ્રકારે ચારિત્ર કહ્યા છે. [જુઓ સૂત્ર ૯ઃ૧૮]

(૧)સામાયિક અને છેદોપસ્થાપ્ય એ બે સંયમમાં **પુલાક બકુશ** અને **પ્રતિસેવના કુશીલ** એ ત્રણ પ્રકારના સાધુ વર્તે છે.

(૨)પરિહાર વિશુધ્ધિ અને સૂક્ષ્મ સમ્પરાય એ બે સંયમમાં કષાય **કુશીલ નિર્ગન્થો** વર્તે છે.

(૩)યથાખ્યાત ચારિત્રમાં **નિર્ગન્થ** અને **સ્નાતક** સાધુઓ હોય છે.

અર્થાત્-પુલાક,બકુશ અને પ્રતિસેવના કુશીલને પ્રથમ બે સિવાયના ચારિત્ર ન હોય, કષાય કુશીલ નેયથાખ્યાત ચારિત્ર ન હોય અને નિર્ગન્થ તથા સ્નાતક નેયથાખ્યાત પૂર્વેના એકપણ ચારિત્રન હોય.

**[૨]શ્રુતઃ**-

અહીં શ્રુત શબ્દ શ્રુતજ્ઞાનના અર્થમાં વપરાયેલો છે.

*संयमश्रुतप्रतिसेवनतीर्थलिङ्गलेश्योपपादस्थानविकल्पत: साध्या: એ પ્રમાણેનું સૂત્ર દિગમ્બર આમ્નાયમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટ (૧)**પુલાક,બકુશ** અને **પ્રતિસેવના કુશીલ** એ ત્રણ પ્રકારના સાધુઓ ઉત્કૃષ્ટ થી દશ પૂર્વધર હોય છે.

(૨)**કષાય કુશીલ** અને **નિર્ગ્રન્થ** સાધુઓ ઉત્કૃષ્ટ થી ચૌદ પૂર્વધરો હોય છે.

**જઘન્ય (૧)પુલાક સાધુ** જઘન્યથી આચાર વસ્તુ [નવમા પૂર્વમાં નામક ત્રીજું પ્રકરણ છે તે] જેટલું શ્રુત જાણે.

(૨)**બકુશ,કુશીલ** અને **નિર્ગન્થોને** જઘન્ય થી આઠ પ્રવચન માતા જેટલું શ્રુત હોય. - [અષ્ટ પ્રવચન માતા એટલે ૫-સમિતિ, ૩-ગુપ્તિ ]

**જયારે -સ્નાતક**-કેવળજ્ઞાની હોવાથી તેને જઘન્ય કે ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન ન હોવાથી તે શ્રુતરહિત [श्रुतापगत:] હોય છે.

[૩]**પ્રતિસેવનાઃ-**

પ્રતિસેવનાનો અર્થ સામાન્ય થી વિરાધના કરવામાં આવેલ છે

(૧)**પુલાક સાધુઓ** -પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણવ્રત એ છમાંથી કોઇપણ વ્રતનો બીજાના દબાણથી કે બળાત્કારે ખંડન કરનાર હોય છે. સ્વોપજ્ઞ ભાષ્યકાર લખે છે કે मैथुनम् इति एके કેટલાંક આચાર્યો પુલાક્ને ફકત મૈથુન વિરમણવ્રતના જ વિરાધક માને છે.

(૨)**બકુશ** બે પ્રકારે કહ્યા છે. ઉપકરણ બકુશ અને કષાય બકુશ

✡ ઉપકરણ બકુશઃ- ઉપકરણમાં મમતા રાખનારા,ઘણા મૂલ્યવાળા ઉપકરણો એકઠા કરીને વિશેષ એકત્ર કરવાની ઇચ્છાવાળા તે ઉપકરણ લકુશ.

✡ શરીર બકુશઃ- શરીર શોભામાં જેનુંમન તત્પર છે એવા હંમેશા વિભુષા કરનારા શરીર લંકુશ કહેવાય છે.

(૩)**પ્રતિસેવના કુશીલઃ**- મૂળગુણોને પાળે છે પણ ઉત્તર ગુણોની કંઇક કંઇક વિરાધના કરે છે.

(૪)**કષાયકુશીલ,નિર્ગ્રન્થ,સ્નાતક** એ ત્રણે ને વિરાધના હોતી જ નથી.

[૪]**તીર્થઃ-**

(૧)પાંચે પ્રકારના **નિર્ગ્રન્થો** -સાધુઆ બધાં તીર્થંકરોના શાસનમાં મળી આવે છે.

(૨)કેટલાંક આચાર્ય એમ પણ માને છે કે પુલાક,બકુશ અને પ્રતિસેવના કુશીલ તીર્થમાં-શાસનમાં નિત્ય હોય છે. બાકીના સાધુઓ અર્થાત્ કષાય કુશીલ,નિર્ગ્રન્થ તથા સ્નાતક તીર્થમાં પણ હોય અને અતીર્થમાં પણ હોય. જેમ કે મરુદેવી વગેરે.અતીર્થમાં કહેવાય છે.

[૫]**લિંગઃ-**

લિંગ અર્થાત્ ચિહ્ન-બે પ્રકારે છે. દ્રવ્ય અને ભાવ.

द्रव्यलिङ्ग-રજોહરણ,મુહપત્તિ યુકત વેષ આદિ બાહ્ય સ્વરૂપ.

भावलिङ्ग-ચારિત્ર ગુણ અથવા જ્ઞાન, દર્શન,ચારિત્ર ગુણ.

પાંચ પ્રકારના સાધુઓને ભાવલિંગ અવશ્ય હોય છે. પરંતુ દ્રવ્યલિંગ તો એ પાંચેમાં હોય પણ ખરું અને ન પણ હોય. [ટુંકા કાળ વાળાને હોય અથવા ન હોય,પણ દીર્ઘકાળવાળાનેઅવશ્ય હોય જ]

[૬]**લેશ્યાઃ-**

(૧)**પુલાક** ને પાછલી ત્રણ અર્થાત્ તેજો,પદ્મ અને શુકલ લેશ્યા હોય.

(૨)**બકુશ** અને **પ્રતિસેવના કુશીલ** ને છ એ લેશ્યાઓ હોય છે. એટલે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ ને શુકલ એ છ લેશ્યા.

(૩)**કષાય કુશીલ** જો પરિહાર વિશુધ્ધિ સંયમ વાળો હોય તો તેને તે જો પદ્મ અને શુકલ એ ત્રણે લેશ્યા હોય છે અને જો તે સૂક્ષ્મ સંપરાય સંયમવાળો હોય તો તેને ફકત શુકલ લેશ્યાજ હોય છે.

(૪)**નિર્ગ્રન્થ** અને **સ્નાતક** ને શુકલ લેશ્યાજ હોય છે.

(૫)સ્નાતક માં અયોગી સ્નાતક-અલેશ્ય હોય તે ખ્યાલ રાખવો.

[૭]**ઉપપાતઃ**- ઉત્પન્ન થવું તે.

(૧)સ્નાતક સિવાયના **પુલાકઆદિ સર્વે** સાંધુઓ જઘન્ય થી પલ્યોપમ પૃથકત્વની સ્થિતિવાળા દેવો રૂપે પહેલા સૌધર્મકલ્પમાં ઉપજે

(૨)ઉત્કૃષ્ટ ઉપપાત-પુલાકનો સહસ્રાર કલ્પમાં વીશ સાગરોપમની સ્થિતિમાં છે.

(૩)**બકુશ** અને **પ્રતિસેવના કુશીલ** નો ઉત્કૃષ્ટ ઉપપાત આરણ અને અચ્યુત દેવલોકમાં ૨૨-સાગરોપમની સ્થિતિ પ્રમાણ છે.

(૪)કષાયકુશીલ તથા નિર્ગ્રન્થનો ઉત્કૃષ્ટ ઉપપાત સર્વાર્થસિધ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમ સ્થિતિ કહ્યો છે.

(૫)સ્નાતકતો નિર્વાણ પામીને મોક્ષમાં જ જવાના છે.

[૮]**સ્થાનઃ**-સંયમના સ્થાનો કે પ્રકારો-

કષાયોનો નિગ્રહ અને યોગનો નિગ્રહ એ સંયમ છે. સંયમ બધાનો બધી વખતે એક સરખો ન હોઇ શકે. કષાય અને યોગના નિગ્રહ વિષયક તરતમતાને કારણે સંયમ માં પણ તરતમતા આવે છે.

કષાય નિમિત્તક સંયમ સ્થાનો અસંખ્યાતા કહ્યા છે.

જે ઓછામાં ઓછો નિગ્રહ સંયમકોટિમાં આવે છે. ત્યાંથી માંડી સંપૂર્ણ નિગ્રહરૂપ સંયમ સુધીમાં નિગ્રહની તીવ્રતા-મંદતાની વિવિધતાને લીધે સંયમના અસંખ્યાત પ્રકારો સંભવે છે. અને આ બધા પ્રકારોનેસંયમનાસ્થાનોઅસંખ્યાતા કહ્યા છે. જેઓછામાંઓછોનિગ્રહ સંયમકોટિમાંઆવેછે. ત્યાથી માંડીસંપૂર્ણનિગ્રહરૂપસંયમસુધીમાંનિગ્રહનીતીવ્રતા-મંદતાનીવિવિધતાનેલીધેસંયમનાઅસંખ્યાત પ્રકારો સંભવે છે અને આ બધા પ્રકારને સંયમના સ્થાનો કહેવામાં આવે છે.

જયાં સુધી કષાયનો લેશ પણ સંબંધ હોય ત્યાં સુધીનાં સંયમ સ્થાનો કષાય નિમિત્તક અને ત્યાર પછીના સ્થાનો યોગ નિમિત્તક સમજવા.

યોગનો સર્વથા નિરોધ થવાથી જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તેને છેલ્લું સંયમ સ્થાન સમજવું.

જેમ જેમ પૂર્વપૂર્વ વર્તી સંયમ સ્થાન તેમ તેમ કાષાયિક પરિણતિ વિશેષ અને જેમ જેમ ઉપરનું સંયમ સ્થાન તેમ તેમ કાષાયિકભાવ ઓછો તેથી ઉપર ઉપરના સ્થાનોને વધુ વિશુધ્ધિ વાળા સ્થાનો સમજવા.

યોગ નિમિત્તક સંયમ સ્થાનોમાં નિષ્કષાયત્વ રૂપ વિશુધ્ધિ સમાન હોવા છતાં જેમ જેમ યોગ નિરોધ ઓછો વધતો તેમ તેમ સ્થિરતા પણ ઓછી વધતી હોય. યોગ નિરોધની વિવિધતાને લીધે સ્થિરતા પણ વિવિધ પ્રકારની હોય છે. એટલે માત્ર યોગ નિમિત્તક સંયમ સ્થાનો પણ અસંખ્યાત પ્રકારના બને છે.

છેલ્લું સંયમં સ્થાન જેમાં પરમ પ્રકૃષ્ટ વિશુધ્ધિ અને પરમ પ્રકૃષ્ટ સ્થિરતા હોય તે. તેવું સંયમ સ્થાન એક જ હોઇ શકે.

**ઉકત પ્રકાર ના સંયમ સ્થાનોમાં પુલાક આદિની સ્થિતિઃ-**

(૧)પુલાક અને કષાયકુશીલના સંયમ સ્થાનો સૌથી જઘન્ય કહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨)અસંખ્યાત સંયમ સ્થાન સુધી બંને સાથે જ વધ્યે જાય છે. ત્યાર બાદ પુલાક અટકે છે.પરંતુ કષાયકુશીલ એકલો ત્યારબાદ અસંખ્યાત સ્થાન સુધી અડ્રય જાય છે.

(૩)ત્યાર પછી કષાયકુશીલ, પ્રતિસેવના કુશીલ અને બકુશ એક સાથે આગળ વધ્યે જાય છે. ત્યારબાદ બકુશ અટકે છે. ત્યાર પછી અસંખ્યાત સ્થાન સુધી ચઢી ને કષાયકુશીલ અટકે છે.

(૪)ત્યાર પછી અકષાય અર્થાત્ માત્ર યોગ નિમિત્તક સંયમ સ્થાનો આવે છે, જેને નિર્ગ્રન્થ પ્રાપ્ત કરી શકે છે. તે પણ તેવા અસંખ્યાત સ્થાન સેવી અટકે છે.

(૫)ત્યાર પછી એક જ છેલ્લું સર્વોપરી,વિશુધ્ધ અને સ્થિર સંયમ સ્થાન આવે છે. જેને સેવી સ્નાતક નિર્વાણને પ્રાપ્ત કરે છે.

આ સંયમ સ્થાનોમાં પૂર્વ-પૂર્વના સંયમ સ્થાનથી પછી પછીના સંયમ સ્થાનમાં સંયમ વિશુધ્ધિ અનંત ગુણી હોય છે.

❒ **[8]સંદર્ભઃ-**

✡ **આગમ સંદર્ભઃ-** पडिसेवणा णाणे तित्थे लिङ्ग-खेतेकालगइसंजम....लेसा

**✤ भग०श.२५,उ.६,सु.७५१प्रारमे**

**સૂત્રપાઠ સંબંધઃ-** અહીં સાક્ષીપાઠ રૂપે ફકત નામ-નિર્દેશ જ કરેલો છે. તે દરેક ની સુંદર તમ વિચારણા શ્રી भगवती सूत्र शतक २५ उद्देशो-६ માં કરાયેલીજ છે. ત્યાં આવા ૩૬ ભેદોને શાસ્ત્રકાર મહર્ષિ ગણધર પરમાત્માએ બતાવેલા છે. જેમાના ૮ ભેદોની વિવક્ષા સૂત્રકાર મહર્ષિ એ અહીં કરેલી છે.

✡ **તત્વાર્થ સંદર્ભઃ-**

(१)पुलाक बकुश कुशील निर्ग्रन्थ० सूत्र. ९:४९

(२)सामायिक छेदोपस्थाप्यपरिहार० सूत्र. ९:१८

(३)श्रुतमतिपूर्वद्वयनेकद्वादशभेदम्-सूत्र.९:२०

(४)गतिकषायलिङ्ग मिथ्यादर्शन० सूत्र. २:६

(५)संमूर्छनगर्भोपपाताजन्म० सूत्र. २:३२

❒ **[9]પદ્યઃ-**

(૧) સંયમ શ્રુત પરિસેવન તીર્થને લિંગ પાંચમે
લેશ્યા દ્વારે ઉપપાતે સ્થાન ધારો આઠમે
નિર્ગ્રન્થ પંચક આઠદ્વારે કરી સૂત્રે યોજના
અધ્યાય નવમો પૂર્ણથાતાં ધારજો ભવિ એકમના

(૨) આ સૂત્રનું પદ્ય પૂર્વ સૂત્રઃ ૪૮ માં કહેવાઇ ગયું

❒ **[10]નિષ્કર્ષઃ-**અહીં જેસંયમાદિ આઠદ્વારો કહ્યા છે તે ખૂબજ ઉપયોગ પૂર્વક-સાવધાની થી એક ચિત્તે સમજવા જેવા છે. નિષ્કર્ષ દૃષ્ટિએ તો એક જ વાત વિચારણીય છે કે સર્વે ભેદોમાં ઉચ્ચ કક્ષાની પ્રાપ્તિ તો ફકત સ્નાતક ને જ છે. માટે પરંપરાએ પણ સ્નાતક પણું પામવા જ પ્રયત્ન કરવો. જેથી છેલ્લે મોક્ષની પ્રાપ્તિ થાય અને મોક્ષ પ્રાપ્તિ એ જ જીવનું અંતિમ ધ્યેય હોવું જોઇએ. આ શાસ્ત્ર પણ એ જ વાતને પ્રતિપાદીત કરવા માટે છે.

**અધ્યાય નવની અભિનવટીકા સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પરિશિષ્ટ:૧-સૂત્રાનુક્રમ



| ક્રમ | સૂત્ર | પૃષ્ઠાંક |
|---|---|---|
| १ | आस्रवनिरोधः संवर | ५ |
| २ | स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः | १२ |
| ३ | तपसा निर्जरा च | १६ |
| ४ | सम्यग्योग निग्रहो गुप्तिः | १९ |
| ५ | ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः | २४ |
| ६ | उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिञ्चन्यब्रहमचर्याणि धर्मः | २९ |
| ७ | अनित्याशरणसंसारैकत्वाऽन्यत्वाऽशुचित्वास्रवासंवरनिर्जरालोकबोधि दुर्लभधर्मस्वाख्याततत्त्वानु० | ३९ |
| ८ | मार्गाच्यवननिर्जरार्थंपरिषोढव्यापरीषहाः | ५० |
| ९ | क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याक्रोशवध याचनाऽलाभ० | ५४ |
| १० | सूक्ष्मसम्परायछद्मस्थवीतरागयोश्चतुर्दशः | ६३ |
| ११ | एकादशेजिने | ६७ |
| १२ | बादर सम्पराये सर्वे | ६९ |
| १३ | ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने | ७१ |
| १४ | दर्शनमोहान्तराययोरदर्शनालाभौ | ७२ |
| १५ | चारित्रमोहेनाग्न्याऽरतिस्त्री निषद्याक्रोश० | ७४ |
| १६ | वेदनीये शेषाः | ७५ |
| १७ | एकादयो भाज्या युगपदेकोनविंशतेः | ७७ |
| १८ | सामायिकछेदोपस्थाप्यपरिहारविशुद्धि० | ८० |
| १९ | अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरि० | ८७ |
| २० | प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्ग० | ९३ |
| २१ | नवचतुर्दशपञ्चद्विभेदं यथाक्रमं प्राग्ध्यानात् | ९७ |
| २२ | आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्ग० | ९९ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમ | સુત્ર | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૨૩ | ज्ञानदर्शनचारित्रोपचारा: | ૧૦૫ |
| ૨૪ | आचार्योपाध्यायततपस्विशैक्षग्लानगणकुल॰ | ૧૦૯ |
| ૨૫ | वाचनापृच्छानानुप्रेक्षाऽऽम्नायधर्मोपदेशा: | ૧૧૩ |
| ૨૬ | बाह्याभ्यन्तरोपध्यो: | ૧૧૭ |
| ૨૭ | उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधोध्यानम् | ૧૨૦ |
| ૨૮ | आमुहूर्तात् | ૧૨૪ |
| ૨૯ | आर्त्तरौद्रधर्मशुक्लानि | ૧૨૭ |
| ૩૦ | परेमोक्षहेतु: | ૧૨૯ |
| ૩૧ | आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय॰ | ૧૩૧ |
| ૩૨ | वेदनायाश्च | ૧૩૩ |
| ૩૩ | विपरीतं मनोज्ञानाम् | ૧૩૬ |
| ૩૪ | निदानं च | ૧૩૮ |
| ૩૫ | तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् | ૧૪૧ |
| ૩૬ | हिंसानृतस्तेयविषयसंरक्षणेभ्योरौद्रमविरत॰ | ૧૪૨ |
| ૩૭ | आज्ञाऽपायविपाकसंस्थानविचयायधर्मम॰ | ૧૪૬ |
| ૩૮ | उपशान्तक्षीणकषाययोश्च | ૧૫૧ |
| ૩૯ | शुक्ले चाद्ये [पूर्वविद:] | ૧૫૩ |
| ૪૦ | परे केवलिन: | ૧૫૬ |
| ૪૧ | पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपाती॰ | ૧૫૮ |
| ૪૨ | तत्र्यैककाययोगायोगानाम् | ૧૬૨ |
| ૪૩ | एकाश्रयेसवितर्केपूर्वे | ૧૬૪ |
| ૪૪ | अविचारं द्वितीयम् | ૧૬૫ |
| ૪૫ | वितर्क: श्रुतम् | ૧૬૭ |
| ૪૬ | विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्ति: | ૧૬૯ |
| ૪૭ | सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शन: | ૧૭૦ |
| ૪૮ | पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातकानिर्ग्रन्था: | ૧૭૫ |
| ૪૯ | संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपात॰ | ૧૮૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ:૨-અકારાદિ સૂત્રક્રમ

| ક્રમ | સૂત્ર | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्याग॰ | ૧૯ | ૮૭ |
| ૨ | अनित्याशरणसंसारैकत्वाऽन्यत्वाशुचित्वा॰ | ૭ | ૩૯ |
| ૩ | अविचारं द्वितीयम् | ૪૪ | ૧૬૫ |
| ૪ | आचार्योपाध्यायतपस्विशैक्षकग्लानगणकुल॰ | ૨૪ | ૧૦૯ |
| ૫ | आ मुहूर्तात् | ૨૮ | ૧૨૪ |
| ૬ | आर्तरौद्रधर्मशुक्लानि | ૨૯ | ૧૨૭ |
| ૭ | आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय॰ | ૩૧ | ૧૩૧ |
| ૮ | आलोचनप्रतिक्रमणतदुभयविवेक व्युत्सर्ग॰ | ૨૨ | ૯૯ |
| ૯ | आस्रवनिरोध: संवर: | ૧ | ૫ |
| ૧૦ | आज्ञाऽपायविपाकसंस्थावचयायधर्म॰ | ૩૭ | ૧૪૬ |
| ૧૧ | ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गा:समितय: | ૫ | ૨૪ |
| ૧૨ | उत्तम: क्षमामार्दवार्जव शौच॰ | ૬ | ૨૯ |
| ૧૩ | उत्तम: संहननस्यैकाग्रचिन्तानिरोधोध्यानम् | ૨૭ | ૧૨૦ |
| ૧૪ | उपशान्तक्षीणकषायोश्च | ૩૮ | ૧૫૧ |
| ૧૫ | एकादयोभाज्यायुगपदेकोनविंशते: | ૧૭ | ૭૭ |
| ૧૬ | एकादशजिने | ૧૧ | ૬૭ |
| ૧૭ | एकाश्रये सवितर्के पूर्वे | ૪૩ | ૧૬૪ |
| ૧૮ | क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्या॰ | ૯ | ૫૪ |
| ૧૯ | चारित्रमोहे नाग्न्याऽरतिस्त्रीनिषद्याक्रोश॰ | ૧૫ | ૭૪ |
| ૨૦ | ज्ञानावरणेप्रज्ञाऽज्ञाने | ૧૩ | ૭૧ |
| ૨૧ | ज्ञानदर्शनचारित्रोपचारा: | ૨૩ | ૧૦૫ |
| ૨૨ | तत्त्र्यैककाययोगायोगानाम् | ૪૨ | ૧૬૨ |
| ૨૩ | तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् | ૩૫ | ૧૪૧ |
| ૨૪ | तपसानिर्जरा च | ૩ | ૧૬ |
| ૨૫ | दर्शनमोहान्तराययोरदर्शनालाभौ | ૧૪ | ૭૨ |
| ૨૬ | नवचतुर्दशपञ्चद्विभेदंयथाक्रमम्प्राग्ध्यानात् | ૨૧ | ૯૭ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમ | સૂત્ર | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૨૫ | निदानं च | ३४ | १३८ |
| २६ | परे केवलिन: | ४० | १५६ |
| २७ | परे मोक्षहेतु: | ३० | १२९ |
| २८ | पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका। | ४८ | १७६ |
| २९ | पृथक्त्वैकत्व | ४१ | १५८ |
| ३० | प्रायश्चितविनयवैयावृत्त्यस्वाध्याय। | २० | ९३ |
| ३१ | बादरसम्परायेसर्वे | १२ | ६९ |
| ३२ | बाह्याभ्यन्तरोपध्यो: | २६ | ११७ |
| ३३ | मार्गाच्यवननिर्जरार्थपरिषोढव्या:परीषहा: | ८ | ५० |
| ३४ | वाचनापृच्छना नुप्रेक्षाम्नायधर्मोपदेशा: | २५ | ११३ |
| ३५ | विचारोऽर्थव्यञ्जनयोगसंक्रान्ति: | ४६ | १६९ |
| ३६ | वितर्क: श्रुतम् | ४५ | १६७ |
| ३७ | विपरीतं मनोज्ञानाम् | ३३ | १३६ |
| ३८ | वेदनायाश्च | ३२ | १३३ |
| ३९ | वेदनीये शेषा: | १६ | ७५ |
| ४० | शुक्ले चाद्ये (पूर्वविद:) | ३९ | १५३ |
| ४१ | स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजय। | २ | १२ |
| ४२ | सम्यग्दृष्टि श्रावक विरतानन्तवियोजक। | ४७ | १७० |
| ४३ | सम्यग्योगनिग्रहो गुप्ति: | ४ | १९ |
| ४४ | संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्ग लेश्योपपात। | ४९ | १८० |
| ४५ | सामायिकछेदोपस्थाप्यपरिरहारविशुद्धि। | १८ | ८० |
| ४६ | सूक्ष्मसम्परायछद्मस्थवीतरागयोश्चतुर्दश: | १० | ६३ |
| ४७ | हिंसानृतस्तेयविषयसंरक्षणेभ्योरौद्रम। | ३६ | १४२ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ:૩-શ્વેતામ્બર-દિગમ્બર ભેદ

| सूत्राङ्क | श्वेताम्बर | सूत्राङ्क | दिगम्बर |
|---|---|---|---|
| ६ | उत्तम:क्षमामार्दवार्जवशौच० | ६ | उत्तमक्षमामार्दवार्जवशौच० |
| ७ | अनित्याशरण...न्यत्वा शुचित्वास्रवसंवर० | ७ | अनित्याशरण..न्यत्वाशुच्यास्रवसंवर० |
| १० | सूक्ष्मसम्पराय०.... | १० | सूक्ष्म साम्पराय०.... |
| १२ | बादरसम्पराय सर्वे | १२ | बादर साम्परायसर्वे |
| १७ | एकादयो भाज्या युगपदेकोन विंशते: | १७ | एकादयो भाज्यायुगपदेकस्मिन्नैकोनविंशते: |
| १८ | सामायिकछेदोपस्थाप्य परिहार विशुद्दि सूक्ष्मसम्पराय यथाख्यातानि चारित्रम् | १८ | सामायिकछेदोपस्थापना परिहार विशुद्धि सूक्ष्मसाम्पराय यथाख्यातमिति चारित्रम् |
| २२ | आलोचनप्रतिक्रमणतदुभय विवेक व्युत्सर्गतपश्छेदपरिहस्थापनानि | २२ | आलोचनप्रतिक्रमणतदुभय विवेक व्युत्सर्ग तपच्छेद परिहारोपस्थापना: |
| २४ | आचार्योपाध्यायतपस्विशैक्षकग्लान... समनोज्ञानाम् | २४ | आचार्योपाध्यायतपस्वीशैक्षग्लान... मनोज्ञानाम् |
| २७ | उत्तमसंहनस्यैकाग्रचिन्तानिरोधोध्यानम् | २७ | उत्तमसंहनस्यैकाग्रचिन्तानिरोधो ध्यानमान्त मुर्हूर्तात् |
| २८ | आमुहूर्तात् | | |
| ३१ | आर्तममनोज्ञानां सम्प्रयोगेतद्विप्रयोगाय० | ३० | आर्तममनोज्ञस्य साम्प्रयोगे तद्विप्रयोगा० |
| ३३ | विपरीतंमनोज्ञानम् | ३१ | विपरीतं मनोज्ञस्य |
| ३७ | आज्ञापायविपाकसंस्थान विचयाय धर्मप्रत्तसंयस्य | ३६ | आज्ञापायविपाकसंस्थान विचयाय धर्म्यम् |
| ३८ | उपशान्तक्षीणकषाययोश्च | | ♣ **सूत्रं नास्ति** |
| ४२ | तत्र्येकैकाययोगायोगानाम् | ४० | त्र्येकयोगकाययोगायोगानाम् |
| ४३ | एकाश्रये सवितर्के पूर्वे | ४१ | एकाश्रयेसवितर्कविचारे पूर्वे |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્વેતામ્બર -દિગમ્બર પાઠ ભેદ સ્પષ્ટી કરણઃ-**

(૧)સૂત્રઃ૬માં उत्तमः ને સ્થાને उत्तम શબ્દ ગ્રહણ કર્યો છે.

(૨)સૂત્રઃ૭માં अशुचित्व ને સ્થાને अशुचि શબ્દ મુકેલ છે.

(૩)સૂત્રઃ૧૦ તથા સૂત્રઃ૧૨માં सम्पराय ને સ્થાને દિગમ્બર આમ્નાયમાં साम्पराय શબ્દ જોવા મળે છે.

(૪)સૂત્રઃ૧૭માં युगपद શબ્દ પછી एकोनविंशतेः ને સ્થાને एकस्मिन्नैकोनविंशतिः દિગમ્બરમાં પદ મુકાયેલ છે.

(૫)સૂત્રઃ૧૮ सूक्ष्मसम्पराय નું બદલે सूक्ष्मसाम्पराय અને यथाख्यातानि ને બદલે यथाख्यातम् પદ દિગમ્બરોમાં જોવા મળે છે.

(૬)સૂત્રઃ૨૨ उपस्थापनानि ને સ્થાને उपस्थापनाः પદ મુકેલ છે

(૭)સૂત્રઃ૨૪ शैक्षक ને બદલે शैक्ष અને समनोज्ञानाम् ને બદલે मनोज्ञानाम પદ દિગમ્બરામ્નાયમાં મળેલ છે.

(૮)સૂત્રઃ૨૭ અને સૂત્રઃ૨૮ બે ભિન્ન સૂત્રોને દિગમ્બર પરંપરામાં એક જ સૂત્ર રૂપે મુકેલ છે.

(૯)સૂત્રઃ૩૩માં मनोज्ञानाम् છે એ બહુવનને સ્થાને દિગમ્બર પરંપરામાં मनोज्ञस्य એવું એકવચન રૂપ જોવા મળે છે.

(૧૦)સૂત્રઃ૩૭માં મુકાયેલ प्रमत्तसंयतस्य પદ દિગમ્બરોમાં નથી

(૧૧)સૂત્રઃ૩૮ દિગંબર પરંપરામાં છે જ નહીં

(૧૨)સૂત્રઃ૪૨ સૂત્રપૂર્વે तत् શબ્દ છે જે દિગંબર આમ્નાયમાં નથી

(૧૩)સૂત્રઃ૪૩ एकाश्रयेसवितर्के પછી દિગંબરોએ विचारे પદ મુકયું છે અહીં ભાષ્ય થકી સ્વીકારાયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ:૪ -આગમ સંદર્ભ

| સૂત્ર | સંદર્ભ | પૃષ્ઠ | સૂત્ર | સંદર્ભ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | -:શ્રી ભગવતીજી સૂત્રના સંદર્ભ:- | | | | |
| ૧૦ | ૮/૮/૩૪૩-૧૧ | ૬૬ | ૨૮ | ૨૫/૬/૭૭૦-૮,૨૦ | ૧૨૬ |
| ૧૧ | ૮/૮/૩૪૩-૧૩ | ૬૮ | ૨૯ | ૨૫/૭/૮૦૩-૧ | ૧૨૮ |
| ૧૨ | ૮/૮/૩૪૩-૯,૧૦ | ૭૦ | ૩૧ | ૨૫/૭/૮૦૩-૧,૧ | ૧૩૨ |
| ૧૩ | ૮/૮/૩૪૩-૪ | ૭૨ | ૩૨ | ૨૫/૭/૮૦૩-૧,૩ | ૧૩૫ |
| ૧૪ | ૮/૮/૩૪૩-૬ | ૭૩ | ૩૩ | ૨૫/૭/૮૦૩-૧,૨ | ૧૩૭ |
| ૧૪ | ૮/૮/૩૪૩-૮ | ૭૩ | ૩૪ | ૨૫/૭/૮૦૩-૧,૪ | ૧૪૦ |
| ૧૫ | ૮/૮/૩૪૩-૭ | ૭૫ | ૩૬ | ૨૫/૭/૮૦૩-૨ | ૧૪૫ |
| ૧૬ | ૮/૮/૩૪૩-૫ | ૭૬ | ૩૮ | ૨૫/૭/૮૦૩-૪ | ૧૫૨ |
| ૧૭ | ૮/૮/૩૪૩-૯,૧૧ | ૭૯ | ૩૯ | ૨૫/૭/૮૦૩-૪ | ૧૫૫ |
| ૧૯ | ૧૫/૭/૮૦૨-૧ | ૯૨ | ૪૦ | ૨૫/૭/૮૦૩-૪ | ૧૫૭ |
| ૨૦ | ૨૫/૭/૮૦૨-૨ | ૯૬ | ૪૦ | ૯/૩૩/૩૮૫ | ૧૫૭ |
| ૨૩ | ૨૫/૭/૮૦૨-૨૩ | ૧૦૮ | ૪૧ | ૨૫/૭/૮૦૩-૪ | ૧૬૧ |
| ૨૪ | ૨૫/૭/૮૦૨-૩૯ | ૧૧૨ | ૪૮ | ૨૫/૬/૭૫૧-૧ | ૧૭૯ |
| ૨૫ | ૨૫/૭/૮૦૨-૪૦ | ૧૧૬ | ૪૯ | ૨૫/૬/૭૫૧ | ૧૮૩ |
| ૨૬ | ૨૫/૭/૮૦૪ | ૧૧૭ | | | |
| | -: શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના સંદર્ભ:- | | | | |
| ૧ | अ.२९ गा. ११ | ૧૧ | ૮ | अ.८ २ गा. १ | ૫૩ |
| ૩ | अ.३० गा. ६ | ૧૮ | ૯ | अ.९ २ गा. १ | ૬૨ |
| ૪ | अ.२४ गा. २६ | ૨૩ | ૧૮ | अ.२८ गा. ३२,३३ | ૮૬ |
| ૫ | अ.२४ गा. २८ | ૨૮ | | | |
| ૭ | अ. १९ गा. १२ | ૪૯ | ૩૦ | अ.३० गा. ३५ | ૧૩૦ |
| ૭ | अ.२३ गा. ७१ | ૪૯ | ૩૫ | अ.३५ गा. ३५ | ૧૪૨ |
| ૭ | अ.१० गा. १८ | ૪૯ | ૩૬ | अ. ३१ गा. ६ | ૧૪૫ |
| | -: શ્રી સ્થાનાંગ સૂત્રના સંદર્ભો :- | | | | |
| ૧ | ૧/૧/૧૪ | ૧૧ | ૨૨ | ૯/-/૬૮૮ | ૧૦૪ |
| ૨ | ૧/૧/૧૪ | ૧૫ | ૨૮ | ૪/૧/૨૪૭-૧ | ૧૨૬ |
| ૭ | ૪/૧/૨૪૭-૧૧ | ૪૯ | ૪૨ | ૪/૧/૨૪૭-૧ | ૧૬૩ |
| ૭ | ૪/૧/૨૪૭-૧૩ | ૪૯ | ૪૩ | ૪/૧/૨૪૭-૧ | ૧૬૩ |
| ૭ | ૧/૧/૧૬ | ૪૯ | ૪૪ | ૪/૧/૨૪૭-૧ | ૧૬૫ |
| ૭ | ૧/૧/૫ | ૪૯ | ૪૫ | ૪/૧/૨૪૭-૧ | ૧૬૮ |
| ૮ | ૫/૧/૪૦૯-૧,૪ | ૫૩ | ૪૬ | ૪/૧/૨૪૭-૧ | ૧૭૦ |
| શ્રી | સમવાયાંગ સૂત્રનો સંદર્ભ:- | | શ્રી સૂયગડાંગ સૂત્રનો સંદર્ભ | | |
| ૫ | ૫ | ૨૮ | ૭ | ૨/૧/૧૩-૯,૧૦ | ૪૯ |
| ૬ | ૧૦ | ૩૮ | ૭ | ૧/૨/૧-૧ | ૪૯ |
| ૯ | ૨૨ | ૬૨ | શ્રી પ્રજ્ઞાપના સૂત્રનો સંદર્ભ | | |
| ૪૭ | ૧૪-૫ | ૧૭૫ | ૩૯ | ૧ ૩૭-૨૭ | ૧૫૫ |
| | | | ૪૦ | ૧-૩૭ | ૧૫૭ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટઃ૫ સંદર્ભ સૂચિ

| ક્રમ | સંદર્ભ-પુસ્તકનું નામ | ટીકાકાર/વિવેચક વિ. |
|---|---|---|
| ૧. | तत्त्वार्थाधिगम सूत्रम् — प्रथमोभाग | श्री सिद्धसेन गणिजी |
| २. | तत्त्वार्थाधिगम सूत्रम् द्वितीयोभाग | श्री सिद्धसेन गणिजी |
| ૩. | तत्त्वार्थसूत्रम् | श्री हरिभद्र सूरिजी |
| ४. | सभाष्यतत्वार्थाधिगमसूत्राणि (सटीप्पण) | श्री मोतीलाल लाधाजी |
| ५. | सभाष्यतत्वाथाधिगमसूत्राणि (भाषानुवाद) | श्री खूबचन्द्रजी |
| ૬. | तत्त्वार्थाधिगम सूत्र (भाष्य तर्कानुसारिणी भा.१) | श्री यशोविजयजी |
| ૭. | तत्त्वार्थ सूत्र | શ્રી સુખલાલજી |
| ૮. | तत्त्वार्थाधिगम सूत्र | શ્રી રાજશેખર વિજયજી |
| ૯. | तत्त्वार्थाधिगम सूत्र | શ્રી શાંતિલાલ કેશવલાલ |
| ૧૦. | तत्त्वार्थाधिगम सूत्र સારબોધિની ભા.૧ | શ્રી પ્રભુદાસ બેચરદાસ |
| ૧૧. | तत्त्वार्थाधिगम सूत्र સારબોધિની ભા.૨ | શ્રી પ્રભુદાસ બેચરદાસ |
| ૧૨. | तत्त्वार्थाधिगम सूत्र રહસ્યાર્થ | શ્રી શ્રેયસ્કર મંડળ |
| ૧૩. | तत्त्वार्थाधिगम सूत्र હિન્દી અનુવાદ | શ્રી લાભસાગરજી ગણિ |
| ૧૪. | तत्त्वार्थाधिगम सूत्र પદ્યાનુવાદ | શ્રી રામવિજયજી |
| ૧૫. | तत्त्वार्था सूत्र પદ્યાનુવાદ | શ્રી સંત બાલજી |
| ૧૬. | तत्त्वार्थ પ્રશ્નોત્તર દીપિકા ભાગ -૧ | શ્રી શંકરલાલ કાપડીયા |
| ૧૭. | तत्त्वार्थ वार्तिक (राजवार्तिक-१) | श्री अकलङ्क देव |
| ૧૮. | तत्त्वार्थ वार्तिक (राजवार्तिक-२) | श्री अकलङ्क देव |
| ૧૯. | तत्त्वार्थ श्लोकवार्तिकालंकार: खण्ड १थी६ | श्री विद्यानन्द स्वामीजी |
| ૨૦. | तत्त्वार्थ वृति | श्री श्रुत सागरजी |
| ૨૧. | तत्त्वार्थ सूत्र सुखबोधिवृति | श्री भाष्कर नन्दिजी |
| ૨૨. | तत्त्वार्थ सार | श्री अमृत चन्द्र सूरिजी |
| ૨૩. | सर्वार्थ सिद्धि | श्री पूज्यपाद स्वामीजी |
| ૨૪. | अर्थ प्रकाशिका | श्री सदासुखदासजी |
| ૨૫. | तत्त्वार्थ सूत्र/મોક્ષશાસ્ત્ર | શ્રી રામજી વકીલ |
| ૨૬. | तत्त्वार्थ સૂત્રના આગમ આધાર સ્થાનો | શ્રી દીપરત્ન સાગર |
| ૨૭. | तत्त्वार्थ પરિશિષ્ટ | શ્રી સાગરાનંદ સૂરિજી |
| ૨૮. | तत्वार्थसूत्र कतृ तन्मतनिर्णय | શ્રી સાગરાનંદ સૂરિજી |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમ | સંદર્ભ-પુસ્તકનું નામ | ટીકાકાર/વિવેચક વિ. |
|---|---|---|
| ૨૯. | द्रव्य लोकप्रकाश | श्री विनयविजयजी |
| ३०. | क्षेत्र लोकप्रकाश | श्री विनयविजयजी |
| ३१. | काल लोकप्रकाश | श्री विनयविजयजी |
| ३२. | भाव लोकप्रकाश | श्री विनयविजयजी |
| ૩૩. | નય કર્ણિકા | श्री विनयविजयजी |
| ३४. | प्रमाणनय — रत्नावतारिका टीका | श्री रत्नप्रभाचार्य |
| ३५. | स्याद्वाद मञ्जरी | श्री मल्लिषेणशृटि |
| ३६. | विशेषावश्यक सूत्र ७ भाग-१-२ | श्री जिनभद्रगणि |
| ३७. | बृहत् क्षेत्र समास | श्री जिनभद्रगणि |
| ३८. | बृहत् सङ्ग्रहणी | श्री जिनभद्रगणि |
| ३९. | लघुक्षेत्र समास | श्री जिनभद्रगणि |
| ૪૦. | જીવ વિચાર | શ્રી શાંતિ સૂરિજી |
| ૪૧. | નવતત્ત્વ પ્રકરણ સાર્થ | ---- |
| ४२. | नवतत्व साहित्यसंग्रह | श्री उदयविजयजी गणि |
| ૪૩. | દંડક પ્રકરણ | શ્રી ગજસાર મુનિજી |
| ૪૪. | જંબૂદ્વીપ સંગ્રહણી | શ્રી હરિભદ્ર સૂરિજી |
| ૪૫. | જંબૂદ્વીપ સમાસ પૂજા પ્રકરણ | શ્રી ઉમાસ્વાતિજી |
| ૪૬. | પ્રશમરતિ પ્રકરણ | શ્રી ઉમાસ્વાતિજી |
| ૪૭. | પ્રતિક્રમણ સૂત્ર અભિનવટીકા ભાગ ૧થી ૩ | શ્રી ધીરજલાલ ટોકરશી |
| ૪૮. | પંચ સંગ્રહ | શ્રી ચન્દ્ર મહત્તરાચાર્ય |
| ૪૯. | પંચ વસ્તુ | શ્રી હરિભદ્ર સૂરિજી |
| ૫૦. | શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર વૃતિ | શ્રી રત્ન શેખર સૂરિજી |
| ૫૧. | કર્મગ્રન્થ ૧થી૫ | શ્રી દેવેન્દ્ર સૂરિજી |
| ૫૨. | પાક્ષિકસૂત્રવૃતિ તથા શ્રમણસૂત્રવૃતિ | – |
| ૫૩. | યોગ શાસ્ત્ર | શ્રી હેમચંદ્રા ચાર્યજી |
| ૫૪. | ધર્મરત્ન પ્રકરણ | શ્રી દેવેન્દ્રસૂરિજી |
| ५५. | अभिधान राजेन्द्र कोश गा. १-७ | श्री राजेन्द्रसूरिजी |
| ५६. | अल्पपरिचित सैद्धान्तिक शब्दकोष १-५ | श्री सागरनंदसूरिजी |
| ५७. | आगम सुधासिंधु — ४५ आगम मूल | श्री जिनेन्द्र सूरिजी |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અમારા પ્રકાશનો

[१] अभिनव हेम लघुप्रक्रिया-१ सप्ताङ्ग विवरणम्
[२]अभिनव हेम लघुप्रक्रिया-२ सप्ताङ्ग विवरणम्
[३]अभिनव हेम लघुप्रक्रिया-३ सप्ताङ्ग विवरणम्
[४]अभिनव हेम लघुप्रक्रिया-४ सप्ताङ्ग विवरणम्
[५]कृदन्तमाला
[६]चैत्यवन्दन पर्वमाला
[७]चैत्यवन्द सङ्ग्रह-तीर्थ जिन विशेष
[८]चैत्यवन्दन चोविशी
[९]शत्रुञ्चय भकित (आवृति-दो)
[१०]अभिनव जैन पञ्चाङ्ग २०४६.
[૧૧]અભિનવ ઉપદેશ પ્રાસાદ-૧ શ્રાવક કર્તવ્ય-૧થી ૧૧
[૧૨]અભિનવ ઉપદેશ પ્રાસાદ-૨ શ્રાવક કર્તવ્ય-૧૨ થી ૧૫
[૧૩]અભિનવ ઉપદેશ પ્રાસાદ-૩ શ્રાવક કર્તવ્ય-૧૬થી ૩૬
[૧૪]નવપદ-શ્રીપાલ [-શાશ્વતી ઓળીના વ્યાખ્યાન રૂપે]
[૧૫]સમાધિમરણ
[૧૬]ચૈત્વંદન માળા [૭૭૯ ચૈત્યવંદનોનો સંગ્રહ]
[૧૭]તત્ત્વાર્થ સૂત્ર પ્રબોધટીકા [અધ્યાય-૧]
[૧૮]તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો
[૧૯]શિધ્ધાચલનો સાથી (આવૃત્તિ-બે)
[૨૦]ચૈત્ય પરિપાટી
[૨૧]અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેકટરી
[૨૨]શત્રુંજય ભકિત (આવૃત્તિ-બે)
[૨૩]શ્રી નવકાર મંત્ર નવલાખ જાપ નોંધપોથી
[૨૪]શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
[૨૫]શ્રી બારવ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો-[આવૃત્તિ-ચાર]
[૨૬]અભિનવ જૈન પંચાગ-૨૦૪૨
[૨૭]શ્રી જ્ઞાનપદ પૂજા
[૨૮]અંતિમ આરાધના તથા સાધુ સાધ્વી કાળધર્મ વિધિ
[૨૯]શ્રાવક અંતિમ આરાધના [આવૃત્તિ-૨]
[૩૦]વીતરાગ સ્તુતિ સંચય [૧૧૫૧-ભાવવાહી સ્તુતિઓ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૩૧] (પૂજય આગમોધ્ધારક સમુદાયના) કાયમી સંપર્ક સ્થળો

| | | |
|---|---|---|
| [૩૨] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૧ |
| [૩૩] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૨ |
| [૩૪] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૩ |
| [૩૫] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૪ |
| [૩૬] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૫ |
| [૩૭] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૬ |
| [૩૮] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૭ |
| [૩૯] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૮ |
| [૪૦] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૯ |
| [૪૧] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા | -અધ્યાય- | ૧૦ |

## પુસ્તક સંબંધિ પત્ર સંપર્ક


પૂજય મુનિરાજ શ્રી સુધર્મસાગરજીમ.સા.
**શ્રી અભિનવ શ્રુત પ્રકાશન**
શૈલેષ કુમાર રમણલાલ ઘીયા
સી-૮ વૃન્દાવન વિહાર ફ્લેટ્સ
રવિ કિરણ સોસાયટી પાસે
વાસણા-અમદાવાદ-૭

પૂજય મુનિશ્રી દીપરત્નસાગરજી
**અભિનવ શ્રુત પ્રકાશન**
મહેતા પ્ર.જે
ફોન- [O]૭૮૬૬૩ [R] ૭૮૮૩૦
જેસંગ નિવાસ, પ્રધાન ડાકઘર પાછળ
જામનગર-૩૬૧ ૦૦૧


-:ખાસ સુચના:-

(૧) પત્ર પૂજય મહારાજ સાહેબના નામે જ કરવો
(૨) ગૃહસ્થના નામે કારાયેલ પત્ર વ્યવહારના કોઇ પ્રત્યુત્તર આપને મળશે નહીં
(૩) ઉપરોકત બંને સ્થળે કોઇએ રૂબરૂ જવું નહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-:દ્રવ્ય સહાયકો:-

# શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ

પાઠશાળા જામનગર

## શ્રી પ્રભુલાલ સંઘરાજ શાહ સ્મારક ટ્રસ્ટ હ.ભાનુભાઈ દોશી

ઉપરોકત બંને શ્રુત જ્ઞાનપ્રેમી દ્રવ્ય સહાયકોની સહૃદયી મદદથી આ કાર્ય આરંભાયું

- અપ્રીતમ વૈયાવચ્ચીસ્વ.પૂ.સાધ્વીશ્રી મલયાશ્રીજી પ્રશિષ્યા સા.શ્રી ભવ્યાનંદશ્રીજી ના શિષ્યા મૃદુભાષી સા.શ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી પ્રેરણાથી તપસ્વીની સા.કલ્પપ્રજ્ઞશ્રીજી તથા સા. પૂર્ણનંદિતાશ્રીજી ના ભદ્રતપ તેમજ સા.ભવ્યજ્ઞાશ્રીજી ના ૫૦૦ આયંબિલ ઉપર નિગોદ નિવારણ તપની અનુમોદનાર્થે- સ્વ.સુશ્રાવિકા મેતા મુકતાબેન નવલચંદ અમરચંદ કામદાર-જામનગરવાળા

- પ.પૂ.વિદુષી સાધ્વીશ્રી ભવ્યાનંદ શ્રીજીના વિનિત શિષ્યા સા.શ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી ના શિષ્યા વિચક્ષણ સા.પૂર્ણદર્શિતાશ્રીજી ના ૫૦૦ આયંબિલ નિમિત્તે તપસ્વીની સા.પૂર્ણનંદિતા શ્રીજીના ઉપદેશથી જીનન ભંવરભાઇ જૈન-હ૰ બી.સી.જૈન જનતા ફેશન કોર્નર-થાણા

- પ.પૂ.સરલ સ્વભાવી સાધ્વી શ્રી હસમુખશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.કનક પ્રભાશ્રીજી મ. ના વ્યવહાર દક્ષ સાધ્વી શ્રીમતિ ગુંણાશ્રીજી ના મિલનસાર શિષ્યા સા. જીજ્ઞરસાશ્રીજી મ.ની પ્રેરણાથી-કોરડીયા લવચંદભાઇ ફુલચંદભાઇ-મુંબઇ

- જામનગરવાળા નીડર વકતા શ્રી હેત શ્રીજી મ.ના પ્રશિષ્યા ભદ્રિક પરિણામી સા. લાવણ્યશ્રીજી મ. ના સદુપદેશથી -મોરારબાગ સાતક્ષેત્રમાંના જ્ઞાન ક્ષેત્રની ઉપજમાંથી

- સરળ સ્વભાવી સાધ્વી શ્રી નિરુજાશ્રીજી ના સંયમ જીવનની અનુમોદનાર્થે સુદીર્ઘ તપસ્વી દૈવીકૃપા પ્રાપ્ત સા. મોક્ષજ્ઞાશ્રીજી ની પ્રેરણાથી એક ગૃહસ્થ

- સુપક્ષયુકત સ્વ.સા.શ્રી નિરુજાશ્રીજી મ. ના તપસ્વીરત્ના સા.શ્રી મોક્ષજ્ઞાશ્રીજી ના શ્રેણીતપની અનુમોદનાર્થે એક ગૃહસ્થ,હસ્તે સુરેશભાઇ,મુંબઇ

- રત્નત્રય આરાધકાસાધ્વી શ્રી મોક્ષજ્ઞાશ્રીજી ના તપોમય-સંયમ જીવનના ૨૩માં વર્ષમાં મંગલપ્રવેશ પ્રસંગે-ઠક્કર નેમચંદ ઓતમચંદ બાળાગોળી વાળા પરિવાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- ☐ વર્ષીતપ આદિ અનેક તપ આરાધકાસા.નિરુજાશ્રીજીના શિષ્યા વિદુષી સા. વિદિતરત્નાશ્રીજી ની પ્રેરણાથી નિતાબેન હરસુખભાઇ વારીઆ, પોરબંદર
- ☐ આરાધનમય કાળધર્મ પ્રાપ્તા સ્વ.સા.મલયાશ્રીજી ના સ્મરણાર્થે તારાબેન, બાબુલાલ ગીરધરલાલ ઝવેરી જામનગરવાળા હાલ-મુંબઇ
- ☐ વ્યવહાર કુશળ સ્વ.સા.નિરુજાશ્રીજીના ભદ્રિક પરિણામી શિષ્યા સા. શ્રી ભવ્યપ્રજ્ઞાશ્રીજીના શિષ્યા સા. જિતપ્રજ્ઞાશ્રીજી[કુ.જયોત્સનાબહેન]નીદીક્ષા નિમિત્તે તપસ્વી રત્ના સા. કલ્પિતાશ્રીજી ની પ્રેરણાથી આદરીયા વાળા શાહ માલજીભાઇ સૌભાગ્યચંદ તરફથી
- ☐ પ્રશાંત મૂર્તિ સ્વ.સાધ્વી શ્રીનિરુજાશ્રીજી ના શિષ્યા સંયમાનુરાગી સા.કલ્પિતાશ્રીજી ની પ્રેરણા થી,સૌમ્યમૂર્તિ સા.ભવ્યપ્રજ્ઞાશ્રીજી ના શિષ્યા સા. જિતપ્રજ્ઞાશ્રીજી [જયોત્સનાબહેન] નીદીક્ષા નિમિત્તે આર.કે.એન્ટરપ્રાઇઝ,૪૯૬ કાલબા દેવી રોડ,કૃષ્ણનિવાસ મુંબઇ-૨
- ☐ પ.પૂ.યોગનિષ્ઠ આ૦ દેવ શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરીશ્વરજી મ૦ ના સમુદાવર્તી વ્યવહાર વિચક્ષણા સા.પ્રમોદશ્રીજી મ.ના વર્ધમાન તપોનિષ્ઠા સા.રાજેન્દ્રશ્રીજી ની પ્રેરણાથી
- ☐ દોશી ચંદનબેન ધરમદાસ ત્રીકમદાસ, જામનગર નિવાસી હાલ મુંબઇ
- ☐ અ.સૌ.રેણુકાબેન રાજેનભાઇ મેતા હ.બિજલ-મલય
- ☐ શ્રી વસ્તાભાભા પરિવારના સુશ્રાવક તુલશીદાસ ઝવેરચંદ શેઠ પરિવાર તરફથી હસ્તે પન્નાબેન ટી. શેઠ
- ☐ સ્વ.હેમતલાલ વીઠલજીના સ્મરણાર્થે-પ્રભાબેન તરફથી
- ☐ મેતા પ્રીતમલાલ હરજીવભાઇ તરફથી માતુશ્રી વાલીબહેન, ધર્મપત્ની ચંદન બહેન, અને પુત્રવધુ ભારતી બહેનના સ્મરણાર્થે
- ☐ હર્ષિદા બહેન ભરતભાઇ મહેતા હ.ચૈતાલી
- ☐ એક સુશ્રવિકા બહેન હ.હીના
- ☐ સ્વ.લીલાધરભાઇ મોતીચંદ સોલાણીના આત્મશ્રેયાર્થે ડો.જે.એલ.સોલાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- એક ગૃહસ્થ હ. નગીનદાસ
- અ.સૌ.સ્વ.કસુંબા બહેનના આત્મશ્રેયાર્થે હ.પ્રતાપ ભાઇ
- મહેતા સુખલાલ અમૃતલાલ
- અ.સૌ સુશ્રાવિકા પુષ્પાબહેન શશીકાન્તભાઇ સુતરીયા
- અ.સૌ.ધીરજબેનના વર્ષીતપ નિમિત્તે શ્રી ધીરજલાલ ચુનીલાલ કુંડલીયા
- સુશ્રાવક શ્રી જેઠાલાલ વ્રજલાલ મહેતા
- અ.સૌ.કીર્તીદા બહેન ડી.કોઠારી
- શ્રીતારાચંદ પોપટલાલ સોલાણી હ.અનિલભાઇ,ધિનેશભાઇ,બિપીનભાઇ
- જૈન દર્શન ઉપાસક સંઘ. જામનગર
- વોરા દુર્લભજી કાલિદાસ
- સુમિતા કેતનકુમાર શાહ તથા આશાબેન ડી. મહેતા
- કીસુમુ ની સુશ્રાવિકા બહેનો હ નગીનભાઇ ભાણવડવાળા
- દિનેશચંદ્ર કાંતિલાલ લક્ષ્મીચંદ ઠકકર હ. શ્રેયાંસ દિનેશચંદ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિશેષ નોંધ માટેનું ખાસ પૃષ્ઠ

| ક્રમ | તારીખ | નોંધ | સંદર્ભ |
|---|---|---|---|
| | | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિશેષ નોંધ માટેનું ખાસ પૃષ્ઠ

| ક્રમ | તારીખ | નોંધ | સંદર્ભ |
|---|---|---|---|
| | | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિશેષ નોંધ માટેનું ખાસ પૃષ્ઠ

| ક્રમ | તારીખ | નોંધ | સંદર્ભ |
|---|---|---|---|

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-: તત્વાર્થાભિગમ સૂત્ર અભિનવટીકા દ્રવ્ય સહાયક :-

# શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ-પાઠશાળા જામનગર.

તથા શ્રી જૈન સંઘ, જામનગરનો સમ્યક્ શ્રુતાનુરાગી શ્રાવકગણ

અભિનવ શ્રુત પ્રકાશન - ૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org